પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક

કુમાર

સળંગ અંક
૮૮૫

સપ્ટેમ્બર ૨૦૦૧
વર્ષ ૭૪મું

સંસ્થાપક : ર. મ. રા.
તંત્રી • ધીરુ પરીખ



રાજસ્થાની ઘૂમરનૃત્ય] [તસવીર : કેતન મોદી



ખેડૂ સ્ત્રી ખેતરમાં] [નાઝેહ સલીમ

ઈરાની ચિત્રકલામાં ગોળાકારો અને સૌમ્ય રંગોનું આયોજન દર્શાવતી ઈરાની ચિત્રકાર નાઝેહાની આ ચિત્રકૃતિમાં સ્ત્રીના મુખ પરના નિર્દોશ ભાવો અને ઈસ્લામિક પરિસર આકર્ષક અને આધુનિક બની દીપી રહ્યા છે.

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક

કુમાર

વર્ષ ૭૪મું — અંક ૯

સ્થાપના : ૧૯૨૪

સંસ્થાપક અને આદ્યતંત્રી
રવિશંકર મ. રાવળ

ભૂતપૂર્વ તંત્રી
બચુભાઈ રાવત

તંત્રી
ધીરુ પરીખ

ડિરેક્ટરો
હીરાલાલ હ. ભગવતી (ચેરમૅન)
બિહારીલાલ પો. શાહ
ભાલચંદ્ર ર. શાહ

સૂચના

- કુમાર દર માસની ૧૭મી તારીખે પ્રકટ થાય છે. મહિનાની આખર સુધીમાં અંક ના મળે તો પોતાના વિભાગની પોસ્ટ ઑફિસે તપાસ કર્યા પછી જ જાણ કરવી. જો અંક સિલકમાં હશે તો બીજો મોકલી અપાશે. ટપાલમાં ગુમ થતા અંકની જવાબદારી કાર્યાલયની નથી. આવી અંક ન મળ્યાની ફરિયાદ અંક પ્રકટ થયા પછી એક માસ સુધીમાં મળશે તો જ તેના પર ધ્યાન આપી શકાશે.
- અહીં પ્રકટ થતાં લખાણોમાંના અભિપ્રાયની જવાબદારી તે તે લેખકની છે.
- લેખકોએ પોતાનું લખાણ કાગળની એક બાજુએ, સ્વચ્છ અને સુવાચ્ય અક્ષરે લખી મોકલવું. ઝેરૉક્ષ નકલ મોકલવી નહીં.
- સામાન્ય રીતે સ્વીકૃત કૃતિનો જવાબ એકાદ માસમાં અપાય છે. અન્યથા કૃતિ અસ્વીકૃત સમજવી. જવાબી ટપાલખર્ચ ન મોકલવું.
- ગ્રાહકે પોતાના સરનામામાં ગામનો પિન કોડ સ્પષ્ટ અક્ષરે અચૂક જણાવવો. અંગ્રેજી અક્ષર સાથેનો આપનો ગ્રાહક નંબર પત્ર-વ્યવહારમાં અવશ્ય જણાવવો.

સાંકળિયું

કુમાર સળંગ અંક ૮૮૫

ચિત્રો
રાજસ્થાની ઘૂમરનૃત્ય (તસવીર) — કેતન મોદી — પૂઠું - ૧
ખેડૂ સ્ત્રી ખેતરમાં — નાઝેહા સલીમ — પૂઠું - ૨

કાવ્યો
'વૃષભાવતાર' પછી નંદીની ઉક્તિ (ભાનુપ્રસાદ પંડ્યા) લે જાય (યોસેફ મેકવાન) — ૫૨૩
જાગવું-ઘોરવું (ધીરુ પરીખ), હાઈકુ (પરાગ ત્રિવેદી), પંખી (મનહર જાની) — ૫૨૩
અવધૂ તારો બિરહા-પાવો અનહદ અનહદ વાગે (હરબન્સ પટેલ 'તન્હા') — ૫૨૩

ચરિત્ર-રોજનીશી
ગુણવંતરાય આચાર્ય — નીતિન વડગામા — ૫૨૫
ઍન ફ્રૅન્કની રોજનીશી — અનુ. હિના ગોખલે — ૫૪૧

વાર્તા-લઘુકથા-ધ્યાનકથા-નવલકથા
મરથી — લીના કાપડિયા — ૫૨૯
તેન અત્યક્તેન (લઘુકથા) — હસમુખ કે. રાવલ — ૫૩૪
જીવતી આંખ (ધ્યાનકથા) — બહાદુરભાઈ જ. વાંક — ૫૪૪
સુખનું અસુખ (ધારાવાહી નવલકથા) — અનુ. ચન્દ્રકાન્ત મહેતા — ૫૫૧

લેખો
હોડીને દૂર શું નજીક શું ? (સૂત્રસાર) — રાધેશ્યામ શર્મા — ૫૨૮
ધ ન્યૂ થીએટર્સ... - (ફિલ્માકાશ-૯) — રજનીકુમાર પંડ્યા — ૫૩૧
પ્રબુદ્ધતાનાં વિચારતત્ત્વો-૮ — યોગેન્દ્ર માંકડ — ૫૩૫
મહારાષ્ટ્ર (ભારતનાં રાજ્યો-૧૨) — ડૉ. જયકુમાર ર. શુક્લ — ૫૩૭
પરમ તત્ત્વને પ્રમાણતાં (સંમુખ સાગરમઠ-૨૯) — પ્રીતિ સેનગુપ્તા — ૫૩૯
ઈ.સ. ૨૦૦૧ સંબંધિત ગણિત અંકયંત્ર — માધવજી દેવળીઆ — ૫૪૦
પસ્તીનાં પાનાં — ડૉ. પ્ર.ચુ. વૈદ્ય — ૫૪૩
ભારતીય પ્રાચીન સાહિત્યમાં આભૂષણોના નિર્દેશો — ડૉ. આર.ટી. સાવલિયા — ૫૪૫
ચેસ-કૉર્નર : કોયડો-૧૦ — અપી શાહ — ૫૪૮
ઇતિહાસધારા — અશોક હર્ષ — ૫૪૮
અણુજો (આથમતાં અજવાળાં-૧૦) — ભગીરથ બ્રહ્મભટ્ટ — ૫૪૯
સંગીત-ઘરાણાંની સર વાણી — ચંપકલાલ ઈ. વસાવા — ૫૫૦
જાલતની અર્ધનારીશ્વરની પ્રતિમા — મુનીન્દ્ર વેણીશંકર જોશી — ૫૫૩
જાણીતા માણસની અજાણી વાતો — પુષ્કરભાઈ ગોકાણી — ૫૫૪

વિભાગો
વાચકો લખે છે — ૫૨૨
પ્રસંગકથા : — વિનોદ ભટ્ટ — ૫૪૭
કલાસ્મૃતિ : બિકાસ ભટ્ટાચાર્ય — ગજેન્દ્ર શાહ — ૫૫૫
કલાવાર્તા : અશ્વિન મોદી — બંસીલાલ દલાલ — ૫૫૬
કંકાવટી : સુદેષ્ણા - મહાભારતનું તેજસ્વી સ્ત્રીપાત્ર — ડૉ. પ્રિયબાળા શાહ — ૫૫૭
સાહિત્યસંપર્ક : સમાજની ચિંતા કરતા સર્જકની વિદાય- પ્રફુલ્લ રાવલ; ઇન્દિરા ગોસ્વામીને જ્ઞાનપીઠ પુરસ્કાર - ધી.પ, પ્રાપ્ત પ્રકાશનો — ૫૫૯
સર્જકસૃષ્ટિ : વ્યંગદૃષ્ટિ - કૅરિકેચર : નિર્મિશ ઠાકર — ૫૬૧
દેશાટન-૩૨ : રામટેક — ૫૬૨
માધુકરી : ડૉ. સ્વામીનાથન : રાજુભાઈ જત્રાણિયા; જેસોર અને બાલારામ અભયારણ્યો-જાનુબહેન શીલ, કલાકારનો પ્રભાવ : ડૉ. ધર્મેન્દ્ર માસ્તર (મધુરમ્); તજ : નીલમ પટેલ, સપ્ત:સંજય ભટ્ટ — ૫૬૨
છેલ્લું પાનું — ૫૬૬

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી પ્રકાશક : ધીરુભાઈ ઈ. પરીખ
પ્રકાશનસ્થાન : કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ, બઉવાની પોળ સામે, અમદાવાદ-૩૮૦ ૦૦૧ (ફોન નં. ૨૧૪૩૭૪૫)
કમ્પ્યૂટર કમ્પોઝ : કુમાર કાર્યાલય લિમિટેડ, ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ, અમદાવાદ-૧.
મુદ્રક : દીપક પ્રિન્ટરી, રાયપુર દરવાજા બહાર, કોટની રાંગ, અમદાવાદ-૩૮૦ ૦૦૧. ફોન : ૨૧૪૩૬૩૫
વાર્ષિક લવાજમ રૂ. ૧૫૦; પરદેશમાં હવાઈમાર્ગે ડૉલર ૨૫, પાઉન્ડ ૧૫ અથવા રૂ. ૧૦૦૦.
અમને સીધું લવાજમ મોકલનાર માટે ૩ વર્ષના રૂ.૪૦૦ અને પાંચ વર્ષના રૂ.૭૦૦
આ અંકની છૂટક કિંમત રૂ. ૨૦ : ૦૦ + રવાનગી ખર્ચ રૂ. ૫ - ૦૦

વાચકો લખે છે

પીઢ તસવીરકાર શ્રી અશ્વિન મહેતાની કૃતિઓથી મઢાયેલું 'કુમાર' મળ્યું. કેટલીક બીજી તસવીરો હમણાં અખંડ-આનંદમાં પણ જોઈ. પ્રદર્શનનું અંગ્રેજી મથાળું શું હતું એ જાણવા ઇચ્છા થઈ. આ તસવીરો એક આંખેથી જોઈએ તો ત્રિપરિમાણ (થ્રિડાઈમેન્શન) જેવું ઊંડાણભર્યું દેખાય છે. પ્રયોગ કરવા જેવો છે. કોઈ પણ દૃશ્ય-તસવીર આ રીતે જોવાથી દૃશ્ય સજીવ થઈ ઊઠે છે. 'સૂત્રસાર' હંમેશાં 'એસેમ્બલ' કરેલું લાગતું હોય છે, વિષય જોરદાર હોવા છતાં લખાણમાં એકસૂત્રતા નથી હોતી. વળી, આ વખતે કાંઈ કારણ વિના દેવઆનંદને દંડ્યા છે! ફિલ્મો હિટ જાય તે સારી બની છે અને હિટ ન જાય એ નબળી એ સમીકરણ ખરું નથી. વળી એની ફિલ્મો એના ટેન્શનવાળા સ્વભાવથી બની એ વાત જોડી દીધી હોય એમ લાગે. દેવઆનંદને, આવું લખી અન્યાય કર્યો છે. માત્ર દેવઆનંદને જ નહીં, 'મોટી મોટી વિભૂતિઓ'ને પણ ચિંતાના વિષયમાં લપેટી ક્ષુલ્લક બનાવી! આ પણ ઠીક ન લાગ્યું. વળી ટેન્શન (ચિંતા) વિના સિતાર કે તબલાં જેવાં વાદ્ય બોદાં વાગે એ જાણીતું છે. (દેવઆનંદે આ અર્થમાં કહ્યું) દાદાની વાત સારી રીતે રજૂ કરવી જોઈતી હતી.-રમેશ શાહ (સુરત)

•

જુલાઈ, ૨૦૦૧નો અંક રળિયાત છે. શ્રી રાધેશ્યામ શર્માનું સૂત્રસાર વૈચારિક ભૂમિકા સર્જે છે. ડાં. કેશુભાઈ દેસાઈએ દધીચિ સાક્ષર કે.કા. શાસ્ત્રીનો રસમય પરિચય કરાવ્યો છે. સરલાબહેન કનૈયાલાલ મુનશી-શેઠ વિશે હર્ષિદાબહેન પંડિતે કેટલીક નવીન જાણકારી આપી. રજનીભાઈ પંડ્યાનું ફિલ્માકાશ વિવિધ રોચક વિગતોથી છવાયેલું રહે છે. સૌને અભિનંદન. -દિનકર ભોજક (વિસનગર)

•

જુલાઈ-૨૦૦૧નો 'કુમાર'નો અંક મળ્યો. કાવ્યો, જીવનચરિત્ર, સૂત્રસાર તથા લઘુકથા અને અન્ય પ્રકાશિત સામગ્રી સંતર્પક રહી.

કાવ્યવિભાગમાં 'આ એ જ સ્થાન' (રામચન્દ્ર પટેલ) સૉનેટ વસંતતિલકા સૉનેટ છે. તેને મથાળે 'શિખરિણી' - સૉનેટ છપાયું છે. કદાચ સરતચૂક હોય.

અહીં એક નિરીક્ષણ - નિર્ભર નોંધ લેતાં થોડી નુકતેચીની કરવાનું મન થાય. 'વાચકો લખે છે'માં કોઈ વાચક કાવ્યો વિશે એનો પ્રતિભાવ, એનું નિરીક્ષણ દર્શાવતા નથી! આમ કેમ હશે? વાચકોનું ભાવકત્વ સીમિત હશે? મારું પ્રથમ કાવ્ય 'બારી' 'કુમાર' ('૬૯)માં પ્રગટ થયું ત્યારે છેક વાનકુંવર (કૅનેડા)થી એક વાચકે પ્રતિભાવ લખેલો! -ભાનુપ્રસાદ પંડ્યા (રાજકોટ)

•

જુલાઈ ૨૦૦૧નું કુમાર વાંચતાં કાવ્ય-વિભાગમાં શ્રી રામચંદ્ર પટેલના કાવ્ય 'આ એ જ સ્થાન' શિખરિણી* સૉનેટ લખેલ છે તે વસંતતિલકા સૉનેટ હોવું જોઈએ.

શ્રી દિનકર ભોજકનો 'જામન' વિશેનો લેખ સારો છે. એમાં અમારા જમાનાનાં નટો, નાટકો અને એના કેટલાક લેખકોની સ્મૃતિ તાજી થઈ. જોકે પ્રભુલાલ દ્વિવેદીના 'માલવપતિ'નો માત્ર નામનો જ ઉલ્લેખ કરેલ છે, પરંતુ એમનાં ગીતો બહુ વખણાતાં અને સમાજમાં ગવાતાં. ઉદા. (૧) 'ભારી બેડાં ને હું તો નાજુકડી નાર.' (૨) 'એક સરખા દિવસ સુખના કોઈના જાતા નથી.' વગેરે.

ડૉ. કેશુભાઈનો 'દધીચિ સાક્ષર' કે જેમની પ્રતિભા પર હું આફરીન છું તે પૂ. કે.કા. શાસ્ત્રી વિશે 'ટૂંકામાં ઘણું' લખ્યું કહેવાય.

'અતીતમાં અવગાહન'માં યુગવિભૂતિ રાજા રામમોહન રાય વિશે આપે ૨૯ વર્ષ પહેલાં લખેલ ચરિત્રની થોડી વાનગી પુનઃ વાંચવા મળતાં હર્ષની અનુભૂતિ થઈ. આમ તો 'કુમાર'નું સમગ્ર વાચન સારું છે. હું ૧૯૩૮થી 'કુમાર' વાંચું છું. -મોહનલાલ પ્રા. પટેલ (અમદાવાદ)

(* છંદ વસંતતિલકા જ છે. સરતચૂક બદલ દિલગીર છીએ. -તંત્રી)

•

'કુમાર'નો દરેક અંક વાંચવાલાયક, સમજવા-લાયક અને જ્ઞાન સાથે ગમ્મત આપતો હોય છે. લેખ વિષય પ્રમાણે વાચકોને કંઈ નવીનતા મળે એમ સુરુચિપૂર્ણ લખતા હોય છે. ઑગસ્ટ અંકમાં દરેક લેખ રુચિકારક છે, સમજવાલાયક છે.

ફિલ્માકાશ-૮માં તેજસ્વી સિતારા પૃથ્વીરાજ કપુરની માહિતી જાણવા મળી. આજે કપુરની ચાર ચાર પેઢીનાં સંતાનો કારકિર્દી ટકાવી રાખવા માટે સુંદર અભિનય કરે છે.

પાન ૪૮૪ના વિભાગમાં ધર્મ બાબતમાં ભગવાનનાં સ્વરૂપો અંગેની માહિતી આપી છે. વિષ્ણુનાં ચોવીસ સ્વરૂપો અને તેની શક્તિઓ વિશે માહિતી લેખ વાંચવા મળ્યો. મૂર્તિ અને તેમનાં જીવન અંગેની માહિતી જાણવા મળી. ભગવાન વિષ્ણુનો લેખ સરસ લાગ્યો.

પાન ૪૯૦ પર યોગેન્દ્ર માંકડના 'પ્રબુદ્ધતાનાં વિચાર તત્ત્વો'નો લેખ વાંચવા મળ્યો તે સરસ છે. -ઘનશ્યામ એચ. ભરૂચા (મુંબઈ)

•

કુમાર ઑગસ્ટ ૨૦૦૧ના અંકમાં આવેલી લઘુકથા 'શિક્ષણ' અંગ્રેજીના આધુનિક વ્યામોહ પર કંટક સમો વ્યંગ કરતી પ્રસ્તુત થઈ તે સર્વથા ઉચિત છે.

આંધળુકિયાભરી ઘેલછામાં પોતે જ ગબડી પડ્યા છે ને શિક્ષણ બગડ્યાની વાત કરે છે!

આવા અનેક અનુપો મોટા થઈને સમાજને બટકું ભર્યા વિના કેમ રહે?

-લલિત શાહ (સુરેન્દ્રનગર)

•

'કુમાર' સળંગ ૮૮૪ ઑગસ્ટ ૨૦૦૧ના અંકમાં પાન ૫૦૭ ઉપર છાપેલ વિગત છે. 'સૌપ્રથમ છાપખાનું ઈ.સ. ૧૪૭૦માં ફ્રાન્સમાં શરૂ કરવામાં આવ્યું હતું.' આ સંદર્ભમાં ધ્યાન દોરું છું કે જર્મનીની જ્હોન ગુટનબર્ગ નામની વ્યક્તિએ પ્રથમ છાપખાનું ઈ.સ. ૧૪૫૪માં શરૂ કર્યું હતું. આ છાપખાનું જર્મનીના 'Mainz' શહેરમાં સ્થાપ્યું હતું. એમાં ગુટનબર્ગે 'બાઈબલ' ૧૪૫૫માં છાપ્યું હતું, જે 'જ્હોન ગુટનબર્ગ બાઈબલ' તરીકે પ્રખ્યાતી પામ્યું. યુરોપના દેશમાં આ પ્રથમ મુદ્રિત પુસ્તક તરીકે સ્થાન પામ્યું છે. -કિરીટ ભાવસાર (અમદાવાદ)

'કુમાર'નો દીપોત્સવી અંક

ઑક્ટોબરનો 'કુમાર'નો અંક દળદાર દીપોત્સવી અંક તરીકે પ્રકટ થશે. આ અંક ઑક્ટોબરની ૨૫થી ૩૦ તારીખની વચ્ચે પ્રકાશિત થશે તેની સૌ ગ્રાહકો-એજન્ટોએ નોંધ લેવી.

'વૃષભાવતાર' પછી નંદીની ઉક્તિ
ભાનુપ્રસાદ પંડ્યા

(પૃથ્વી-સાંનેટ)

'કરે દિવસમાં ત્રિકાલ નિત સ્નાન સૌ ભૌમિકો
અને અશન એક વેળ' - તમ એહ આદેશને
મહાદેવ ! ભૂલી હું વૃષભ સાવ ઊલટું વદ્યો :
'ત્રિકાલ જમજો દિને - અચૂક એક અંઘોળ હો !'
થતાં વિદિત સદ્ય રુદ્ર ! તહીં શાપ આપે દીધો :
'ધરાતલ જઈ હવે ઉદર સર્વનાં તું ભરે !'

અહીં ધરતીપે ધરી જટિલ ધૂંસરી કાંધપે
સશક્ત બલિવર્દ થૈ વહત ભાર, ખેડી ધરા;
નિપાવ્યું બહુ ધાન્ય, કિન્તુ અવ ચક્ર ઘૂમે બધે-
સવેગ જગસીંચને, સકલ ક્ષેત્રચાસે તથા
'પ્રવાસપથ ! યંત્રનો હરીફ હું થઈ ના શકું !
નકામ તમ નંદી હું ! ઊકરડા ચરું - આથડું !
દિયો પૃથિવી-પાટલે અવર કામ, સ્વામી મને,
બુલાવી હરજી ! લિયો અગર દૃષ્ટિછાયા કને !

લૈ જાય..../ યોસેફ મૅકવાન

(ગઝલ)

આવે સહજ એ સ્વીકારવું છે
દેવું ધરાનું ઉતારવું છે.

ચાલો, બધાથી પર થૈ જઈએ
હે મન ! તને એમ બસ મારવું છે.

માગ્યા વિના તો માએ ન પીરસે
બોલો પ્રભુજી, શું માગવું છે ?

શબ્દો હલેસાં શબ્દો જ હોડી
લૈ જાય મોજે ત્યાં ત્યાં જવું છે.

હલકું હમેશાં તરતું રહે છે
તારા વિશે, બોલ, શું માનવું છે ?

હાઈકુ/ પરાગ ત્રિવેદી

તોડવા ગયાં
કિનારો, મોજાં ખુદ
ગયાં ત્યાં તૂટી !

જાગવું-ઘોરવું
ઘીરુ પરીખ

(વનવેલી)

આદિમ પ્રભાતથી એ જાગે
અવિરત અપલક
કે પછી એ ઘોરી રહ્યાં
સાતમે પાતાળથી તે પાંચમે આકાશ ?

જાગે છે તે કોણ ?
વળી ઘોરે છે તે કોણ ?

૧૯૪૨ ને ૯મી ઑગસ્ટ
કેટલાંયે જાગી ગયાં હિન્દુસ્તાન.
૧૯૪૫ ને ૯મી ઑગસ્ટ
કેટલાંયે ઘોરી ગયાં કૈં જપાન.
વૉલ સ્ટ્રીટ ને દલાલ સ્ટ્રીટ-
ચડ-ઊતરે ઘણાંયે ઘોરી જાય.
વૉટરગેટથી બોફોર્સ સુધીમાં
જાગી જાય ઘણાં ઘણાં સત્તાસ્થાન.

જનજાગરણ અભિયાને
કોણ જાગે ? કોણ ઘોરે ?

ચીનમાં છે યિન અને યાંગ.
અહીંયાં છે દ્વન્દ્વાત્મક પ્રકૃતિનો સ્વાંગ.
લિચ્છવી ગણરાજ્યથી
તે પ્લેટોના આદર્શ પ્રજાસત્તાકે થઈ
દોડતું હાંફતું આજે
ICUમાં શ્વસે છે ગણતંત્ર;
દવાઓ નહીં ને ડૉક્ટરો યે નહીં
હવે શોધવો રહ્યો છે ગુરુમંત્ર.

જાગવું ને ઘોરવુંના વિપર્યાસો
વચ્ચે આવે રાવણનાં અટ્ટહાસો.
ઘોરતો કહે છે : નાસો.
જાગતો કહે છે : ત્રાસો.

ઘોરવું ને જાગવુંનો અર્થ જ્યારે સમજાશે
ત્યારે ત્યારે આદિમ પ્રભાતથી તે
અંતિમ પ્રભાત સુધી
એકમેકથી ન કદી ત્રાસ સહો.

અવધૂ તારો બિરહા-પાવો અનહદ અનહદ વાગે
હરબન્સ પટેલ 'તન્હા'

(ગાન)

આવ્યાં રે આવ્યાં અચરજ વેલને ઉદાસીઓનાં ફૂલ,
જા મન મારા એકલ ઝૂલે એકલ એકલ ઝૂલ,
ઝૂલ ઝૂલણાં હમણાં હમણાં અનહદનું સુખ માગે.

અશ્રુઘરમાં લઈ બેઠી હું ચટ્ટાક લીલું શૂલ,
ભવભવ ભટકું લખચોરાશી થઈ શી મારી ભૂલ,
ભૂલભૂલમાં ઘુમ્મ લાલ થઈ આંખો અવિરત જાગે.

ભડભડ બળતું મિથ્યાનગર ને તૂટતા ભ્રમણાપુલો,
અલખ હિંડાળે અવધૂ બેઠા અજબગજબનો ઝૂલો,
એ ઝૂલાને ધીરે સ્પર્શી નજરો કૈં કૈં તાગે.

હમણાં હમણાં બહુ રે સતાવે શતરંગી કૈ શમણાં,
લાલપીળાં ને લીલાં આવે ભાવે નમણાં નમણાં,
હજાર સૂરજ ઝળહળ ઝળહળ ગાતા એક જ રાગે.

ઝૂરીઆ નદી પર શ્વેત હંસનાં ટોળે ટોળાં ઝૂરે,
કર્ણમૂલોમાં સૂરસંદેશા અઢળક રંગો ઢોળે,
અહીં જાગું હું અર્ધી રાતે ત્યાં તું આઘેઆઘે.

પંખી/ મનહર જાની

(ગાન)

પંખી ઊડતાં ઊડતાં આવે
પંખી ઊડતાં ઊડતાં જાય
ખુલ્લા નભને ખૂણેખૂણે
ગીત મધુરાં ગાય.

ચોગમ શીતલ વહે વાયરો
અજવાળું ઝોકાર
પણે અડિખમ પર્વત ઊભા
સાત સમુંદર પાર.
આલાંલીલાં વનવગડાનાં
તરુવર જળમાં નહાય.

ચાંચભરી સીંદૂરિયો તડકો
ઝાકળભીનાં ફૂલ
આંખ ઊઠીને અડસઠ તીરથ
સાંઠીકડાને મૂલ.
ભેળાં બેઠાં ત્યાં લગ મેળા
મલક ક્યાંયનાં ક્યાંય.

સૂત્રસાર

હોડીને દૂર શું નજીક શું ?

રાધેશ્યામ શર્મા

> દશ્યને મનમોહક
> બનાવનાર છે
> અંતર.
>
> -થૉમ્સ કેમ્પબેલ

કહેવાય છે રોજ. કે આખી આલમ અત્યારે 'ગ્લોબલ વિલેજ' જગતગ્રામ બની ગઈ છે.

વિમાનો જ નહિ, જેટજુગનાં અવકાશી ઉડ્ડયનોની પ્રગતિ એટલી અકલ્પ્ય છે કે પલકારો મારતાં પારી(સ) પહોંચી જઈએ !

આસપાસ સ્થળે, જળે અને આકાશમાં સકળ દશ્યપ્રપંચો દોડતા જ દેખાય છે. એક જાતની જરૂરવાળી અને બિનજરૂરી દોડની હોડમાં સૌ ઝૂકી પડ્યું છે.

કવિ ઉમાશંકરે ગાયું હતું : હોડીને દૂર શું, નજીક શું ?

હાલ તો કોડીનો માણસ પણ ઝડપી વાહનોના કાળમાં હોડી શો બની રહ્યો છે. નક્કી કરે ત્યાં, સાધનસંપન્ન હોય તે તો તરત પહોંચી જાય.

હજુ પણ કહેતી રૂપ બનેલું વાક્ય કાને ટકરાય છે : દિલ્હી દૂર હૈ; ત્યારે હસવું આવે છે. દિલ્હીની ગાદી પર આરૂઢ થવાની પ્રક્રિયામાં જ દૂરતાનો સંકેત છે. બાકી મુંબઈ, મદ્રાસ કે કરાંચી, કલકત્તાથી ઊડીને દિલ્હી પહોંચવું દૂર છે ?

ભારતીય દર્શન તો તદ્દૂરે તદ્ અંતિકે - જે દૂર છે તે નિકટ છે, જે નજીક છે તે દૂર છે એવું કહેતું નથી આવ્યું ?

દૂરનિકટ જેવું હવે ઝાઝું રહ્યું છે ?

હા, પેલું 'દૂર' કહેવતમાં વણાયું છે : 'ડુંગરા દૂરથી રળિયામણા.'

ભૂરો ભૂરાં ભાસતો, વાદળાંના વાદળીથી રંગાયેલો તેમ જ તરંગાયેલો ડુંગરો દૂરદૂરથી રળિયામણો ને હરિયાળો નથી ભાસ્યો ?

પણ આરોહણ કરવા નજીક ઢૂકો તો પથરા જ પથરા. પહાણા જ પહાણા. વાગે એવા. વગાડે તેવા.

સુદૂર દેખાતા ડુંગરાને ખોદો તો તેવા કોઈ ડુંગરમાંથી બહાર આવે ઉંદર ! પાસે પહોંચ્યા એટલે રળિયામણા ડુંગર કેડના કળતરને પણ નોતરી શકે !

રસમીમાંસામાં પણ દૂરત્વનો મહિમા ગૂંથાયો છે. 'ઇસ્થેટિક ડિસ્ટન્સ', રસકીય દૂરત્વનું માહાત્મ્ય વિખ્યાત છે.

પદાર્થોનું તો બરાબર. પણ પ્રિય વ્યક્તિઓનું શારીરિક અતિ નૈકટ્ય પણ રમણીયને રૂદ્રરૂપ બનાવી આપે !

પ્રિયા કલ્પનામાં સુંદરતમ; કેમ કે કલ્પના દૂરત્વના અંતર દ્વારા રમ્ય રૂપોનું આરોપ કરવાની, પ્રોજેક્ટ કરવાની, અનુકૂળતા કરી આપે છે.

માટે જ દૂર કલ્પનામાં વસેલી, ચૈતસિક રંગોના કેસરથી નહાયેલી પ્રેમિકા બહુ નજીક આવો ત્યારે પરસેવાની વાસથી અપ્રીતિકર અરુચિ પ્રેરે ! અતિ પરિચય કેળવવા જતાં જે આત્મીયતાનું ચિત્ર ઊપસ્યું એમાં જ અવજ્ઞાના અંકુર, વૃક્ષ થવાની વાટ જોતાં, પડ્યા હોય છે !

નિકટતાનું નરગીસી પુષ્પ ઉપેક્ષાના કંટક ઉગાડવા ક્યારે ઉત્સુક બને તેનું નક્કી નહિ !

તાત્પર્ય કે 'દૂર' અને 'નિકટ' સાપેક્ષ બાબતો સમજાય. નિકટ હોવા છતાં તે દૂર છે એવો અહેસાસ વ્યક્તિઓને ક્યાં નથી થયો ? અને કેટલાંક દૂર રહીનેય હૃદયનિકટ બની જતાં હોય છે.

સૂત્ર તો સ્પષ્ટ કહે છે કે દશ્યને સંમોહકતા અર્પનાર અંતર છે.

પણ હવે જ સમજવાની વાત છે અંતરની. અંતર કયું ?

પેલા ભૌગોલિક અંતર યા અંતરાલની નહિ; અંદર સ્થિત નિર્ભેળ અંતરની અહીં વાત છે.

જેનું અંતર જાગ્રત છે એને કશાં અંતર નડે નહિ.

બુદ્ધે સારિપુત્તને એક વાર બોલાવી કહ્યું કે હવે અહીંથી તું બહાર નીકળી પડ અને મારો સંદેશ લોક સુધી પહોંચાડ.

આદેશ મળતાં જ ક્ષણની પણ વાર કર્યા વિના સારિપુત્ત ગામેગામ બુદ્ધ-બોધ આપવા ચાલી નીકળ્યો.

લોકોએ પ્રત્યેક પ્રભાતે નોંધ્યું કે આ સારિપુત્ત ઊઠીને જે દિશા તરફ બુદ્ધ હોય તે દિશામાં ઝૂકીને પ્રણામ કરતો.

લોકો કહે, 'સારિપુત્ત, તમે સ્વયં બુદ્ધ બની ગયા પછી દૂર રહેતા બુદ્ધને પગે લાગવાની શી જરૂર ? વળી, અહીંથી કરેલા પ્રણામ બુદ્ધના અંતરે, પહોંચે ?'

ત્યારે સારિપુત્તે ઉત્તર આપેલો : 'જેના કારણે મારો હું શૂન્ય બની ગયો એને પ્રણામ પહોંચાડું છું.'

જો બુદ્ધ મારાથી દૂર હોત તો તેમને છોડીને હું ના આવત. એક જ શ્રદ્ધાથી અહીં છું કે હું ગમે ત્યાં હોઉં એમની પાસે જ છું અને માટે મારી પાસે જ રહેલા બુદ્ધનાં ચરણને પ્રભાતે પ્રણામ કરું છું ! બુદ્ધ છે ને હું નથી, તેવી જ રીતે હું જ છું બુદ્ધ નથી. બંને બાબતો વચ્ચે મારા માટે કોઈ અંતર નથી બચ્યું !' ❑

ગુજરાતની ગૌરવગાથાના ઉદ્‌ગાતા અને સાગરકથાઓના સર્જક જેમની જન્મશતાબ્દી આ માસમાં પૂર્ણ થશે તે



ગુણવંતરાય આચાર્ય

નીતિન વડગામા

'ડોક ઊંચી કરીને જોવું પડે એવું ઊંચું કદાવર શરીર, પહોળો મજબૂત સીનો અને સદા ટટ્ટાર. હાથમાં ખુલ્લું પુસ્તક રાખી ભરચક ગિરદી અને ટ્રાફિકમાં નિરાંતે રસ્તા પર વાંચતાંવાંચતાં ચાલ્યા જતા હોય. રસ પડે ત્યાં દુકાનને ઓટલે કે સ્ટ્રીટ લૅમ્પને અઢેલીને ઊભા રહી જાય, જાણે આજુબાજુનું સર્વ સાનભાન વીસરી માત્ર દરિયાલાલ પર મીટ માંડી વહાણના મોરા ઉપર ઊભેલો નાખુદા, એવા અલગારી. ગમે તેટલી ભીડમાં નોખા તરી આવે એવા માણસ.'

લેખિકા પુત્રી વર્ષા અડાલજાએ, ગુણવંતરાય આચાર્યનું આંકેલું આ લાક્ષણિક શબ્દચિત્ર છે. હા, ગુણવંતરાય આચાર્ય, પોતાના પાંસઠ વર્ષના આયખામાં આડત્રીસેક વર્ષ સુધી સાતત્યપૂર્ણ કલમ ચલાવીને સવાસો જેટલી નવલકથાઓ, વીસેક જેટલા વાર્તાસંગ્રહો અને અન્ય પ્રકીર્ણ પચાસેક પુસ્તકોની ભેટ ધરનાર તેમજ સાગરકથાઓના પર્યાય બની ગયેલા અને વ્યાપક લોકચાહના રળેલા આપણા સાહિત્યકાર. નર્મદની માફક કલમને ખોળે માથું મૂકવાની પ્રત્યક્ષ પ્રતિજ્ઞા લીધા વિના પણ. અનેક સંઘર્ષોની વચ્ચે અને વિવેચકોની વિવેચનાની પરવા કર્યા વગર ગુણવંતરાય, સતત શબ્દસાધના કરતા રહ્યા ને સેંકડો વાચકોના હ્રદયસિંહાસને વર્ષો સુધી બિરાજતા રહ્યા.

સૌરાષ્ટ્રના જેતલસર (કૅમ્પ)માં, તા. ૯-૯-૧૯૦૦ના રોજ વડનગરા નાગર બ્રાહ્મણ કુટુંબમાં ગુણવંતરાયનો જન્મ થયો. પિતા પોપટલાલ અને માતા જમનાબાઈ. પિતાનો હાડેતો બાંધો અને વિદ્યાનુરાગ ગુણવંતરાયને વારસામાં મળ્યા. પિતાની પોલીસખાતાની નોકરીને નિમિત્તે અને અભ્યાસાર્થે મોટાભાઈની સાથે રહેવાને લીધે ગુણવંતરાયને નાનપણથી જ સતત સ્થળાંતર કરવાનું થતું રહે છે. એ કારણે તેઓ ગ્રામજીવન તેમજ ગાઢાં જંગલોના પરિચયમાં આવે છે, તો મેર ને વાઘેર કે રજપૂત ને બારોટ જેવી કોમોના સંપર્કમાં આવીને સાહસ, સ્વાર્પણ ને સરફરોશીની વાતો પણ સાંભળે છે. બાળક ગુણવંતરાયના ચિત્તપટ પર પ્રભાવક બની રહેલા આ સંસ્કારો પછીથી, સર્જક ગુણવંતરાયની સર્જનસામગ્રીમાં પણ એટલા જ ઉપકારક બને છે.

કચ્છ-માંડવીમાં શિક્ષક તરીકે નોકરી કરતાં પોતાના મોટાભાઈ મહાશંકરભાઈની સાથે ગુણવંતરાય પણ થોડો વખત માંડવી રહે છે અને ત્યાંની શ્રી ગોકળદાસ તેજપાલ હાઈ સ્કૂલમાં શિક્ષણ મેળવે છે. માધ્યમિક શાળાના અભ્યાસ દરમ્યાનનો માંડવી-નિવાસ ગુણવંતરાયને માટે અનેકશઃ નિર્ણાયક બની રહે છે. એક બાજુ, અહીં તેજપાલ હાઈ સ્કૂલના મુગટરાય માસ્તર પાસેથી તેમને ઇતિહાસ, વાણિજ્ય દરિયા વિશેની અઢળક અદ્‌ભુત કથાઓ સાંભળવાનો લ્હાવો મળ્યો; તો બીજી બાજુ, તેમણે માંડવી બંદરની દૈનંદિન પ્રવૃત્તિઓનો પરિચય મેળવ્યો તેમજ ત્યાંના ખલાસી મિત્રોની સંગતમાં બશીરા, મસ્કત અને બગદાદ સુધીની સફરો ખેડીને સાગરજીવનનો પ્રત્યક્ષ અનુભવ પણ અંકે કર્યો. આમ, સ્વાર્પણ ને શૂરવીરતાની કથાઓમાંથી ઝરતો વાર્તારસ અને દરિયાનો નિકટનો નાતો - એ જાણે કે ગુણવંતરાય માટે માંડવીની મોટી ઉપલબ્ધિ બની રહી. કહીએ કે, પછીથી ગુજરાતને મળનારા સાગરકથાઓના સર્જકની મનોભૂમિમાં, એને અનુરૂપ-અનુકૂળ એવાં બીજ રોપાયાં.

મોટાભાઈ, માંડવી છોડીને નડિયાદની શાળામાં શિક્ષક તરીકે જોડાય છે ને તેમની સાથે ગુણવંતરાયને પણ નડિયાદ આવવાનું થાય છે. ઈ.સ. ૧૯૧૭માં, નડિયાદની હાઈ સ્કૂલમાંથી મૅટ્રિકની પરીક્ષામાં ઉત્તીર્ણ થઈને તેઓ, કૉલેજના ઉચ્ચ અભ્યાસ માટે જૂનાગઢ આવે છે અને અહીં બહાઉદ્દીન કૉલેજમાં ફર્સ્ટ ઈયર બી.એ.ના વર્ગમાં પ્રવેશ મેળવે છે. પરંતુ શારીરિક નાદુરસ્તીને કારણે તેમનો અભ્યાસ અવરોધાય છે ને બીજા સત્રથી તેઓ ભાવનગરની શામળદાસ કૉલેજના વિદ્યાર્થી બને છે. જો કે, થોડા જ વખતમાં એ કૉલેજને પણ છોડવી પડે છે ને કેટલીક જવાબદારીઓને કારણે તેઓ વિદ્યાર્થી મટીને, સમાજના વ્યવહારુ પુરુષ તરીકેની ભૂમિકા ભજવે છે ને આર્થિક રીતે પગભર થવા માટેની મથામણ કરે છે.

૧૯૧૭માં ગુણવંતરાય, કૉલેજમાં દાખલ થયેલા એ જ વખતે બગસરાના સંતોકરામ શુક્લની પુત્રી નિર્મળા સાથે તેમનું વેવિશાળ થાય છે ને ૧૯૧૯માં તેઓ નિર્મળાબહેન સાથે લગ્નગ્રંથિથી જોડાય છે. ૧૯૨૧માં જામનગર મુકામે પિતાનું અવસાન થાય છે ને ગૃહસ્થ ગુણવંતરાય ૧૯૨૧થી ૧૯૨૩નાં વર્ષોમાં મોટાભાઈ સાથે અમદાવાદ ખાતે રહે છે. આ ગાળા દરમ્યાન તેઓ અમદાવાદની કેટલીક મિલોમાં કામ કરે છે ને અન્યત્ર પરચૂરણ નોકરી કરવાનું પણ સ્વીકારે છે. આ વર્ષોમાં જાણે કે ગુણવંતરાયના જીવનસંઘર્ષનો બીજનિક્ષેપ થાય છે. ૧૯૨૩થી ૧૯૨૯નાં વર્ષો દરમ્યાન ક્યાંય ઠરીઠામ થવાને બદલે રોટલો



નીલાબહેન (માટુંગા, ૧૯૪૪)

રળવા માટે અમદાવાદ, ડીસા, રતલામ, જામનગર વગેરે સ્થળોએ પ્રૂફ રીડર, હેડમાસ્તર, જિંનિંગ પ્રેસના કર્મચારી, મદદનીશ શિક્ષક કે ક્લાર્ક જેવી ભજવવી પડેલી વિવિધ ભૂમિકાઓમાંથી ગુણવંતરાયના પ્રારંભિક જીવનસંઘર્ષનો પડઘો સાંભળી શકાય છે.

લેખક અને પત્રકાર બનવાના મનોરથ ગુણવંતરાયના મનમાં પહેલેથી જ ઊગેલા. પ્રકૃતિએ પરંપરાભંજક એવા ગુણવંતરાયે, જ્ઞાતિસુધારણા માટેની પ્રવૃત્તિઓના ભાગ રૂપે 'નાગર બ્રાહ્મણ' નામે હસ્તલિખિત પત્રિકાનું સંચાલન કરેલું ત્યારથી એમની એ અપેક્ષા દૃઢમૂલ થઈ, ને 'સંદેશ'ની નોકરી દરમ્યાન એ માટેની થોડી અનુકૂળતા પણ ઊભી થઈ. પરંતુ 'સૌરાષ્ટ્ર મિત્ર' અને 'સૌરાષ્ટ્ર' સાથેના જોડાણ પછીથી તો દોડવા ઇચ્છતા ગુણવંતરાયને જાણે કે ઢાળ મળી ગયો ! ૧૯૨૭માં જામનગર છોડીને તેઓ રાણપુરમાંથી પ્રગટ થતા 'સૌરાષ્ટ્ર મિત્ર' નામના સાપ્તાહિકમાં જોડાયા ને એ જ વર્ષે એમણે 'સૌરાષ્ટ્રમિત્ર'ને 'સોરઠી સમશેર' નામનું ભેટપુસ્તક પણ આપ્યું. આ જ સમયગાળામાં રાણપુરથી જ પ્રગટ થતા ડિટેક્ટિવ કથાના અઠવાડિક 'બહુરૂપી'માં એમણે કેટલીક રહસ્યકથાઓ પણ લખી. આમ, રાણપુરમાં ગુણવંતરાયના લેખનકાર્યના વિધિવત્ શ્રીગણેશ મંડાયા. આચાર્યની તેજીલી કલમને કારણે 'સૌરાષ્ટ્ર મિત્ર'ની લોકચાહનામાં અદકો ઉમેરો થયો, તો વળી, એમની કલમનું કામણ એવું તો થયું કે બીજા જ વર્ષે ૧૯૨૮માં અમૃતલાલ શેઠે આચાર્યને 'સૌરાષ્ટ્ર'ના તંત્રીમંડળમાં માનભર્યું સ્થાન આપ્યું.

તત્કાલીન પ્રવર્તમાન સામાજિક વિષમતા, દેશી રજવાડાંઓની ખટપટો ને પરદેશી હકૂમતો સામેનો આક્રોશ, સ્ત્રીઓને થતા અન્યાયો ને હરિજનો પર થતા અત્યાચારો જેવા વિષયોને નિમિત્ત કરીને ગુણવંતરાયની તીખી તેજીલી કલમે ઘણુંઘણું લખ્યું ને 'સૌરાષ્ટ્ર'માં પ્રગટ થતું રહ્યું. આ સમયમાં તેમને 'સૌરાષ્ટ્ર'ના પ્રતિનિધિ તરીકે દાંડીકૂચમાં જોડાવાનું બન્યું. સાથોસાથ ૧૯૩૨માં અમૃતલાલ શેઠે શરૂ કરેલા 'ફૂલછાબ' સાપ્તાહિકના તંત્રી તરીકેની જવાબદારી વહન કરવાનું શ્રેય પણ સાંપડ્યું.

૧૯૨૭થી ૧૯૩૭નો એક દાયકો ગુણવંતરાય રાણપુર રહ્યા. આ દસકા દરમ્યાન તેમની પાસેથી 'શ્રેષ્ઠ સાગરકથાઓ' (૧૯૩૦) નામક સાગરકથાઓનું પ્રથમ પુસ્તક તેમજ 'પીરમનો પાદશાહ' (૧૯૩૦) અને 'મહ'બલિદાન' (૧૯૩૧) જેવી ઐતિહાસિક નવલકથાઓ મળે છે. ઉપરાંત 'રોશની' અને 'ફૂલછાબ'નાં અન્ય કેટલાંક ભેટપુસ્તકો પણ તેઓ લખે છે. એ રીતે, ગુણવંતરાય હવે ગુજરાતીના લોકપ્રિય લેખક તરીકેની નામના મેળવે છે, ને આ સમયે તેમનો શબ્દ મેઘાણીનો સમાદર પણ પ્રાપ્ત કરે છે. રાણપુર નિવાસ દરમ્યાન, આમ, લેખક તરીકેની આચાર્યની ઉજ્જ્વળ કારકિર્દીનો આરંભ થાય છે, તો એમના પારિવારિક જીવનમાં એક મોટો ફટકો પણ અનુભવાય છે. એમનાં પત્ની નિર્મળાબહેન, એ વખતે 'રાજરોગ' ગણાતા ક્ષયની અસાધ્ય બીમારીમાં સપડાય છે. અલબત્ત, પત્નીની માંદગી ઉપરાંત નાના પુત્ર શિશિરની સારસંભાળ અને રાણપુર, બોટાદ ને સોનગઢ વચ્ચેની દોડધામથી સહેજ પણ થાક્યાહાર્યા વિના ગુણવંતરાય, એમનો આ કસોટીનો કપરો કાળ હસતા મુખે પસાર કરે છે. આર્થિક ભીંસની વચ્ચે પણ આચાર્ય, પત્નીની પૂરતી સેવા-શુશ્રૂષા કરે છે, પરંતુ દુર્ભાગ્યે નિર્મળાબહેન પથારીમાંથી પુનઃ બેઠાં થઈ શકતાં નથી ને અંતે ૧૯૩૩માં તેમનો જીવનદીપ બુઝાય છે. ઘરરખ્ખુ ધર્મપત્નીના દેહાવસાનનો અસહ્ય આઘાત ભૂલવાના ઈલાજ રૂપે ગુણવંતરાય, નાનકડા પુત્ર શિશિરના ઉછેરમાં અને પોતાની લેખનપ્રવૃત્તિમાં વિશેષ વ્યસ્ત રહે છે.

ગુણવંતરાયના પ્રગતિવાદી ને ક્રાન્તિકારી વિચારોનો પરચો આપતા પ્રસંગો પણ એમના જીવનમાં અનેક બન્યા છે. વિચાર અને આચારની એકતા ધરાવતા આચાર્ય, લલિતાબહેન સાથે પુનર્લગ્ન કરવાનું બીડું ઝડપે, ચાલીસીના ગાળામાં પોતાનાં પત્નીને બાથકલબમાં સ્વિમિંગ માટે મોકલવાનું સાહસ કરે કે જે સમયે છોકરીનાં મા-બાપો છોકરીઓને નાટકોનાં કામ કરવા દેવાનું વિચારી પણ ભાગ્યે જ શકે એ '૫૨-'૫૩ના સમયગાળામાં પોતાની પુત્રીને અનેક નાટકોમાં મનગમતા રોલ કરવા દેવાની હિંમત અને ઉદારતા દાખવે એ બધામાંથી ગુણવંતરાયનું ક્રાન્તિકારી માનસ અને સ્ત્રી-પુરુષ સમાનતાનો એમનો આગ્રહ પ્રગટ થઈ આવે છે. પ્રથમ પત્નીના અવસાન બાદ બીમાર રહેતા નાના પુત્ર શિશિરની સંભાળ લેવી, અખબારના કામકાજની સાથે જ રસોઈ સહિતનું ઘરકામ કરવું અને સમાંતરે લેખનકાર્ય પણ કરતાં રહેવું એ બધાંને કારણે પડતી મુશ્કેલીને લીધે ગુણવંતરાય પુનર્લગ્ન કરવા તૈયાર થયા, પરંતુ એ પણ કોઈ દુખિયારી સ્ત્રી સાથે. અને વિધિએ એમની ઇચ્છા મુજબની સ્ત્રી સાથેનો યોગ પણ સાધી આપ્યો. આફ્રિકન યુવાન સાથે પરણેલાં ને એ કપટી યુવાનના દગાનો ભોગ બનેલાં લલિતાબહેનની કરુણ કથની સાંભળીને એમની સાથે લગ્ન કરવાનો ને જીવનની વિષમતાથી ઘેરાયેલી એક સ્ત્રીનો સમુદ્ધાર કરવાનો આચાર્યએ નિર્ધાર કર્યો, અને એમ કરવા જતાં એમણે કોર્ટકેસ, ધાકધમકી અને નાગરી નાતની નારાજગી બધું જ વેઠ્યું. પરંતુ એ કશાંની પરવા કર્યા વિના એમણે ૧૯૩૫માં લલિતાબહેન સાથે લગ્ન કર્યાં, લલિલાતબહેનના પ્રથમ પતિનું અવસાન થતાં ૧૯૩૮માં અમદાવાદની કોર્ટમાં સિવિલ મેરેજ નોંધાવ્યાં ને લલિતાબહેનના પૂર્વજીવનની સ્મૃતિઓ નામશેષ કરવા તેમનું નામ બદલીને 'નીલા' રાખ્યું.

ગુણવંતરાયના જીવનનો બીજો મહત્ત્વનો પડાવ એટલે રાણપુરથી અમદાવાદ ખાતે એમનું આગમન. ૧૯૩૭માં 'સૌરાષ્ટ્ર'માંથી છૂટા થઈને સમગ્ર તંત્રીમંડળની સાથે ગુણવંતરાય પણ અમદાવાદ આવે છે, અને થોડો વખત 'નવ સૌરાષ્ટ્ર'માં ને પછી 'ગુજરાત સમાચાર'માં જોડાય છે. અમદાવાદમાં ધૂમકેતુ, અનંતરાય રાવળ, મધુસૂદન મોદી, મનુભાઈ જોધાણી, ધીરજલાલ ધ. શાહ, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલયના પ્રકાશકબંધુ શંભુભાઈ-ગોવિંદભાઈ જેવા અનેક લેખકમિત્રો પ્રકાશક મિત્રો, સાથે



ગુણવંતરાય આચાર્ય (૧૯૩૮)

તેમને મૈત્રીસંબંધ રચાય છે, 'ચા-ઘર'ના નેજા હેઠળ એ બધાંની સાથે અનૌપચારિક ગોષ્ઠિઓ યોજાય છે ને એ બધું સર્જક ગુણવંતરાયના વ્યક્તિઘડતરનો મહત્ત્વપૂર્ણ હિસ્સો બની રહે છે. આ જ સમયમાં તેમની પ્રથિતયશ નવલકથા દરિયાલાલ (૧૯૩૮)ની ભેટ ગુજરાતી સાહિત્યને સાંપડે છે.

અમદાવાદનાં અન્નજળ પૂરાં થાય છે ને ગુણવંતરાયનું જહાજ મુંબઈ આવીને નાંગરે છે. ગુણવંતરાયનો મુંબઈ-નિવાસ એમની જીવનકિતાબનું એક આગવું-અલાયદું પ્રકરણ બની રહે છે. એ વખતની મુંબઈની ખ્યાતનામ ફિલ્મકંપની રણજિત મૂવીટોનના માલિક અને આચાર્યની કલમના આશિક એવા સરદાર ચંદુલાલ શાહ, આચાર્યને પોતાની કંપનીમાં વાર્તાલેખક તરીકે જોડાવાનું આમંત્રણ આપે છે. આચાર્ય એનો સ્વીકાર કરી મુંબઈ જવાનું પસંદ કરે છે, ને અનેક ફિલ્મોની કથા-પટકથા અને સંવાદો લખે છે. સાથે જ, ફિલ્મજગત ને નાટ્યવર્તુળમાં તેઓ 'ગુરુજી'ના હુલામણા નામનું બિરુદ પણ પામે છે. હવે તેઓ ફિલ્મી સાપ્તાહિક શરૂ કરવાના મનસૂબા ઘડે છે, ને સાહસ કરીને ફિલ્મજગતનું પ્રથમ અને સફળ સાપ્તાહિક 'મોજમજાહ' ખરીદી પણ લે છે. થોડો વખત સારી રીતે ચાલેલા આ સાપ્તાહિકમાં પછીથી ખોટ જતાં તે વેચી દે છે, ને જામનગરના મહારાજા જામસાહેબના આગ્રહને વશ થઈ જામનગર આવે છે. અહીં તેઓ 'આયુર્વેદ મુદ્રણાલય'ના સંચાલક તરીકેની જવાબદારીનું વહન કરવા ઉપરાંત 'નીલા પ્રિન્ટરી' નામે પોતાનું પ્રેસ પણ શરૂ કરે છે. જામનગરમાં આચાર્ય થોડો વખત સારી રીતે વિતાવે છે તથા નીલાબહેનને પણ વિવિધ સામાજિક પ્રવૃત્તિઓ કરવા માટે પ્રોત્સાહન પૂરું પાડે છે.

આચાર્યની કુંડળીમાં જાણે કે સ્થિરતાનો યોગ જ ન હોય તેમ, રજવાડાંઓનું વિલીનીકરણ થતાં ને પોતાના પ્રેસમાં પણ ખોટ જતાં પુનઃ ફિલ્મો માટે લખીને અર્થોપાર્જન કરવા અર્થે તેઓ મુંબઈ જાય, અહીં સતત આર્થિક વિટંબણા ને માનસિક તનાવને લીધે બીમાર પડી ફરી પાછા જામનગર આવે, જામનગર પ્રત્યે પણ અભાવ જન્મતાં સાજા થઈને થોડો વખત રાજકોટ સ્થળાંતર કરે, પરંતુ આજીવિકાને માટે ફરીફરીને તેઓ મુંબઈને જ કર્મભૂમિ બનાવે ને એમ આચાર્ય, પોતાના આયુષ્યનાં અંતિમ દસ-બાર વર્ષ મુંબઈ આવીને વસે. હવે મુંબઈ જ આચાર્યના શેષ જીવનનો અંતિમ મુકામ બની રહે છે.

પોતાની પ્રભાવક લેખિનીને જોરે ગુણવંતરાય, પરિવારનો નિર્વાહ કરવા ઉપરાંત પોતાનાં સંતાનોની શૈક્ષણિક કારકિર્દીનું ઘડતર પણ કરે છે. વિષમ સંજોગોને કારણે પોતે ન ભણી શકેલા આચાર્ય, કોઈ પણ ભોગે પોતાનાં સંતાનોને ભણાવવાનો દૃઢ સંકલ્પ કરે છે ને પંડે હાડમારી વેઠીને પણ બધાંને ભણાવે છે. પુત્ર શિશિરનો સી.એ. સુધીનો તથા પુત્રીઓ ઈલા-વર્ષાનો એમ.એ. સુધીનો અભ્યાસ એ પિતા ગુણવંતરાયના આવા દૃઢ નિર્ધારનું જ પરિણામ. આમ, આ સમયગાળો આચાર્યના ધોધમાર સાહિત્યસર્જનનો છે.



શિશિર અને વર્ષા (૧૯૪૧)

સતત સર્જનરત પિતા ગુણવંતરાયનું ચિત્રાંકન કરતાં વર્ષાબહેન લખે છે, 'મેં પપ્પાને હંમેશાં અવિરત લખતાં જોયા છે. આરામખુરશીમાં ગોઠણ વાળી તેની પર પેડ ગોઠવીને ટટ્ટાર બેસીને એકમગ્ન થઈને લખે. સડસડાટ પેન ચાલે. લખાયેલું પાનું ફર્યું તે ફર્યું. આજે દરિયાઈ નવલકથાનું બારમું પ્રકરણ લખતા હોય, બીજે દિવસે ઐતિહાસિક નવલકથાનું ૨૦મું પ્રકરણ લખાતું હોય, ત્રીજે દિવસે તેમની અત્યંત લોકપ્રિય રાજકીય વિશ્લેષણની કટાર 'ગુજરાત સમાચાર'માં ચાલતી હોય, એના પછીને દિવસે રેડિયો નાટક, 'અખંડ આનંદ'ની વાર્તા કે એવું કશું હોય. ત્યાં ફરી દરિયાઈ ચાલુ નવલકથાનું તેરમું પ્રકરણ... સતત લખ્યું. માત્ર ચા-ભેર. આખો દિવસ જમે નહીં. અમે તો સૌ ગરમ ગરમ જમીને અમારા કામમાં ગૂંથાઈ જઈએ. બા રાંધીને તપેલામાં ઢાંકી રાખે.'

૧૯૬૪માં ગુણવંતરાય, પોતાના પરિવાર સાથે ઉત્તર ભારતનો પ્રવાસ આદરે છે. એ પ્રદેશના આકર્ષણને કારણે ડૉક્ટરની મનાઈ હોવા છતાં પણ, નીલાબહેન સાથે બીજા જ વર્ષે પુનઃ બદ્રીકેદાર અને ઉત્તરભારતની યાત્રાએ નીકળી પડે છે. વર્ષો પૂર્વે એક પ્રકાશકે રાજકોટ ખાતે ગુણવંતરાયની રૉયલ્ટીના પૈસામાંથી લઈ રાખેલી જમીન ઉપર પછીથી નીલાબહેને મકાન બંધાવેલું પણ ગુણવંતરાય ત્યાં ગયેલા જ નહીં. અંતે મકાનનું વાસ્તુ અને માતાજીના હવનના પ્રસંગે તેઓ ૧૯૬૫ના નવેમ્બરમાં રાજકોટના પોતાના ઘરમાં પહેલી વખત આવે છે, દસેક દિવસ રહે છે ને જાણે કે મૃત્યુનો સંકેત સાંપડ્યો હોય એમ સૌ સગાં-સ્વજનોને પ્રેમપૂર્વક મળે છે. અલબત્ત, અહીં પણ તેમની લેખિની તો ચાલતી જ રહે છે. સતત સર્જનપ્રવૃત્ત આચાર્ય, સાંજે 'સરમત સંઘાર'નું અંતિમ પ્રકરણ પૂરું કરે છે ને ૨૪મી નવેમ્બર, ૧૯૬૫ની રાત્રે અચાનક આવેલા હૃદયરોગના હુમલાને કારણે તેમનો દેહ ઢળી પડે છે. ગુજરાતની અસ્મિતાના ગાયક ગુણવંતરાય જાણે કે અંતિમ શ્વાસ લેવા માટે જ મુંબઈથી રાજકોટ આવે છે એ પણ વિધિનો યોગાનુયોગ જ !

મેઘાણીની જેમ પોતાના જીવનનો મોટો ભાગ પત્રકારત્વ ક્ષેત્રે



આચાર્ય દંપતી (દહેરાદૂન-સપ્તધારા, ૧૯૬૩)

વિતાવ્યો હોવાને કારણે, ગુણવંતરાયને સતત લખવાનું બનતું રહ્યું ને પરિણામસ્વરૂપ તેમની કલમેથી વિપુલ સાહિત્યકૃતિઓનો પ્રવાહ પણ અવિરત વહેતો રહ્યો; તો મેઘાણીની માફક જ આચાર્યને પણ, વિશાળ ચાહકવર્ગ-વાચકવર્ગ પણ મળ્યો. તેમની ધારદાર કલમની નીપજરૂપે અવતરેલી કૃતિઓની સરાહના કરતા સંખ્યાબંધ પત્રો આવતા રહે, તો સાથોસાથ તેમના સાહિત્યના ભાવક એવા બાબુ ગિરધર કાનજી નામના કચ્છી વેપારી, સહેજ પણ પ્રત્યક્ષ પરિચય વિના બીમાર ગુણવંતરાય માટે મુંબઈથી જામનગર પ્લેનમાં નિયમિત રીતે ફળોના કરંડિયા મોકલે, માટુંગાનું પોતાનું મકાન પડોશીએ પચાવી લીધા પછી મુંબઈ આવેલા ને બેઘર બની ગયેલા ગુણવંતરાયને, ઘાટકોપરના વેપારી છોટુભાઈ એક પણ પૈસાની પાઘડી વિના જ મકાન આપે, કે પછી 'સસ્તું સાહિત્ય'ના મનુ સુબેદાર, મેટ્રો-લિબર્ટી થીએટરના મુંબઈના હૃદયસમા વિસ્તારમાં આવેલા પોતાના ફલૅટની ચાવી સામે ચાલીને આપી દે એ બધી ચમત્કારિક લાગે એવી ઘટનાઓમાંથી આખરે તો, વ્યક્તિ અને સર્જક ગુણવંતરાયની બહોળી લોકચાહનાનું પ્રબળ પગેરુ મળી આવે છે.

વારંવારના પરિભ્રમણને પરિણામે ગુણવંતરાયે કરેલું લોકજીવનનું અવલોકન, તેમનો પત્રકારી અનુભવ અને ઈતિહાસનો અભ્યાસ એ બધું જ્યારે રોચક કથારસમાં ભળે છે ત્યારે તેમની ફળવતી કલમે અનેક ઐતિહાસિક નવલકથાઓ, સામાજિક નવલકથાઓ, સાગરકથાઓ, રહસ્યકથાઓ તેમજ નાટકોનો ફાલ ઊતરે છે. એમાંયે ગુણવંતરાય, વિશેષ પ્રતિષ્ઠા પામે છે સાગરકથાઓના સર્જક તરીકે. ગુલામીપ્રથાની નાબૂદીને તારસ્વરે પ્રગટાવતી 'દરિયાલાલ' એ એમનું સીમાચિહ્નરૂપ નવલસર્જન બની રહે છે ને ત્યાર બાદ એમની પાસેથી એ જ રંગમાં લખાયેલી 'સક્કરબાર' (૧૯૫૨), 'હરારી' (૧૯૫૩), 'સરફરોશ' (૧૯૫૩), 'સરગોસ' (૧૯૫૩) જેવી શ્રેણીબદ્ધ દરિયાઈ નવલો ગુજરાતને મળે છે, તો 'પીરમનો પાદશાહ' (૧૯૩૦), 'મહાબલિદાન' (૧૯૩૧), 'દેશદીવાન' (૧૯૩૬), 'શ્રીધર મહેતા' (૧૯૫૭) જેવી ઐતિહાસિક નવલકથાઓ તેમજ હિન્દુપત પાદશાહી ગ્રંથાવલિ, વિજયનગર સામ્રાજ્ય ગ્રંથાવલિ, વાઘેલાયુગ ગ્રંથાવલિ, કે ગુજરાત ગ્રંથાવલિ અંતર્ગત પણ ઈતિહાસની પૃષ્ઠભૂ ઉપર રચાયેલી અનેક નવલકથાઓ, નવલકથાકાર ગુણવંતરાય આચાર્યની નિજી મુદ્રા ઉપસાવે છે. ગુજરાતની ગૌરવગાથાનું મહિમાગાન કરતાં ગુણવંતરાયની દૃઢ અને સ્પષ્ટ સમજ છે કે, 'ગુજરાતનું ગૌરવ હીણું કરે એવું કાંઈ મારે મન કલા નથી. ને ગુજરાતની અસ્મિતા તરફ એક પણ વાચકને મમત્વ ધરતો કરે એ બધી જ મારે મન કલા સર્વોત્તમ કલા છે. હું તો એક જ વાતને ઈતિહાસ માનું છું - આવતી કાલના ગુજરાતને કાંઈક પણ માર્ગ બતાવે, પોતાના ભૂતકાળના ગૌરવભર્યા વારસાથી વાકેફ કરે ને હજારો વર્ષથી ગુજરાતના સાચા અન્નક્ષેત્ર સમા, ગુજરાતની એકતા ને અસ્મિતાના અનન્ય પ્રેરકબળ સમા સાગર તરફ અભિમુખ કરે.'

સામાજિક વિષમતાના વિરોધી અને સ્ત્રીપુરુષ સમાનતાના આગ્રહી ગુણવંતરાય, વ્યક્તિ અને લેખક તરીકે પ્રગતિવાદી હતા. પ્રગતિવાદી સાહિત્યિક આંદોલનના ફલસ્વરૂપે સ્થપાયેલા 'અખિલ ભારતીય પ્રગતિશીલ લેખક સંઘ'ના સભ્ય ગુણવંતરાય આચાર્ય પણ હતા એની બહુ ઓછાંને જાણ હશે. આવા સર્જક પાસેથી સામાજિક નવલકથાઓ અને સામાજિક નવલિકાઓ ન મળે એવું તો કેમ બને? એટલે સ્વાભાવિક રીતે જ, આચાર્ય પણ, 'કોરી કિતાબ' (૧૯૩૭), 'ભસ્માંગના' (૧૯૩૭), 'કોણ ગુન્હેગાર ?' (૧૯૩૯), 'રામકહાણી' (૧૯૪૦) 'પુત્રજન્મ' (૧૯૪૦) જેવી અનેક સામાજિક નવલકથાઓ અને સંખ્યાબંધ સામાજિક નવલિકાઓ આપણા હાથમાં ધરે છે.

નાટ્યજગત અને રંગભૂમિ સાથે સક્રિય રીતે સંકળાયેલા 'ગુરુજી' પાસેથી નાટકો ન મળે તો જ નવાઈ ! તેથી જ તો આચાર્યની ઘડાયેલી કલમે 'અલ્લાબેલી' (૧૯૪૬) જેવું સંઘેડાઉતાર અને સફળતાપૂર્વક ભજવણી પામેલું નાટક મળ્યું, તો ત્યાર બાદ પણ 'જોગમાયા અને શિલાલેખ' (૧૯૪૯), 'માજીનું મંદિર' (૧૯૫૨), 'માર'રાજ' (૧૯૫૬), 'અખોવન' (૧૯૫૭) જેવાં નાટકો એમની પાસેથી મળતાં રહ્યાં. પરંતુ એ બધાંમાં પણ, મૂળુ માણેકના શૌર્યપૂર્ણ વ્યક્તિત્વને ઉપસાવતાં વતનપરસ્તીનાં મહિમા આલેખતાં ને પરદેશી હકૂમત સામે અવાજ ઉઠાવતાં 'અલ્લાબેલી'માં, નાટ્યકાર ગુણવંતરાયની શક્તિ જાણે કે સોળે કળાએ ખીલી ઊઠી.

આ ઉપરાંત પણ 'હું, બાવો ને મંગળદાસ' (૧૯૩૬)ના હાસ્ય-કટાક્ષયુક્ત લેખો કે 'આપણે ફરી ન વિચારીએ ?' (૧૯૫૯)ના રાજકારણ-સમાજકારણને માર્મિક રીતે ઉદ્ઘાટિત કરતા વિચારાત્મક લેખો તેમજ તેમનાં અન્ય પ્રકીર્ણ લખાણો ગુણવંતરાયનાં બહુપાર્શ્વી વ્યક્તિત્વને સુપેરે પ્રગટાવે છે. કલમજીવી ગુણવંતરાયનો વિપુલ સર્જનરાશિ, આમ, ગુજરાતી સાહિત્યને સમૃદ્ધ કરવામાં યત્કિંચિત યોગદાન આપે છે.

જીવનસાગરના ઊછળતા લોઢની સામે સહેજ પણ થાક્યા વિના અવિરત ઝૂઝતા-ઝઝૂમતા ને એમાંથી પાર ઊતરતા ગુણવંતરાય આચાર્ય, એક ઝિંદાદિલ વ્યક્તિ તરીકે અને સદાબહાર સર્જક તરીકે ગુજરાતી સાહિત્યના ઈતિહાસમાં નોખા નિરાળા સ્થાનના અધિકારી છે. આ ગુણવંતરાય, સંખ્યાબંધ પુસ્તકોની સાથોસાથ વર્ષા અડાલજા અને ઈલા આરબ મહેતા જેવી લેખિકાપુત્રીઓની ભેટ પણ ગુજરાતી સાહિત્યને ચરણે ધરે છે, જે લેખિકાઓ પણ પિતા દ્વારા પ્રજ્વલિત સર્જનકર્મની જ્યોતને પૂરી નિષ્ઠાથી જલતી રાખે છે. ગુજરાતના આવા એક પનોતા ને પ્રાણવાન સાહિત્યકારને શતાબ્દીવંદના. □

મરઘી

લીના કાપડિયા

'પણ એમ કેમ બની શકે ?' કૉર્નીએ એની માલકણ સીમાને પૂછ્યું. પરંતુ એને ખબર હતી કે એનો જવાબ ખુદ એની પાસે હતો, માલકણ પાસે નહીં.

ગેસ સાફ કરતાં કરતાં કૉર્નીએ બારીની બહાર જોયું. સૂર્યાસ્ત થઈ રહ્યો હતો. આવે વખતે કૉર્નીને એનો દેશ ફિલિપીન્સ, એનું નાનું ગામ સાન્ટામારિયા યાદ આવી જતું. આખો દિવસ ખેતરમાં મજૂરી કરીને આ સમયે એ ઘરે પાછી ફરતી. બે વરસ અને ચાર વરસની પુત્રી એલ્સી અને જૉયસ પાસે, પતિ આન્દ્રેસ અને પુત્રીઓ સાથે બેસીને એ ભાત અને માછલી ખાતી.

ખૂબ મહેનતભર્યું જીવન હતું. આન્દ્રેસ અને એ આખો દિવસ શેરડી કે ચોખા ઉગાડવા મજૂરી કરતાં ત્યારે પાંચ જણાનું પેટ ભરાતું. મહેનતની તો કૉર્નીને આદત હતી. છ વરસની હતી ત્યારથી ખેતરે જતી. સવાર ખેતરમાં, બપોર સ્કૂલમા અને સાંજ વળી ખેતરમાં વીતતી, પણ ચિંતા એને બાળકોના ભવિષ્યની હતી. આ ચિંતાનો હલ જેમ ફિલિપીન્સમાં દરેક ઘર ગોતે છે એમ એણે પણ ગોત્યો. મેઈડ એજન્સીમાં જઈને એણે પોતાનું નામ નોંધાવી દીધું. સિંગાપોર કે યુ.એ. માં બે વરસ કામ કરીને કૉર્નીએ ધાર્યું હતું કે એ પાછી ફરશે, થોડી મૂડી એકઠી કરીને.

અને પંદર દિવસની ટ્રેનિંગ પછી કૉર્ની સિંગાપોર ગઈ. શરૂઆતમાં એને બહુ રડવું આવતું. આખા દિવસના કામ પછી એ રાતે સૂવા જતી ત્યારે કુટુંબની યાદથી એ એટલું રડતી કે શરીરને જો કામની આદત ન હોત તો બીજા દિવસે એ ઊઠી ન શકતું હોત ! રાત પણ ક્યાં એની પોતાની હતી ? સુ યીંગ રાતે ત્રણ-ચાર વાર ઊઠતી અને એને તેડીને આંટા મારવા પડતા. એવે વખતે એને... ની યાદ આવી જતી. પોતા વિના એ ઝૂરતી હશે ? રાતે ઝબકીને જાગી જતી હશે ? ફરી એની આંખ ઉભરાઈ જતી. પછી એ પોતાને સંભાળી લેતી. મૅડમની આંખ સતત એના ઉપર રહેતી એટલે સતત રડવું પણ ઇચ્છવાયોગ્ય ન હતું. એને થતું કે ઘરે' સાંજે તો કામથી પરવારતી હતી, જ્યારે અહીં તો ચોવીસે કલાક એ ફરજ પર હતી. મિસીસ ચૅનની આંખો એને પળભર પણ જંપવા ન દેતી. એની નોકરીના સમયનો અંત જ ન હતો.

જો કે ધીમે ધીમે એને આદત પડવા લાગી હતી. આન્દ્રેસનો પણ પત્ર હતો. એલ્સી ને જૉયસ એની ગેરહાજરીથી ટેવાવા લાગ્યાં હતાં.

બે વરસ વીતી ગયાં. કૉન્ટ્રાક્ટ પ્રમાણે તો કૉર્નીને આવવાની ટિકિટ આપવી જોઈએ, પણ ચૅને એને માત્ર ફિલીપીન્સ જવાની ટિકિટ આપી.

મનીલાથી બસમાં સાન્ટામારિયા જતાં જતાં કૉર્ની વિચારતી હતી કે એને પાછાં સિંગાપોર જવું હતું કે નહીં. એની પાસે પૈસા તો ભેગા થયા હતા, પણ એ પૈસાનું મૂલ્ય ઘટ્યું હતું. મોંઘવારી વધી હતી. બાળકોને ભણાવી શકાય, પોતાનું ઘડપણ સારી રીતે જાય એવી ઇચ્છા હોય તો એણે પાછાં ફરવું જ પડે. પણ અત્યારે એનું ધ્યાન વિચાર અને બાજુમાંથી પસાર થતાં હરિયાળાં ખેતરો તરફ ઝૂલતું હતું. આન્દ્રેસ જો એનાં હાથ પકડીને કહે કે આપણે સાથે બેસીનેચૂલો પેટાવીએ અને મેરી ને જીસસની વાર્તા બાળકોને કહીએ તો કૉર્ની બેસી જાય, ભવિષ્યની ચિંતા કર્યા વગર. સાથે સાથે વરસાદી ગીત પણ ગાવા લાગે.

ઘરે પહોંચીને કૉર્નીએ જોયું તો આન્દ્રેસ બીજી સ્ત્રી સાથે ભાત ખાતો હતો. ઘવાઈને કૉર્નીએ તગતગતી આંખે જોયું. પણ એ કરી શું શકે એમ હતી ? સ્વીકાર અથવા અસ્વીકાર. કૉર્ની છોકરીઓને લઈને માના ઘરે આવી ગઈ.

પેલી સિંગાપોરમાં શરૂઆતમાં અનુભવી હતી એનાથી વધુ તીવ્ર વેદના કૉર્નીએ અનુભવી. ક્યારેક એ બેઠી હોય અને વીજળીની તીવ્રતાથી વેદનાનો સણકો એના દિલને ઘાયલ કરી નીકળી જતો. દગા અને અપમાનની ભાવનાથી એના હાથ રોકાઈ જતા.

કોર્ની પાસે કોઈ વિકલ્પ ન રહ્યો. બાળકોને મા પાસે મૂકીને એણે સિંગાપોરની વાટ પકડી.

આ વખતે એણે એક વૃદ્ધાનું ધ્યાન રાખવાનું હતું - મિસીસ ચૉનનું. મિસીસ ચૉન એકલાં રહેતાં હતાં. અઠવાડિયામાં બે-ત્રણ વખત પુત્ર અને વહુ મળવા આવતાં. કૉર્નીનું કામ થોડું સરળ બન્યું હતું. સવારની તાજી હવામાં એ ચૉનને લઈને ફરવા નીકળતી. એ ડગુમગુ ચાલતાં. કૉર્ની સૂર્યોદય જોતી વૉકિંગ ટ્રેક પર ધીમે ધીમે ચાલતી. ચૉન થાકીને બાજુના બાંકડા પર બેસી જતાં. કૉર્ની બીજી મેઈડ સાથે વાત કરતી અથવા કસરત કરતી. કૉર્નીને થતું કે એ વૃદ્ધ થાય ત્યારે આટલું આરામનું જીવન વીતાવી શકે તો સારું. એની માએ તો આ ઉંમરે પણ ચાર છોકરાંનું ધ્યાન રાખવું પડતું હતું.

પણ આ વખતે કૉર્ની બે વરસ પછી ફિલિપીન્સ જઈ ન શકી. ચૉનની નોકરી એણે છોડી દીધી. એટલે એને ટિકિટ ન મળી. એણે છૂટક કામ કરવાનું શરૂ કર્યું. કલાકના દસ ડૉલર એને વધુ નફાકારક લાગ્યું. પરંતુ પૈસાની બચત તો એટલી જ હતી. માને બે-ત્રણ વાર ફ્લુ થયો હતો. એલ્સીને સ્કૂલે જવા નવી સાઈકલ જોઈતી હતી અને જૉયસને નવી બૅગ. ઘરનું છાપરું પણ ગળતું હતું. જોકે એના મનમાં એક ઉત્સાહ હતો : મા લખતી હતી કે છોકરાં સારું ભણતાં હતાં. એલ્સી કહેતી કે એના જેવી સાઈકલ બીજી કોઈ પાસે નથી. કૉર્નીનું મન આનંદથી ભરાઈ જતું. એ નાની હતી ત્યારે એની પાસે સાઇકલ ન હતી. એ ન'તી ઇચ્છતી કે એનાં છોકરાં આવી વસ્તુથી વંચિત રહે. એ ન'તી ઇચ્છતી કે એની જેમ એનાં બાળકો નાની ઉંમરે પરણે અને મજૂરી કરે. એ ઇચ્છતી હતી કે એ લોકો ભણે, ખૂબ ભણે. એના મનમાં આશા હતી કે ત્યાં સુધીમાં અર્થવ્યવસ્થા પણ સુધરશે અને એમને સારી નોકરી મળશે.

પાંચ વર્ષે કૉર્ની ગામમાં જઈ શકી. ઘરે જઈને એણે જોયું તો જૉયસ જેને એ બે વર્ષની છોડીને પહેલી વાર નીકળી હતી એ નવ વરસની થઈ ગઈ હતી અને મોટી બહેનની પાછળ છુપાઈને ટગર ટગર કૉર્નીની સામે જોતી હતી. કૉર્નીને હતું કે બંને દોડીને એની પાસે આવશે અને વળગી પડશે. પણ એવું બન્યું નહીં. કૉર્નીએ બંનેને પ્રેમથી બોલાવ્યાં પણ દોડીને એ ઘરમાં ભરાઈ ગયાં. કૉર્નીએ મા સામે જોયું. 'ધીમે ધીમે આવશે,'માએ આશ્વાસન આપ્યું. કૉર્નીએ સમજણમાં માથું હલાવ્યું.

પણ એવું બન્યું નહીં. કૉર્નીને હતું કે બે-ચાર દિવસો પછી છોકરીઓ એના ખોળામાં માથું મૂકીને સૂશે અથવા એના ગળામાં હાથ વીંટાળીને ચુંબન કરશે. પણ એવું બન્યું નહીં. 'અરે ! મા મને ભૂખ લાગી છે, ખાવાનું આપ.' એવી માગણી સુધ્ધાં એ લોકો કરતાં નહીં. ભૂખ લાગે તો નાનીને શોધવા એ નીકળી પડતાં. 'લોલો, જૉયસે મને સાઇકલ પર ન બેસાડી.' 'લોલો', આજે ડાળીમાં ભરાઈને મારું શર્ટ ફાટી ગયું.' 'મને' આ દાખલો ન આવડ્યો, 'મને આટલું જલદી નથી સૂવું' બધી વાત લોલોને થતી, કૉર્ની સાંભળી રહેતી. પંદર દિવસ પછી પણ 'બતાવ તો. તું શું ભણે છે ? તને કેટલું આવડે છે ?' એ પ્રશ્નનો જવાબ આપવાનો એલ્સીએ ઇન્કાર કરી દીધો, ત્યારે કૉની છંછેડાઈ ગઈ, પણ એણે જાતને સંભાળી લીધી.

એક દિવસ કૉર્ની બહારથી પાછી ફરી રહી હતી. ઘરનો દરવાજો ખુલ્લો હતો. છોકરીઓ વાત કરી રહી હતી.

'તને નેને (મા) ગમે છે ?' મોટીએ પૂછ્યું.

'મને લોલો ગમે છે.' નાનીએ કહ્યું.

'મને લાગે છે કે નેને બહુ કડક છે.' મોટીએ કહ્યું.

કૉર્નીના પગ થંભી ગયા. એની આંખમાં પાણી આવી ગયાં. મહિના પછી સિંગાપોર જવા એ નીકળી ત્યારે એના પગ ઢીલા પડી ગયા હતા. એમાં જે જોમ અને ઉત્સાહ હતાં એ હવે નહોતાં રહ્યાં. 'થોડાં મોટાં થશે ત્યારે તેં આપેલો ત્યાગ સમજશે', માએ કહ્યું કૉર્નીએ ફરી સમજણમાં માથું હલાવ્યું.

પણ હવે ફટ્ટો મારવામાં કૉર્ની જોર ન લગાડતી. વૅક્યુમ કરતાં કરતાં એના હાથ ક્યારેક અટકી જતા. જે લક્ષ્ય હતું એ જતું રહ્યું જાણે. એક દૂરત્વ લાગતું. ભાર લાગતો. બાળકો ત્યારે તો નાનાં હતાં પણ ચાર વરસ પછી પણ પંદર વરસની થયેલી એલ્સીએ જ્યારે પત્ર ન લખ્યો કે નેને તું ક્યારે આવે છે ? અમને તારી બહુ યાદ આવે છે. તું કેમ છે ? તારા પર શી વીતે છે ? ત્યારે કૉર્નીને પહેલાં જીવનમાં ક્યારે ય ન લાગી હતી એવી શૂન્યતા લાગવા માંડી. આન્દ્રેસ જતો રહ્યો. બાળકો પણ દૂર દૂર જવા લાગ્યાં. ક્યારેક ઊંઘમાં કૉર્નીને ઘર, બારી, બારણાં બધું નાનું નાનું થઈને દૂ...ર દૂર સરકતું લાગતું અને ખાલીપાના એક ભાવ સાથે એ જાગી જતી. માએ એક પત્રના જવાબમાં લખ્યું હતું, 'મા માટે પ્રેમ તો હોય જ, પણ નજદીકત્વ તો જેની સાથે રહેતાં હોય એની સાથે જ હોય ને ?' કૉર્નીએ સમજણમાં માથું હલાવ્યું હતું.

એક દિવસ એ સીમાને ત્યાં કામ કરી રહી હતી. શુક્રવારે બપોરે ત્રણ કલાક સીમાને ત્યાં કામ કરવાનું ઠરાવ્યું હતું. સીમાએ કહ્યું કે રવિવારે સાંજે જો એને સમય હોય તો અમેરિકાથી એનો કઝીન રાજુ અને કેરાલાથી એનું કુટુંબ મહિના માટે બે બિલ્ડિંગ છોડીને રહેવા આવ્યું છે એના ઘરે કામ કરવા જાય.

કૉર્નીએ હા પાડી. અને રવિવારે સાંજે ઘર સાફ કરવા ગઈ. 'પણ બિનુ, છ વર્ષથી હું પૈસા મોકલું છું. અને તું કહે છે બચત નથી ? આટલા પૈસા ક્યા ગયા ?'

'તારો - (નાનો ભાઈ) ઍન્જિનીઅર થયો. ચેંચી (બહેન)નાં લગ્નમાં દહેજ આપ્યું અને કોચીનમાં ઘર બંધાવ્યું' બિનુએ જવાબ આપ્યો.

'પણ મારી પરિસ્થિતિ શું છે ? અમેરિકામાં ઘૂસ્યો. ગેરકાયદેસર તમને લઈ જઈ શકું એમ નથી. પૉલિટિકલ શરણાગતિ લીધી છે, ખોટું બોલીને. ભારત આવી શકું એમ નથી. રૅસ્ટોરન્ટમાં કામ કરું છું, પંદર કલાક. કારણ મને કોઈ નિયમ લાગુ પડતા નથી. સાંજે ઘેર આવું છું થાકેલો તો માથે કોઈ હાથ ફેરવી દેનાર નથી. ક્યારેક તાવ આવે છે તો કોઈ દવા આપનારું નથી. એકલતા ઘેરી વળે છે મને. અને જેમના માટે આ બધું કરું છું....'

બહાર કૉરીડોરમાં રિમોટ કાર અને રૉબોટથી રમતાં છોકરાં તરફ એણે નજર કરી, 'તેઓ તો મને ઓળખતાં પણ નથી. અને તું... તારી સાથે શું વાત કરું એ સમજાતું નથી. અંતર પડી ગયું છે આપણી વચ્ચે. વરસ થઈ ગયાં હવે મારે પાછાં આવવું છે. તું સમજે છે મારી વાત 'હા' સ્વગત બોલતી હોય એમ કૉર્નીએ જવાબ આપ્યો. રાજુએ એની સામે જોયું. બંનેએ એકમેકની સામે જોયું.

'તમારા કુટુંબ માટે તમે કમાયા. ભાઈ માટે, બહેન માટે અને હવે તમારા પુત્ર માટે ? એને ઍન્જિનીઅરિંગમાં ઍડમિશન મળ્યે નહીં આપવી પડે કૅપિટેશન ફી અને સંજીવનીને નહીં આપવું પડે દહેજ.'

રાજુએ બારીની બહાર જોયું. એને લાગ્યું કે એ મરઘી હતી તો સોનાનું ઈંડું આપતી હતી રોજ એક ઈંડું. અને એનાં ઘરવાળાં એટલાં મૂરખાં ન હતાં કે ઈંડાની લાલચમાં એને મારી નાખે. એણે તો રોજ મરવાનું હતું.

'કહો, એમના તરફ નથી તમારી ફરજ ? બિનુએ પૂછ્યું. રાજુએ સમજણમાં માથું હલાવ્યું.

એ દિવસ પછી જ્યારે પણ કૉર્ની જાગી જતી અને ખાલીપો એને ઘેરાઈ વળતો ત્યારે એને થતું કે એ એકલી ન હતી. ઇન્ડોનેશિયા, ઇન્ડિયા, બાંગલાદેશ... ખબર નહીં કેટલાં દેશોનાં લોક એની સાથે હતાં. રાતે જો એ તારા તરફ જોતી તો એને લાગતું કે આટલા બધા તારાઓ વચ્ચેનો એક તારો એ હતી.

છ મહિના વીતી ગયા હશે એ વાતને. એક દિવસ કૉર્ની સીમાના ઘરે કામ કરતી હતી.

'કૉર્ની, તને યાદ છે મારો કઝીન રાજુ ?' સીમાએ પૂછ્યું.

'યસ, મૅડમ.' કૉર્નીએ કહ્યું.

'એને કૅન્સર થયું.' સીમાએ કહ્યું.

ઈસ્ત્રી કરતાં કૉર્નીના હાથ અટકી ગયા, 'એ ક્યાં છે, મૅડમ ? ઇન્ડિયા કે અમેરિકા ?'

'અમેરિકા, અફ કૉર્સ'. સીમાએ સહજતાથી કહ્યું, 'ઇન્ડિયામાં, એના ગામમાં ક્યાં અમેરિકા જેવી સારી સારવાર મળે ?'

'પણ એ કેવી રીતે શક્ય છે.' કૉર્નીએ પૂછ્યું. પણ કૉર્નીને ખબર હતી. એનો જવાબ પોતાની પાસે હતો. સીમા પાસે ન હતો.

સાંજે કામથી પરવારીને કૉર્ની જમવા બેઠી ત્યારે હૉસ્પિટલના બિછાના પર સૂતો એક માણસ એને દેખાયો. કેમોથૅરપિનું દર્દ એકલો સહેતો, નંખાઈ ગયેલો માણસ.

'તું સમજે છે મને શું થતું હશે ?' કૉર્નીને અવાજ સંભળાયો.

'હા'. કૉર્નીએ જવાબ આપ્યો.

સંતોષનું સ્મિત એ માણસના મુખ પર ફેલાયું. અને મીઠી ઊંઘમાં એ સરી પડ્યો. એને લાગ્યું કે એ એકલો ન હતો. ❐

ફિલ્માકાશ - ૯

ધ ન્યૂ થીએટર્સ

૧૯૩૫ની એ અવિસ્મરણીય સાલ અને આનુષંગિક વાતો

—— રજનીકુમાર પંડ્યા ——

આપણે ભલે ધ ન્યૂ થીએટર્સના સંદર્ભમાં ૧૯૩૫ની સાલને 'દેવદાસ' અને 'ધૂપછાંવ' ફિલ્મોથી યાદ કરીએ. પણ એ યાદની મહત્તા ચિત્તમાં તો જ ઉજાગર થાય કે જો એ યુગની, બીજા નિર્માતાઓની બીજી ફિલ્મોની પણ સંક્ષિપ્તમાં વાત કરીએ. કાળનો એક ટુકડો એ સતત વહેતા પ્રવાહનો જ એક અવિભક્ત અંશ છે, જેને કદી બીજા ટુકડાથી પૃથક્ કરીને તપાસી શકાય જ નહીં.

એ રીતે વિચારતાં ૧૯૩૫ની સાલની શરૂઆત ન્યૂ ટોન ફિલ્મ્સ કલકત્તાની ફિલ્મ 'આહે-મઝલૂમી' યાને કે 'દુઃખિયોં કી આહ'થી થઈ. એ પછી તાજેતરમાં જ જેમની કરપીણ હત્યા થઈ તે માધુલાલ માસ્ટરના સંગીતવાળી સ્ટંટ ફિલ્મ 'ઝીંગારો' સુધીમાં, એ વર્ષમાં કુલ એકસો બાવન ફિલ્મો રજૂ થઈ.

પણ મહત્ત્વનો આ સ્કોર નથી. મહત્ત્વની વાત એ છે કે ધ ન્યૂ થીએટર્સની સમાંતરે બીજી માતબર નિર્માણ સંસ્થાઓ પણ આ જ સાલમાં મેદાનમાં આવી. અને તેમણે પણ જાતજાતના પ્રયોગો કર્યા. પૂનાની પ્રભાત ફિલ્મ કંપની દ્વારા શરાબની લતની વિરુદ્ધ સંદેશ આપનારી ફિલ્મ 'ચંદ્રસેના' અને એ જ રીતે અસ્પૃશ્યતાનિવારણનો સંદેશ આપનારી ફિલ્મ 'ધર્માત્મા' રજૂ થઈ હતી. 'ધર્માત્મા' વિશે રસપ્રદ વાત એ છે કે, પહેલાં એનું નામ 'મહાત્મા' રાખવામાં આવ્યું હતું. પણ બ્રિટિશ સરકારના સેંસર બોર્ડની એના ઉપર ખફગી ઊતરી, કારણ કે ફિલ્મની વાતો મહાત્મા ગાંધીની જીવનકથા ઉપર આધારિત હોય એવું સ્પષ્ટ જણાઈ આવતું હતું. આથી એની વાર્તામાં જરૂરી ફેરફાર કરીને એને સંત એકનાથની જીવનકથા રૂપે પુનર્ગઠિત કરવામાં આવી એ પણ મરાઠી રંગમંચના નામી કલાકાર બાલગાંધર્વે એટલી તન્મયતાથી ભજવ્યું કે આજે પણ તેઓની એ ઓળખ બની ગયું છે, (જેમ વિષ્ણુપંત પાગનીસ નરસિંહ મહેતા તરીકે, જીવન અને બાબુરાજે નારદ તરીકે, ત્રિલોક કપુર શંકર તરીકે ઓળખાય છે તેમજ). ૧૯૩૫ની સાલ આ રીતે એક નવા કલાકારના ફિલ્મપ્રવેશની સાલ બની રહી.

પ્રભાત ફિલ્મ કંપની, પૂના અને ધ ન્યૂ થીએટર્સ કલકત્તા જ્યારે ૧૯૩૫માં આ રીતે નવા ઇતિહાસનું નિર્માણ કરી રહી હતી ત્યારે એ જ વર્ષમાં બૉમ્બે ટોકિઝ નામની ત્રીજી સંસ્થા મુંબઈની ધરતી ઉપર હિમાંશુ રાય દ્વારા ઉદય પામી. એની જન્મકથા તો આખું એક જુદું પ્રકરણ તો શું પણ પુસ્તક માગી લે. પણ વિષયાંતરના ભયે અહીં એનું વિવરણ ટાળું છું. તેઓ ભારતમાં બનેલી પોતાની પ્રથમ ફિલ્મ 'જવાની કી હવા' લઈને આવ્યા. બંગાળી વાર્તાકાર નિરંજન પાલની વાર્તાનું હિંદી રૂપાંતર જે.એસ. કાશ્યપે કર્યું. એના દિગ્દર્શક જર્મન દિગ્દર્શક ફ્રાંઝ ઓસ્ટીન હતા અને બીજા કેટલાક ટેકનિશિયનો પણ જર્મન હતા. કથા મૂળ તો જૂના ઢાંચાની લગ્નપરંપરા પર પ્રહાર કરવાના ઉદ્દેશથી લખાયેલી હતી પણ અંતે ફિલ્મ બની ગઈ માત્ર પ્રણય અને હત્યાની ! પાછળથી દેવિકા રાણી (હિમાંશુ રાયનાં પત્ની, ટાગોર પરિવારની કન્યા) જેમની સાથે જતાં રહ્યાં હતાં તે કદાવર મોહક નજમ એ ફિલ્મમાં નાયક હતા અને દેવિકા રાણી



મહેબૂબ - જ્યારે એક્સ્ટ્રા કલાકાર હતા

નાયિકા. આ સાલની આ ફિલ્મ બૉમ્બે ટોકિઝ જેવી નવી માતબર સંસ્થાની પહેલી ફિલ્મ હતી એ રીતે તો ખરી જ, પણ બીજી એક રીતે પણ વિશેષ ઉલ્લેખનીય છે. ખુર્શીદ હોમજી નામની એક પારસી યુવતી કે જેણે લખનઊની મોરિસ કૉલેજ ઑવ્ મ્યૂઝિકમાંથી શાસ્ત્રીય સંગીતનું શિક્ષણ લીધું હતું, તેણે આ ફિલ્મમાં સરસ્વતિદેવીના નામથી સંગીત નિર્દેશન કર્યું અને તેની બહેન માણેકે તો વળી એ ફિલ્મમાં ચંદ્રપ્રભાના નામથી એક સહાયક ભૂમિકા પણ ભજવી. આમ, રૂઢિચુસ્ત ગણાતી પારસી કોમની બે બાળાઓ ફિલ્મક્ષેત્રે પ્રવેશી તે હકીકતે શાંત જણાતી પારસી કોમમાં જબરો ખળભળાટ મચાવ્યો અને મુંબઈના ઈમ્પીરિયલ સિનેમામાં એ રજૂ થઈ ત્યારે તોફાન થયું. લાઠીચાર્જ થયો, ધરપકડો પણ થઈ. જો કે રફતાં રફતાં બધું શમી પણ ગયું. પણ આ ઘટનાને કારણે તો ફિલ્મ વધુ પંકાઈ ગઈ.

૧૯૩૫ની સાલમાં આગળ ઉપર જેમનાં નામો ઇતિહાસમાં સોનેરી અક્ષરે લખાવાનાં હતાં તેવી બે શખ્શીયતો પણ ફિલ્મી દુનિયામાં પ્રવેશી. એક હતા મહેબૂબખાન, અને બીજા સોહરાબ મોદી. મહેબૂબ ગુજરાતના બિલિમોરા નામના નાનકડા ગામના એક પોલીસ કૉન્સ્ટેબલના પુત્ર હતા. આમ તો એમનો જન્મ વડોદરાના કાશીપુરા ગામ પાસેના સરાર ગામે ૧૯૦૯માં થયો હતો. પણ પાછળથી બિલિમોરા જઈને વસેલા. મહેબૂબે એક એક્સ્ટ્રા કલાકાર તરીકે મૂકફિલ્મ 'અલિબાબા અને ચાલીસ ચોર' (૧૯૨૭)થી શરૂઆત કરી હતી. તેઓ ચાલીસ ચોર માંહેના એક ચોર બન્યા હતા ! અને તે પણ ટોળામાં ! એ પછી અભિનેતા તરીકે છેલ્લે ૧૯૩૫માં એમણે ક.મા. મુનશીની નવલકથા 'વેરની વસૂલાત' પરથી બનેલી ફિલ્મ 'વૈર કા બદલા' યાને કે 'વેન્જીઅન્સ ઈઝ માઈન'માં કામ કર્યું અને પછી તે જ વર્ષે સાગર મૂવીટોનની ફિલ્મ 'અલહિલાલ'નું દિગ્દર્શન કર્યું. તેની વાર્તા અને પટકથા પણ તેમનાં જ હતાં. સાચી રીતે ૧૯૩૫માં ફિલ્મજગતના ધુરંધર યુગસર્જક દિગ્દર્શક તરીકે આગળ ઉપર ચમકનારા મેહબૂબનો પ્રવેશ થયો. એવી જ રીતે સોહરાબ મોદીએ પણ નાટ્યમંચ પરથી ૧૯૩૫માં જ ફિલ્મી જગતમાં પદાર્પણ કર્યું. એ દિવસોમાં નાટકોને ફિલ્મોની ભારે સ્પર્ધા કરવી પડતી એટલે સોહરાબ અને એમના મોટા ભાઈ રૂસ્તમે પોતાના નાટક 'હેમ્લેટ' ઊર્ફે 'ખૂન કા ખૂન'નું જ ફિલ્મીકેમરા દ્વારા અલગ અલગ ઍંગલ અને વિશાળ ચિત્રપડદાઓનો ઉપયોગ કરીને કર્યું. એટલે



'ડૉ. મધુરિકા' નામની ફિલ્મબુકલેટનું પ્રથમ પૃષ્ઠ

જ તેમણે પોતાની નિર્માણ સંસ્થાનું નામ 'સ્ટેજ ફિલ્મ કંપની' રાખ્યું હતું. 'હૅમ્લેટ'માં શેક્સપિયરના મૂળ નાટક ઉપરાંત બીજાં અનેક પાત્રો અને આડકથાઓ જોડવામાં આવી હતી અને નામોનું પણ મોટા ભાગે હિંદીકરણ કરી નાખવામાં આવ્યું હતું. ઓફેલિયાની ભૂમિકા નસીમે (સાયરાબાનુનાં માતાએ) ભજવી હતી. પાછળથી સોહરાબ મોદી પણ પોતાની મશહૂર નિર્માણ કંપની મિનરવા મૂવીટોન દ્વારા ઇતિહાસમાં અમર સ્થાન બનાવી ગયા. પણ તેમની શરૂઆત તો ૧૯૩૫થી જ થઈ. બીજાં મહત્ત્વનાં નામો કે જેમણે ૧૯૩૫માં ફિલ્મક્ષેત્રમાં પ્રવેશ કર્યો તેમાં જદ્દનબાઈ- (નરગીસની માતા)નું નામ લેવું જોઈએ. પોતાની નિર્માણ સંસ્થા 'સંગીત ફિલ્મ કંપની' દ્વારા માત્ર એમણે એ ફિલ્મનું નિર્માણ કરવા ઉપરાંત મુખ્ય નાયિકાની ભૂમિકા પણ ભજવી, સંગીત પણ પોતે જ આપ્યું અને પુત્રી નરગીસને પણ બાળકલાકાર તરીકે ભૂમિકા આપીને તેને મોંએ એક સૂચક ગીત ગવડાવ્યું : 'પ્યારે અબ્બા તુમ્હેં અબ પાઉં કહાં' (જદ્દનબાઈ પતિથી અલગ હતાં) એ સાલમાં દેશભક્તિનો જુવાળ ધીરેધીરે વધતો જતો વરતાતો હતો. નવી નિર્માણ કંપનીઓનાં નામો પણ 'નૅશનલ મૂવીટોન', 'હિંદમાતા ફિલ્મ્સ' અથવા 'જવાહર પિક્ચર્સ' જેવાં રાખવામા આવ્યા હતાં. વળી ફિલ્મોનાં નામમાં પણ એ જ વલણ જોવા મળતું હતું : 'આઝાદી', 'દેશદાસી', 'હિંદ કેસરી' જેવાં નામો એનાં પરિચાયક હતાં. ખૂબ સફળ થયેલી વાડિયા બ્રધર્સની, ફીઅરલેસ નાદિયાની ભૂમિકાવાળી ફિલ્મ હંટરવાલી' ઉપરાંત અન્ય સામાન્ય સ્ટંટ ચિત્રોમાં પણ સિફતપૂર્વક દમનકારી બ્રિટિશ રાજ્યને ઉખાડીને ફેંકી દેવાનો સંદેશ અપાયો હતો.

૧૯૩૫નું વર્ષ ઘણી નવીનતાઓનું વર્ષ પણ હતું. 'શાદી કી રાત' જેવી ફિલ્મમાં પાંત્રીસ જેટલાં ગીતો ઠાંસવામાં આવ્યાં હતાં તો કનૈયાલાલ મુનશીની વિશેષ પ્રિયપાત્ર અભિનેત્રી સવિતાદેવીને લક્ષમાં રાખીને સાગર મૂવીટોને મુનશીની નવલિકા 'ડૉ. મધુરિકા' પરથી તે જ નામની ફિલ્મ બનાવી. એમાં સંગીત ગુજરાતી નાટ્યસંગીતકાર પ્રાણસુખ નાયકનું હતું. એક ગુજરાતી ફિલ્મ નિર્માતા દ્વારા દ્વારકાદાસ સંપટે પોતાની પ્રીમિઅર સિનેટોન કંપનીના બૅનરમાં એક જ ફિલ્મ ગુજરાતી-હિંદી એમ બન્ને ભાષામાં બનાવવાનો સફળ પ્રયોગ કર્યો જેનું નામ હતું 'ઘરજમાઈ'. એમાં મુખ્ય નાયિકા તરીકે જૂનાગઢથી આવેલી એક એવી છોકરીને ભૂમિકા આપી કે જેના પિતાના નામની કોઈને જાણ નહોતી. એનું નામ હીરાબાઈ. (વાચકોને રસ પડે તેવી એક આડવાત અહીં લખવાની લાલચ રોકી શકતો નથી. તે એ કે એક નવલકથાને લાયક જોગસંજોગે કરીને પાછલાં વર્ષોમાં આ લખનારને હીરાબાઈની તેની મરણપથારી સુધી શુશ્રૂષાની તક મળી હતી અને અંતે અમદાવાદમાં એને અગ્નિદાહ પણ આ લખનારે જ આપ્યો. સાલ ૧૯૮૮) એક અત્યંત રસપ્રદ વાત આ સાલમાં એ બની કે દેવકી બોઝ ધ ન્યૂ થીએટર્સ સાથે સંકળાયેલાં હોવા છતાં અને એમના પગારપત્રક પર સહી કરતાં હોવા છતાં અને તેમણે ધ ન્યૂ થીએટર્સ માટે 'ચંડીદાસ' (૧૯૩૨), મીરાબાઈ (બંગાળી), રાજરાણી મીરા (હિંદી બન્ને ૧૯૩૩)



બિમલચંદ્ર રૉય

'આફ્ટર ધ અર્થક્વેક' જેવી ફિલ્મો બનાવી હોવા છતાં, તેમણે દેવકી બોઝ પ્રોડક્શનના બૅનર તળે પોતાની જ વાર્તા અને પટકથા સાથે 'જીવન નાટક' નામની હિંદી ફિલ્મ બનાવી અને દિગ્દર્શિત કરી. એમાં એક અભિનેત્રીના બે ભવની કથા હતી. આ શી રીતે ચલાવી લીધું હશે તે તો હવે રહસ્ય જ રહેશે. એ ફિલ્મમાં હીરો પી. જયરાજની સામે દુર્ગા ખોટે હીરોઈન હતાં. સંગીત હરિશ્ચંદ્ર બાલીનું હતું કે જેઓ થોડાં વરસ અગાઉ કુંદનલાલ સાયગલ નામના દબ્બુ છોકરાને આર. સી. બોરાલ પાસે લઈ ગયા હતા.

૧૯૩૫માં એક નવા તારલાનો વિશેષ પરિચય પણ ધ ન્યૂ થીએટર્સના માધ્યમથી થયો. તેમનું નામ બિમલ રૉય. જેમણે પોતાની ઊંડી માનવીય સંવેદનાને સાદગીભરી છતાં સચોટ રીતે જબરદસ્ત નિરૂપણ-કલા વડે ફિલ્મના માધ્યમમાં વ્યક્ત કરી કે ખુદ સત્યજિત રે જેવા વિશ્વકક્ષાના ફિલ્મ સર્જક તેમના પ્રશંસક બન્યા. ૧૯૦૯ના જુલાઈની બારમીએ પશ્ચિમ બંગાળના ઢાકાથી છાસઠ કિલોમીટર દૂર સુઆપુર ગામના એક સાધનસંપન્ન જમીનદાર પરિવારમાં જન્મેલા બિમલચંદ્રને નાનપણથી જ નાટકનો શૉખ હતો. સ્ત્રી-પાત્ર તેઓ ખુદ લેતા અને એમાં બહુ દર્શનીય પણ લાગતા. 'નિસારકુમારી' નામના એક ઐતિહાસિક નાટકમાં મુખ્ય પાત્ર પોતે જ ભજવીને એના જ જોરે પ્રસિદ્ધ બનાવ્યું હતું. એમની નાટ્યમંડળીનું નામ હતું સુદર્શન નાટક મંડળી. નાટકો સાથે જ બિમલ રૉય ફોટોગ્રાફી, પોર્ટ્રેટકલા જેવામાં રસ લેતા હતા. એક તબક્કે તો સાદા કૅમેરા દ્વારા પોર્ટ્રેટ ફોટોગ્રાફીમાં એમણે એવી તો નિપુણતા હાંસલ કરી હતી કે સ્ત્રીઓ તો એમની પાસે ફોટો ખેંચાવવા માટે પડાપડી કરતી. પોતાની માત્ર વીસ વરસની વયે, પિતાના અવસાનના કારણે પૂરા પરિવારનો બોજ તેમના પર આવી પડ્યો. અધૂરામાં પૂરું તેમના નિઃસંતાન કાકા-કાકી તેમને દત્તક લેવાના હતા એ પણ ખોરંભે પડ્યું. વળી, એમની જાગીરના મૅનેજરે છળ કરીને મોટા ભાગની સંપત્તિ ગળચી લીધી. છેવટે સંવેદનશીલ હૃદયના બિમલચંદ્રે કલકત્તા આવીને રોજગારીની તલાશ કરવાનું શરૂ કર્યું. ભણતર પણ છોડી દીધું. અલબત્ત, ગ્રેજ્યુએશન તો માંડ માંડ પૂરું કર્યું હતું.

બિમલચંદ્ર કલકત્તાના દક્ષિણ વિસ્તારમાં ફ્લૅટ ભાડે રાખીને રહ્યા. સામે કિનારે ટોલીગંજમાં ધ ન્યૂ થીએટર્સનો વિખ્યાત સ્ટૂડિઓ ઉપરાંત



શરદબાબુ

બીજા નાના મોટા સ્ટૂડિઓ પણ આવેલા હતા, જે ડમડમ વિસ્તારમાં પડતા હતા. ફોટોગ્રાફીનું કામ મેળવવા અનેક સ્ટૂડિઓના અનેક ચક્કર કાપ્યા પછી છેવટ ધ ન્યૂ થીએટર્સના નીતિન બોઝનું લક્ષ એ પોતાના ભણી ખેંચી શક્યા. તેઓ એમના ભદ્ર, શાલીન, ગરિમાપૂર્ણ વ્યવહાર અને આત્મવિશ્વાસથી પ્રભાવિત થયા અને એમણે પોતાના કૅમેરા મદદનીશ તરીકે એમને કામ આપ્યું. એ સાલ ૧૯૩૪ની. અલબત્ત, કામ આપતાં પહેલાં નીતિનદાએ બર્મા શેલ કંપની માટે બિમલદાએ બનાવેલી એ સાવ નીરસ વિષયો પરની ડોક્યુમેન્ટરી જોઈ. એક તો કેરોસીનના ડબ્બા શી રીતે બનાવવામાં આવે છે તે પરની અને બીજી એથીય સામાન્ય ગ્રાંડ ટ્રંક રોડ ઉપરની. અલબત્ત, એ નીરસ વિષયને તેમણે જે રીતે રસાળ બનાવ્યો હતો તે જોઈને નીતિનદા આ ચોવીસ વરસના જુવાનથી પ્રભાવિત થયા. પણ એને કૅમેરા સિવાય બીજું કોઈ કામ આપી શકાય તેવો અંદાજ તો એમને હતો જ નહીં.

૧૯૩૩માં બિમલદાએ ઝાઝી કશી પણ લપ્પન છપ્પન વગર નીતિનદાનું અને પછીથી બરુઆનું કૅમેરામાં મદદનશીપદ સ્વીકાર્યું અને નિષ્ઠાથી કામ કરવા લાગ્યા. એ પછી બીજે જ વર્ષે પોતે જે ભાષા લેશમાત્ર જાણતા નહોતા એવી તમીલ ફિલ્મ 'નલ્લા તંગા'નું સ્વતંત્ર કૅમેરાવર્ક એમને સોંપાયું એ સાથે જ બંગાળી ફિલ્મ 'ગૃહદાહ'નું કામ પણ એમને સ્વતંત્ર રીતે સોંપાયું. બન્ને ફિલ્મો ધ ન્યૂ થીએટર્સની હતી એટલે કામ પણ એને અનુરૂપ કક્ષાનું થવું જોઈએ તેવી તેમને તાકીદ કરવામાં આવી. સૌની અત્યંત નવાઈ વચ્ચે 'નલ્લા તંગા'નું કામ એવું તો ઉત્કૃષ્ટ કોટીનું બની આવ્યું કે એનાથી બિમલદાની સ્વતંત્ર ઓળખ તો ઊભી થઈ જ પણ એમને રજતચંદ્રક પણ એ કામ માટે એનાયત થયો. આનો અર્થ બી.એન. સરકારે એવો તારવ્યો કે, 'આ છોકરાએ બાલમંદિરના વર્ષમાં જ મૅટ્રિક પાસ કરી લીધી.' બંગાળી ફિલ્મ 'ગૃહદાહ'ની વાર્તા વિખ્યાત લેખક શરદબાબુની હતી અને બિમલદાને કહેવામાં આવ્યું કે શરદબાબુની વાર્તાઓમાં તો હીરો કોઈ મનુષ્ય નહીં, કૅમેરા હોય છે. બિમલદાએ પૂરી લગન અને ખંતથી એ વાક્યનો મર્મ સમજીને એને સાચું પાડી બતાવ્યું. કૅમેરા પાસેથી એવું બોલકું કામ લેવડાવ્યું કે 'ગૃહદાહ'ની માત્ર પાત્રસૃષ્ટિ જ નહીં, પણ એની મનોમય સૃષ્ટિ ચાક્ષુસ થઈ. એ વખતે બીજા કૅમેરા મદદનીશ અરવિંદ સેનને માસિક માત્ર રૂપિયા ત્રીસ પગાર મળતો હતો ત્યારે બિમલદાને મળતો હતો રૂપિયા ચારસો! અરે એ વખતે તો સીનિઅર પટકથાકાર બિજોય ચૅટર્જીને પણ માસિક માત્ર રૂપિયા સવાસો મળતા હતા અને એમાંથી પણ રેવન્યૂ સ્ટૅમ્પની રકમ કાપી લેવામાં આવતી હતી! બિમલદા રાતોરાત ધ ન્યૂ થીએટર્સના સ્ટાર કૅમેરામેન થઈ ગયા.

કૅમેરાને બિમલદાએ પણ કદી રોજીરોટીનો સામાન નહોતો ગણ્યો. એને એક માશૂકાની જેમ ચાહતા હતા. કૅમેરાને સાથે લઈને સૂવાનું કે કૅમેરાને એ ચમકતો ન થાય ત્યાં સુધી ઘસી ઘસીને સાફ કરવાનું કામ એમને બહુ ગમતું. નિતીનદા એ જોઈને ચકિત થતા.

આટલું સમર્પણ જોઈને જ એમને ધ ન્યૂ થીએટર્સના મહાત્ત્વાકાંક્ષી સર્જન 'દેવદાસ' (હિંદી)નું કૅમેરાવર્ક સોંપવામાં આવ્યું. એ પણ અજબ જેવી વાત હતી કે, સાથોસાથ 'દેવદાસ' (બંગાળી)નું શૂટિંગ પણ થઈ રહ્યું હતું. છતાં બંગાળી ફિલ્મ 'દેવદાસ'નું કૅમેરાવર્ક નીતિન બોઝની નિગેહબાની નીચે સુધીન મઝુમદાર, દિલીપ ગુપ્તા અને જૂના પીઢ કૅમેરામૅન યુસુફ મૂલજી સંભાળતા હતા. જ્યારે 'દેવદાસ' (હિંદી)નું એકલા બિમલ રૉયને સોંપવામાં આવ્યું. એથી એ તો સ્વયંસ્પષ્ટ જ છે કે એ બન્ને ફિલ્મોની એક પણ ફ્રેમ એકબીજાને મળતી ન આવે. ધ ન્યૂ થીએટર્સના નિર્માણનાં ધોરણો, નાણાખર્ચની તમા કર્યા વગર કેવાં ઊંચાં રખાતાં હતાં તેની પ્રતીતિ આ હકીકત કરાવે છે. બીજા એના જ પુરાવારૂપે એક વાત અહીં નોંધવા જેવી છે કે હિંદી 'દેવદાસ'માં મુખ્ય ભૂમિકામાં કુંદનલાલ સાયગલની પસંદગી કરવામાં આવી હતી. જ્યારે બંગાળી 'દેવદાસ'માં નાયક તરીકે હતા પી.સી. બરુવા. આમ છતાં સ્ટાર બરુઆએ હિંદી 'દેવદાસ'માં નાયિકા પાર્વતીના સાવકા પુત્રની ભૂમિકા અદા કરી ને સામે પક્ષે સાયગલ સ્વયં એક સ્ટાર હોવા છતાં બંગાળી 'દેવદાસ'માં તેમણે પણ મુજરામાં અચાનક પ્રવેશતા એક શરાબીની ભૂમિકામાં બે ગીત ગાઈને ભજવી. (આ અગાઉ પણ આવું બન્યું હતું. એક હીરો તરીકે પ્રસ્થાપિત થઈ ચૂક્યા હોવા છતાં ધ ન્યૂ થીએટર્સ 'ડાકુ મન્સૂર' (૧૯૩૪)માં પૃથ્વીરાજ હીરો હતા ત્યારે સાયગલે એમાં સહનાયિકાના વૃદ્ધ પિતાની ભૂમિકા સ્વીકારી હતી. અને ત્રણ ગીતો પણ ગાયાં હતાં) આમાં સ્ટારપણાની જરાસરખી હવા ધ ન્યૂ થીએટર્સના કોઈ પણ કલાકારના દિમાગમાં નહોતી. જાણે કે એ કોઈ ગંજાવર નાટ્ય-પાઠ્યશાળા હતી, જેમાં મોનીટર (ડિરેક્ટર) જેને જે કામ સોંપે તે હલકાપણાના કોઈ પણ બોજ વગર કરવાનું હતું.

'દેવદાસ'ના નિર્માણ અંગે બી.એન. સરકાર વધુ સતર્ક હતા. સાહિત્ય-કૃતિઓ પરથી ફિલ્મો બનાવવાની ટેક સાથે તો એમણે આ ક્ષેત્રમાં પ્રવેશ કર્યો હતો. પણ બીજા સાહિત્યકારો કરતાં શરદબાબુની કૃતિઓ પરત્વે તેમને વિશેષ પક્ષપાત હતો. એમની કૃતિઓમાં છેડે નક્કર વાસ્તવવાદ તેમને બીજા કોઈપણ સાહિત્યકારના આદર્શવાદ કરતાં વધુ સ્પર્શતો હતો. તેમની પરંપરાભંજકતા પણ તેમને બહુ ગમતી હતી અને આ બધી જ ચીજો શરદબાબુની 'દેવદાસ' નામની લઘુનવલમાં ભરચક પ્રમાણમાં હતી.

શરદબાબુનું નામ ત્યારે સાહિત્યાકાશમાં એકદમ મધ્યાહ્ને હતું. મરજાદી બંગાળીઓનો એક વર્ગ તેમને જરા હીણી નજરે જોતો હતો, કારણ કે સભ્ય સમાજમાં જેને દૂષણો ગણાય તેવાં લક્ષણો અને વર્તનો

તેમનાં પાત્રો ધરાવતાં હતાં. યુવાપેઢી જો આવાં પાત્રોનું અનુકરણ કરશે તો વંઠી જશે, પૃથ્વી રસાતાળ જશે, એમ એ લોક માનતા હતા. ખાસ તો તેમનાં બંગાળી સ્ત્રીપાત્રોમાં જાગતી જતી વિદ્રોહની, આત્મસમ્માનની અને ખુમારીની ભાવનાથી આ વર્ગ (જેમાં સ્ત્રીઓ પણ અડધોઅડધ !) ભડકી ગયો હતો. આમ છતાં પણ આ બધા અવરોધોને ગાંઠ્યા વગર શરદબાબુ જેટલી ઊંચી કક્ષાના સાહિત્યકાર ગણાતા હતા, તેટલી જ અમાપ લોકપ્રિયતાના સ્વામી પણ ગણાતા હતા. ખુદ ટાગોર પણ કહેતા હતા કે, 'મને શરદબાબુની મીઠી ઈર્ષા આવે છે.' 'હું તો' એ કહેતા : 'જનસામાન્ય માટેનો લેખક છું જ્યારે શરદ તો જનસામાન્ય ઉપરાંત લેખકો માટેનો લેખક પણ છે.'

૧૮૭૬ની સાલમાં બંગાળના દેવાનંદપુર ગામમાં જન્મેલા શરદબાબુ (અવસાન ૧૬મી જાન્યુઆરી ૧૯૩૮) નાનપણમાં ભાગલપુર ગામમાં ઊછર્યા હતા. મા-બાપના અકાળ મૃત્યુથી તેમની કિશોરાવસ્થા પર ગ્રહણ લાગી ગયું. પછી ઉત્તર બિહારમાં એ સાવ અનાથ જેવું જીવન જીવવા માંડ્યા હતા. સત્તાવીસ વરસની વયે એ સાવ સામાન્ય કારકુનની નોકરી પર બર્મા ગયા. તે પહેલાં તેમણે પોતાના મામાના નામથી 'બડી દીદી' નામની એક ટૂંકી વાર્તા લખી, જેને પ્રથમ પારિતોષિક મળ્યું. પાછળથી તેમણે એ વાર્તા પોતાના જ નામથી ૧૯૦૭માં 'ભારતી' સાપ્તાહિકમાં હપ્તાવાર પ્રગટ કરાવી. થોડા જ વખતમાં એમને નવલકથાકાર-વાર્તાકાર તરીકે ખ્યાતિ મળી અને ફરી બર્માથી કલકત્તા આવીને લેખનને એમણે પૂર્ણ સમયના વ્યવસાય તરીકે સ્વીકાર્યું. તેમની જીવનકથા એક નવલકથા કરતાં કમ નથી. હિંદીમાં તે 'આવારા મસિહા' નામથી વિષ્ણુ પ્રભાકરે લખી જે હાલમાં જ ગુજરાતીમાં અનુવાદરૂપે ઈમેજ પબ્લિકેશન્સ દ્વારા એ જ નામે પ્રગટ થઈ છે. એનો અનુવાદ કર્યો છે હસમુખ દવેએ. એમાં એમના જીવન વિશેની ભરપૂર રોમાંચક વિગતો મળે છે. પણ એમની પચ્ચીસ નવલકથાઓમાં અને સાત વાર્તાસંગ્રહોમાં સમાયેલા સાહિત્યમાં નારીપાત્રો હંમેશાં શક્તિવંતાં અને વિદ્રોહી રહ્યાં છે. 'દેવદાસ' એમણે ૧૯૧૭માં લખી પણ એ પહેલાં 'બડીદીદી', 'બિરાજબહુ', 'પરિણીતા', 'પલ્લી સમાજ', 'શ્રીકાન્ત' જેવી અત્યંત સફળ અને ઉચ્ચ કોટીની નવલકથાઓ દ્વારા એમણે બંગાળી સમાજને ઝકઝોરી નાખ્યો હતો.

બી.એન. સરકારે એમની બીજી વાર્તાઓ પરથી તો ફિલ્મો બનાવી જ હતી. અરે, તેમની પહેલી સવાક્ ફિલ્મ 'દેનાપાવના' (લેણદેણ) પણ એમની જ કથા પરથી બનાવી હતી. પછી ૧૯૩૨માં 'પલ્લી સમાજ' પણ એમની જ નવલકથા ઉપરથી બનાવી હતી. પણ 'દેવદાસ' તેમને બહુ જ આહ્વાન આપનારી લાગી ! કારણ કે નીતિ-અનીતિ, સારું-નરસું વગેરેની પરંપરાગત માન્યતાઓના સંદર્ભમાં સમાજમાં જે પાત્રો હલકી કોટીનાં ગણાતાં હતાં તેમની આંતરિક સુંદરતા એમાં દર્શાવીને શરદબાબુએ એમનું ગૌરવ કર્યું હતું. કોઠાની તવાયફ ચંદ્રમુખી એક આવું પાત્ર હતું તો દેવદાસનો નોકર ધર્મદાસ બીજું એવું પાત્ર હતું. સામે છેડે પાર્વતી જેવી ગરીબ છતાં ભદ્ર વર્ગની ખુમારીદાર સ્વાભિમાની, અણનમ સ્ત્રીનું પાત્ર હતું. આ સન્નિધિ બી.એન. સરકારને અને ધ ન્યૂ થીએટર્સની આખી ટીમને જચી ગઈ હતી. એટલે તેમણે એ બન્ને ભાષામાં બનાવવાનો નિર્ધાર કર્યો અને એ નિર્ધારના કારણે જ એક લાજવાબ અને યુગપ્રવર્તક ફિલ્મનું નિર્માણ થયું. (ક્રમશઃ)

લઘુકથા

તેન અત્યકતેન...

હસમુખ કે. રાવલ

વર્ષોથી રહેતા, પણ પરામાં મોકળાશવાળું ઘર નોંધાવ્યું ને જૂના ઘરની માયા એકાએક ઓછી થઈ ગઈ. પહેલાં તો સહેજ પોપડું ઊખડતું તો ય માગીતાગી સિમેન્ટ લાવીનેય પૂરી દેતા ને હવે ધાબું ગળે છે તોય ઠીક કરાવશે નવો આવનાર !

પછી તો ઊઠતાં-બેસતાં, જાગતાં-ઊંઘતાં નવું ઘર. આવું ફર્નિચર ને તેવું ફર્નિચર. આ સગવડ ને તે સગવડ. જૂનું ફર્નિચર વેચાય તેટલું વેચ્યું, ન વેચાયું તે મિત્રો-પાડોશીઓને આપી દીધું ને વધ્યું તે ફેંકી દીધું.

હવે માળિયું - કબાટ - રસોડું - બાથરૂમ - વળગણી બધું આગળના રૂમમાં ખડકાઈ ગયું ને ટ્રકમાં સામાન ભરાવા લાગ્યો. મુન્નો લગભગ હેબતાઈ ગયો હતો. એને હતું બધું અપાઈ ગયું છે ને ટ્રકવાળા ઉઠાવી જાય છે. તેના હાથમાં જે ઢીંગલી-લખોટી આવે તે પટ ઉપાડી અંદર મૂકી આવે. અમે ભેગું કરીએ, તે છૂટું કરે ! છેવટે ઘરને તાળું મરાવા લાગ્યું ને તે રડી પડ્યો. 'મારો પતંગ...' તાળું ખોલ્યું કે તે ફટ પતંગ લઈ આવ્યો. ને કાયમનો માવડિયો એની મમ્મી સાથે રિક્ષામાં બેસવાને બદલે જીદ કરી મારી સાથે ટ્રકમાં બેઠો. મારા ખોળામાં મુન્નો ને મુન્નાના ખોળામાં પતંગ.

આખો દિવસ બધું ગોઠવવામાં ગયો. એનો પતંગ લગભગ ફાટી ગયો હતો. પણ ખોવાયેલી ઘણી લખોટીઓ એણે શોધી લીધી હતી.

દીવાબત્તી થતાં-

'મમ્મી, ખૂબ થયું. હવે તો ચાલ' 'ક્યાં ?'

'ઘેર !' 'ક્યા ઘેર ?'

'આપણા ઘેર'

'બેટા, આપણું જ તો આ ઘર છે.' 'ને પેલું ?'

'એ ય આપણું' 'તો ચાલને...'

ચૉકલેટ, આઈસક્રીમ, ધોલ-ધપાટ કોઈ એને રીઝવી ન શક્યાં. અંતે પગ પછાડતો રોતો-ધોતો ઊંઘ્યો.

દીકરાના રડવાથી અમે બંને ખિન્ન હતાં. હું ગેલરીની ખુરશીમાં ને એ ઘરનાં કામ આટોપવામાં.

સૂતાં પહેલાં હું દીકરા પાસે ગયો. એના ટૂંટિયુંવાળ્યા પગ સીધા કર્યા. માથે હાથ ફેરવી વહાલ કર્યું. હાથ સીધો કર્યો. હાથની મુઠ્ઠી બંધ. મુઠ્ઠી ખોલી તો હથેળીમાં 'લખોટી.'

વીજળીનો કરંટ લાગ્યો હોય એમ હું ચમકી ગયો ને ચીખી ઊઠ્યો. પૂંઠે ઊભી અમારી લીલા જોતી પત્ની ય ગભરાઈ ગઈ : 'શું થયું ?'

'મારા હાથમાં સિક્કો હતો. આના હાથમાં લખોટી.'

સિક્કાની વાત તે જાણતી હતી. માંદી મા પાસે મને કોઈ જવા દેતાં ન હતાં. એ વખતે સૌને છેતરી મને ઇશારો કરી પાસે બોલાવી વ્હાલ કરી પતંગ લાવવા સિક્કો આપેલો ને મુઠ્ઠી વાળી હું શેરીમાંથી ભાગું એ જ ક્ષણે આખું ઘર રોકકળથી ખરડાઈ ગયેલું.

આજે ય દીવાળીના દિવસોમાં એ જ સિક્કાની પૂજા કરું છું.

પાણી પાઈ પીઠે હાથ ફેરવી પત્નીએ મૌન આશ્વાસનનું લેપન કર્યું ને અમને બાપ-દીકરાને સીવેલી રજાઈ ઓઢાડી. આંખ ખૂલી ત્યારે સેન્ટ છાંટ્યા સજ્યા-ધજ્યા બેડરૂમે આખી રાત હંસપદિકાનું ગીત ગાયેલું તે પત્નીની લાલ આંખમાં સવાર થઈ ઊગ્યું હતું.

પ્રબુદ્ધતાનાં વિચારતત્ત્વો-૮

યોગેન્દ્ર માંકડ

જ્ઞાનનું ગણરાજ્ય (ચાલુ)

ઔદ્યોગિક ક્રાંતિનાં મંડાણ થઈ ચૂક્યાં હતાં અને નવી ટેક્નિકોની શોધ સાથે ઉદ્યોગ, કૃષિ, ઉત્પાદન અને મેડિસિનના ક્ષેત્રોમાં મોટા ફેરફારો આવવાની પ્રક્રિયા શરૂ થઈ ગઈ હતી. ચર્ચાના સંદર્ભે વૉલ્તેરની '**Destroy the infamous one**'ની રણદુંદુભી રૂસોનો 'સામાજિક કરાર' અને દિદેરોના 'એનસાઈક્લોપેડી' ખીલતી, પાંગરતી અને વિસ્તરતી જતી આધુનિકતાનાં અગ્રેસર હતાં.

એક મત પ્રમાણે ફ્રાંસ જ પ્રબુદ્ધતાની જન્મભૂમિ હતું અને તેને સંલગ્ન બધા જ વિચારો ત્યાં જ ઉત્ક્રાંત થયા અને વિકસ્યા. એટલે પૅરિસ જ્ઞાનપ્રકાશ યુગીન વિચારોથી ઝળાંહળાં હતું અને તેનાથી જેમજેમ દૂર જતા જાઓ તેમતેમ અંધારયુગ તમને ઘેરી વળે. પરંતુ વાસ્તવમાં ફ્રાંસ પ્રબુદ્ધ મંથનનું ઉદ્ગમ સ્થાન નહોતું. મોંતેસ્ક અને વૉલ્તેર જેવા પ્રબુદ્ધ ચિંતકોનો આવિર્ભાવ થયો તે પહેલાં સત્તરમા સૈકામાં ડચ ગણતંત્રમાં તેની શરૂઆત થઈ ચૂકી હતી. પ્રબુદ્ધતા સંલગ્ન પ્રશ્નનો ઉકેલ સૌપ્રથમ ડચ ચિંતકોએ શોધ્યો હતો. ડચ ગણતંત્ર એવા પ્રકારનું એકમાત્ર (**sui generis**) તંત્ર હતું. દા.ત. ડચ યુનાઇટેડ પ્રોવિન્સીસમાં માત્ર કૅથલિક અને પ્રોટેસ્ટંટ જ નહિ, યહૂદીઓ અને મુસલમાનો જેવા અન્ય ધર્મીઓ પણ હતા. આજે જેને રાજાશાહી કહેવામાં આવે છે તેવા પ્રકારની તેની રાજકીય વ્યવસ્થા નહોતી. રાજા માત્ર નામનો જ હતો અને જેમતેમ ચાલતાં રાજકીય માળખાં પર આધાર રાખતો હતો. પરંપરાગત લશ્કરી ઉમરાવશાહીનું ત્યાં કોઈ વર્ચસ્ નહોતું. તેને સ્થાને '**townsmen**' હતા અને તેમની સંપત્તિનો સ્રોત વ્યાપાર હતો, ભૂમિ નહિ. દમનમાંથી મુક્તિ, ધાર્મિક બહુલતા અને સહિષ્ણુતા, દેશવટો ભોગવતા બુદ્ધિજીવીઓ માટે સલામત સ્થળ તેમજ વિજ્ઞાન અને ઊંચી ગુણવત્તાવાળાં પ્રકાશનગૃહો તેનાં મુખ્ય લક્ષણો હતાં.

અને છતાં આ બધાંની જોઈએ તેટલી ગંભીર નોંધ લેવાઈ નહિ. કોઈ 'ફિલૉસૉફીસ' એમ માનતા નહોતા કે ફ્રાંસે, પ્રશિયાએ કે રશિયાએ હૉલૅંડ પાસેથી 'પોલિટિકલ મૉડલ'ની દૃષ્ટિએ કંઈક લેવા જેવું છે. અલબત્ત, ૧૭૫૦ સુધીમાં ડચ સુવર્ણકાળ સમાપ્ત થઈ ગયો એ એક જુદી બાબત છે.

પરંતુ આ સંદર્ભમાં બ્રિટનનો અનુભવ સહેલાઈથી અવગણી શકાય તેવો નથી. ૧૮મી સદીના ઈંગ્લન્ડમાં કોઈ બહુ મોટા ચિંતકો નહોતા પાક્યા અને જે પ્રકારનું મુક્તિલક્ષી ચિંતન અને ઉદ્દામવાદી રાજકારણ વગેરે ૧૮મી સદીના ફ્રાંસમાં જોવા મળે છે તેવું કદાચ ઈંગ્લન્ડમાં નહોતું. પરંતુ એનો અર્થ એવો નથી કે ત્યાં એક પ્રકારનો અંધકાર હતો. તેનું મુખ્ય કારણ એ છે કે ૧૮મી સદીની ઉષા પહેલાં જ ત્યાં પરિવર્તનલક્ષી રાજકારણની શરૂઆત થઈ ચૂકી હતી, ધર્મકારણનું કલેવર પણ બદલાતું જતું હતું અને વ્યક્તિસ્વાતંત્ર્યની દિશામાં અંગ્રેજ સમાજ આગળ જઈ રહ્યો હતો. જ્યારે બીજી બાજુ સમગ્ર ૧૮મી સદી દરમ્યાન ફ્રેંચ ઉદ્દામવાદીઓને આ બધા માટે સતત સંઘર્ષ કરવો પડ્યો અને તેમાં પણ તેઓ સંપૂર્ણ સફળ તો ન જ થયા.

પરંતુ સૌથી મહત્ત્વનું, ૧૬૮૮ની 'રક્તવિહીન' ક્રાંતિએ સંસદીય પ્રતિનિધિત્વ, બંધારણીય સરકાર, વ્યક્તિસ્વાતંત્ર્ય અને પ્રકાશન સંલગ્ન પ્રશ્નોના ઉકેલની દિશામાં મહત્ત્વની શરૂઆત કરી દીધી હતી. જ્હોન લૉકે પ્રબુદ્ધ સમાજનો નકશો બનાવ્યો જેમાં વ્યક્તિના અધિકારો અને ઉદારમતવાદી શાસન, શાસક ઉપર સમાજની પ્રાથમિકતા, રૅશનલ ક્રિસ્ટિઆનિટી, મિલકતનું રક્ષણ, ઉદારમતવાદી આર્થિક નીતિ, શિક્ષણમાં વિશ્વાસ, પ્રશ્નો અને તેમના ઉકેલ પ્રત્યે અનુભવજન્ય વલણ જેથી જ્ઞાનમાં વૃદ્ધિ થઈ શકે તેમજ અનુભવ દ્વારા મનુષ્યમાં વિકાસ સાધવાની ક્ષમતા વગેરેનો સમાવેશ થયો હતો.

આનો અર્થ એવો નથી કે ઈંગ્લિશ એન્લાઇટનમેન્ટના પ્રશ્નો નહોતા. એક તરફ વૈયક્તિક સંપદામાં વધારો થતો જતો હતો કેમ કે એ સામ્રાજ્ય અને ઔદ્યોગિક ક્રાંતિનો યુગ હતો. બીજી તરફ એવી પણ આશંકા સેવાતી હતી કે વધતી જતી આર્થિક સમૃદ્ધિ સમાજના સંભવિત વિભાજનનું કારણ તો નહિ બને ને? અથવા મિલકતથી સ્વાતંત્ર્યનું ધોવાણ થશે કે બંધારણ વધુ ભ્રષ્ટ બનશે વગેરે. વાસ્તવમાં ચોક્કસ નૈતિક ખયાલોમાં માનતા લોકોની દલીલ એવી પણ હતી કે માલિકીપરક વ્યક્તિવાદ '**possessive individualism**' માનવીને માનવીથી અલગ પાડતું પરિબળ બની રહેશે. આ વિચારની સામે એવી દલીલ કરવામાં આવી કે આર્થિક વિકાસ ઉપભોગવાદી સમાજનું નિર્માણ શક્ય બનાવશે અને તેથી લોકોની માનસિકતા વધુ આધુનિક બનશે, શાંતિને પ્રોત્સાહન મળશે અને વેપારવાણિજ્યરૂપી પરસ્પર ઊભાં થતાં હિતો લોકોને એક તાંતણે બાંધશે. બીજા શબ્દોમાં મૂડીવાદ એ સામાજિક સુશ્લિષ્ટતા માટે વિઘાતક નહિ પરંતુ તેને મજબૂત કરનારું પરિબળ બનશે એવો આશાવાદ વ્યક્ત કરવામાં આવ્યો. એ અર્થમાં બ્રિટિશ બુદ્ધિજીવીઓને અમૂર્ત કાર્યક્રમો કરતાં વ્યવહારુ પ્રશ્નો અને તેમના વ્યવહારુ ઉકેલમાં વધુ રુચિ હતી એમ કહી શકાય.

આ હકીકત કદાચ સ્કૉટિશ વિદ્વાનો અને બુદ્ધિજીવીઓને સવિશેષ લાગુ પડે છે. સ્કૉટલંડનું અર્થતંત્ર ઈંગ્લંડના પ્રમાણમાં નબળું અને પછાત હોવા છતાં પણ ડૅવિડ હ્યુમ અને ઍડમ સ્મિથ જેવા બુદ્ધિજીવીઓએ અત્યંત પ્રગતિશીલ વિચારોની હિમાયત કરી. તેમના મતે સામાજિક આધુનિકીકરણ અને ઔદ્યોગિક અર્થતંત્ર જ સમૃદ્ધ ભવિષ્યના ધ્રુવતારકો હતા. મૂડીવાદની સામાજિક પૂર્વશરતોનું વિશ્લેષણ અને વ્યાપાર અભિમુખ અર્થતંત્રના નિયમો અંગેના તેમના વિચારો એ સ્કૉટિશ એનલાઇટનમેન્ટનું સૌથી મોટું જમા પાસું છે.

સ્વાભાવિક રીતે જ બ્રિટિશ એનલાઇટનમેન્ટની યુરોપ ખંડ પર - ખાસ કરીને ફ્રાંસ પર બહુ મોટી અસર હતી. ફ્રેંચ 'ફિલૉસૉફીસ' ઈંગ્લંડમાં રાજકીય સ્વાતંત્ર્ય, ધાર્મિક સહિષ્ણુતા, આર્થિક પ્રગતિ, સાંસ્કૃતિક આધુનિકતા અને વૈજ્ઞાનિક સિદ્ધિઓનાં ગુણગાન ગાતાં થાકતા નહોતા. તેમાંય અગાઉ ઉલ્લેખ થયો છે તે પ્રમાણે ન્યુટનનું સ્થાન આ બધામાં વિશેષ હતું. બંધારણીય સરકાર, બંધારણવાદ અને તેને કારણે નાગરિક સમાજની રચનાની પ્રક્રિયાને મળેલું પ્રોત્સાહન એ બ્રિટિશ એનલાઇટનમેન્ટની એક અદ્વિતીય બાબત અને સિદ્ધિ છે. આ ઉપરાંત બીજી મહત્ત્વની બાબત એ છે કે પ્રબુદ્ધતાની હિમાયત કરનારાઓએ

૧૯૮૮ પછીની એટલે કે 'રક્તવિહીન ક્રાંતિ' પછીની પરિસ્થિતિ સ્વીકારી, તેનો બચાવ પણ કર્યો અને ક્રમિક આર્થિક સુધારા દ્વારા સમાજને આગળ લઈ જવાનો સિલસિલો ચાલુ રાખ્યો.

બ્રિટિશ એનલાઇટનમેન્ટના સંદર્ભમાં બીજો એક અગત્યનો મુદ્દો પણ નોંધવા જેવો છે. ઔદ્યોગિક ક્રાંતિ, મૂડીવાદની શરૂઆત, મધ્યમ વર્ગના ઉદય અને લોકશાહી તરફ નક્કર કદમને કારણે બ્રિટિશ રાજકીય વ્યવસ્થાના સંવિધાનીકરણ (**constitutionalisation**)ની પ્રક્રિયા શરૂ થઈ. એ રીતે જોતાં બ્રિટનનું સ્થાન સમગ્ર પરિસ્થિતિના સંદર્ભમાં અદ્વિતીય છે. તાંત્રિક વિભિન્નીકરણની પ્રક્રિયાની શરૂઆત પ્રમાણમાં વહેલી થવાને કારણે રાજકીય સત્તાની એકકેન્દ્રિયતામાં નિર્ણાયક અવરોધો ઊભા થયા. વિભિન્નીકૃત આર્થિક માળખાએ નવોદિત મૂડીવાદ મધ્યમ વર્ગની રાજ્યસત્તા પર મર્યાદા મૂકવાની ક્ષમતામાં વધારો કર્યો જેને પરિણામે એક તરફ બંધારણવાદ અને બીજી તરફ ઉદારમતવાદી મૂડીવાદનાં મંડાણ થયાં. આ સમગ્ર પરિસ્થિતિના નિર્માણમાં મધ્યમ વર્ગે ઉદ્દીપકની ભૂમિકા ભજવી. આવું કદાચ અમેરિકાને બાદ કરતાં યુરોપના અન્ય સમાજોમાં ક્યાંય બન્યું નથી. (ઉદાહરણ તરીકે ફ્રેંચ ક્રાંતિ એ આપખુદ, નિરંકુશ, અતિરેકી રાજ્યની સામે તેવો જ આપખુદ, નિરંકુશ અને અતિરેકી પ્રતિભાવ હતો જેને કારણે ફ્રેંચ રાજ્ય જુદી જ રીતે આકૃત થયું કેમ કે આત્યંતિક ક્રાંતિકારી પ્રતિભાવ વગર આપખુદ, નિરંકુશ, અતિરેકી રાજ્યની સામે તેવો જ આપખુદ, રાજકીય સત્તાનો ધ્વંસ શક્ય નહોતો. અલબત્ત, ક્રાંતિ પછીનો જેકોબીનો આતંક અને ત્યાર પછી નેપોલિઅનની સરમુખત્યારશાહી અનિચ્છનીય અને અપૂર્વાનુમાનિત પરિણામો હતાં છતાં ફ્રેંચ ક્રાંતિએ સક્ષમ રીતે પુરવાર કરી બતાવ્યું કે સત્ય એ કેવળ ઈશ્વરની દેન નથી કે નથી તે ધર્મ, ધાર્મિકતા, ધર્મપુસ્તકો કે ચર્ચમાંથી નિષ્પન્ન થતું. સત્ય એ કાંઈ ઈશ્વરેચ્છા પ્રમાણે સૃષ્ટિમાં વિચરતો પદાર્થ નથી અને તેને ખોજવાની મનુષ્યની કોઈ 'પવિત્ર' ફરજ પણ નથી. મનુષ્ય અને સમાજનાં પોતાનાં સત્યો પણ હોઈ શકે. આથી મનુષ્ય સ્વભાવની મર્યાદા કે ઈશ્વરની ઈચ્છાની પરવા કર્યા વગર વાંછિત સમાજનું નિર્માણ કરી શકાય એ ખયાલ સાથે ફ્રેંચ બુદ્ધિજીવીઓએ ક્રાંતિ દ્વારા યુટોપિઅન રાજકારણ તેમજ નવા જ પ્રકારના સામાજિક સંબંધો અને સંસ્થાઓને જન્મ આપ્યો. ફ્રેંચ ક્રાંતિની અનેક ટીકાઓ છતાં ઉપર ઉલ્લેખિત વિચારો તેનું આગવું પ્રદાન છે જેણે પશ્ચિમના રાજકીય, આર્થિક અને સામાજિક ચિંતનને નિર્ણાયક વળાંક આપ્યો. પરંતુ એ જુદી ચર્ચા માગી લે છે. ત્રીજું ઉદાહરણ અન્ય ઉપખંડીય યુરોપીય આપખુદશાહીઓનું છે. વંશીય, ધાર્મિક અને ભાષાકીય વૈવિધ્યોવાળાં આ શાસનો પ્રમાણમાં દીર્ઘાયુષી પુરવાર થયાં. અહીં પણ એકકેન્દ્રી (**monocentric**) સત્તાવાળી રાજકીય સત્તાઓનું સ્થાન સમય જતાં રાજ્યવાદે લીધું જે સ્વયમેવ નવા પ્રકારની અને એકકેન્દ્રી રાજકીય સત્તાનો દ્યોતક હતો. તેનું આત્યંતિક ઉદાહરણ રશિયા છે જ્યાં સંસ્થીકૃત, આપખુદ અને એકકેન્દ્રી રાજ્યસત્તાનો ૧૯૯૦માં અંત આવ્યો.

બંધારણવાદ અને મર્યાદિત રાજ્યના ખયાલના સંસ્થીકરણના સંદર્ભમાં બ્રિટિશ મધ્યમ વર્ગના વાસ્તવિક પ્રદાનની દૃષ્ટિએ ત્રણ બાબતો ઉલ્લેખનીય છે : (૧) સામંતશાહીથી આધુનિક વ્યવસ્થા તરફનાં સંક્રમણને તેણે ગતિ પ્રદાન કરી, (૨) લોકશાહીનાં મૂળ ઊંડાં નાખવામાં તેણે મદદ કરી અને (૩) વ્યક્તિવાદનું સંવર્ધન અને સંમાર્જન કર્યું. આના પરિણામ સ્વરૂપ સ્વાયત્ત નાગરિક સમાજ અને વૈયક્તિક સ્વાયત્તતાનો ખયાલ બળવત્તર બનતો ગયો અને સાથેસાથે મર્યાદિત અને જવાબદાર રાજ્ય માટેની માગણી પણ જોર પકડતી ગઈ જે પશ્ચિમી ઉદારમતવાદનું હાર્દ છે અને જેનું નિરૂપણ સવિશેષ રીતે જે.એસ. મિલ જેવા ઉદારમતવાદી ચિંતકોના વિચારોમાં જોવા મળે છે. એ અર્થમાં પશ્ચિમમાં મધ્યમ વર્ગની ભૂમિકા ઉપભોગવાદી સમાજનું નિર્માણ કરવા પૂરતી જ માત્ર સીમિત નથી. પશ્ચિમી સમાજને એક પ્રકારની સમરૂપતા પ્રદાન કરવામાં પણ તેણે અત્યંત અગત્યનો ભાગ ભજવ્યો છે. અલબત્ત, પ્રખ્યાત જર્મન ચિંતક હાબરમાસે સાંપ્રત મધ્યમ વર્ગીય પશ્ચિમી સમાજની પણ ટીકા કરે છે. તેના મત પ્રમાણે સંપન્ન પશ્ચિમી મધ્યમ વર્ગમાં જાહેર જીવનના પ્રશ્નો પ્રત્યે પણ એક પ્રકારની ઉદાસીનતા છે એટલું જ નહિ, આનંદપ્રમોદ, કુટુંબ, કારકિર્દી અને ઉપભોગ સિવાય તેને સંભવતઃ બીજા કશામાં રસ નથી. જાહેરજીવનના પ્રશ્નોની સમજ તે કેટલે અંશે વ્યક્તિગત હિતો સિદ્ધ કરવામાં મદદ કરે છે તેના પર જ માત્ર તેમની રાજકીય ભાગીદારીનો આધાર છે. હાબરમાસ આ માનસિકતાને નાગરિક મૌન (**civic quietism**) તરીકે ઓળખાવે છે અને આ પ્રકારની માનસિકતા જાહેરજીવન માટે બહુ આરોગ્યપ્રદ નથી તેવું તેઓ સ્પષ્ટપણે માને છે (વાસ્તવમાં પશ્ચિમી મધ્યમ વર્ગ અને ભારતીય આધુનિક મધ્યમ વર્ગ વચ્ચે મુખ્ય તફાવત એ છે કે પશ્ચિમમાં મધ્યમ વર્ગના સભ્ય હોવું એ ગૌરવની બાબત છે. મધ્યમ વર્ગીય સભ્યપદ એટલે બાકીના સમાજ સાથે જીવંત સંપર્કમાં રહેવું અને જાહેર પ્રશ્નોની બાબતમાં જાગૃત નાગરિક તરીકેની ભૂમિકા સભાનતાપૂર્વક અદા કરવી. આ ઉપરાંત પશ્ચિમી મધ્યમ વર્ગમાં લગભગ મોટા ભાગની વસતિનો સમાવેશ થઈ જાય છે. અને તેનો સામાજિક પાયો એટલો વિશાળ છે કે પેટ્રનેજ અને પ્રિવિલેજના પૉલિટિક્સને બહુ સ્થાન નથી. તેમજ તેની એટલે કે મધ્યમ વર્ગની લોકશાહી પ્રત્યેની અભિમુખતા અને પ્રતિબદ્ધતા માટે પણ શંકાને કોઈ સ્થાન નથી. પશ્ચિમમાં મધ્યમ વર્ગ એ કેવળ ઉપભોગવાદનો પર્યાય નથી. જ્યારે ભારતીય મધ્યમ વર્ગને ઉપભોગ સિવાય કશામાં રસ નથી - વ્યક્તિગત અપવાદો બાદ કરતાં. એટલું જ નહિ, ભારતમાં મધ્યમ વર્ગ અને તેની નીચેના વર્ગો વચ્ચે એટલું બધું અંતર છે કે બન્ને જાણે કે બે જુદા સમાજો જ લાગે. આ ઉપરાંત ઓળખાણ, કુટુંબ અને પેટ્રનેજ ભારતીય મધ્યમ વર્ગના મહત્ત્વના આધારો છે. વ્યક્તિવાદી દાવાઓ અને વ્યક્તિગત અહમ્‌ને એકબીજાથી અલગ કરવા મુશ્કેલ બને. તેથી લોકશાહીના તકાજાઓ અને જાહેર જવાબદારી પ્રત્યે સામાન્ય રીતે તે ઉદાસીન રહેવાનું વલણ દાખવે છે. લોકશાહીનાં સંસ્થીકૃત ધોરણો આડે ન આવતાં હોય ત્યારે કાર્યસિદ્ધિમાં સંભવતઃ મુશ્કેલી ન પડે. આથી ઊલટું, જ્યારે ધોરણોનો આગ્રહ રાખવામાં આવે ત્યારે જે ધોરણોમાં માનતા હોય તેની તરફ શંકાની નજરે જોવામાં આવે. આ ઉપરાંત આર્થિક દરજ્જા સાથે ધાર્મિક માન્યતાઓ અને જ્ઞાતિપ્રથાની જડતા ભળે એટલે તેમાંથી તૈયાર થયેલું રસાયણ કેટલું ખતરનાક સાબિત થાય તેની કલ્પના જ કરવી રહી.)

આમ છતાં, યુરોપ ખંડની વાસ્તવિક રાજકીય, આર્થિક અને સામાજિક પરિસ્થિતિ એવી હતી કે બ્રિટિશ મર્યાદિત સરકાર, લોકશાહી તરફ તેણે માંડેલા પ્રથમ નક્કર કદમ, રાજકીય નાગરિક સ્વાતંત્ર્યોની શરૂઆત વગેરે આવકાર્ય નહોતાં અથવા યુરોપીય ભૂમિ પર તેમનુ

(અનુસંધાન પૃ. ૫૩૮)

ભારતનાં રાજ્યો - ૧૨

મહારાષ્ટ્ર


ડૉ. જયકુમાર ર. શુક્લ

ભારતની પશ્ચિમે આવેલ મહારાષ્ટ્ર મુખ્યત્વે ઉચ્ચપ્રદેશ (પહાડ ઉપરની સપાટ જમીન) છે. કોંકણ તેનો ફળદ્રુપ કિનારાનો પ્રદેશ છે. તેની નજીક પશ્ચિમઘાટના પર્વતો આવેલા છે. તેની ઉત્તરે ગુજરાત અને મધ્યપ્રદેશનાં રાજ્યો તથા દક્ષિણમાં કર્ણાટક અને આંધ્રપ્રદેશનાં રાજ્યો આવેલાં છે. મહારાષ્ટ્રના ઉત્તર ભાગમાં સાતપુડાની હારમાળા અને મધ્યભાગમાં અજન્તા તથા સાતમાલાની હારમાળા આવેલી છે. તે ભારતનું ત્રીજા ક્રમાંકનું મોટું રાજ્ય છે. તેની પાસે ૭૨૦ કિલોમીટરનો અરબી સમુદ્રનો કિનારો આવેલો છે. પશ્ચિમઘાટની પૂર્વ તરફ ગોદાવરી, કૃષ્ણા તથા ભીમા નદીઓ વહે છે. વહીવટી સરળતા વાસ્તે મહારાષ્ટ્ર રાજ્યનું ૩૩ જિલ્લામાં વિભાજન કરવામાં આવ્યું છે. પુણે, મુંબઈ, અકોલા, નાગપુર, કોલ્હાપુર, ઔરંગાબાદ, જલગાંવ, અમરાવતી વગેરે મહારાષ્ટ્રનાં હવાઈમથકો છે.

મહારાષ્ટ્રનું પાટનગર મુંબઈ છે. માછીમારોના એક નાના ગામમાંથી દુનિયાના સૌથી મોટા બંદરોમાંના એક અને ભારતના વ્યાપારી પાટનગર તરીકે મુંબઈનો નોંધપાત્ર વિકાસ થયો છે. ગુજરાતના સુલતાન બહાદુરશાહે ઈ.સ. ૧૫૩૪માં આ ગામ ફિરંગીઓ (પોર્ટુગીઝો)ને આપ્યું હતું. પોર્ટુગલના રાજાએ તેની દીકરી કેથરીનના લગ્નપ્રસંગે દહેજના એક ભાગ રૂપે ઈ.સ. ૧૬૬૧માં તે ગામ બ્રિટનના રાજા ચાર્લ્સ બીજાને ભેટ આપ્યું. રાજા ચાર્લ્સે મુંબઈ બ્રિટિશ ઈસ્ટ ઇન્ડિયા કંપનીને વાર્ષિક દસ પાઉંડના દરે ભાડે આપ્યું. અંગ્રેજોના સમયમાં તેનો અભૂતપૂર્વ વિકાસ થયો.

મહારાષ્ટ્ર રાજ્યનું ક્ષેત્રફળ ૩,૦૭,૭૧૩ ચોરસ કિલોમીટર છે. તેના ૬૩,૮૬૧ કિ.મી. વિસ્તારમાં જંગલો આવેલાં છે. રાજ્યની વસ્તી ૧૯૯૧ની વસ્તી ગણતરી ૭,૮૯,૩૭,૧૮૩ મુજબ છે. તેમાંના ૩૯ ટકા લોકો શહેરોમાં તથા બાકીના ગ્રામ વિસ્તારોમાં રહે છે. રાજ્યની કુલ વસતીના ૮૧ ટકા લોકો હિંદુ, ૯.૬૭ ટકા મુસ્લિમ, ૧.૨ ટકા ખ્રિસ્તી, ૬.૪ ટકા બૌદ્ધ ધર્મના તથા બાકીના શીખ, જૈન વગેરે લોકો છે. તેની માન્ય ભાષા મરાઠી છે. રાજ્યના ૭૩ ટકા લોકો મરાઠી ૬.૯ ટકા ઉર્દૂ, ૬.૭ ટકા હિંદી, ૨.૭ ટકા ગુજરાતી તથા બાકીના લોકો અન્ય ભાષાઓ બોલે છે. ખેતીના મજૂરોનો લઘુતમ વેતનદર દૈનિક રૂપિયા ૨૦થી ૨૯ સુધીનો છે. રાજ્યની કુલ વસતીના ૨૫ ટકા લોકો ગરીબીની રેખા નીચે જીવે છે. ૧૯૯૫માં લોકોની માથાદીઠ વાર્ષિક આવક રૂપિયા ૪૧૫૭ હતી.

ઈતિહાસ : ઈ.સ. પૂર્વે ૨૩૦થી ઈ.સ. ૨૨૫ દરમિયાન આ પ્રદેશમાં સાતવાહનો રાજ્ય કરતા હતા. તેમણે મહારાષ્ટ્રની સ્થાપના કરી. રાજા સિમુક પ્રથમ સાતવાહન વંશનો સ્થાપક હતો. આ વંશમાં ત્રીસ રાજા થઈ ગયા. તેમનું સાહિત્ય, કલા તથા અન્ય ક્ષેત્રોના ઘણા પુરાવા ઉપલબ્ધ છે. તેમના સમયમાં નોંધપાત્ર સાંસ્કૃતિક વિકાસ થયો હતો. ત્યાર બાદ વાકાટક વંશના શાસકો આવ્યા. તેમના શાસન દરમ્યાન મહારાષ્ટ્રમાં વિદ્યા, કલા અને ધર્મનાં ક્ષેત્રોમાં ઘણો વિકાસ થયો હતો. વાકાટક વંશના સ્થાપક વિંધ્યશક્તિએ ઈ.સ. ૨૫૦ના અરસામાં પોતાના રાજ્યની સ્થાપના કરી. ત્યાર બાદ આ પ્રદેશમાં કલચુરી, ચાલુક્ય અને રાષ્ટ્રકૂટ વંશના રાજાઓની સત્તા પ્રવર્તી. તે પછીના યાદવ શાસકોની સરકારી ભાષા મરાઠી હતી. બહ્મની શાસકોના સમયમાં મહારાષ્ટ્રમાં એકતા સ્થપાઈ હતી. શૂરવીર મરાઠા સેનાપતિ શિવાજીએ ૧૭મી સદીમાં ભારતમાં વ્યાપેલા મુઘલ સામ્રાજ્યને પડકાર ફેંકીને મુસ્લિમોની વધતી જતી સત્તાને રોકી તેણે મહારાષ્ટ્રના મહત્ત્વમાં વધારો કર્યો. પેશવાઓના સમયમાં મરાઠાઓની સર્વોપરિતા ભારતના અનેક પ્રદેશોમાં ફેલાઈ. ૧૯મી સદીમાં અંગ્રેજોએ સમગ્ર ભારત ઉપર સાર્વભૌમ સત્તા સ્થાપી.



ભારતની સમાજસુધારાની તથા સ્વતંત્રતાની ચળવળોમાં મહાદેવ ગોવિંદ રાનડે, લોકમાન્ય ટિળક, ગોપાળકૃષ્ણ ગોખલે, ફિરોજશાહ મહેતા, ધોંડો કેશવ કર્વે જેવા નેતાઓએ મુખ્ય પ્રદાન કર્યું. અખિલ હિંદ કૉંગ્રેસની સ્થાપના ૧૮૮૫માં મુંબઈમાં થઈ. સ્વાતંત્ર્યપ્રાપ્તિ બાદ મુંબઈ ઈલાકામાં વિશાળ પ્રદેશોનો સમાવેશ થયો હતો. દ્વિભાષી મુંબઈ રાજ્યની રચના ૧૯૫૬માં થઈ. તે સામે અલગ રાજ્યોની રચના માટે ગુજરાત અને મહારાષ્ટ્રમાં ચળવળ થયા બાદ, ૧મે, ૧૯૬૦ના રોજ મહારાષ્ટ્ર રાજ્યની રચના થઈ.

નૃત્ય : મહારાષ્ટ્રનું લોકનૃત્ય તમાશામાં-લવણી નૃત્ય શૃંગારિક હોય છે. મંદિરોના ઉત્સવોમાં દશાવતારનો નૃત્યનો પ્રકાર કોંકણમાં લોકપ્રિય છે. આ નૃત્યમાં દેવો, અપ્સરાઓ, ગણિકા વગેરેનાં પાત્રો ભજવાય છે. ત્યાંનાં લોકોમાં રહેલો કલા અને સંસ્કૃતિમાં ઊંડો રસ તેમની નાટ્યપ્રવૃત્તિમાં દષ્ટિગોચર થાય છે. લોકો લાવણી, પોવાડા, ભારૂડ

અને ગોંધલ જેવા સંગીતમાં રસ ધરાવે છે.

<u>મુખ્ય ઉત્સવો :</u> મહારાષ્ટ્રનો મુખ્ય ઉત્સવ ગણેશચતુર્થી લોકો આનંદ, ઉત્સાહ અને શ્રદ્ધાપૂર્વક ઊજવે છે. સમૃદ્ધિ અને શાણપણના દેવ ગણપતિ હાથીનું મસ્તક ધરાવે છે. ગણેશની માટીની મૂર્તિઓ લોકો ખરીદીને. અત્યંત શ્રદ્ધા અને ભક્તિભાવથી દસ દિવસ પર્યંત પૂજા કરે છે. છેલ્લે દિવસે તે મૂર્તિ સમુદ્ર, નદી કે તળાવમાં પધરાવવામાં આવે છે. મકરસંક્રાન્તિના દિવસે લોકો તલના લાડુ બનાવી પોતાના સ્વજનોને ખવડાવી, ભાવપૂર્વક પરસ્પર શુભેચ્છા પાઠવે છે. ચૈત્ર સુદ એકમ - ગુડી પડવો - મહારાષ્ટ્રનો નૂતન વર્ષનો દિવસ છે. આ ઉપરાંત નાળિયેરી પૂર્ણિમા, મહાશિવરાત્રિ, ગોકુલાષ્ટમી, દશેરા, દિવાળી વગેરે તહેવારો લોકો આનંદ તથા ઉત્સાહપૂર્વક ઊજવે છે.

<u>મુખ્ય પાક :</u> રાજ્યના કુલ કામદારોના ૬૧ ટકા ખેતીકામમાં રોકાયેલા છે. રાજ્યમાં ૩૩.૫૦ લાખ હેક્ટર જમીનમાં ખેતી કરવામાં આવે છે. ઘઉં, ચોખા, બાજરી, જુવાર, કઠોળ, મગફળી, કપાસ, શેરડી, હલદર, શાકભાજી વગેરે પાક મહારાષ્ટ્રમાં થાય છે. આ ઉપરાંત કેળાં, કેરી, નારંગી, લીલી દ્રાક્ષ વગેરે ફળ પણ ત્યાં થાય છે.

<u>ખનીજો :</u> મહારાષ્ટ્રની ખાણોમાંથી કોલસો, કાચું લોઢું, મેંગેનીઝ, બોક્સાઈટ, સ્ફટિક, ચૂનાના પથ્થરો, ચૂનો વગેરે તથા ડ્રિલિંગ કરીને પેટ્રોલિયમ અને કુદરતી વાયુ કાઢવામાં આવે છે.

<u>ઉદ્યોગો :</u> દેશના કુલ ઔદ્યોગિક ઉત્પાદનનું ૨૫ ટકા ઉત્પાદન મહારાષ્ટ્રમાં થાય છે. મુંબઈનો ફિલ્મ ઉદ્યોગ મોખરાનું સ્થાન ધરાવે છે, અને દર વર્ષે ત્યાં ૨૦૦ ચલચિત્રો તૈયાર થાય છે. કાપડ, દવાઓ, રસાયણો, વીજળી, ઈજનેરી માલ, ઈલેક્ટ્રોનિક્સ, પ્લાસ્ટિક, ખાંડ, કાગળ, સ્ટીલ, યંત્રો અને ધાતુનાં સાધનો વગેરે ઉદ્યોગો રાજ્યમાં વિકસ્યા છે. કોલ્હાપુરી ચંપલ અને રેશમી પૈઠણી સાડીઓનો હસ્તઉદ્યોગ જાણીતો છે.

<u>પ્રાણીસૃષ્ટિ :</u> રાજ્યમાં ૨૪ અભયારણ્યો છે. અમરાવતી જિલ્લામાં મેલઘાટ અભયારણ્યમાં વાઘ, ચિત્તા, જંગલી બળદ, ઊડતી ખિસકોલી વગેરે જોવા મળે છે. નાગઝીરા પ્રાણી અભયારણ્યમાં રીંછ, વાઘ, ચાર શીંગડાંવાળાં કાળિયાર (મૃગ), સાબર વગેરે પ્રાણીઓ તથા પક્ષીઓ જોવા મળે છે. સલીમઅલી પક્ષી અભયારણ્ય વિવિધ પ્રકારનાં પક્ષીઓ માટે જાણીતું છે. વળી, મહારાષ્ટ્રમાં ચાર રાષ્ટ્રિય ઉદ્યાનો પણ આવેલા છે. તાડોબા રાષ્ટ્રિય ઉદ્યાનમાં વિદેશથી ઊડીને બતકો આવે છે.

<u>હવાખાવાનાં સ્થળો :</u> પશ્ચિમઘાટનું સૌથી ઊંચું હવાખાવાનું સ્થળ મહાબળેશ્વર છે. મુંબઈ ઈલાકાની બ્રિટિશ સરકારનું પાટનગર ઉનાળામાં ત્યાં રાખવામાં આવતું હતું. આ ઉપરાંત માથરાન, લોનાવલા, પંચગની, ખંડાલા, પન્હાલા વગેરે પણ હવાખાવાનાં જાણીતાં સ્થળો છે.

<u>જોવાલાયક સ્થળો :</u> ભારતનાં ગુફામંદિરોના ૮૦ ટકા મહારાષ્ટ્રમાં છે. તેમાંના ૭૦ ટકા એટલે હજાર જેટલાં ઈ.સ. પૂ. ૨૫૦ થી ઈ.સ. ૩૦૦ સુધીમાં બનાવાયાં છે. ઔરંગાબાદથી ૧૦૦ કિ.મી.ના અંતરે આવેલા અજંતામાં બૌદ્ધધર્મની ૩૦ ગુફાઓ છે. તે ગુફાઓ ઈ.સ. પૂર્વે ૨૦૦થી ઈ.સ. ૬૦૦ દરમ્યાન બનાવેલી છે. તેને ૭૯ મીટર ઊંચા ખડક ?ાસેની દીવાલમાંથી ખોદી કાઢવામાં આવી છે. તેમાં બુદ્ધના જીવનને લગતાં તથા જાતક કથાનાં ઉત્તમ ભીંતચિત્રો દોરવામાં આવ્યાં છે. ભારતીય ચિત્રકલાની ષડાંગ - છ શાખાઓ ભાવ, લાવણ્ય, સદૃશ્ય, રૂપભેદ, પ્રમાણ તથા રંગોની મિલાવટ આ ચિત્રોમાં જોવા મળે છે. અજન્તામાં જવલ્લે જડે એવો સ્થાપત્ય, શિલ્પ અને ચિત્રકલાનો અદ્વિતીય સમન્વય થયેલ છે.

ઔરંગાબાદથી ૩૦ કિ.મી.ના અંતરે ઈલોરાનાં ૩૪ ગુફામંદિરો વિશાળ ખડક કોરીને બનાવેલાં છે. તેમાંનાં ૧૬ હિંદુ, ૧૩ બૌદ્ધ અને બાકીનાં જૈન ધર્મનાં છે. ઈલોરામાં ૬૪ મીટર ઊંચું કૈલાસ (શિવ) મંદિર, ૧૭૦૦ ચોરસ મીટરની એક શિલામાંથી કોરીને બનાવેલું છે. ઈલોરાનું કૈલાસ મંદિર, અજંતાનાં ભીંતચિત્રો અને એલિફન્ટાની મહેશની મૂર્તિ વિશ્વના ખડક સ્થાપત્યમાં શ્રેષ્ઠ ગણાય છે. આ ઉપરાંત પિતલખોરા કાન્હેરી, બેડસા, કાર્લા, ભાજા અને પાંડવલેની ગુફાઓનું શિલ્પ પણ આકર્ષક છે. અજંતા અને ઈલોરાની ગુફાઓ ૧૯મી સદીમાં અંગ્રેજોએ શોધી કાઢી હતી.

મુંબઈ શહેરમાં અગાઉ ૧૮૭૩થી ટ્રામ ચાલતી હતી, તે બંધ કરવામાં આવી. શહેરમાં ઉત્તરથી દક્ષિણમાં સબર્બન ઈલેક્ટ્રિક ટ્રેન ચાલે છે. આ ઉપરાંત બૉમ્બે ઈલેક્ટ્રિક સપ્લાય ઍન્ડ ટ્રાન્સપોર્ટ (BEST) કંપનીની ૩૭૨ રૂટ પર ૩૨૫૯ બસ દોડે છે. તે દેશની સૌથી સારી જાહેર વાહનવ્યવહારની વ્યવસ્થા છે.

<u>ધાર્મિક તીર્થો :</u> દેશનાં બાર જ્યોતિર્લિંગમાંથી પાંચ મહારાષ્ટ્રમાં આવેલાં છે. ત્રંબકેશ્વર (નાશિક), ઘૃષ્ણેશ્વર, ઔંધ નાગનાથ (પરભણી) વૈજનાથ (પરલી), ભીમાશંકર (પુણે) ઉપરાંત પંઢરપુર, શિરડી, તુલજાપુર વગેરે તીર્થો જાણીતાં છે. ગણપતિની વિવિધ આઠ મૂર્તિ - અષ્ટવિનાયકમાં મોરગાંવની મયૂરેશ્વર, થેઉરની ચિંતામણિ ગણપતિ, રંજનગાંવમાં મહાગણપતિ (તેમાં દસ સૂંઢ છે) અહમદનગર જિલ્લામાં સિદ્ધિવિનાયક તથા ઓઝહરમાં વિઘ્નેશ્વરનો સમાવેશ થાય છે.

મહારાષ્ટ્ર કિલ્લા (ગઢ)ની ભૂમિ છે. ૧૬મી અને ૧૭મી સદીમાં યુદ્ધોમાં કિલ્લા ઘણા મહત્ત્વના હતા. હવે તે જૂનો ઈતિહાસ જણાવતા રાષ્ટ્રિય સ્મારકો બની ગયા છે. તોરણા રાયગઢ, સિંહગઢ, પુરંધર વગેરે કિલ્લા પ્રવાસીઓને જોવાલાયક સ્થળો બન્યાં છે. જ્ઞાનદેવ, તુકારામ, મહાત્મા ફૂલે જેવા સંતો અને મહાનુભાવોએ મહારાષ્ટ્રની ભૂમિને ભાષા, સંસ્કૃતિ અને જીવનોપયોગી સમૃદ્ધિ બક્ષ્યાં છે. ❐

અનુસંધાન] પ્રબુદ્ધતાનાં વિચારતત્ત્વો [પૃ. ૫૩૬થી

પ્રત્યારોપણ (transplantation) કદાચ સરળ નહોતું. તેનાં ઘણાં કારણો હતાં. દા.ત. જર્મનીમાં સામંતિક ઉમરાવશાહીનું વર્ચસ્વ હતું. અર્થતંત્ર પ્રમાણમાં પછાત હતું અને સાક્ષરતાનું સ્તર અત્યંત નીચું હતું, પરંતુ સૌથી મહત્ત્વનું કારણ એ હતું કે અર્થતંત્રમાં પરિવર્તન લાવી શકે તેવા સાહસિક ઉદ્યોગપતિઓ કે તજજ્ઞોનો વર્ગ લગભગ અસ્તિત્વમાં જ નહોતો. આથી સમગ્ર યુરોપના અન્ય દેશોમાં પોતપોતાની વિશેષ ઐતિહાસિક અને સામાજિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને એનલાઈટનમેન્ટના વૈકલ્પિક મૉડેલની આવશ્યકતા ઊભી થઈ.

આથી પૅરિસ એ 'ફિલૉસૉફીસ'ના 'બૌદ્ધિક આંદોલન'નું કેન્દ્ર હતું છતાં પણ યુરોપના અન્ય ભાગો અને વિસ્તારોની પ્રણાલિકાઓ અને સભ્યતાનો પણ તેણે પોતાનામાં સમાવેશ કર્યો. આની પાછળ ઈંગ્લંડનાં નાગરિક જીવનની બહુ મોટી પ્રેરણા હતી. ખાસ કરીને જ્યાં સુધી ફ્રેંચ 'ફિલૉસૉફીસ'ને લાગેવળગે છે ત્યાં સુધી કદાચ રૂસોને બાદ કરતાં બાકીનો પ્રત્યેક મહત્ત્વનો ફિલૉસૉફર ઈંગ્લંડથી પ્રભાવિત થયેલો હતો. (ક્રમશઃ)



સંમુખ સાગરમઠ-૨૯

પરમ તત્ત્વને પ્રમાણતાં

——પ્રીતિ સેનગુપ્તા——

તિબેટની સીમા સત્તાવાર રીતે વળોટી લીધા પછી પણ પ્રદેશ તો પર્વતીય જ રહ્યો. નેપાલની ઉત્તરીય ભૂમિ પર પણ સર્વત્ર પહાડો જ છે. એમાં થઈને જતો રસ્તો પણ તૂટેલો જ છે. એમ લાગે કે એવી જ હાલતમાં એ હંમેશાં રહેતો હશે. સરકારને થતું હશે કે દર વર્ષે આમ જમીન ફસકતી, ઢોળાવો સરકતા, ને પથ્થરો ગબડી પડતા જ રહેતાં હોય, તો શું ખરચવા કે બગાડવા પૈસા એવા રસ્તાના સમારકામમાં ?

એટલું સારું હતું કે અમે પાછાં ફરતાં હતાં, નીચે ઊતરતાં હતાં. તિબેટનું પ્રયાણ, અને એનું સૌંદર્ય અમે માણી લીધું હતું. પશ્ચિમી પ્રવાસીઓનું નાનું એક જૂથ આ તૂટેલા, કાદવિયા, ભીના, લપસણા રસ્તે પ્રવાસ શરૂ કરી રહ્યું હતું. એમને ઉપર ચઢવાનું હતું, જે વધારે કઠિન હતું. વળી, સૂરજ પણ એમને સામે મોઢે નડવાનો હતો. આ પ્રક્રિયામાં જ એ બધાં થાકી જવાનાં, ઊંચાઈ પર જતાં હાંફી જવાનાં. કદાચ તિબેટની ખરી સફરને પૂરેપૂરી માણી પણ નહીં શકવાનાં.

મેં બેએક વાર ગમન અંગે ચિંતા વ્યક્ત કરી, ડર વ્યક્ત કર્યો. એ અકારણ નથી. ડરપોક હોવાની પણ એ વાત નથી. ખરેખર તો હું ચિંતામુક્ત હોઉં છું, અને ડરનો ભાવ મને ગ્રસતો નથી હોતો. મારો વર એમ માને છે કે મને ડરનું ભાન નથી. બીજા શબ્દોમાં એનું કહેવું એમ હોય છે કે હું વધારે પડતાં સાહસ કરતી હોઉં છું !


નિર્ભય હોવું, અલબત્ત, મને ગમે છે, પરન્તુ હું જાણું છું કે દરેક સાહસની પાછળ જાન ખુવાર ના કરી શકાય. જ્યાં સાચવવાનું [illegible] ત્યાં સાચવવું જ પડે. એમાંયે, કુદરતની સામે તો આદરથી, ને ઈષત્ નમ્રપણે જ વર્તવાનું હોય. પ્રકૃતિ સર્વશક્તિમાન હોય છે, અને ઈશ્વરીય પરમ તત્ત્વથી એ અભિન્ન હોય છે. ચીનમાં તો આ વિચારસરણી સદીઓથી સ્થાપિત થયેલી છે, ને વિકસતી રહી છે. ચીન દેશના શાસન નીચે રહેલા એવા તિબેટના દક્ષિણ ભૂમિ-અંશમાંનું પ્રકૃતિનું સ્વરૂપ જોતાં, સ્વાભાવિક રીતે જ. 'ફેન્ગ શુઈ' કહેવાતી દાર્શનિક રીતિ મને યાદ આવી ગયેલી. એના ઉપર ઘણાં નવાં પુસ્તક લખાયાં છે, ને અમેરિકામાં પ્રચલિત છે, તેથી મને એનો કિંચિત ખયાલ મળેલો છે.

મૂળ તાન્ગ રાજવંશ દરમ્યાન-સાતમીથી દસમી સદીના ગાળામાં-ફેન્ગ શુઈની શરૂઆત થઈ. એના ઉપર બેથી ત્રણ હજાર જેટલા પ્રાચીન ગ્રંથો મોજૂદ છે, જેમાંના અનેક ચ્યાન્ગ કાઈશેક ચીનથી ભાગીને તાઈવાન ગયા ત્યારે પોતાની સાથે તાઈવાન લઈ ગયેલા. ત્યાંના જીવનમાં આ ફિલસૂફી ગાઢ રીતે વણાયેલી છે. 'ફેન્ગ શુઈ'નો અર્થ થાય છે 'પવન અને પાણી'. રહસ્યવાદી માન્યતાઓ, જ્યોતિષ લોકકથા, સહજ-બુદ્ધિ ઈત્યાદિ પાસાંની સહોપસ્થિતિ આ જટિલ ફિલસૂફીમાં જણાય છે, તથા ચીની વિચારક-માનસમાં 'ફેન્ગ શુઈ' એ આખા બ્રહ્માંડમાં સર્વદા ઉપસ્થિત એવી ચેતન-શક્તિની ગતિમાનતા અને ઊર્જાનું પ્રતીક છે. એ જ્ઞાન અને વિજ્ઞાન બંને છે. વિશ્વવ્યાપી ઊર્જા તત્ત્વને ચીની ભાષામાં 'ચિ' (કે 'ચી') કહે છે. જેને આપણે પ્રાણ-તત્ત્વ તરીકે જાણીએ છીએ. જીવનની સમસ્ત લયબદ્ધતાનો આધાર એના પર છે.

આપણા વાસ્તુ-શાસ્ત્રનો સિદ્ધાંત 'ફેન્ગ શુઈ' વિચારસરણીમાં સમાવિષ્ટ છે. તદુપરાંત, 'ફેન્ગ શુઈ'ની મૂળભૂત ફિલસૂફી એટલે 'પ્રકૃતિનાં સર્વ ઘટકો સાથે સામંજસ્ય અને સુસંગતિમાં જીવવું.' જીવનની પ્રત્યેક પ્રક્રિયા દરમ્યાન ભાગ્ય, સ્વાસ્થ્ય, અકસ્માત, ઉપાર્જન, ગૃહવાસ કે પ્રયાણ માટે 'ચિ'ના શુકનવંત ધારા-પ્રવાહોનું સંરક્ષણ અતિ-આવશ્યક છે. આ 'ચિ' સમાન અગત્ય તથા શક્તિ ધરાવતા, પરસ્પર વિરોધી તેમજ સંપૂરક એવા, 'યિન' અને 'યાન્ગ' કહેવાતા અંતરિક્ષી પ્રબળ પાસાં ઉપર નિર્ભર છે. એ પાસાંની વચ્ચે સમતુલન અને સમસ્વરતા ના હોય ત્યારે પ્રકૃતિમાં, તેમજ જીવનમાં તાંડવ રચાય છે.

ચીના લોક-માનસમાં યિન અને યાન્ગ અનુક્રમે સ્ત્રી-પુરુષ, અંધકાર-પ્રકાશ, પૃથ્વી-સ્વર્ગ, ચંદ્ર-સૂર્ય, વર્ષા-ઉઘાડ, શિયાળો-ઉનાળો, શીતળ-ઉષ્ણ, એકી સંખ્યા-બેકી સંખ્યા વગેરે જેવાં જોડકાંના દ્યોતક હોય છે. અહીં ઘણાં વધારે અર્થપૂર્ણ એવાં એમનાં પ્રતીક છે. પાણી અને પર્વત. વ્યાઘ્ર અને ફણીધર, મૂક-નિષ્ક્રિય અને કર્મરત. કુદરતના તમામ આકાર, રંગ, રૂપ અને અસ્તિત્વ સાથે યિન અને યાન્ગનું તાદાત્મ્ય જોવામાં આવે છે.

ઊંચા, તીક્ષ્ણ શૃંગો યાન્ગ છે, તો પર્વતોમાં થઈને વહેતી નદી યિન છે. લીલા અજગર (ડ્રૅગન) જેવી રુદ્ર-ભીષણ ગિરિમાળા યાન્ગ છે, તો સફેદ વ્યાઘ્ર સાથે યુક્ત નીચા, મૃદુલ ઢોળાવો યિન છે. એક ચાંચલ્ય અને વ્યગ્રતાનું પ્રતીક, તો બીજું શાંતતા અને સૌમ્યતાનું પ્રતીક એક



ઉત્તર નેપાળનો લીલોતરો પ્રદેશ

ક્રોધગ્રસ્ત. તો બીજું હાસ્યમુખર. યાન્ગ અને યિન આ બંનેના પ્રતીકાંશો સમતુલિત હોય તો જ સુખ મળે. જે માર્ગ પર, જે પરિસરમાં અમે હતાં ત્યાં જાણે પ્રકૃતિનાં યાન્ગ અને યિન પાસાં સમ્યક્ મૈત્રીભાવે સ્થિત ન હતાં. તેથી જ તો વિનય દાખવવાનો હતો અમારે. અને યથોચિત આદર દર્શાવવાનો હતો કુદરત પ્રતિ.

પારંપારિક રીતે ચીની વિચારકો માને છે કે મનુષ્યના જીવન-પ્રયાણમાં ત્રણ પ્રકારનાં ભાગ્યનો હસ્તક્ષેપ થતો હોય છે. સ્વર્ગ-ભાગ્ય, એટલે કે પ્રારબ્ધ ને નિયતિ; પૃથ્વી-ભાગ્ય, જેને 'ફેન્ગ શુઈ'ની મદદથી સુધારી શકાય, અને માનવ-ભાગ્ય, જે આપત્તિ-કાળ દરમ્યાન વ્યક્તિના પાલન-પોષણનું ધ્યાન રાખે છે.

અજાણી ભૂમિ પર અમારો પ્રવાસ હતો. એના મનોભાવ વિશે અનુમાન થઈ શકે ખરું ? એને તો રીઝવવાનો જ પ્રયત્ન કરવો પડે, અને એ માટે આ ત્રણેય પ્રકારનાં ભાગ્યની સહાય યાચવી પડે.

મનના એક સ્તર પર જાત અંગેની સભાનતા હતી, તો ચર્મ-ચક્ષુથી પ્રકૃતિના રંગ-ઢંગની નોંધ પણ લેવાતી જ રહેતી હતી. ઉપરાંત, સ્થાનિક જીવનની વાસ્તવિકતાની અસર પણ મન સુધી પહોંચતી હતી. મનને એ ઉદાસ પણ કરતી હતી. દા.ત. તૂટેલો રસ્તો આવતાં જેવી ટ્રક ઊભી રહેતી કે તરત નેપાલી પુરુષો, અને કિશોરો, સામાન ઊંચકવા માટે પડાપડી કરવા માંડતા, ને ટ્રકના 'મોઢા' પાસે ભેગા થઈને અમારું ધ્યાન ખેંચવા મથતા. હું જોતી હતી કે ક્યારેક સાવ નાના દેખાતા છોકરા નાની બૅગો ઉપાડી લેતા. કેટલી બાળ-વયથી આ કઠિન, અપૂરતી જિંદગી શરૂ થઈ જતી હતી એમની ! એ વયે હજી કેવા કુમળા, નિર્દોષ, મીઠડા, અને સીધા-સાચા હતા. પુખ્ત વયે પહોંચતાંમાં તો એમાંના કેટલાયે જણા રુક્ષ અને રખડેલ જેવા, વેડફાઈ ગયેલા જેવા, બની જતા હતા. સતત બીડી-સિગારેટ ફૂંકતા થઈ જતા હતા.


ભાગ્ય વિશેની ચીની માન્યતા એ કિશોરો અને યુવકોને કોઈ સમજાવે તો ? તો કદાચ એ બધાં પણ 'ચિ'ના શુભ પ્રવાહોને પોતા તરફ વાળતા શીખે, ભાગ્યની સહાય માટે યાચના કરતા થાય. બાકી, કોઈ એક જણની યાચના બીજા એક, કે વધારે, જણના ભાગ્યને કેટલી સુધારી, કે બદલાવી, શકે ?

દ્રુતગતિ ફેનિલ જળ-પ્રવાહોમાંથી જતાં મારાં બૂટ-મોજાં પલળી ગયાં. પછી તો પગ પણ ભીના, અને કશું જલદી સૂકાવાનું તો નહોતું જ. આખો રસ્તો શરૂ થવાને નાકે બીજી એક ટ્રક ઊભેલી હતી, એ પણ આખેઆખી 'બંધ' એટલે કે જાડા કપડાથી ઢંકાયેલી હતી. આ વખતે મેં એના 'મોઢા'ના ખુલ્લા ભાગ પાસે ઊભા રહેવાનું નક્કી કર્યું કે જેથી દૃશ્યપટનું થોડું કંઈક હું જોઈ શકું. એ નિર્ણય પણ બહુ સારો ના નીકળ્યો. ટ્રકની બાજુ પરના સળિયાને જોરથી પકડીને ઊભા રહેવાનું, સમતુલન સાચવવાનું, સહેલું નહોતું. બંને હાથ વાપર્યા પછી પણ સમતુલન નહોતું રહેતું, કારણ કે રસ્તા પરનાં ખાડા અને ગાબડાંમાં પડતી-નીકળતી ટ્રક આખો વખત ઊછળતી, આંચકા ખાતી રહેતી હતી. પુરુષો સાવ 'મોઢા' પાસે ઊભા રહી ગયા હતા. એ ઊંચા, એટલે ઉપરનો સળિયો પકડવો એમને ફાવે. છતાં થોડું કંઈક મારી નજરે પડી જતું હતું.

નાનકડા ધોધ મને ના દેખાતા. ઢોળાવોની ગીચ લીલી ઝાડીમાં કેવા લપાયેલા, છાનામાના સરકતા, હોય એ તો. પણ મોટા, અને વધારે પાણીથી પોષાયેલા એવા પ્રપાત બહુ સુંદર હતા. તરલ, રજત લિસોટા.

(અનુસંધાન પૃ. ૫૪૨)

ઈ.સ. ૨૦૦૧ સંબંધિત ગણિત અંકયંત્ર



ઉપરોક્ત આકૃતિમાં ૩૨૨થી ૩૪૫ સુધીની ૨૪ ક્રમિક સંખ્યાઓને એવી રીતે ગોઠવવામાં આવી છે કે કોઈ પણ ષટ્કોણમાં કે કોઈ પણ સીધી લીટીમાં આવતી છ સંખ્યાઓનો સરવાળો ઈ.સ. ૨૦૦૧ જેટલો થાય છે...

જેમકે : સીધી લીટીમાં આવતી છ સંખ્યાઓ :

341	343	338	330	341
342	326	337	323	343
325	324	333	340	326
327	334	339	328	338
335	329	332	344	330
331	345	322	336	323
2001	2001	2001	2001	2001

342	327	335	335	331
325	334	331	327	345
324	329	345	334	329
337	339	332	337	333
333	328	322	338	340
340	344	336	330	323
2001	2001	2001	2001	2001

ષટ્કોણમાં આવતી છ સંખ્યાઓ :

342 + 341 + 343 + 325 + 324 + 326 = 2001

335 + 327 + 334 + 329 + 345 + 331 = 2001

337 + 338 + 330 + 323 + 340 + 333 = 2001

332 + 339 + 328 + 322 + 336 + 344 = 2001

-માધવજી દેવળીઆ

કોવેન્ટ્રી....યુ.કે.

ઍન ફ્રેન્કની રોજનીશી

અનુવાદ
હિના ગોખલે



મંગળવાર ૧૩મી જુલાઈ ૧૯૪૩
પ્રિયતમ કિટી,

ગઈ કાલે પપ્પાએ મને ડસેલ પાસે જઈને અમારા રૂમનું ટેબલ અઠવાડિયાના બે દિવસ સાંજના ચાર થી સાડા પાંચ સુધી વાપરવા દેવાની વિનંતી કરવાની પરવાનગી આપી. એમ તો હું ટેબલ બપોરના અઢીથી ચાર દરમ્યાન વાપરું છું જ્યારે ડસેલ બપોરની ઊંઘ લે છે. પણ તે સિવાય એ રૂમ અને એ ટેબલ બંનેની પાસે ફરકવાની પણ મને છૂટ નથી. સાંજના સમયે બાજુના રૂમમાં અભ્યાસ કરવો અશક્ય છે. કારણ કે ત્યાં ઘણી ધમાલ ચાલુ હોય છે. પાછું ક્યારેક પપ્પાને પણ બપોરે પોતાના કામ માટે એ ટેબલ વાપરવું ગમે છે. આમ, મારી માગણી વાજબી હતી. અને મેં અત્યંત નમ્રતાપૂર્વક ડસેલ પાસે એની રજૂઆત કરી. તને શું લાગે છે, આ સુશિક્ષિત માણસે મને શો જવાબ આપ્યો હશે ? 'ના', ફક્ત 'ના' !

હું તો જોઈ જ રહી. પણ એમ સરળતાથી હું મારી વાત છોડી દેવા તૈયાર નહોતી. એટલે મેં એમની 'ના'નું કારણ પૂછ્યું, પણ તેથી કાંઈ જ ફાયદો થયો નહિ. એમનો જવાબ ટૂંકમાં કંઈક આવો હતો : 'જો, અભ્યાસ તો મારે પણ કરવાનો છે. અને એ કામ જો સાંજે નહિ થાય તો આખા દિવસમાં ક્યારેય બંધ બેસે એમ નથી. હવે જે કામ હાથમાં મેં લીધું છે એ તો પૂરું કરવું જ રહ્યું, નહિતર એ શરૂ કરવાનો જ અર્થ રહેતો નથી. સિવાય, અભ્યાસની બાબતમાં તું જરાય ગંભીર નથી. પૌરાણિક કથાઓ એ કાંઈ અભ્યાસનો વિષય છે ? વાચન અને ગૂંથણ પણ ગૌણ જ કહેવાય. એ ટેબલ હું વાપરું છું અને હું એ છોડવાનો નથી !'

મેં જવાબ આપ્યો, 'ડસેલસાહેબ, હું અભ્યાસ ગંભીરતાથી જ કરું છું. સાંજના બાજુના રૂમમાં વાંચવું અશક્ય છે. આથી તમે મારી વિનંતી પર ફરી વિચાર કરી જોશો તો મને ગમશે.'

એમ કહીને અપમાનિત ઍન જાણે એ સુશિક્ષિત ડૉક્ટર ત્યાં છે જ નહિ એવી અદા સાથે રૂમની બહાર જતી રહી. હું ગુસ્સાથી તપી ગઈ હતી. મને લાગ્યું કે ડસેલે મારી સાથે ખૂબ તોછડાઈભર્યું વર્તન કર્યું. (અને કર્યું જ હતું.), જ્યારે હું વિનય સાથે બોલતી હતી.

એ સાંજે મોકો મળતાં જ મેં પીમને બધી વાત કહી સંભળાવી, અને મારે હવે ક્યું પગલું લેવું એ વિશે અમે ચર્ચા કરી, કારણ કે એમ હાર સ્વીકારી લેવા હું તૈયાર નહોતી, અને આ પ્રશ્નનો ઉકેલ પણ મારે જ લાવવો હતો. પીમે મને આગળ વાત કેમ વધારવી એની થોડી કલ્પના આપી, પણ મને ચેતવી કે મારી અત્યારની માનસિક હાલત જોતાં વાત કાલ સુધી આગળ વધારવી નહિ. પણ એ ચેતવણીને અવગણી, જેવા ડસેલ મોડી સાંજે હાથ-મોં ધોઈ તૈયાર થયા કે હું એમની પાસે પહોંચી



ઍન, ૧૯૩૪માં

ગઈ. બાજુના જ રૂમમાં પીમ બેઠા છે એ જાણથી હું મારા મગજને જરા શાંત રાખી શકી.

મેં શરૂઆત કરી, 'ડસેલસાહેબ, તમને કદાચ નહિ લાગતું હોય કે આ વિષય પર વધુ ચર્ચા કરવાનો કાંઈ અર્થ હોય; પણ મારી તમને વિનંતી છે કે તમે ફરી એક વાર તમારા નિર્ણય પર વિચાર કરી જુઓ.'

એક હાસ્યકિરણ ફેંકતાં ડસેલ બોલ્યા, 'નિર્ણય તો લેવાઈ ગયો છે છતાં પણ એ વિષય પર ચર્ચા કરવા હું ગમે ત્યારે તૈયાર છું.'

મેં મારું વક્તવ્ય ચાલુ કર્યું અને શ્રી ડસેલની એકધારી ડખલ છતાં મેં ચાલુ જ રાખ્યું : 'તમે જ્યારે અહીં પહેલવહેલા આવ્યા ત્યારે,' મેં શરૂઆત કરી, 'આપણે એ વાત પર સંમત થયાં હતાં કે આ રૂમ આપણી બેની ભાગીદારીમાં વાપરવાનો છે. હવે જો આ રૂમને વાપરવાના સરખે સરખા ભાગ કરીએ તો એ પ્રમાણે આખી સવારે રૂમ વાપરવાનો હક તમારો થાય અને આખી બપોર રૂમ વાપરવાનો વારો મારો આવે ! પણ હું એટલું બધું કાંઈ માગતી નથી, મારી માગણી તો ફક્ત અઠવાડિયાના બે જ દિવસ માટેની છે જે મારી દૃષ્ટિએ તો વાજબી છે.'

જાણે ટાંકણી પર બેસી ગયા હોય એમ ડસેલ કૂદ્યા. 'આ રૂમ પરના તારા અધિકાર વિશે બોલવાનો પણ તને અધિકાર નથી. વાહ, ને હું ક્યાં જાઉં ? મારે તો કદાચ શ્રી વૅનડાનને કહેવું પડશે કે ઉપરને માળિયે મારે માટે એક ગોખલો તૈયાર કરી આપો. તું કાંઈ એક જ વ્યક્તિ નથી જેને અહીં શાંતિથી કામ કરવા જગ્યા નથી. તને તો ઝગડાનું કારણ જ જોઈએ છે. તારી જગ્યાએ જો માર્ગોટે આ વિનંતી કરી હોત, તો વાત જુદી છે. એને એની વધારે જરૂર છે, એને ના પાડવાનો તો વિચાર સુધ્ધાં મેં કર્યો ન હોય, પણ તારે માટે તો....'

અને ફરી પાછું એમણે પૌરાણિક કથાઓ, ગૂંથણ પર ભાષણ ઝીંક્યું. અને ફરી એક વાર ઍનનું અપમાન થયું. પણ એવો ભાવ મેં ચહેરા પર દેખાવા દીધો નહિ. અને એમને પૂરું કરવા દીધું : 'પણ ના, તારી સાથે તો વાત કરવી પણ શક્ય નથી. તું તો શરમાવે એવો સ્વાર્થી છે. જ્યાં સુધી પોતાનું ધાર્યું ન થાય ત્યાં સુધી કોઈની તને પરવા જ નથી. આવી જિદ્દી છોકરી તો મેં ક્યાંય જોઈ નથી. આમ છતાં હું તને ધાર્યું કરવા દઈશ કારણ કે પાછળથી મારે લોકોનાં મહેણાં નથી સાંભળવાં કે ડસેલે ટેબલ ન આપ્યું ને એટલે ઍન નાપાસ થઈ !'

આમ ને આમ એમણે બોલ્યે જ રાખ્યું. છેવટે એવી ભાષા પર આવ્યા જે મારે માટે સહનશક્તિની બહાર હતી. એક ક્ષણ તો મને થયું.

'જુક્કો, એના ડાચા પર એવી તો લગાવવી જોઈએ કે પડે જઈને દૂર !' પણ બીજી જ ક્ષણે વિચાર આવ્યો : 'શાંતં પાપમ્, આ ભાઈ તો તારા ગુસ્સાને પણ પાત્ર નથી.'

છેવટે, ડસેલના જુસ્સાનો પણ અંત આવ્યો અને તિરસ્કાર અને વિજયના સંમિશ્રિત ભાવ સાથે વિવિધ ખાદ્ય સામગ્રીથી ફૂલી ગયેલાં ખિસ્સાં લઈને રૂમની બહાર જતા રહ્યા.

હું સીધી પપ્પા પાસે દોડી ગઈ અને એમને બધી વાત કહેવા માંડી, ખાસ તો એમને ઠીક સંભળાઈ નહોતી એ વાત કહી. પીમે એ જ સાંજે ડસેલ સાથે વાત કરવાનું નક્કી કર્યું અને એમની વચ્ચે ચર્ચા અડધા કલાકથી પણ લાંબી ચાલી. પહેલાં વિષય હતો : ઍનને ટેબલ વાપરવા દેવું કે નહિ. પપ્પાએ કહ્યું કે આ પહેલાં પણ આ વિષય પર વાત થઈ ગઈ છે અને ત્યારે ડસેલના નકારાત્મક નિર્ણય સાથે એ સહમત થયા, કારણ કે એક વડીલ વ્યક્તિનું નાના છોકરા સામે અપમાન કરવું એમને યોગ્ય લાગ્યું નહોતું. પછી ડસેલે કહ્યું કે ઍનની નજરમાં તો એ દખલબાજ જ હતા. પણ આ વાતનો પપ્પાએ સખત વિરોધ કર્યો. અને જણાવ્યું કે એમણે પોતે બધી જ વાત સાંભળી હતી અને ઍન આવું કાંઈ જ બોલી નહોતી. આમ સામસામી દલીલો થતી રહી, પપ્પા મારા 'સ્વાર્થીપણાનું અને મારી 'અર્થહીન' પ્રવૃત્તિઓનું સમર્થન કરતા રહ્યા અને આખો વખત ડસેલ 'સો તારી વાત તો એક મારું ઊંહું, કરતા રહ્યા.

પણ છેવટે ડસેલને નમતું જોખવું પડ્યું. અને સાંજે અઠવાડિયાના બે દિવસ કોઈ પ્રકારની આનાકાની વિના ટેબલ વાપરવાની મને પરવાનગી આપવામાં આવી. ડસેલ ઘણા જ નાખુશ હતા, ઘણા દિવસ સુધી મારી સાથે બોલ્યા પણ નહિ અને સાંજે પાંચથી સાડા પાંચ સુધી ટેબલ વાપરવાનું પણ ચૂક્યા નહિ - છેને સાવ બાલિશ !

જે માણસ ચોપન વર્ષની ઉંમરે આવા સંકુચિત મનનો અને વેદિયો હોય એ તો જન્મજાત એવો હોય અને એવો જ રહેવાનો.

લિ. ઍન.

શુક્રવાર ૧૬મી જુલાઈ ૧૯૪૩

પ્રિયતમ કિટી,

ફરી એક વાર અહીંયાં તાળાં તૂટ્યાં અને આ વખતે તો ખરેખર ચોરી થઈ. રોજની જેમ પીટર સવારે સાત વાગ્યે નીચે ગયો અને તરત એનું ધ્યાન રસ્તા પર પડતાં વખારના બારણા પર ગયું. બધાં જ ખુલ્લાં હતાં. એણે તરત આ સમાચાર પીમને આપ્યા. પહેલું કામ પીમે ખાનગી ઑફિસમાં જઈને રેડિયો જર્મન સ્ટેશન પર ગોઠવી દીધો, ને દરવાજો બંધ કર્યો. પછી બંને જણાં ઉપર આવતા રહ્યા. આવે સમયે અહીં નિયમ છે કે હાથ-મોં ધોવાના નહિ, પાણી વાપરવાનું નહિ, આઠ વાગ્યા સુધીમાં કપડાં બદલીને તૈયાર રહેવાનું અને સંડાસ વાપરવાનું નહિ. એ પ્રમાણે અમે સજ્જ થઈ ગયાં. સારું હતું કે રાત આખી અમને બધાંને સરસ નીંદર આવી હતી. કોઈએ કોઈ જ જાતનો અવાજ સાંભળ્યો નહોતો. હવે એ દિવસે ઘણો વખત થઈ ગયો પણ નીચેથી કોઈ જ ઉપર આવ્યું નહિ. આથી અમને બધાંને ખાસ્સો ગુસ્સો ચડ્યો. સાડા અગિયાર વાગ્યા સુધી ક્લાઈમને અમને અધ્ધર જીવે રાખ્યાં પછી એમણે અમને કહ્યું કે લોખંડના સળિયાથી આગલો અને વખારનો દરવાજો તોડી ચોર અંદર પેઠા. પણ ચોરવાલાયક કાંઈ જ હાથ ન લાગવાથી એ લોકો ઉપરના માળે ચડ્યા. ત્યાંથી ગલ્લાની બે પેટીઓ ઉપાડી ગયા. જેમાં ૪૦ ગિલ્ડર, ચેકબુક અને ૩૩૦ પાઉન્ડ ખાંડની કૂપન હતી. કમનસીબે અમને મળેલી બધી જ કૂપનો ગઈ. હવે એ ફરી મેળવવી એ કાંઈ સહેલું કામ નથી.

શ્રી કુગ્લરનું કહેવું થયું કે છ અઠવાડિયાં પહેલાં દરવાજા તોડવાનો પ્રયત્ન કરનાર ટોળીમાંના જ આ ચોર હોવા જોઈએ.

ચોરીને કારણે અમારે ત્યાં ખાસ્સો ખળભળાટ મચી ગયો. જો કે 'ગુપ્ત નિવાસ' માટે ખળભળાટ એક રોજિંદી વાત થઈ પડી છે. અમને બધાંને સ્વાભાવિક રીતે આનંદ થયો કે કૅશ રજિસ્ટર અને ટાઈપરાઈટર અમારા કપડાંના કબાટમાં સહીસલામત હતાં.

લિ. ઍન.

તા.ક. સિસિલિનો કબ્જો... એક ડગલું નજક આવ્યા.

સોમવાર ૧૯મી જુલાઈ ૧૯૪૩

પ્રિયતમ કિટી,

આમસ્ટરડામ શહેરના ઉત્તર ભાગમાં રવિવારે ભારે બૉમ્બવર્ષા થઈ. ઘણી તારાજી થઈ છે. રસ્તાના રસ્તા જમીનદોસ્ત થઈ ગયા છે. ભંગારમાંથી મૃતદેહ કાઢતાં પણ વાર લાગશે. અત્યાર સુધીમાં મૃત્યુનો આંકડો બસોએ પહોંચ્યો છે અને અગણિત લોકો ઘાયલ થયાં છે. ઠેર ઠેર અનાથ થયેલાં બાળકો ભંગાર વચ્ચેથી પોતાનાં માબાપના મૃતદેહને શોધવા મથે છે. વિનાશની એંધાણી સમી વિમાનોની ઘરઘરાટી સાંભળું છું અને મારું શરીર ધ્રૂજી ઊઠે છે.

લિ. ઍન.

(ક્રમશઃ)

અનુસંધાન] સંમુઠ સાગર મઠ [પૃ. ૫૪૦ થી

કોઈ ગીત ગાતો, કોઈ ગર્જન કરતો. ક્યારેક કોઈ પુષ્ટ, ઉદ્ધત ધોધનું પાણી જોરથી ટ્રકની કૅનવાસની છત પર છંટકાતું ત્યારે જાણે અમારાં માથાં પર નગારાં વાગી જતાં. વળી પાછું મને થતું, 'આહા, કોરી, તાજી હવા જતી રહી છે - ક્યારની દૂર થઈ ગઈ છે.' હવે પછી આ જ વાતાવરણ રહેવાનું હતું આસપાસ - ઉષ્ણકટિબંધીય, ભેજથી ભરપૂર, નિઃશ્વાસ જેવું ગરમ.

ટ્રકના બંધ-અંધ ઘેરાવામાંથી છૂટ્યા પછી હજી એક બીજો તૂટેલો, ફસકેલો હિસ્સો પગપાળા પસાર કર્યો. એમાં અણિયાળા પથરા તથા પોચા કાદવની જુગલ-જોડી હતી. પેલી તરફ હવે કોઈ ટ્રક નહીં, પણ એક સ્થાનિક બસ હાજર હતી. જોઈને તો 'હાશ' થઈ, કે સરખું બેસાશે આખરે. અંદર બેઠકો ખૂબ નાની ને સાંકડી હતી, અને બધે ધૂળ-ધૂળ હતી. વળી, સામાનને છત પર મૂકી શકાય તેમ ન હતો, તેથી અમારી બધી બૅગોને જેમ-તેમ કરીને અંદર ખડકવી પડી.

પગ મૂકવાની પણ અગવડ હતી. ખેર, છતાં બેસાયું, અને વળી, દૃશ્યો પૂરેપૂરાં, ચોખ્ખેચોખ્ખાં જોવાયાં. જળ-ક્રુદ્ધ, ગતિ-મત્ત એવી સોના કોશી સરિતનો સાથ માર્ગને પ્રાપ્ત થયેલો હતો. એની નજીકના ઢોળાવો પર સાંકડાં સોપાન-ક્ષેત્ર બનાવેલાં હતાં. ડાંગરનાં લીલાં તાજાં, કૂણાં ધરુ એમાં લહેરાતાં હતાં. છૂટાં-છવાયાં ઝૂંપડાં ક્યાંક દેખાઈ જતાં. અને નાના-મોટા ધોધનો તો પાર જ નહોતો. પરાણે પણ આંખોને ઠારતું હતું નિસર્ગનું એ રૂપ.

સાથે જ, દરેક જણ, દરેક ક્ષણે મનોમન વિમાસતું હતું : ક્યારે આવશે હવે પછીનો અવરોધ ? (ક્રમશઃ)

પસ્તીનાં પાનાં

——— ડૉ. પ્ર. ચુ. વૈદ્ય ———

વકીલોનું આન્દોલન

તા. ૧૨-૧૨-૮૯. સામાન્ય રીતે ઑગસ્ટનો મહિનો એ આન્દોલનોનો મહિનો ગણાય. પણ હમણાં હમણાં ગુજરાતમાં શૈક્ષણિક વર્ષ ત્રણ-ચાર માસ પાછું ઠેલાયું છે. ઉપરાઉપરી બે વર્ષ આંદોલનો થયાં અને પરીક્ષાઓ મે-જૂનને બદલે સપ્ટેમ્બર-ઑક્ટોબરમાં થઈ એટલે દેખીતી રીતે જ આંદોલનોનો મહિનો પણ ઑગસ્ટથી હઠીને ડિસેમ્બરમાં આવ્યો છે. આજકાલ પોલિટેક્નિકના વિદ્યાર્થીઓનું પરીક્ષા-બહિષ્કારનું આંદોલન ચાલે છે. સરકાર સામાન્ય રીતે આંદોલન સામે નમતું જોખે છે, પણ આ વખતે કોણ જાણે કેમ પણ સરકાર મક્કમ રહી છે. અને ૬ઠ્ઠી તારીખથી પરીક્ષાઓ શરૂ થઈ ગઈ છે. વિદ્યાર્થીઓ કહે છે કે પરીક્ષામાં કોઈ બેઠું નથી. સરકાર કહે છે કુલ ૪૫૦૦ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી છે !

બીજું આન્દોલન જૂનિઅર ડૉક્ટરોનું ચાલે છે. આ આન્દોલનનું કારણ જાણવા જેવું છે. ગુજરાત સરકારના કર્મચારીઓએ બે-ત્રણ માસ પહેલાં આંદોલન કર્યું એટલે સરકાર રાબેતા મુજબ ઝૂકી પડી અને રાજ્યના કર્મચારીઓને કેન્દ્રના (દિલ્હી સરકારના) કર્મચારીઓનાં પગારધોરણો આપવાનું સ્વીકાર્યું. એટલે હવે હૉસ્પિટલોના હાઉસમેન, રજિસ્ટ્રાર વગેરે જુનિઅર ડૉક્ટરો કહે છે કે અમને પણ કેન્દ્રને ધોરણે સ્ટાઇપેન્ડ આપો ! પાંચ દિવસથી બધી મોટી હોસ્પિટલોમાં કામકાજ બંધ છે. હજુ સુધી તો સરકાર મક્કમ રહી છે. પણ જે આંદોલનનાં મૂળ સરકારના ઢીલાપણામાં છે તે આન્દોલન સામે સરકાર ક્યાં સુધી મક્કમ રહેશે તે જોવાનું છે. તાલ જોવા જેવો થતો આવે છે.

અને એથીયે વધુ જોવા જેવો તાલ તો રાજ્યના વકીલોના આંદોલનનો છે. આજ પંદર દિવસથી ગુજરાતની સઘળી કોર્ટોમાં કામકાજ બંધ છે. ગયે સોમવારે તો જિલ્લા ન્યાયાધીશોના મંડળે પણ એક દિવસની સામૂહિક રજા (mass casual leave) લીધી ! ગુજરાતની હાઇ કોર્ટમાં ચાર ન્યાયાધીશોની જગ્યા ખાલી છે. તે માટે ગુણવત્તાક્રમ પ્રમાણે ચાર નામ, ગુજરાત હાઇ કોર્ટે, ગુજરાત સરકાર અને સુપ્રિમ કોર્ટે સહમત થઈને કેન્દ્ર સરકારને મોકલ્યાં. પણ તેમાંથી ભારત સરકારે છેક છેલ્લા નામને મંજૂર કર્યું અને તેને હાઇ કોર્ટનો જજ નીમી દીધો. આ સમાચાર આવ્યા તે દિવસથી વકીલોએ કોર્ટનું કામકાજ ઠપ્પ કરી દીધું છે. તેમનું કહેવું છે કે કૉંગ્રેસના એક નેતા પોતાને અનુકૂળ હોય તેવાને જ જજ નીમવા લાગવગ લગાવે છે. અને ભારત સરકાર પણ ગુજરાત સરકારની ઉપરવટ જઈ આ કૉંગ્રેસીનેતાના ગોઠિયાને નિમણૂક આપે છે. આ રીતે વકીલોએ રાજ્ય સરકારની અને જનતાની પણ થોડી સહાનુભૂતિ મેળવી છે. આ આન્દોલનનું પરિણામ શું હોઈ શકે ? પેલો લાગવગીઓ હાઇ કોર્ટનો જજ નીમાઈ ગયો તે તો નીમાઈ ગયો. કદાચ બાકી રહેલા ત્રણમાંથી એક-બેની નિમણૂક સરકાર કરે... અત્યારે તો આંદોલન ચાલે છે. રાજ્યભરની કોર્ટો બંધ છે. જો કે કહેવાવાળા તો કહે છે કે જે અસીલના પૈસા વકીલને મળી ગયા છે તેના કેસ કોર્ટમાં ચાલતા નથી અને વકીલો નવા અસીલો પાસેથી પૈસા લીધે જ રાખે છે. તેમની ઓફિસ બંધ નથી તેમને તો લીલા લ્હેર જ છે !

પહેલાં ક્રિયા પછી પ્રતિક્રિયા – રાજકારણમાં

તા. ૨૬-૬-૮૭. રવિવાર તા. ૨૮મીએ અષાઢી બીજ છે. તે દિવસે જગન્નાથજીની રથયાત્રા નીકળે છે. ગયે વર્ષે રથયાત્રા દરમિયાન કોમી હુલ્લડ ફાટી નીકળ્યું હતું. આ વખતે જે થાય તે ખરું !

અત્યારે દેશમાં 'શ્રદ્ધા'નો અભાવ (**crisis of confidence**) પ્રવર્તે છે. રાજ્યમાં કે તંત્રમાં લોકોને શ્રદ્ધા રહી નથી. અમારી સરકાર કામ કરતી નથી. ફક્ત પ્રતિભાવ જ આપે છે. (ગુજરાતી ભાષામાં આવી વાક્યરચનાથી આપણે ટેવાયેલા નથી.) અંગ્રેજીમાં એને આમ કહેવાય : **Our government never acts, it only reacts.** આનો તાજો દાખલો આજે જોવા મળ્યો. ગુજરાત સરકારે રાજ્યના નોકરો માટે કેન્દ્રનાં પગારધોરણો સ્વીકાર્યાં. કેન્દ્ર સરકારના પટાવાળાને મળે તે રાજ્ય સરકારના પટાવાળાને મળે, કેન્દ્રના કારકુનને મળે તે રાજ્યના કારકુનને મળે. હવે કેન્દ્ર પાસે તો મોટું પોલીસદળ નથી, પણ રાજ્ય સરકાર પાસે તો મોટું પોલિસ ખાતું છે તો રાજ્યની પોલીસના પગાર કોની બરાબર કરવા ? છેલ્લા છ મહિનાથી આ પ્રશ્ન અટવાયો છે. ગઈ કાલે પોલીસોના યૂનિયને જાહેર કર્યું કે કેન્દ્રના સેન્ટ્રલ રિઝર્વ પોલીસના જેટલા પગારો અમને નહિ આપો તો અમે શનિવાર તા. ૨૭મીથી હડતાળ પર જશું ! અને ૨૮મીએ તો રથયાત્રા છે અને હુલ્લડ થવા સંભવ છે !

હાઉં, પોલીસોએ દંડો ઉગામ્યો. **Police acted** એટલે પછી રાજ્ય સરકાર **reacted.** આજે વાટાઘાટા શરૂ કરી છે અને કાલે સવારે છાપાંમાં વાંચશું કે તેમની બધી માગણીઓ સ્વીકારાઈ છે. પ્રતિક્રિયાવાદી (**reactinary**) સરકાર તે આનું નામ !

વ્યક્તિકેન્દ્રી રાજકારણ અને રાજકીય હત્યા

તા. ૨૮-૫-૯૧. ગયા મંગળવારે રાત્રે સવા દશને શુમારે બૉંબ ધડાકો કરીને રાજીવ ગાંધીની હત્યા કરવામાં આવી. હત્યા કોણે કરી, શા માટે કરી વગેરેની ચર્ચા તો ઘણી થઈ રહી છે. હત્યાના રાજકીય લાભાલાભનું વિશ્લેષણ પણ થાય છે. પણ ભારતીય રાજકારણે છેલ્લાં વીસ વરસોમાં વ્યક્તિ-કેન્દ્રી રૂપ લીધું છે તેથી જ એક વ્યક્તિને દૂર કરવાથી સમસ્ત રાજકારણ બદલી શકાશે એવી માન્યતા પ્રચલિત થઈ છે અને તે જ આવી હત્યાઓના મૂળમાં હોય એમ લાગે છે.

પંડિત નેહરુના વખતમાં રાજકારણ એટલું વ્યક્તિ-કેન્દ્રી નહોતું. તેના પ્રધાનમંડળમાં કે પક્ષની કારોબારીમાં એવા લોકો હતા જેમની સલાહની નેહરુને મન કિંમત હતી. આવા નેતાઓ સામે ઇન્દિરા ગાંધીએ બળવો કર્યો, કૉંગ્રેસ તોડી અને એ બળવાખોરોની કૉંગ્રેસ છેવટે ઇન્દિરા કૉંગ્રેસ કહેવાઈ. આમ, વ્યક્તિનિષ્ઠ રાજકારણની શરૂઆત થઈ. અને હત્યાની પરંપરા શરૂ થઈ. ઇન્દિરાની હત્યા થઈ. વ્યક્તિનિષ્ઠ રાજકારણને પરિણામે નેતાગીરીની બીજી હરોળ હતી જ નહિ. અને બે-ત્રણ વર્ષથી જ રાજકારણમાં આવેલ રાજીવ ગાંધી કૉંગ્રેસનો નેતા બન્યો. રાજીવે તો વ્યક્તિનિષ્ઠ રાજકારણને પરાકાષ્ઠાએ પહોંચાડ્યું. તેના ૪ વર્ષના શાસનકાળમાં ત્રીસેક વાર પ્રધાનમંડળમાં ફેરફાર કર્યા. રાજ્યોના મુખ્ય પ્રધાનો પણ છાશવારે બદલ્યા. પરિણામે વ્યક્તિનિષ્ઠ રાજકારણનો ફેરફાર વ્યક્તિને દૂર કરવાથી જ થાય એ સત્ય ફરી ઊભરી આવ્યું.

રાજીવની હત્યાને બીજે જ દિવસે કહ્યાગરા કૉંગ્રેસીઓએ સોનિયા

ગાંધીને નેતા તરીકે પસંદ કરી. પણ મારું ઉપરનું પૃથક્કરણ બીજા કોઈને સૂઝ્યું હશે એટલે સોનિયાએ નેતા બનવાનો અસ્વીકાર કર્યો.

વિદ્વત્તા અને રાષ્ટ્રપતિ-પદ

તા. ૨-૭-૯૨. હમણાં અહીં રાષ્ટ્રપતિની ચૂંટણી થઈ. ડૉ. શંકર દયાળ શર્મા ચૂંટાયા. શર્મા ૯મા રાષ્ટ્રપતિ છે. એમની પહેલાંના ૮ રાષ્ટ્રપતિનાં નામ એકસાથે વાંચીએ તો તેમાં એક તરાહ દેખાશે. જુઓ-

૧. ડૉ. રાજેન્દ્ર પ્રસાદ ૨. ડૉ. રાધાકૃષ્ણન
૩. ડૉ. ઝાકીર હુસેન ૪. વિ.વિ. ગિરી
૫. ફખરુદ્દીન અહમદ ૬. સંજીવ રેડ્ડી
૭. ઝૈલસિંહ ૮. વેંકટરામન્

કાંઈ વિશેષતા દેખાઈ ? પહેલા ત્રણ ડૉક્ટર, વિદ્વાન, પીએચ.ડી. પછીના ફક્ત રાજકારણી વિશેષતાવાળા. પહેલા ત્રણ નેહરુયુગના પ્રતીક અને બાકીના ઇન્દિરાયુગના પ્રતિનિધિ. ડૉ. શંકર દયાળ શર્મા, વિદ્વાન, યુનિવર્સિટીના પ્રોફેસર. તેમની પસંદગી કરી વડા પ્રધાને જાણે કહી દીધું કે રાજકારણી નાથાભાઈઓનો ઇન્દિરાયુગ પૂરો થયો. અને આ અનાયાસે નથી થયું, કારણ કે રેડીઓ અને ટી.વી.માં ડૉ. શર્માની સરખામણી હમેશાં પહેલા ત્રણ રાષ્ટ્રપતિઓ સાથે જ થઈ છે. ❐

લઘુકથા

જીવતી આંખ

બહાદુરભાઈ જ. વાંક

ગુરુ બજૂવાના અત્યંત માનીતા શિષ્ય આપાજીની એક આંખ ઝામરના રોગમાં સાવ ઓલવાઈ ગઈ હતી, ને બીજી આંખમાં માત્ર પાંચ ટકા દૃષ્ટિ બચી હતી. આમ છતાં પોતાનું પ્રત્યેક કામ પોતાના હાથે જ કરવાનું પસંદ કરતા. કોઈ પણ કામ બાબતે કોઈને સહેજ પણ તકલીફ આપે નહીં. સ્વભાવના એવા ધૂની કે પોતાનાં કપડાં સાવ જર્જરિત થઈ જાય તો પણ કપડાં સામે જોવાનું કે નવાં કપડાં સિવડાવવાનું નામ જ ન લે ! છેલ્લા કેટલાક સમયથી તેમનો ઝભ્ભો-લેંઘો સાવ જીર્ણ થઈ ગયો હતો, એટલે આગમના અન્ય શિષ્યો હવે નવાં કપડાં સિવડાવી લેવા માટે વારંવાર તેમને યાદી આપ્યા કરતા. કેટલાક શિષ્યોએ તેમના માટે ઝભ્ભા-લેંઘાનું કાપડ પણ લઈ રાખ્યું હતું, છતાં કપડાં સિવડાવવા તરફ તેમણે ઉદાસીનતા જ દાખવી હતી.

હવે ઝભ્ભો-લેંઘો સિવડાવ્યા વગર ચાલશે જ નહીં, એવી એક દિવસ તેમને તીવ્ર પ્રતીતિ થતાં થેલીમાં કાપડ નાખીને દરજીની દુકાને જવા ચૂપચાપ તેઓ બહાર નીકળી ગયા, ને બીજા રસ્તા ઉપર ભૂલા પડી ગયા. બે-ત્રણ રાહદારીઓને પોતાના જાણીતા દરજીની દુકાનનો રસ્તો બતાવી આપવા માટે અનુરોધ કર્યો. એક ભાઈએ તેમને હાથ પકડીને મુખ્ય રસ્તા ઉપર ચઢાવી દીધા છતાં ફરીને બીજા રસ્તા ઉપર ચઢી ગયા. તેમણે રિક્ષા કરી લેવા વિચાર્યું. પણ પાસે પૈસા જ ક્યાં હતા ? આમેય ઝભ્ભા-લેંઘામાં તેઓ ક્યારેય પણ ખિસ્સા જ રખાવતા નહોતા.

કોઈ ઓળખીતું મળી જાય એ માટે તેઓ એક જગ્યાએ પ્રતીક્ષા કરતા ઊભા રહી ગયા. થોડી વાર ઊભા રહ્યા હશે, ત્યાં એક કવિમિત્રની તેમના ઉપર નજર પડી. કવિ તેમની પાસે આવ્યા. આપાજીએ તેને દરજીની દુકાનનો રસ્તો બતાવી આપવા માટે અનુરોધ કર્યો.

કવિ બોલ્યા : 'ચાલો, હું જ તમને ઠેઠ દરજીની દુકાન સુધી મૂકી જાઉં છું.' ને આપાજીને દોરતા કવિ આગળ વધવા લાગ્યા.

દરજીની દુકાને આપાજીને પહોંચાડીને રજા માગતા કવિ બોલ્યા : 'હવે હું જાઉં ને ?'

'થોડી વાર ઊભા રહો. મારે તમારું ખાસ કામ છે.' થેલીમાંથી કાપડ કાઢતા આપાજી બોલ્યા.

હજુ આપાજી દરજીને કંઈ પણ સૂચના આપે તે પહેલાં જ દરજી તેમના ઝભ્ભા-લેંઘાનું માપ લેવા લાગ્યો. એટલે દરજીને માપ લેતો અટકાવતા તેઓ બોલ્યા : 'મારા ઝભ્ભા-લેંઘાનું નહીં, પણ આ સામે ઊભેલા કવિરાજના ઝભ્ભા-લેંઘાનું માપ લેવાનું છે !'

કવિએ આશ્ચર્યથી પૂછ્યું : 'મારા ઝભ્ભા-લેંઘાનું માપ ? મારું માપ વળી શા માટે ? હું તો માત્ર આપને દુકાન બતાવવા જ આવ્યો છું.'

'હા, તમારે જ ઝભ્ભા-લેંઘાનું માપ આપવાનું છે. મારા કરતાં પણ મને તમારાં કપડાંની પરિસ્થિતિ સારી લાગતી નથી.' આપાજીએ કવિને ફરી અનુરોધ કર્યો.

કવિએ માપ લેવડાવવા બાબતે આપાજી સાથે થોડી આનાકાની કરી. પણ આપાજીના આગ્રહ પાસે તેમને નમતું જોખવું પડ્યું. મને-કમને તેઓ પોતાનું માપ લેવડાવવા તૈયાર થયા.

દરજી કવિના ઝભ્ભા-લેંઘાનું માપ લેતા લેતા, આપાજીને ઉદ્દેશીને બોલ્યો : 'આપને હવે લગભગ સૂઝતું જ બંધ થઈ ગયું છે, એટલે આપે એકલા બહાર ન નીકળવું જોઈએ.'

'તમારી વાત સાચી છે. મારી આંખો ચાલી ગઈ છે, પણ આંખમાંનું કરુણાનું જળ હજુ સુકાયું નથી. ને જરા રહી તેમણે ઉમેર્યું : 'કોઈનાં ફાટી ગયેલાં કપડાં,ને કોઈનો પડી ગયેલો ચહેરો જરાક પણ જોઈ શકવા પૂરતી તો હજુ પણ મારી એક આંખ જીવતી છે !' ❐

ભારતીય પ્રાચીન સાહિત્યમાં આભૂષણોના નિર્દેશો

ડૉ. આર.ટી. સાવલિયા

'આભૂષણ' શબ્દની જોડણી પ્રમાણે 'આ' એટલે ચારે બાજુથી, 'ભૂષણ' એટલે અલંકરણ. જે શરીરની શોભાને સમગ્ર રૂપે શણગારે તે 'આભૂષણ' કહેવાય છે. આભૂષણ પ્રત્યે ખાસ કરીને સ્ત્રીઓનું આકર્ષણ આદિકાળથી વિશેષ જોવા મળે છે. આભૂષણ વગર વનિતાનું સુંદર મુખ પણ સુશોભિત થતું નથી.

भूषणैभूषयेदङ्गं यथाविभवसारतः ।
शुचि - सौभाग्य-वृद्ध्यर्थमायुर्लक्ष्म्यभिवृद्धये ॥
-चारुचर्या (भोज)

'શરીરને પોતાના વૈભવ પ્રમાણે આભૂષણોથી શણગારવું જોઈએ. તેનાથી શુદ્ધતા જળવાય છે. ભાગ્યોદય થાય છે. ધન, આયુ અને લક્ષ્મીની વૃદ્ધિ થાય છે.'

કવિતા અને વનિતા બંનેની સુંદરતા વધારવામાં અલંકારોનું મહત્ત્વ સિદ્ધ કરતાં વ્રજભાષાના ઋતુકાલીન કવિ કેશવદાસનું આ કથન પ્રખ્યાત છે કે-

भूषण बिन न बिराजई कविता वनिता मित्त ॥

'હે મિત્ર, કવિતા અલંકારો વગર અને વનિતા આભૂષણ વગર શોભતી નથી.'

રાજશેખરે 'કપૂરમંજરી (અ.૧-૩૧)માં સિદ્ધ કર્યું છે કે, નૈસર્ગિક સુંદર માણસની શોભા પણ આભૂષણોથી વધારે દીપી ઊઠે છે.

સંસ્કૃતના વિખ્યાત આધુનિક કવિ ભટ્ટ મથુરાનાથ શાસ્ત્રીએ સંસ્કૃત ભાષામાં 'ઘનાક્ષરીકવિત' છંદની રચના કરી છે, તેમાં સૂક્તિરૂપી સુંદરીના અલંકારોથી વિભૂષિત રૂપનું વર્ણન કરતાં મહિલાઓ વડે ધારણ કરવા યોગ્ય કેટલાંક સોનાનાં આભૂષણોનો ઉલ્લેખ કરેલો છે :

અલંકાર	આભૂષણ
રૂપક	કિરીટ
પરિણામ	કુંડલ
કાવ્યલિંગ	કર્ણિકા
ઉપમા	ચૂડામણિ
ઉત્પ્રેક્ષા	લટકણિયાં (કાનનાં)
તુલ્યયોગિતા	કાનનું આભૂષણ (સેર સાથેનું લટકણિયું)
તદ્ગુણ	ચળકતો હાર
શ્લેષ	હાથનાં કંગન
વિરોધ	હાથનાં વલય
પરિકર	કંદોરો
સાર	નૂપુર

ક્રમે ક્રમે સુખને આપનારી, મનરૂપી કમળને વિકસાવનારી, ચરણારવિન્દમાં લાગેલી આ સૂક્તિસુન્દરીના ઓ મિત્ર, તું મૌન રહીને અભિનંદન કર.

જે રીતે અલંકાર શબ્દાર્થમયી કવિતાને શણગારે છે તે પ્રમાણે આભૂષણો સૌંદર્યવતી વનિતાની શોભા વધારનારા ઉપાદાન (મુખ્ય કારણ) છે.

ભૂષણ, આભૂષણ, અલંકાર અને આભરણ સમાનાર્થી શબ્દો છે. આ શબ્દોનો પ્રયોગ વૈદિકયુગથી માંડીને સુવર્ણ, રત્ન કે મણિ વગેરેમાંથી ઘડાયેલા અલંકારો માટે વપરાય છે. ઋગ્વેદ સંહિતા (મંત્ર ૧-૩-૧)માં પ્રયોજાયેલ સોમા अरङ्कृता નો अरङ्कृत શબ્દ અલંકૃત શબ્દનું જ પ્રાચીન રૂપ છે. અથર્વવેદના ૧૦-૧-૨૫ મંત્રમાં स्वरङ्कृता શબ્દ એ જ અર્થમાં પ્રયોજાયો છે. એવી જ રીતે એક બીજો મંત્ર ઋગ્વેદ (૮-૯૭-૧)માં ઈન્દ્રને ભૂજા ઉપર आभरः ધારણ કરનારાં કહેવાયો છે, જેનાથી આગળ જઈને 'આભરણ' શબ્દ બન્યો.

માનવની સહજ શૃંગાર-પ્રવૃત્તિની અભિવ્યક્તિનાં માધ્યમોમાં આભૂષણનું સર્વાધિક મહત્ત્વપૂર્ણ સ્થાન છે. એના કારણે વિશ્વના બધા દેશો, જ્ઞાતિઓ અને સભ્યતાઓમાં આભૂષણો ધારણ કરવાની પરંપરા બધા વર્ગનાં લોકોમાં પ્રચલિત હતી. વિશેષ પ્રકારનાં રત્નો અને સુવર્ણ આભૂષણો ધારણ કરવાથી આયુ વધે છે, ભૂત-પ્રેતથી રક્ષા થાય છે અને રોગો દૂર રહે છે, આવી માન્યતા પણ એક કારણભૂત હતી. જેથી લોકો રુચિપૂર્વક આભૂષણો પહેરતાં હતાં. કવિ સોમેશ્વરના 'માનસોલ્લાસ' (૩-૮-૧૧૮૫)માં કહેવાયું છે કે રત્નજડિત આભૂષણો ધારણ કરવાથી રત્નોના અધિદેવતાઓ પ્રસન્ન થાય છે અને શોભા આપે છે.

પરંતુ ખરેખર આભૂષણો દેહની સુંદરતા વધારવા માટે પહેરવામાં આવે છે. મહાકવિ કાલિદાસે શ્રેષ્ઠ સૌંદર્યને જ લાક્ષણિક અર્થમાં સાચું આભૂષણ કે પ્રસાધન માનેલ છે.

आभरणस्याभरणं प्रसाधनविधेः प्रसाधनविशेषः (વિક્રમોર્વશીયમ્ ૨-૩) જો કે તેઓ પણ માને છે કે આભૂષણ અને સૌંદર્ય એકબીજાંની શોભામાં વધારો કરે છે માટે આ બંનેનો પરસ્પર भूषणभूष्य-भाव સંબંધ રહેલો છે. अन्योन्यशोभाजननाद् बभूव साधारणो भूषणभूष्य भावः (કુમારસંભવમ્ ૧-૪૨)

વરાહમિહિર (બૃ.સં. ૭૪-૨) સ્પષ્ટ રીતે આભૂષણ કરતાં નારી-સૌંદર્યને વધુ મહત્ત્વ આપે છે, જેના અંગસંગથી આભૂષણો 'આભૂષણ' થવા યોગ્ય બને છે, નહિતર તેનું કોઈ મહત્ત્વ નથી. રત્નો વનિતાને શણગારે છે, પણ રત્નોનો ચળકાટ સ્ત્રીને શોભાવતો નથી, કારણ કે આભૂષણ વગરની વનિતા ચિત્તને આકર્ષે છે, પણ નારીના અંગસંગ વગર રત્નો આકર્ષતાં નથી.

તૈત્તિરીય બ્રાહ્મણ (૨-૩-૧૦-૨)માં अलङ्कार શબ્દ સ્પષ્ટપણે આભૂષણ માટે પ્રયોગમાં લેવાયો છે. આભૂષણાં બે પ્રકારનાં બતાવાયાં છે : (૧) સમ્ભાર. (૨) બંધનીય સમ્ભાર એટલે એવાં આભૂષણો કે જે ઉપરથી પહેરી શકાય. બંધનીય એટલે જે શરીરના અંગો ઉપર બાંધીને ધારણ કરવાનાં હોય છે (શતપથ બ્રા.૩-૩-૨-૨; ૯-૭-૧-૭). સૂત્રગ્રંથોમાં એક ત્રીજો પ્રકાર 'ચિત્રા' પ્રાપ્ત થાય છે. પારસ્કર ગૃહ્યસૂત્ર, આશ્વલાયન શ્રૌતસૂત્ર તથા આપસ્તમ્બ ગૃહ્યસૂત્રના મંત્રોમાં 'ચિત્ર' શબ્દ કદાચ અલંકારોનો સૂચક હોવાનું મનાયું છે. જેમાં જુદા જુદા રંગના



પ્રાચીન ભારતનાં આભૂષણો (તક્ષશિલા)



પ્રાચીન ભારતનાં આભૂષણો (ભારહુત અને અન્ય)

રત્નકણો જડેલા રહેતા હતા. ચિત્રા એટલે મીનાકારી કરેલ આભૂષણ હોવું જોઈએ.

ભરતમુનિએ (ના.શા. ૨૩-૧૩-૧૪) આભૂષણોને ચાર વિભાગમાં વહેંચ્યા છે. (૧) આવેધ્ય : જે શરીરનાં અંગોને વીંધીને પહેરવામાં આવે છે, જેમ કે કાનનાકનાં ઘરેણાં ચૂની, કુંડલ વગેરે.

(૨) બંધનીય : જે અંગ વિશેષ ઉપર બાંધવામાં આવે છે, જેમ કે કંદોરો, બાજુબંધ વગેરે.

(૩) પ્રક્ષેપ્ય : જેમાં શરીરનું અંગ પરોવીને ધારણ કરવામાં આવે છે, જેમ કે ઝાંઝર, વલય.

(૪) આરોપ્ય : જે શરીરમાં ઉપરથી પહેરવામાં આવે છે. જાત જાતના હાર, મંગલસૂત્ર વગેરે.


ભરતમુનિએ અલંકારોના પ્રમાણ તથા સ્વરૂપ માટે વિશ્વકર્મા રચિત આગમનો ઉલ્લેખ કર્યો છે, જે આજે અપ્રાપ્ય છે. ભરતનું કહેવું છે કે નાટ્યમાં રત્નયુક્ત આભૂષણ શરીરનાં યોગ્ય સ્થાનો પર ક્રમ પ્રમાણે ધારણ કરવાથી જ અંગોની શોભા વધારે છે. એમણે દેવયોનિનાં સ્ત્રીપાત્રો માટે વિશિષ્ટ પ્રકારના અલંકારોનું વિધાન કર્યું છે, જેમ કે વિદ્યાધરીઓ માટે મૌક્તિક અલંકાર, અપ્સરાઓ માટે રત્નજડિત તથા અન્ય માટે મણિમણ્ડિત આભૂષણ હોવાં જોઈએ. સ્ત્રીઓ માટે દેશાનુસારી અલંકાર ધારણ કરવા જ યોગ્ય ગણાય છે.

અમરકોશ (૨-૬-૧૦૧-૧૦૨) આભૂષણ માટે અલંકાર, આભરણ, પરિષ્કાર, વિભૂષણ તથા મંડન જેવા શબ્દો આપેલા છે. આભૂષણોની યાદી મસ્તકના મુકુટથી શરૂ થઈ પગની આંગળીઓ પર પૂરી થાય છે. આ પ્રકારે આપાદ મસ્તક આભૂષણોનાં પ્રાચીન કાળમાં નામ અને પર્યાય જાણવા માટે અમરકોશ એક પ્રામાણિક શબ્દકોશ છે.

નાટ્યશાસ્ત્ર અને અમરકોશમાં દર્શાવેલ આભૂષણની યાદીને વર્ગીકરણની દૃષ્ટિએ નીચે મુજબના વર્ગોમાં વહેંચી શકાય છે :

(૧) શિરોભૂષણ, (૨) કર્ણાભૂષણ, (૩) નાસાભૂષણ, (૪) કંઠાભૂષણ, (૫) બાહુભૂષણ, (૬) મણિબંધભૂષણ, (૭) હસ્તભૂષણ, (૮) કટિભૂષણ, (૯) પાદ-ગુલ્ફભૂષણ.

આ પ્રસંગે એ યાદ રાખવું જોઈએ કે શૃંગારની સાથે સામાન્યતઃ ૧૨ આભરણોની માન્યતા પ્રચલિત રહી છે. આ આભરણ મુખ્યતઃ સુવર્ણમાંથી બનેલ હોવાથી શુભ માનવામાં આવે છે. વૈદિક યુગમાં જ આ વિશ્વાસ પ્રચલિત થઈ ગયો હતો કે સુવર્ણ ધારણ કરનારને રાક્ષસ, પિશાચ વગેરે હેરાન કરતા નથી, કેમ કે એ દેવતાઓએ ઉત્પન્ન કરેલ પ્રથમ તેજ છે. તેથી જે સુવર્ણાલંકાર ધારણ કરે છે તે દેવલોકમાં દીર્ઘકાલ સુધી રહે છે તથા આ લોકમાં પોતાના આયુષ્યની વૃદ્ધિ કરે છે. અથર્વવેદ (૫-૨૮-૧) અનુસાર સુવર્ણ દ્યુલોકના ક્રોધથી, ચાંદી કુપિત થયેલા મધ્યલોકથી તથા પોલાદ (અયસ્) ભૂલોકનાં કષ્ટોથી મનુષ્યની રક્ષા કરે છે. એમાં વિવિધ રત્નો, મણિ અને મોતીઓનું કલાત્મક જડતર કરવામાં આવતું હતું. સુવર્ણ સિવાય ચાંદી, કાંસુ વગેરે ધાતુઓનાં આભૂષણ પણ બનાવવામાં આવતાં હતાં. પ્રાચીનકાળમાં રાજા જ નહીં, સામાન્ય જન પણ આભૂષણપ્રિય હતાં. દેવ પ્રતિમાઓમાં મુકુટ, કુંડલ, કંઠહાર, કેયૂર, કટક વગેરે ઉપસાવવામાં આવ્યાં છે (ના.શા. ૨૩-૧૯-૨૧). નારીદેહ તો આભૂષણોના નખ-શિખ શૃંગારથી વધુ શોભી ઊઠે છે. સુવર્ણમાંથી બનેલ તથા વિવિધ રત્નોથી જડિત અલંકાર વૈભવનું પ્રતીક જ નહિ, પણ સુંદરતાને વધારનારું સાધન પણ હતું. અને આયુ, કાંતિ, પુષ્ટિ તથા જય



પ્રાચીન ભારતનાં આભૂષણો (રાજસ્થાન, મધ્ય પ્રદેશ અને અન્ય)

અપાવનાર હોવાને લઈને માંગલિક પણ માનવામાં આવતું હતું.

'અંગવિજ્જા' નામના જૈનગ્રંથમાં પદાર્થની દૃષ્ટિએ આભૂષણોના ત્રણ પ્રકાર બતાવ્યા છે : (૧) પાણિજોણિય-પ્રાણીયોનિક : જે પ્રાણીઓનાં શરીરના કોઈ પણ ભાગમાંથી બનાવાતાં હતાં. જેમ કે, શંખ, મોતી, હાથીદાંત, શિંગડું, હાડકાં વગેરે (૨) મૂલજોણિય-મૂળયોનિક : જે કાષ્ઠ, પુષ્પ, ફળ, પત્ર, મૂળ વગેરેમાંથી બનાવી ધારણ કરવામાં આવતાં. (૩) ધાતુજોણિય-ધાતુયોનિક. જે સોનુ, ચાંદી, તાંબુ, લોખંડ વગેરેમાંથી બનતાં. આમાંથી પ્રથમ પ્રાણીયોનિક આભૂષણ સભ્યતાના આદિકાલથી આજ સુધી પ્રચલિત છે. પ્રકૃતિ-પ્રદત્ત હોવાને લીધે આદિમયુગમાં એ સહેલાઈથી મેળવી શકાતાં. જો કે એને ધારણ કરવાની શૈલી અકૃત્રિમ રહી હશે. પરંતુ પછીથી એના નિર્માણમાં કલાત્મક અને માંગલ્ય દૃષ્ટિનું મિશ્રણ થતાં એનું સ્વરૂપ પણ વિશિષ્ટ થતું ગયું. અથર્વવેદ (૩-૨૨-૧)માં કહેવાયું છે કે હાથી-દાંત ધારણ કરવાથી સમગ્ર સંસારમાં આદિત્યના તેજ જેવું તેજ અને યશ ફેલાય છે. આ પ્રકારે શંખને પાપ-નિવારક બતાવતાં કહ્યું છે કે, શંખ વાયુથી ઉત્પન્ન થયેલ છે, અંતરિક્ષથી ઊતરેલ છે, એની જ્યોતિ વિદ્યુતના જેવી છે તથા તે મુક્તા (મોતી) અને હિરણ્યને ઉત્પન્ન કરનાર છે.

અથર્વવેદ (૧૯-૩૬-૨)માં પુરુષના મુકુટ પર શિંગડું બાંધવાનો ઉલ્લેખ છે જે રાક્ષસ-રાક્ષસીઓના આક્રમણ અને યક્ષ્માના પ્રકોપથી બચાવે છે. પ્રારંભમાં શિગડું વાસ્તવિક પશુ-શિંગ હતાં. પરંતુ કાલાન્તરે ધાતુનિર્મિત હિરણ્ય-શૃંગ થવા લાગ્યાં. હાથીદાંત બહુમૂલ્ય પદાર્થ હોવાથી કેવળ સમૃદ્ધ જનોના જ ઉપયોગમાં આવતા રહ્યા છે.

'સુહૃદયલીલા'માં રાજાનક રૂપ્યકે સાત પ્રકાર (શ્રેણી)ના અલકારોની ચર્ચા કરી છે. એમાંથી રત્ન અને હેમમાંથી બનાવેલ અલંકારની જ ચર્ચા કરી છે. રત્ન અને મણિમુક્તા વગેરે પણ સુવર્ણનો આધાર લઈને જ અલંકરણ બની શકે છે. તેથી પ્રાચીનકાલથી સુવર્ણ પોતાના શ્રેષ્ઠ વર્ણને કારણે વિશેષ લોકપ્રિય અને સામાન્ય ધાતુ છે. વૈદિકયુગથી જ હિરણ્ય નામથી સુવર્ણની પ્રતિષ્ઠા થઈ ગઈ હતી. કાલિદાસના ગ્રંથોમાં સુવર્ણ, કનક, શાતકુમ્ભ, જાતરૂપ, સ્વર્ણ, હિરણ્ય, કાંચન વગેરે નામ આવે છે. કૌટિલ્યના અર્થશાસ્ત્ર (૨-૧૪)માં જામ્બુનદ (જમ્બૂ નામની નદીમાંથી ઉત્પન્ન), શાન્તકુમ્ભ (શતકુમ્ભ પર્વતમાંથી પ્રાપ્ત,) આકરોદ્ગત તથા હાટક (ખાણમાંથી પ્રાપ્ત), વૈણવ (વેણુ પર્વતમાંથી પ્રાપ્ત, શૃંગજ અને શુક્તિજ (શિંગમાંથી કે શુક્તિમાંથી), જાતરૂપ (જાતરૂપ પર્વતમાંથી ઉત્પન્ન શુદ્ધ સોનું) અને રસવિદ્ધ (વિભિન્ન રસોમાંથી બનાવેલ) પ્રકારના સ્વર્ણોની ચર્ચા કરી છે. વરાહમિહિર અને બૃહત્સંહિતામાં સુવર્ણના આ નવ પ્રકારોનું વર્ણન કર્યું છે. આ બધા પ્રકારના સ્વર્ણોનો ઉપયોગ આભૂષણ બનાવવા માટે થતો હતો. અમરકોશ (૨-૯-૯૪-૯૬)માં સ્વર્ણનાં ૧૯ નામ આવે છે જેનાથી સ્પષ્ટ થાય છે કે એ યુગ સુધી સ્વર્ણનાં બધાં નામ સમાનાર્થક માનવામાં આવતાં હતાં. □

પ્રસંગકથા

— વિનોદ ભટ્ટ


કહેવાય છે કે અમદાવાદના 'વીજળીઘર' પર શરૂઆતમાં જે બોર્ડ મૂકવામાં આવેલું તેમાં 'વીજળીઘર'ની જોડણી 'વિજળીઘર' લખાઈ હતી. આથી જોકે વીજળીઘરવાળાની દૃષ્ટિએ વૉલ્ટેજમાં કશો ફરક નહોતો પડતો, પણ આ ખોટી જોડણી વાંચતાં નગીનદાસ પારેખની આંખમાં કાંકરી ખૂંચ્યા જેવી પીડા થતી, એટલે નગીનભાઈએ રોજનું એક પોસ્ટકાર્ડ લખવા માંડ્યું. પોસ્ટકાર્ડ્ઝના મારાથી હારીને, આ પત્રો બંધ થાય એ વાસ્તે જ 'વીજળીઘર'ની જોડણી સુધારી દેવામાં આવી હતી.

•

એક જમાનાના વિદ્વાન - બૃહદ્ ગુજરાતી વ્યાકરણના કર્તા - કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદીના સાચી જોડણીના આગ્રહે એક મુરતિયાનાં લગ્ન આઠ દિવસ પાછાં ઠેલાયેલાં. વાત એવી બની હતી કે તેમના એક શિષ્યનો પુત્ર તેમના હાથ નીચે ભણે, તેનાં લગ્ન લેવાનાં હતાં. લગ્નનું મુહૂર્ત પણ નીકળી ચૂક્યું હતું. આ છોકરાના બાપે ત્રિવેદીસાહેબ પર ચિઠ્ઠી મોકલી કે કોઈ પણ હિસાબે મારા બચુને મોકલી આપો, લગ્નનું મુહૂર્ત વીતી જાય છે. ચિઠ્ઠી વાંચીને ત્રિવેદીસાહેબે બચુને હાજર થવા ફરમાન કાઢ્યું. કોઈ વિદ્યાર્થીએ ત્રિવેદીસાહેબનો સંદેશો પહોંચાડ્યો. કોણ જાણે શુંય ગુનાસર સાહેબ બોલાવતા હશે તેની કલ્પના કરતાં, ડરનાં ડરતાં બચુએ ચબરકી મોકલી : 'હમણાં તો દુધ લેવા જઉં છું.' ચબરકી વાંચતાં જ ત્રિવેદીસાહેબનો પિત્તો ગયો. 'બાફ્યું. સાલાએ સાવ બાફ્યું.' કહી બચુ આવ્યો ત્યારે ત્રિવેદીસાહેબે 'દૂધ'ની જોડણી ખોટી લખવા માટે તેને સળંગ આઠ દિવસ 'દૂધ' શબ્દ ઈમ્પોઝિશન તરીકે લખવાની સજા કરેલી.

ચેસ-કૉર્નર : કોયડો-૧૦

કાળું



સફેદ

સફેદ મહોરાની ચાલ અને કાળા રાજાને બે ચાલમાં મહાત કરવાનો. **(white to play and mate in two moves)**

મહોરાની ગોઠવણી શબ્દોમાં નીચે મુજબ છે :

સફેદ : **KH1, QF3, BF1, BE1.**

કાળું : **KH4, RH8, P-F6, P-H5**

આ કોયડાનો ઉકેલ આગામી પંદરમી તારીખ સુધીમાં પહોંચે તે રીતે લેખિકાના સરનામે — અર્પી શાહ, ૧૦, મંગલમ્ સોસાયટી, ભગવાન નગરનો ટેકરો, પાલડી, અમદાવાદ ૩૮૦૦૦૭ (**e-mail - shaharpi@hotmail.com**) મોકલી આપવા વાચકોને નિમંત્રણ છે.

જવાબમાં માત્ર ઉકેલ દર્શાવવાનો છે. કોયડાની ચર્ચા કરવાની જરૂર નથી. સાચો ઉકેલ મોકલનારનાં નામ નવેમ્બર મહિનાના 'કુમાર'ના અંકમાં પ્રકટ કરવામાં આવશે.

•

'કુમાર'ના જુલાઈ ૨૦૦૧ના અંકમાં આવેલા કોયડા નં - ૮નો ઉકેલ ઘણો અઘરો રહ્યો જણાય છે. ઘણા બધા મિત્રોએ પ્રયત્ન કર્યો છે, પરન્તુ સાચો જવાબ માત્ર એક જ વાચક આપી શક્યા છે.

સફેદ	કાળું
(૧) **Rfa8**	
- જો (૧)—	**Kb6**
(૨) **Rb4#**	
- જો (૧)—	**P-b6**
(૨) **Qd3#**	
- જો (૧)—	**B** ગમે ત્યાં ચાલે
(૨) **R8a5#**	

આ વખતે સાચો જવાબ આપનાર વાચક મિત્રનું નામ : (૧) ઝેડ.એલ. ઝાલાવાડિયા (અમદાવાદ)

જુલાઈ અંકમાં છપાયેલ કોયડા નં ૯ના ઉકેલમાં **Nd6#**ની જગ્યાએ **Na6#** છપાયેલ છે તે સુધારીને વાંચવા વિનંતી.

ઘણા વાચકમિત્રો જણાવે છે કે તેમના જવાબ સાચા હોવા છતાં પણ તેમનાં નામ 'કુમાર'માં પ્રગટ કરવામાં નથી આવ્યાં. ઉકેલ પંદરમી તારીખ સુધીમાં પહોંચાડવાનો છે. ત્યાર બાદ આવેલ સાચા ઉકેલ મોકલનાર વાચકમિત્રોનાં નામો માટે રાહ જોવાનું શક્ય નથી. જે વાચકમિત્રોના જવાબો ૧૫મી તારીખ સુધીમાં આવી જાય છે તેમનાં નામો અવશ્ય પ્રગટ કરવામાં આવે છે.

-અર્પી શાહ

ઈતિહાસધારા

અશોક હર્ષ

ઈ. ૧૮૫૭ના સ્વાતંત્ર્યસંગ્રામમાં જે કેટલાક રાજવીઓએ ભાગ લીધેલો તેમાં રાજા મર્દનસિંહે મોખરાનો ભાગ લીધેલો. ઓરછાના રાજવંશમાંથી ઊતરી આવેલા મર્દનસિંહ બાણપુર ચંદેરીના રાજવી હતા. ઓરછાની રાણીએ તેમને ટીકમગઢથી પત્ર લખીને બાદશાહી ફરમાનની યાદ આપતાં પત્રના હાંસિયામાં સંગ્રામ માટેની નિશ્ચિત તારીખ પણ લખેલી. મર્દનસિંહે આ પરથી સ્વાતંત્ર્યસંગ્રામમાં સામેલ થવા જે જે દેશી રાજકર્તાઓને પત્રો લખેલા તેમાં એક પત્ર ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ પર પણ લખેલો, અને લક્ષ્મીબાઈએ મર્દનસિંહ સાથે મળી દેશમાંથી અંગ્રેજોને હાંકી કાઢવા કમર કસી.

રાજા મર્દનસિંહે સૌપ્રથમ તો અંગ્રેજોએ લઈ લીધેલ ચંદેરી પર આક્રમણ કરી તે પાછું લઈ લીધું. ત્યાં સાગર મુકામેની લશ્કરી ટુકડીએ અંગ્રેજી હકૂમત સામે વિદ્રોહનો ઝંડો ફરકાવ્યાના સમાચાર મળતાં તેમણે સાગર પ્રતિ પ્રયાણ કર્યું. રસ્તે ત્રણ સ્થળે તેમણે અંગ્રેજ સેનાનો પરાભવ કરતાં તેમની ખ્યાતિ વધી, તેમની સેનાનો ઉત્સાહ પણ વધ્યો અને તેમાં નવી ભરતી શરૂ થઈ. તેમને જાણ થવા પામી કે કેટલાક વિદ્રોહીઓએ અંગ્રેજ સ્ત્રીઓને કેદ કરી છે એટલે પોતાની ફોજ મોકલીને એ તમામ સ્ત્રીઓને મુક્ત કરાવી તેમને તેમનાં પરિવારમાં મોકલાવી આપી. પોતાના ક્ષાત્રધર્મને અનુસરી તેમણે પોતાના હાથ નીચેના સમગ્ર પ્રદેશમાં એવો ઢંઢેરો પીટાવ્યો કે, ભાગતા ને ભયભીત અંગ્રેજો કે તેમની સ્ત્રીઓને જે કોઈ સતાવશે તેને તોપના મોંએ બાંધીને ઉડાવી દેવામાં આવશે.

દરમિયાન અંગ્રેજોએ સરહ્યુ રોઝની સરદારી નીચે સહતગઢ જીતી લીધું. ત્યાંથી આગળ વધતાં મર્દનસિંહની સેના સાથેના મુકાબલામાં પ્રમાણમાં નાના એવા મર્દનસિંહના સૈન્યને હરાવતાં મર્દનસિંહે ત્યાંથી ઝાંસીની વાટ પકડી. સરહ્યુ રોઝે પણ લલિતપુર બાણપુર વગેરે કબજે કરીને ઝાંસીની વાટ પકડી. અંગ્રેજ સેનાએ આ રીતે મર્દનસિંહનો પીછો પકડતાં તે શાહગઢના બખતવલીને ત્યાં રોકાઈ ગયો અને બંને ભવિષ્યની યોજના વિચારવા માંડ્યા. પરંતુ સર હ્યુ રોઝ સૈન્ય સાથે ત્યાં પણ આવી પહોંચતાં બંને ત્યાંથી દતિયા ચાલ્યા ગયા, ત્યાંની રાણી વિજયકુંવરે બંનેને માનભેર આશ્રય આપ્યો.

પરંતુ અંગ્રેજ સેના એમનો પીછો ન છોડતાં એમની પાછળ પાછળ તે દતિયા રાજ્યની સરહદ લગી આવી પહોંચતાં બંને રાજવી ગ્વાલિયર તરફ નાઠા. અંગ્રેજ સેના પણ એ તરફ આગળ વધી અને છેવટે બંનેને ગિરફતાર કરી લીધા અને લાહોર મોકલી આપ્યા.

ઈ. ૧૮૪૨માં ગાદીએ આવેલા મર્દનસિંહે અંગ્રેજોએ એની પાસેથી લઈ લીધેલું ચંદેરી ૧૮૫૭માં પાછું જીતી લીધેલું પણ તે માત્ર ૯ માસ સુધી જ એને કબજે રહેલું. લાહોરથી તેમને મથુરા મોકલી આપીને ત્યાં જ રહેવાનું ફરમાવવામાં આવ્યું. અને તેમનો તમામ મુલક ખાલસા કરી મહિને રૂપિયા એક હજારનું પેન્શન બાંધી આપવામાં આવ્યું. બુંદેલખંડમાં ફરી પગ મૂકવાની તેમને મનાઈ ફરમાવવામાં આવી. તેમણે મથુરા-વૃન્દાવન માર્ગ પરની એક વૃક્ષકુંજમાં પોતાનું નિવાસસ્થાન ઊભું કરેલું, અને કુંજમાં જ ઈ. ૧૮૭૯ના જુલાઈની ૨૨મીએ તેમણે આ જગતની વિદાય લીધી. ❐

આથમતાં અજવાળાં - ૧૦

અણુજો

ભગીરથ બ્રહ્મભટ્ટ

'અણુજો' એ 'અનુયોગ' શબ્દમાંથી ઊતરી આવેલો એક બોલી-પ્રયોગ છે. શહેરના નોકરિયાતોને રવિવારની રજા હોય છે કે બીજા જાહેર તહેવારોમાં પણ તેમને રજા મળતી હોય છે, પણ ગામડાનાં માણસો, ગામડાના કારીગરો, ગામડાના કૃષિકોને પોતાની ભવભવાઈમાંથી મુક્તિ ક્યારે મળે ?

સામાન્ય રીતે કોઈ ખેડૂતને, મજૂરને, કારીગરને રજા હોતી જ નથી. પરંતુ આપણા દેશમાં આવા વર્ગ માટે મોટેભાગે ભાદરવા મહિનામાં બેચાર દિવસ છૂટ રાખવાની એક વિશિષ્ટ પરંપરા ગામડામાં ઊભી કરવામાં આવી છે. પરિણામે એ દિવસો દરમિયાન કારીગરો કામે જતા નથી. કૃષિકો કામ કરતા નથી. મુક્તિ મેળવે : નિરાંત રાખે છે. માણસો અને જનાવરોને પોરો ખાવાનો દિવસ એટલે 'અણુજો'. આ દિવસોમાં કોઈ માણસ મજૂરીએ ન જાય. એ કામ ન કરે તેમ છતાં એનો નિર્વાહ ચાલે જેને ત્યાં દૂધાળાં ઢોર હોય એનું દૂધ પણ મેળવવાનું નહિ. વેચવાનું નહિ, ગામમાં જેને ત્યાં ભેંસ ન હોય એવા પરિવારોને મફત વહેંચી દેવાનું. પરિણામે જેની પાસે દૂધ ન હોય એ માણસોનો નિર્વાહ ચાલ્યા કરે. કામ ન કરવું એવી પ્રથા શા માટે ઊભી થઈ હશે ? ખરેખર તો આખા વર્ષનો પોરો ખાવાનો એ સમય છે.

ગામડાની સ્ત્રીઓ કેટકેટલી મજૂરી કરે છે ? એમને ક્યારે નવરાશ મળે ? સવારે સૂરજ ઊગ્યા પૂર્વે એમની તનતોડ મહેનત પ્રારંભાય છે અને સૂવા ટાણે પણ એ ક્યાં નવરાશ મેળવે છે ? કચરા, વાસણ, ઢોરઢાંખર, છાણ-વાસીદાં, રસોઈ, દળવું-ખાંડવું, પાણી ખેંચવું, પાણી લાવવું, ખાણ બાફવું, ઘાસ લાવવું, ઢોરને સાચવવાં, છોકરાં સાચવવાં, પરિવાર સાચવવો, વારતહેવારો પ્રમાણે જુદી જુદી વાનગીઓ બનાવવી, આવું લિસ્ટ તો ઘણું થઈ શકે. ત્યારે પ્રશ્ન થાય, કે બેહેનોને બહાર જવાનું તો ક્યારેય મળે જ નહિ. ચાર દીવાલો વચ્ચે નારીસમાજ કંટાળી જાય. આ કંટાળો ઓછો કરવા અણુજો એક આયોજનનો ભાગ બનીને આવે છે. અણુજાને કેટલાક લોકો બીજા કોઈ નામે પણ ઓળખતાં હશે. ઉત્તર ગુજરાતમાં કેટલેક ઠેકાણે હમો કે હકતો પણ કહે છે.

અમારા ગામમાં સાદ પડાવવામાં આવે. એ સાદને 'બ્રહ્મવાક્ય'માની બીજા દિવસથી સર્વે અણુજો પાડે. આવા અણુજા બે-ત્રણ દિવસના હોય. મોટે ભાગે ભાદરવા મહિનામાં પડે. ખૂબ વરસાદ હોય, કામ પણ પ્રમાણમાં થોડું ઓછું હોય, એટલે રાહત મેળવવાની મોકળાશ વધારે મળે. અણુજો બધાં લોકો પાળે એ આશયથી એને ધર્મ સાથે જોડી દેવામાં આવ્યો છે. ગામ ઉપર કોઈ આફત હોય, માતાજી પ્રસન્ન રહે એટલે અણુજો તો પાળવો પડે એવું લોકો માને. આમ, અણુજો એ શક્તિસંપ્રદાયની એક પરંપરા બન્યો છે. અને અણુજાને દિવસે વસવાયાંને ભરપેટ ખાવાનું અપાય. અણુજાના સાદ પાડનારને દાણા અપાય. સાદ પાડનાર મોટે ભાગે ગામનો અંત્યજ હોય. એ સાદ પાડવા નીકળે એટલે છોકરાં એની પાછળ ટોળે વળે.

અણુજાના દિવસોમાં ગામેગામની નોખીનોખી પ્રણાલિઓ જોવા મળે. કોઈ ગામમાં માત્ર પુરુષો કામ કરે, કોઈ ગામમાં બેત્રણ દિવસના અણુજા હોય, કોઈ ગામમાં ચાર દિવસના પણ હોય. કોઈ ગામમાં સ્ત્રીઓ છાણ ન ભરે, ભેંસોનું છાણ પાવડાથી છેટે ધકેલી રાખે અને એ ત્રણ ચાર દિવસનું છાણ ઘરને આંગણે એકઠું થાય. અણુજો છૂટ્યા પછી એ કામો આટોપાતાં.

અણુજાના દિવસે કોઈને ત્યાં ઉઘરાણી ન થાય. એ દિવસે કશું કામ ન થાય. રોજિંદાં કામોમાં એક પ્રકારનો હમો રાખવાનો હોય છે. નાણાના વ્યવહારો જ બંધ. સુથાર, લુહારની ગામની દુકાન, હજામની હજામત, દરજીનું સિલાઈકામ બધામાં રજા એટલે રજા. અણુજો આમ તો થાક ખાઈ ફરી તાજામાજા થઈ કામે વળવા માટેનું ઊંજણ છે, પણ એને પ્રણાલિનો એક ભાગ બનાવી દેવામાં આવે છે ત્યારે કેવી વિચિત્રતા ઊભી થાય છે ?

આજે તો 'અણુજો' શબ્દનો અર્થ પણ ગામડાના છોકરાને કદાચ નહિ આવડતો હોય !

'અણુજો'માં સૌ નવરા પડી એકમેકને મળે એ આશય પણ રહેલો છે.

આજે તો 'અણુજો' એ શું છે એની વાત શહેરના માનવીને સમજાવવી પડે. નવા વિદ્યાર્થીને એનો અર્થ પણ આવડે નહિ ત્યાં એનાં મર્મ તો એ ક્યાંથી સમજી શકવાનો ? અણુજાની પાછળ રાહત મેળવવાની-આપવાની ભાવના પડી છે. કામનો થાક ઓછો કરવાનો ભાવ રહેલો છે. ગ્રામજનોને પરસ્પર સહકાર આપવાનો મર્મ એમાં રહેલો છે. એટલે અણુજો એ જરૂરી પર્વ ગણાવી શકાય. અણુજાનું આ રીતે સાંસ્કૃતિક મુલ્ય રહેલું છે.

અણુજાના દિવસોમાં સ્ત્રીપુરુષોને પોતાનાં કામધંધામાંથી રાહત મળે એ તો ખરું જ, પણ કારીગરવર્ગ ઉપરાંત બળદોને પણ રાહત મળે. ફરજિયાત રાહત, બળદો અબોલ જીવ કહેવાય. એમની પાસેથી અઢળક કામ લેતા ખેડૂતો આ રીતે બળદોને આરામ આપે છે. ભેંસો દૂધ આપે એ દૂધ આ દિવસોમાં એનાં સંતાનો, પાડા-પાડી, વધારે ધાવે અને તંદુરસ્ત બને. ગાય હોય તો ગાયની વાછડી-વાછડાને વધારે દૂધ પીવડાવાય. ભેંસ હોય તો પાડી-પાડાં ધાવે ત્હોય જે દૂધ વધે એ ઘરમાં છોકરાં પૂરતુ રાખી, જેને ત્યાં ભેંસ ન હોય એ બધાંને ત્યાં થોડું થોડું પહોંચાડાય. નાતજાતના ભેદભાવ વગર, ગરીબ-તવંગરના ભેદ વગર સૌને દૂધ વહેંચાય. દૂધની જાણે નદીઓ. દૂધનું ટીપુંય વેચાય તો નહિ; મેળવાય પણ નહિ, ન દહીં બનાવાય. લોકો દૂધ-પાક, પેંડા, ખીર બનાવી બનાવીને નિરાંતે ખાય. ગરીબોનેય એનો સ્વાદ ચાખવા મળે. આમ, અણુજા વખતે દૂધનો ભારે મહિમા.

અણુજાના દિવસોમાં રસોઈ પણ સારી થાય ગામનાં વસવાયાંને એ દિવસે રાજી રખાય. અણુજાનો આનંદ સૌથી ઝાઝો સ્ત્રીઓને. હાશ... નિરાંતે બેસીને વાતો કરવાનો વખત. અણુજાના પ્રારંભથી એ તો રાજીની રેડ હોય જ. બાળકોય ખુશ. અણુજો છૂટે પછી કામના ઢગેઢગનો રઘવાટ પણ એટલો જ. અણુજો એક રીતે સમાજવાદી વિચારસરણીનાં પ્રત્યક્ષ અનુભવ અને આમ ગામમાં સમાજવાદનો માહોલ સર્જાય. અણુજાની સાથે લોકદેવતાઓની કિંવદંતિઓ પણ જોડવામાં આવી છે. એટલે અણુજો ગામડામાં બેચાર દિવસ સુધી ચુસ્તપણે પળાય અને ગ્રામજનો પરસ્પર મોકળાશથી એકબીજાંના સંપર્કમાં આવે અને ભાઈચારાની ભાવના વધુ ને વધુ દૃઢ બને. કેવું અનોખું લોકપર્વ !

આજે જ્યારે ચોતરફ ભૌતિકવાદનો મહિમા થઈ રહ્યાં છે ત્યારે અણુજાનું મહત્ત્વ ઘટતું જાય છે, પણ શહેરી લોકોએ અણુજાના ભીતરી ભાવનો પરિચય કરવા જેવો છે, હોં ! ☐



સંગીત-ઘરાણાંની સરવાણી

ચંપકલાલ ઈ. વસાવા

ઘરાણાંઓની ઉત્પત્તિ 'વાણી'થી થયેલી છે. વાણી એટલે ગાયકોની પરંપરા. તાનસેનના પિતાશ્રી મકરંદગૌડ બ્રાહ્મણ હતા. આ ઉપરથી તાનસેનની વાણી ગૌડા અથવા ગોબરહરી કહેવાતી. દિલ્હી પાસે ડાગુર નામનું એક નાનકડું ગામ છે. ત્યાંના બ્રિજચંદ્ર નામના કલાકારની વાણી ડાગુરવાણી કહેવાતી. કેટલાક વિદ્વાનોના મત મુજબ ડાગુરવાણી સ્વામી હરિદાસની વાણી હતી. એવી જ રીતે રાજા સમોખનસિંહ નામના કલાકાર ખંડહર ગામના વતની હતા. અને તેથી તેમની વાણી ખંડહરવાણી કહેવાય છે. શ્રીચંદ નામના કલાકાર નોહારના વતની હતા. તેથી તેમની વાણી નોહાર વાણી તરીકે પ્રચલિત થઈ.

ઉપરોક્ત કુલ ચાર વાણી (ગૌડી, ડાગુર, ખંડહર અને નોહર)માંથી ઘરાણાંની ઉત્પત્તિ થઈ. આપણાં સંગીતમાં હાલ મુખ્યત્વે નીચે જણાવેલાં ઘરાણાં પ્રચલિત છે. ગોબરહરી અને ખંડહર વાણીમાંથી રામપુર ઘરાણા અને ગ્વાલિયર ઘરાણાની ઉત્પત્તિ થઈ છે. રામપુર ઘરાણામાં મહમદ અલીખાં, સાદત અલીખાં, હામિદ અલીખાં વગરે પ્રખ્યાત ગવૈયાઓ ગણાયા છે. ગ્વાલિયર ઘરાણામાં હસ્સુખાં, ઉસ્તાદ નથ્થેખાં અને તેમના પુત્ર નિસારહુસેનખાં, ફૈજ મહમદખાં પ્રખ્યાત કલાકારો ગણાયા છે.

નોહાર વાણીમાંથી આગ્રા ઘરાણાંની ઉત્પત્તિ થઈ. આગ્રા ઘરાણાનાં મુખ્ય અંગો ધ્રુપદ ધમાર અને ખયાલ છે, લગભગ છેલ્લાં ૯૦ થી ૧૧૦ વર્ષમાં આ ઘરાણાના મોટા ભાગના ગાયકોવાદકો સ્વર્ગસ્થ થયા છે. ઉસ્તાદ વજીરખાં અને તેમના પુત્ર પ્યારખાં, ફિદાહુસેનખાં, સરોદિયા, આશકઅલિખાં, બાલકૃષ્ણ બુવા, ઈચલ કરંજીકર, અઘોષબાબુ ચક્રવતી વગેરે આ ઘરાણાંના નામાંક્તિ કલાકારો ગણાયા છે.

ડાગુરવાણીમાંથી અલ્લાદિયા ઘરાણાની ઉત્પાત્તિ થઈ મનાય છે. આ ઘરાણામાં ઉ. અલ્લાદિયા ખાં, અને તેમના પુત્ર સ્વ. મજીદખાં, શ્રીમતી કેસરબાઈ વગેરે જાણીતાં કલાકારો ગણાયાં છે. ગ્વાલિયર ઘરાણામાંથી જ સ્વ. અબ્દુલકરીમખાં એ જયપુરના કિરાણા ઘરાણાંના નામાંક્તિ કલાકારો કહેવાયા છે.

ખંડહર તથા ગોબરહરી વાણીમાંથી મનરંગ ઘરાણાની ઉત્પત્તિ થઈ છે. આ ઘરાણામાં અલ્લાબંદેખાં અને ઝરૂદીનખાં નામાંકિત કલાકારો ગણાયા છે.

આગ્રા ઘરાણામાંથી જ રંગીલા ઘરાણા પ્રસિદ્ધ થયું. રમઝાનખાં 'રંગીલે' આ ઘરાણાના શોધક છે. આ ઘરાણાંમાં રમઝાનખાં રંગીલે અને તેમના પૌત્ર આફતાબે મૌસિકી, સંગીતરત્ન ઉસ્તાદ ફૈયાઝખાં પ્રખ્યાત હતા.

પતિયાળાના મહારાજા સંગીતના ઘણા જ શાખીન હતા. તેમના દરબારમાં સંગીતનાં અનેક ઉસ્તાદો રહેતા. પતિયાળા ઘરાણાના આદ્ય સંસ્થાપક કાલુખાં હતા. તેથી એમ માની શકાય કે કાલુખાં પતિયાળાના રાજગાયક હોવા જોઈએ. પતિયાળા ઘરાણામાં બાબરખાં, લાહોરના છોટે ગુલામઅલીખાં, ઉસ્તાદ આબિરહુસેનખાં વગરે પ્રખ્યાત હતા.

આ ઉપરાંત જયપુરના ઉસ્તાદ બહેરામખાંનું ઘરાણું પણ પ્રસિદ્ધ હતું. આ ઘરાણાના પ્રસિદ્ધ ગાયક નસીરૂદીનખાંનો થોડાં વર્ષો ઉપર સ્વર્ગવાસ થયો છે. બહેરામખાંના પુત્રો ઝાકીરુદીન તથા હૈદરબક્ષ આ ઘરાણાના જાણીતા ગાયકોવાદકો હતા.

રંગીલા (આગ્રા) ઘરાણાના કલાકારોમાં મુખ્ય ગાયકોમાં વલ્લભદાસ, આસદઅલી, લતાફતહુસેન, ખાદિમહુસેન ચંદ્રાબાઈ જોમ્બોલીકર, આવડાબાઈ સાંગેકર, તારાબાઈ ગંધકર, ઈન્દિરા વાડકર, શ્રીમતીબાઈ વાડકર, સરસ્વતીબાઈ ફાતપેકર, રત્નકાંત રામનાથકર, ખાં સાહેબ વિલાયતહુસેન (જે સ્વ. નથ્થનખાંના વંશજ), ઉસ્તાદ ફૈયાઝખાં, આતાહુસેનખાં, પ્રો. રામચંદ્ર એચ. બ્રહ્મભટ્ટ, રજનીકાંત દેસાઈ, ચંદ્રશેખર પંડ્યા, શ્રીકૃષ્ણનારાયણ તાંજનકર, વગેરેનો સમાવેશ કરી શકાય.

રામપુર ઘરાણાના કલાકારો : મુસ્તાકહુસેનખાં, અને તેમના બે પુત્રો ફુદાહુસેનખાં, ઈશ્ત્યાકહુસેનખાં તથા અઝમદખાં, આશ્ફાકહુસેનખાં વગેરેને મુખ્ય ગણી શકાય.

ગ્વાલિયર ઘરાણાના કલાકારો : રામભૈયા પૂછવાલે, ઉસ્તાદ નથ્થનખાં. સ્વ. પં. વિષ્ણુદિગમ્બર પલુષ્કર, સ્વ પં. નારાયણ મોરેશ્વર ખરે, સ્વ. પં. દત્તાત્રય પલુષ્કર, સ્વ. પ્રો. શંકરરાવ વ્યાસ, નારાયણરાવ વ્યાસ, સ્વ. બાલકૃષ્ણ બુવા, ઈરાલ કરંજીકર, દિનકર પંત, પં. ઓમકારનાથ ઠાકુર, વી.એ. કાગલકર વગેરે મુખ્ય હતા.

રાણા ઘરાણાના કલાકારો : સ્વ. અબ્દુલકરીમખાં, ગંગુબાઈ હંગલ, યશવંત પુરોહિત, બસૌરાજ રાજગુરુ, ફિરોજ દસ્તુર, હીરાબાઈ બરોડકર, બાલકૃષ્ણ કપિલેશ્વર, ભીમસેન જોષી, રોશન આરા બેગમ, સ્વ. સુરેશ બાબુ માને વગેરેનો સમાવેશ થઈ શકે.

સ્વામી હરિદાસજીથી માંડીને આજ પર્યંત જે સંગીત ઘરાણાંઓ અસ્તિત્વમાં આવ્યાં, એ બધાં જ ઘરાણાં ઓ આજે પણ અડીખમ ઊભાં છે. કેટલાંક ઘરાણાંઓ હજીય ગુપ્ત રહ્યાં છે. એમને પ્રકાશમાં લાવવાનું કાર્ય કઠીન જ નહિ અશક્ય છે. કારણ કે એ ઘરાણાંઓ સાચા અર્થમાં વાડા બની ગયા છે. તેથી એ વાડામાંથી એ ઘરાણાંઓ બહાર આવી શકે તેમ નથી. અને એ ઘરાણાંઓમાં સંકીર્ણ દૃષ્ટિવાળા ગુરુઓ એના વિશે કશી જ માહિતી બહાર આવવા દે એમ નથી. ❐

धारावाही બંગાળી નવલકથા

સુખનું અસુખ

મૂ.લે. વિમલ મિત્ર /અનુ. ચન્દ્રકાન્ત મહેતા

ડૉક્ટર કહેતા હતા. - રોજરોજ હમાવાર એની વાત સાંભળતો. પલટુ સેનને ઘેરથી ભોજનનો ડબ્બો આવતો ને હું મારે કામે ચાલી જતો. નર્સિંગહોમના નિયમ બહુ કડક બનાવ્યા હતા. સવારથી બધું કામ પણ મેં માથે લીધું હતું. બપોરે ચાર વાગ્યાથી દર્દીઓ આવવા માંડતા. એ ક્રમ છ વાગ્યા સુધી ચાલતો. મિસ્ટર સેને કહી રાખ્યું હતું કે કોઈ એમની ખબર કાઢવા આવે તો એમને અંદર ન આવવા દેવા. ખાસ કરીને એમની ઑફિસનાં લોકોને તેમની પાસે આવવાની મનાઈ હતી.

પલટુ સેનની ઑફિસમાં રાતદિવસ નર્સ રહેતી. એક દિવસે અને એક રાતે. એમના વારા નક્કી કરવામાં આવ્યા હતા. એક દિવસે સવારે નવ વાગે નર્સે આવીને મને કહ્યું. 'મિસ્ટર સેન તમને બોલાવે છે !'

રોજ સવારે આઠ વાગે હું નિયમિત ત્યાં જતો. આઠથી સાડાઅગિયાર સુધી એમની કહાણી સાંભળતો તે પછી પાછો ત્રણ વાગ્યાથી રાતે આઠ વાગ્યા સુધી એમની કૅબિનમાં જઈને એમની વાત સાંભળતો. એમાં ક્યારેક ગાબડું પડે તો એ મને બોલાવતા. ને કહેતા, 'કેમ આજે આવ્યા નહિ ડૉક્ટર ?'

પણ મને એમની પાસે જવાનું અને એમની વાત સાંભળવાનું ગમતું. મારી હાથ નીચેના ડૉક્ટરો પર બધો કાર્યભાર રાખી હું નિશ્ચિન્ત થતો. બધાને ખબર હતી કે અમુક સમયે હું અચૂક ત્યાં હોવાનો જ. તે દિવસે હું ગયો. એટલે તરત જ એમણે કહ્યું, 'કેમ ડૉક્ટર આજે આવ્યા નહિ ? રોગીનાં રોદણાં સાંભળવાનું કોઈને પણ ન ગમે.'

મેં કહ્યું : 'મિસ્ટર સેન ! તમે કેવી વાત કરો છો ? તમારી વાત સાંભળવી ઘણી ગમે છે. એટલે જ તો મારું કામ છોડી તમારી વાત સાંભળવા આવ્યા કરું છું. તમે બોલાવશો તોપણ આવીશ ને નહિ બોલાવો તો યે આવવાનો.'

માંદા પડે તો બધા માણસો નાના બાળક જેવા થઈ જાય છે. મેં ઑફિસના માણસો પાસેથી સાંભળ્યું હતું કે ઑફિસના પટાવાળાથી માંડીને મોટા મોટા ઑફિસરો સુધી બધા એમનાથી ડરતા. કોઈ પણ અગત્યના કામ વિના એમની પાસે જવાની હિંમત ન કરતા. ઑફિસના એમના ડેપ્યૂટી ઑફિસર વચ્ચે વચ્ચે મારી પાસે આવતા. ને એમની તબિયત વિષેના સમાચાર મેળવતા. હું એમને પૂછતો, 'તમારા સાહેબને મળવું છે ?'

ડેપ્યૂટી કહેતા, 'ના ડૉક્ટર ! સાહેબ ગુસ્સે થશે. અમારી ઑફિસમાં મેં એક નોટિસ કાઢીને જણાવ્યું છે, કે કોઈએ સાહેબને મળવું નહિ.'

મેં કહ્યું, 'એ વાત તો એમણે પણ મને કરી છે. મેં પણ નર્સિંગહોમમાં એ વાત બધાને કહી છે - નર્સથી માંડીને ડૉક્ટર સુધી.'

ડેપ્યૂટી પૂછતો. 'મારે તો એ જાણવું છે કે એમની હાલત કેમ છે ?'

હું કહેતો, 'હવે સુધરતી જાય છે. પહેલાં કરતાં સારું છે.'

ડેપ્યૂટી પૂછતો, 'કેટલા વખતમાં એમને ઘેર જવાની રજા મળશે ?'

હું કહેતો, 'ચોક્કસ સમય ન કહી શકાય. તમારા સાહેબની મરજી હોય ત્યાં સુધી અહીં રહેશે. એમની મરજી વિરુદ્ધ અમે કશું કરી શકીએ નહિ.'

ડેપ્યૂટી કહેતો, 'તો હું જાઉં છું. હું એમની ખબર કાઢવા આવ્યો હતો, એ વાત એમને કહેશો નહિ. મને એમને માટે ચિંતા રહ્યા કરે છે !'

મેં કહ્યું, 'એ તો હું સમજી શકું છું.'

ડેપ્યૂટી કહેતો : 'ના. એટલા માટે નહિ પણ સાહેબે મારી પર જે ઉપકાર કર્યો છે તે હું અને મારો ઈશ્વર જાણે છે. હું એક સામાન્ય કારકુન, મદ્રાસમાં હતો. સાહેબ ત્યારે મદ્રાસ આવતા. એક દિવસ મારું કામ જોઈને એટલા ખુશ થયા કે મને ત્યાંથી અહીં પોતાની ઑફિસમાં લઈ આવ્યા. એક સામાન્ય કારકુનમાંથી એમણે અહીં મને મહિને છ હજારનો ડેપ્યૂટી નીમ્યો. એમનો ઉપકાર તો જિંદગીભર ભુલાય એમ નથી.' એમ કહીને એ ચાલ્યો ગયો.

એક વાર પલટુ સેને મને કહ્યું : 'તમારા નર્સિંગહોમમાં રહેવાનું મને બહુ ગમે છે. મને એમ થાય છે કે આટલા દિવસમાં હું માણસ બની શક્યો છું. પૂર્ણ માનવી.'

મેં કહ્યું હતું, 'કેમ, અત્યારસુધી તમે સ્વાધીન નહોતા ?' પલટુ સેને જવાબ આપ્યો : 'હું અહીં આવ્યો તે પહેલાં ક્યારેય સ્વાધીન નહોતો. હું કંપનીનો માલિક નહોતો, કંપની મારી માલિક હતી. કંપનીનું જમાખાતું જેથી સધ્ધર બને, કંપનીના શેરહોલ્ડરોનો સ્વાર્થ પૂરો સંતોષાય જેથી કંપનીનો વધુ વિકાસ થાય. કંપનીનો નફો વધતો રહે એ માટે મારે સતત મથવું પડતું. પણ કંપનીનો જેટલો વિચાર હું કર્યા કરતો, તેટલું જીવન મને રસ્તા પર ઉશેટી દેતું. જિંદગીએ મને દગો દીધો. ખરું કહું તો અત્યાર સુધી મેં કંપનીની ગુલામગીરી જ કરી છે, અને જીવને મને નીચે રસ્તા પર ફેંકી દીધો છે.'

મેં કહ્યું, 'આવી વાત કેમ કરો છો ? એમ તો હું પણ નર્સિંગહોમ ચલાવું છું. તો તમે એમ કહેશો કે હું નર્સિંગહોમની ગુલામી કરું છું ?'

પલટુ સેને કહ્યું, 'તમારી વાત જુદી છે ડૉક્ટર. તમારે કુટુંબ છે. છોકરાંછૈયાં છે જેમની તરફ તમને પ્રેમ છે. દિવસમાંથી કેટલોક સમય તમે એમને માટે ફાળવો છો. પણ મારે તો એવું નથી. કારણ હું જે કુટુંબની સંભાળ લઉં છું તે મારાં કુટુંબ નથી. મારાં છૈયાંછોકરાં ક્યાં છે ?'

મેં કહ્યું, 'બધાંને કંઈ કુટુંબ થોડાં હોય છે ?'

પલટુ સેને કહ્યું, 'ન હોય તો કંઈ કરવાપણું હોતું નથી.' પણ જે ક્ષેત્રમાં કુટુંબ હોય છતાં નથી હોતું, જ્યાં પત્ની એ પતિને ભારરૂપ હોય તે ક્ષેત્રમાં શું ? તમારા મેડિકલ શાસ્ત્રમાં એનો કંઈ ઉકેલ છે ? ના નથી. હોત તો હું એને ઉકેલવા પ્રયત્ન કરત. બધી વાત સાંભળીને તમે સમજી શકશો કે એનો કેવો નતીજો આવ્યો !

મેં કહ્યું, 'તમે કહો, હું સાંભળું છું.'

પલટુ સેને ફરી વાત શરૂ કરી. એના વ્યક્તિગત જીવનની વાત. એમણે કહ્યું, 'તમે જાણો છો, જો એકાદ છોકરાને દત્તક લઉં તો કુટુંબમાં શાન્તિનું વાતાવરણ જામશે. પત્નીને એક રમકડું આપી હું નચિંત થઈને મારા ધંધામાં મારા સમસ્ત મનપ્રાણને પરોવી શકીશ. પહેલાં જેમ રાત-દિવસ કંપનીના કામમાં પરોવાયલો રહેતો તેમ વળી પાછો એમાં ગૂંથાઈ જઈશ.'

પણ ના. મિસ્ટર ગ્રીઅરસેન તે દિવસે શનિ થઈને મારા જીવનમાં ઘૂસ્યો. હું ઢગલેઢોળ પૈસા કમાયો એ હું કબૂલ કરું છું. પણ એથી મને

પૈસાનો જબરો નશો ચઢ્યો હતો. તે સાથે મારું જીવન, મારા ઇહકાલ પરકાલ, ભવિષ્ય, બધું જ એ સાથે કડડભૂસ થઈ ગયું. જે દિવસે મયરાડાંગાથી એ છોકરો મારા ઘરમાં આવી બેભાન જેવો થઈ ગયો તે દિવસથી મારા જીવનનો બીજો અધ્યાય શરૂ થયો.

પેલો માણસ તો પૈસા લઈને ચાલ્યો ગયો. પણ મારા મનમાં ચિન્તાએ ઘર ઘાલ્યું. પણ એ છોકરો ઘરમાં રહ્યો. તેથી કંઈ મુસીબત ઊભી નહિ થાય ને ?

ડૉક્ટર ચાલી ગયા હતા. મેં મારી પત્નીને પૂછ્યું, 'છોકરો કેવો લાગ્યો ?'

રીટાએ કહ્યું, 'એ છેવટ સુધી રહેશે ને ?' મેં કહ્યું, 'એનાં માબાપ કોઈ નથી. શા માટે નહિ રહે ?'

'માબાપ નથી તો એનું કોણ છે ?'

'એની માસી. એ સિવાય આ દુનિયામાં એનું કોઈ નથી.'

'માસી ભાણેજને આપશે ?'

'તદન ગરીબ છે... ભાણેજને ખવડાવવાના પૈસા નથી, તેથી તો આપણે ત્યાં મોકલ્યો છે. આપણે એને રાખીશું એવી આશા રાખીને.'

રીટાએ પૂછ્યું, 'એ લોકો તમને ક્યાં મળ્યા ?'

મેં કહ્યું, 'આપણે તે દિવસે મયરાડાંગા ગયાં હતાં. ગામનો જ આ છોકરો છે. એની માસીએ ગામમાં આપણે ગયા હતા, ને છોકરો શોધતા હતા તે સાંભળ્યું હશે. તે સિવાય કોઈ છોકરાને દત્તક આપવા ઇચ્છતું હોય તો આપણને જણાવવા કહ્યું હતું. અને આપણું સરનામું પણ આપ્યું હતું. એટલે એક જણ છોકરાને મારી પાસે લઈ આવ્યો હતો. એને તાવ આવ્યો છે ત્યારે એને શી રીતે મોકલું ? તું જ કહે.'

રીટાએ એકીટશે છોકરા સામે જોયાં કર્યું. થોડી વાર પછી એણે કહ્યું, 'એ આખી રાત અહીં પડ્યો રહેશે ?'

મેં કહ્યું, 'હું વીરસિંહને કહું છું કે રાતના એની પાસે રહે !'

રીટાએ કહ્યું, 'તેના કરતાં હું મારી આયાને કહું છું, એ એની પાસે રહે.'

મેં પૂછ્યું, 'તો તારી પાસે કોણ રહેશે ?'

રીટાએ કહ્યું, 'મારી પાસે કોઈએ રહેવાની જરૂર નથી.'

ત્યાર પછી કોણ જાણે એના મનમાં શું આવ્યું ને એણે પૂછ્યું, 'આની પાસે બીજું ખમીસ કે પાટલુન નથી ? કાલે સવારે એ શું પહેરશે ?'

મેં વિચાર કર્યો. એ વાત તો મારા ધ્યાનમાં આવી જ નહિ. રીટાએ કહ્યું, 'તમે હમણાં જ તમારા દરજીને ટેલિફોન કરો કે એ આવીને આનું માપ લઈ જાય અને કાલે સવારે એક ડઝન ખમીસ ને પાટલૂન સીવી લાવે.'

મને એની વાત ગમી. સવારે એને નવાં કપડાં પહેરાવીશું.

બધી વ્યવસ્થા પાકે પાયે થઈ ગઈ. રીટાની આયાને બાબલા પાસે રાખી બધી વ્યવસ્થા સમજાવી. મેં મારા દરજીને તરત જ ટેલિફોન કરી દીધો. દરજી આવ્યો. માપ લઈને ચાલ્યો ગયો. એ કહી ગયો કે આખી રાત જાગીને કપડાં સીવીને સવારે લઈ આવશે.

હું અને રીટા બધી વ્યવસ્થા કરીને ટેબલ પર જમવા બેઠાં. અમે જમતાં હતાં, ત્યારે પાસેના ઓરડામાંથી છોકરાનો ધીમો અવાજ સંભળાયો, 'માસી ક્યાં છે ? માસી ?'

આયા તેને કશું કહીને શાંત પાડે છે. જમવાનું પડતું મૂકીને અમે બન્ને એ તરફ ધસી ગયાં, બાબલાએ અમને જોયાં, પણ ઓળખી શક્યો નહિ. એ ક્યાં છે તે એની સમજમાં ન આવ્યું. એણે પૂછ્યું : 'માસી ક્યાં છે ?'

મેં કહ્યું : 'તું માસીની ચિન્તા ન કર. અમે છીએને. પાણી પીવું છે ? તરસ લાગી છે ?'

તો પણ એણે, માસી, માસી કર્યા કર્યું, 'મારી માસી ક્યાં ગઈ.' એમ ધીમે સાદે બોલતો રહ્યો.

એને શાંત કરવા મેં કહ્યું, 'આવશે, જરૂર આવશે. તું ઊંઘી જા.'

તો યે છોકરાએ કહ્યું, 'ના-માસી પાસે જવું છે.'

મેં કહ્યું, 'કેવો ડાહ્યો છોકરો છે ! તું રડ નહિ. તારી માસી અહીં જ છે. હમણાં આવશે. તું થોડી વાર ઊંઘી જા.' એમ કહીને હું ધીરેધીરે એના માથા પર હાથ ફેરવવા લાગ્યો. પણ છોકરાનું રટણ ચાલુ હતું. કહેતો હતો, 'ના. તમે ચાલી જાઓ. માસીને બોલાવો. હું માસીની જોડે સૂઈ જઈશ.'

હું મહા મુશ્કેલીમાં પડ્યો. મેં જોયું કે રીટાના મોઢા પર પણ ભારે મૂંઝવણના ભાવ હતા. એણે કહ્યું, 'મેં તમને ત્યારે જ કહ્યું હતું કે એ માસી માસી કર્યા કરશે. અહીં રહેશે નહિ. શા માટે એને અમસ્તો અહીં રાખી મૂક્યો ?'

મેં કહ્યું, 'એને સખત તાવ હતો. તો એવી દશામાં એને શી રીતે મોકલું તું જ કહે ? એથી આપણું કેવું ખરાબ લાગત ? આખું ગામ આપણું વેરી થઈ જાત.'

રીટાએ કહ્યું, 'તાવ ઊતરી જાય પછી પણ શું એ અહીં રહેવા તૈયાર થશે ?'

મેં કહ્યું, 'શરૂશરૂમાં તો જરૂર એને અડવું લાગશે, પણ પછી એ ધીમેધીમે ટેવાઈ જશે. એને અહીં ગોઠશે. વિચારી જો.'

રીટાએ કહ્યું, 'પણ એને જેની ઉપર આટલો પ્રેમ છે તે એની માસીને પણ એને માટે અનહદ પ્રેમ હશે. એ તો દીવા જેવું સ્પષ્ટ છે. એ પણ એના વગર ઘણા દિવસ રહી શકશે નહિ. એટલે એક દિવસ ફટ કરતી ભાણેજને મળવા આવી પહોંચશે.

મેં રીટાની વાતમાં અસંમતિ દર્શાવી નહિ અને કહ્યું, છોકરાની આંખ ઘેરાતી લાગે છે. જરા વારમાં પાછો સૂઈ જશે, થયું પણ તેમ જ. જોતજોતામાં એ ઊંઘી ગયો.

એને ઊંઘતો જોઈને હું રાજી થયો. તે પછી અમે ખાઈપીને પોતપોતાના શયનગૃહમાં જઈ સૂઈ ગયાં.' (ક્રમશઃ)

જાલતની અર્ધનારીશ્વરની અનુગુપ્તકાલીન પ્રતિમા

——મુનીન્દ્ર વેણીશંકર જોશી——

ભગવાન શિવ અને પાર્વતીના સંયુક્ત સ્વરૂપની કલ્પનાને સાકાર કરતી અર્ધનારીશ્વરની પ્રતિમા વિશે શિલ્પશાસ્ત્રોમાં વર્ણન મળે છે. સંભવતઃ શૈવ અને શાક્ત સંપ્રદાયના સમન્વય રૂપને પ્રકટ કરવાની ભાવના આમાં જણાય છે.

લિંગપુરાણના મતે ભગ નામના દેવી લિંગ સ્વરૂપ ભગવાન શિવની વેદિકારૂપ છે. આ લિંગ અને યોનીના સંયોજનથી સૃષ્ટિનું સર્જન થયેલ છે. અને આ સંયોજનમાંથી અર્ધનારીશ્વરની કલ્પના ઉદ્ભવી છે.[૧]

વિષ્ણુપુરાણ મુજબ બ્રહ્માની ભ્રૂકુટિ અને ક્રોધાયમાન લલાટમાંથી રુદ્રની ઉત્પત્તિ થઈ તે સ્વરૂપમાં અર્ધું અંગ પુરુષનું અને અર્ધું અંગ સ્ત્રીનું હતું.[૨]

શ્રીમદ્ ભાગવતના મતે દેવી પ્રત્યેના પ્રેમને કારણે ભગવાને પોતાનું અર્ધું શરીર પાર્વતીને આપ્યું[૩] વિષ્ણુ ધર્મોત્તરમાં પણ ગૌરીશ્વર સ્વરૂપનાં વર્ણન મળે છે.[૪]

અથર્વવેદના મતાનુસાર જે અંડમાંથી પૃથ્વીની ઉત્પત્તિ થઈ એનો પણ અડધો ભાગ પુરુષતત્ત્વ અને અડધોભાગ સ્ત્રીતત્ત્વ હતો.[૫]

કાલિકા પુરાણમાં મળતી કથા મુજબ એક વખત ભગવાન શિવની છાતી પર દેવીએ પોતાની આકૃતિનું પ્રતિબિંબ જોઈ ભ્રમવશ કોઈ બીજી સ્ત્રીની છાયા સમજી રિસાઈ ગયાં, ત્યાર બાદ શંકાનું સમાધાન થતાં સંતુષ્ટ થયાં અને બન્નેએ પોતપોતાનાં શરીરને અર્ધાઅર્ધા રૂપથી મેળવી દીધું.[૬]

અર્ધનારીશ્વરના મૂર્તિવિધાન અંગે અપરાજિત પૃચ્છા,[૭] મત્સ્યપુરાણ,[૮] વિષ્ણુધર્મોત્તર,[૯] દેવતામૂર્તિપ્રકરણ,[૧૦] વગેરેમાં વર્ણનો મળે છે. તે મુજબ જમણું અંગ ભગવાન શિવનું તથા ડાબું અંગ દેવીનું કરવાનું જણાવેલ છે. મૂર્તિના ડાબા ભાગે સ્તન, નાકમાં વાળી, કાનમાં કુંડળ, મુકુટના અર્ધા ભાગમાં માણેક અને અર્ધામાં જટાજૂટ, ડાબો દેવીનો ભાગ અલંકરણયુક્ત, જમણા બે હાથમાં ત્રિશૂળ અને માળા તથા ડાબા બેમાં કમંડળ અને દર્પણ કરવાનું જણાવેલ છે.

અર્ધનારીશ્વરની કલ્પના ગુપ્તકાલમાં શરૂ થઈ ચૂકી હતી એમ ડૉ. યુ.પી. શાહ જણાવે છે.[૧૧] ગુજરાતમાં પણ અર્ધનારીશ્વરની પૂજા પ્રાચીનકાળથી થતી હોવાનું ડૉ. વી.એચ. સોનાવણેએ પ્રસિદ્ધ કરેલ તરસંગની પ્રતિમા પરથી ફલિત થાય છે.[૧૨] દાહોદ જિલ્લા-તાલુકાના મુખ્ય મથક દાહોદથી ઇન્દોરના મુખ્ય માર્ગ પર દાહોદથી આશરે ૪ કિલોમીટર દૂર શ્રી લખેશ્વરી માતાના નવનિર્મિત મંદિરના પ્રવેશની સામેના ભાગે ઝાડ નીચે મૂકેલ પુરાવશેષોમાં ગુજરાતની શિલ્પકલાની દૃષ્ટિએ મહત્ત્વના પરંતુ કાલબળ અને માનવપ્રવૃત્તિને કારણે ઘસાયેલ, શિલ્પખંડોમાં અત્રે ચર્ચિત નોંધપાત્ર અર્ધનારીશ્વરની પ્રતિમા આવેલ છે. સદરહુ સ્થળ તથા આસપાસનો વિસ્તાર પુરાતત્ત્વીય દૃષ્ટિએ નોંધપાત્ર છે.

અર્ધનારીશ્વરની ચર્ચિત પ્રતિમા પારેવા પથ્થરમાંથી કંડારેલ છે. પ્રતિમાનો ઘૂંટણથી નીચેનો ભાગ ખંડિત છે. હાથ પણ ખંડિત છે. વધુમાં પ્રતિમાનું મસ્તક પણ અલગ મૂકેલું છે. પ્રતિમાનું માપ ૯૬ × ૨૪ × ૯ સે.મી. છે. પ્રતિમાના વામહસ્ત પૈકી નીચેનો હાથ સમભૂ મુદ્રામાં જણાય છે, જેમાં ધારણ કરેલ વસ્તુ અસ્પષ્ટ છે. જમણી તરફ સાદો જટાજૂટ છે. જ્યારે ડાબી તરફની કેશરચના મસ્તિષ્કાભરણથી સુશોભિત છે. લલાટે અર્ધત્રિનેત્ર છે, જોડેલી રેખાયુક્ત ભ્રમર પછી નીચે અર્ધનિમીલિત નેત્ર સહિત ધ્યાન-સહ પ્રસન્ન મુખમુદ્રા ધ્યાનાકર્ષક છે. નાસિકા ખંડિત છે. જ્યારે સહેજ જાડા નીચેના હોઠ સસ્મિત છે. ગ્રીવામાં કંઠાભરણ ઉપરાંત અન્ય સૂત્ર મોતીની માળા છે, જેની નીચે વામ ભાગે ઝૂલતું ચકતું દર્શાવેલ છે જે સમયાંકન માટે એક નોંધપાત્ર માધ્યમ છે. મુખાકૃતિ લંબગોળ છે. શરીરના વામ ભાગે સ્તન દર્શાવેલ છે. ત્રિભંગસ્થિત પ્રતિમાના કટિના કંડારકામમાં પણ કલાકારે સ્ત્રી અને પુરુષના કટિભેદને સુસ્પષ્ટ રીતે દર્શાવી પોતાની સિદ્ધહસ્ત કલાનાં દર્શન કરાવેલ છે. દેવીની કટિ પ્રમાણમાં પાતળી દર્શાવી નિતંબ ભાગનો ઉભાર દર્શાવેલ છે. જ્યારે ભગવાન શિવની કટિ બલાઢ્ય શરીરસૌષ્ઠવની અનુભૂતિ કરાવે છે. એ જ રીતે કટિમેખલામાં પણ દેવી અને દેવના ભેદ સહિત એકસૂત્રતા દર્શાવેલ છે. પુરુષ અને પ્રકૃતિના સ્વામીત્વને સૌષ્ઠવ તેમજ નજાકતથી દર્શાવવાની કુશળતા દેવ અને દેવીના પગના કંડારકામમાં જોવા મળે છે. દેવનો પગ પ્રમાણમાં જાડો દર્શાવેલ છે, જ્યારે દેવીનો પગ પ્રમાણમાં પાતળો છે. પ્રતિમામાં સમયોચિત ચુસ્ત વસ્ત્રની પરિપાટીને કારણે ગુહ્યભાગનું સુસ્પષ્ટ અંકન તેમજ મધ્યપાટીમાં જોવા મળતો ગોમૂત્રિક ઘાટ પણ સમયાંકનના પરિચાયક છે. મસ્તકના ઉપરના ભાગે જોવા મળતો સાદો ભાગ પ્રભામંડળનો હોવાનું જણાય છે. આમ, સમગ્રતયા પ્રતિમાનું નિરીક્ષણ કરતાં, તેની કંડારકામની શૈલી, તેના મુખ પરના સસ્મિત પ્રસન્નભાવ વગેરે તે ખંડિત હોવા છતાં કલાકારની પથ્થરમાં પ્રાણ પૂરવાની સિદ્ધહસ્ત શિલ્પકલા સાથે દિવ્યાનુભૂતિનો અહેસાસ કરાવે છે.

<u>સમયાંકન :</u> ચર્ચિત શિલ્પના સમયાંકનની ચર્ચા કરતાં પહેલાં શિલ્પ જે સ્થળેથી કે ગામની પરિધિમાંથી મળેલ છે તે અંગે પણ જાણવું



અર્ધનારીશ્વર (જાલત)

એટલું જ જરૂરી છે. જાંલત (૨૨° ૪૮'ઉ. ૭૪°૧૮પૂ.) દાણેઈ થઈ ઈન્દોરના ધોરી માર્ગ પર આવેલ છે. પ્રતિમા જે મંદિર પાસેથી મળેલ છે તે શ્રી લખેશ્વરીમાતાનું મંદિર પ્રાચીન મંદિરના સ્થાન પર જ નિર્માણ પામેલ હોવાનું પાયામાં જોવા મળતી પ્રાક્‌સોલંકી કાલીન ઈંટો પરથી જણાય છે. જેને વર્તમાન મંદિરના ગર્ભગૃહની સેવ્ય મહિષમર્દિનીની પ્રતિમા ઉપરાંત ગર્ભગૃહની અંદરની દીવાલોમાં જડી દીધેલ ગણેશ તેમજ અન્ય દેવી- પ્રતિમાઓ કે જે પ્રાક્‌સોલંકી કાલીન છે તે અન્યત્ર પ્રસિદ્ધ કરેલ હોઈ[૧૩] અત્રે ચર્ચા કરેલ નથી. વધુમાં ગામ પાસેથી વહેતી ખાનનદીના ગામ તરફના કિનારે આવેલ ટીંબામાંથી ક્ષત્રપકાલીન ઈંટો ધરાવતા સ્થાપત્યના ભાગ જોવા મળે છે, ઉપરાંત ટીંબા ઉપર સોલંકીકાલ સુધીના પુરાવશેષો જોવા મળે છે. જેનાથી આ સમગ્ર વિસ્તાર પ્રાચીન હોવાનું સ્વયંસ્પષ્ટ છે. એટલું જ નહીં, પરંતુ ગુજરાતને માળવા સાથે જોડતો પ્રાચીન ધોરીમાર્ગ પણ કદાચ અહીંથી પસાર થતો હશે. વિશ્વખ્યાત કલા મર્મજ્ઞ (સ્વ.) ડૉ. યૂ.પી. શાહ કહે છે તેમ રાજસ્થાન, મહારાષ્ટ્રના કેટલાક ભાગ પર અને પૂર્વમાં ઉજ્જૈન સુધી ફેલાયેલું હોઈ ઘડાયેલ સાંસ્કૃતિક સમરસતાની અસર ગુપ્તકાલ અને અનુગુપ્તકાલથી સોલંકીકાલ સુધી પણ ચાલુ રહી.[૧૪]

સ્થળ વિશેની આટલી ભૌગોલિક, પુરાતત્ત્વૈતિહાસિક પાર્શ્વભૂમિકા બાદ હવે ચર્ચિત શિલ્પના સમયાંકન વિશે વિચારીએ તો શિલ્પનું નિરીક્ષણ કરતાં પ્રથમ દષ્ટિએ જ શિલ્પનું દેહાંકન, મુખાકૃતિ, અલંકરણશૈલી આદિ જોતાં તે પ્રાક્-સોલંકીકાલીન હોવાનું તો સ્પષ્ટ થાય છે જ. મસ્તકની ઉપરનો પ્રભામંડળનો અવશિષ્ટ અંશ, મુખાકૃતિ, કેશરચના વગેરે ગઢાની હરગૌરીની પ્રતિમા સાથે સામ્ય ધરાવે છે.[૧૫] જ્યારે નાભી સુધી લંબાતી પદકયુક્ત એકાવલી શામળાજીની ૬ઠ્ઠી-૭મી સદીની ખંડિત મહિષમર્દિની તેમજ માઉન્ટ આબુની કૌમારી, કપુરાઈની ઉમા-મહેશ્વરની પ્રતિમા પૈકી ઉમાની એકાવલી તથા ગઢાની મયૂરવાહના કૌમારીના આ પ્રકારના અલંકાર સાથે સામ્ય ધરાવે છે. જે તમામ શિલ્પો ઈસ્વીસનની ૬ઠ્ઠી-૭મી સદીનાં છે.[૧૬] ઉપરાંત ઉક્ત ઉલ્લેખિત તરસંગની અર્ધ-નારીશ્વરની પ્રતિમાની સાથે મહદ અંશે સામ્ય ધરાવતી હોઈ ચર્ચિત પ્રતિમાને પણ તમામ મુદ્દાઓને નજર સમક્ષ રાખી ઈ.સ.ની ૬ઠ્ઠી-૭મી સદીમાં મૂકી શકાય. દેવના પગની શૈલી પણ ગુપ્તકલાની સ્પષ્ટ અસર સૂચવે છે, જે ટાંટુની અર્ધનારીશ્વરની પ્રતિમા સાથે સામ્ય ધરાવે છે.[૧૭]

પાદટીપ : (૧) લિંગપુરાણ, અ. ૯૯,૬-૮. (૨) વિષ્ણુપુરાણ, ૧-૭-૧૩. (૩) શ્રીમદ્ ભાગવત ૪-૪-૩. (૪) વિષ્ણુધર્મોત્તર અ. ૫૫, ૨-૪, ૯.૧૩. (૫) અથર્વવેદ ૧૦૮-૨૭. (૬) કાલિકાપુરાણ ૪૫-૧૭-૩૮. (૭) અપરાજિતપૃચ્છા સૂત્ર ૨૧૩, શ્લોક ૨૧-૨૪. (૮) મત્સ્યપુરાણ, ૨૬૦,૮-૧૭. (૯) વિષ્ણુધર્મોત્તર એજન. (૧૦) દેવતામૂર્તિપ્રકરણ, ૬-૨૭-૩૦. (૧૧) શાહ (ડૉ.) યુ.પી. 'ગુજરાતનું ગુપ્તકાલીન શિલ્પ કેટલીક નવીન ઉપલબ્ધિઓ તેમજ વિચારણા', 'સ્વાધ્યાય', પૃ. ૧૧ અંક ૧, પૃ. ૯૭-૯૮. (૧૨) સોનાવણે વી.એચ., 'માતૃકા સ્કલ્પ્ચર્સ ફ્રોમ માતરિયા એન્ડ અર્ધનારીશ્વર ફ્રોમ તરસંગ,' 'જર્નલ ઑવ ઇન્ડિયન સોસાયટી ઑવ ઓરિએન્ટલ આર્ટ વો. ૯ (૧૯૭૭-૭૮) પૃ. ૪૪ ચિત્ર-૪. (૧૩) વધુ માટે જુઓ મુનીન્દ્ર વેણીશંકર જોશી, 'શ્રી લખેશ્વરી માતાના ગર્ભગૃહની ગણેશ તથા દેવી પ્રતિમાઓ,' 'પથિક' વર્ષ-૪૦, દીપાવલી વિશેષાંક અંક.૧-૩, ઑક્ટો- ડિસે, પૃ. ૫૬-૫૮, ચિત્ર. ૧૫-૧૬. (૧૪) શાહ (ડાં.) યુ.પી. 'ગુજરાતનું ગુપ્તકાલીન શિલ્પ કેટલીક નવીન ઉપલબ્ધિઓ તેમજ વિચારણા,' 'સ્વાધ્યાય' પુ. ૧૧, અંક૧, પૃષ્ઠ ૯૫. (૧૫) શાહ (ડૉ.) યુ.પી. 'સમ સ્કલ્પ્ચર્સ ફ્રોમ, નોર્થ ગુજરાત, રીસન્ટ્‌લી એક્વાયર્ડ બાય ધ બરોડા મ્યૂઝિયમ 'બુલેટીન ઑફ ધ બરોડા મ્યૂઝિયમ', xxiii 'પૃ. ૨૩-૨૪, પ્લેટ ૧૮, ચિત્ર-૧. (૧૬) શાહ (ડૉ.) યુ.પી., એજન. (૧૭) રાવલ મૂ.હ. અને જોશી મુનીન્દ્ર વી. 'ટોટુની અનુગુપ્તકાલીન બે શિલ્પ કૃતિઓ', 'સ્વાધ્યાય', પુ. ૨૭, અંક ૩-૪. પૃ. ૩૦૯-૩૧૨, ચિત્ર ૧.

(અધિક્ષક પુરાતત્ત્વવિદ, દાહોદ વર્તુળ, ગુજરાત સરકાર. ફોટોગ્રાફ : પુરાતત્ત્વ ખાતું, ગુજરાત સરકારના સૌજન્યથી) ❑

જાણીતા માણસની અજાણી વાતો

પુષ્કરભાઈ ગોકાણી

થોડાં વર્ષ પહેલાં કોઈમ્બતોરમાં ગુજરાતી સાહિત્ય પરિષદનું અધિવેશન ભરાયું ત્યારે અનિવાર્ય કારણે લાભશંકર ઠાકર ઉપસ્થિત રહી શક્યા નહિ, જ્યારે કાર્યક્રમમાં તેમનું વ્યક્તવ્ય અગાઉથી નિશ્ચિત થયું હતું, એટલે શ્રી રઘુવીર ચૌધરીએ બહુજ પ્રેમપૂર્વક શ્રી લાભશંકરભાઈની 'કેફિયત' સૌ વચ્ચે અસરકારક રીતે વાંચી સંભળાવી.

ત્યારે મને સને ૧૯૬૯માં દ્વારકામાં ગુ.સા.પ.ના જ્ઞાનસત્રનો પ્રસંગ યાદ આવી ગયો. ત્યારે શ્રી લાભશંકરભાઈ સાહિત્યમાં રૂઢિગત સાહિત્ય પરંપરાના વિરોધી મંડળમાં હતા. તેમાં 'સંસ્કૃતિ' ઉપર તેમણે સાહિત્યિક મિત્રોના સમૂહમાં પ્રહાર કર્યો. આ ભાષાકીય ટીકા શ્રી રઘુવીર ચૌધરીથી સહન ન થઈ, કારણ કે ત્યારે શ્રી ઉમાશંકરભાઈ 'સંસ્કૃતિ' માસિકનું સંપાદન કરતા હતા. તેઓ લાભશંકરભાઈ સાથે હાથોહાથ આવી ગયા. પરિણામે તેમણે લાભશંકરભાઈનો બુશકોટ ફાડી નાખ્યો અને લાભશંકરભાઈએ તેમને હળવું બટકું ભરી લીધું. આ વિગતો ત્યારે વર્તમાન પત્રોમાં છવાઈ હતી. પછીથી મેં લાભશંકરભાઈનો વિવેકપૂર્વક આ બાબત વિરોધ કર્યો (પરિષદના ત્યારના મંત્રી તરીકે) તો કહે, હું તો વૈદ્ય છું, રઘુવીરને વાક્‌ગુટિકા ન સદી, એટલે શલ્યચિકિત્સા કરવી પડી. અમે સૌ હસી પડ્યા. રાત્રે ભોજનમાં રઘુવીરભાઈ અને લાભશંકરભાઈ સાથે જ બેઠા હતા.

કલાસ્મૃતિ

બિકાસ ભટ્ટાચાર્ય

ભારતીય ચિત્રકલાના વિકાસમાં બંગાલનું નામ સદાયે મોખરે રહેલ છે. બંગાલના ચિત્રકલા અને શિલ્પકલાના મેધાવી કલાકારો વિશે આપણે સૌ જાણીએ છીએ. દેશને સ્વતંત્રતા મળ્યા પછી ચિત્રકલાની શૈલીઓમાં જે નવો વળાંક આપ્યો, તેમા પશ્ચિમ અસરોના પ્રભાવને તેમાં પણ ઈમ્પ્રેશનિસ્ટ એકસપ્રેશનિસ્ટ શૈલીઓની અસર આપણા દેશના કલાકારો ઉપર વધારે દેખાવા લાગી. મુંબઈ, દિલ્હી, મદ્રાસ અને કલકત્તાના કલાકારો પણ આ અસર નીચે આવ્યા અને સમગ્ર દેશમાં છવાઈ ગયા. બંગાલના જે થોડાક ચિત્રકારોએ આ અસરો સાથે પોતાનું આગવું પ્રદાન કર્યું તેમાં બિકાસ ભટ્ટાચાર્યનું નામ મહત્ત્વનું ગણી શકાય.



શ્રી ભટ્ટાચાર્યે ભારતીય ચિત્રશૈલીની રેખાઓના મહત્ત્વવાળી રચનાઓના બદલે પ્રકાશ-છાયા, રંગોના આછા ઘેરા પટો, વિવિધ પ્રકારનાં ટેકશ્ચર તેમજ સમાજ પ્રત્યે કંઈક 'કટાક્ષ' થતો હોય તેવાં ચિત્રોનું સર્જન કર્યું છે. તેમના સર્જનમાં પ્રખ્યાત સરરિયાલિસ્ટ ચિત્રકાર સાલ્વાડોર ડાલી, તેમજ ગોયા, બ્રુગલ અને ડચ ચિત્રકારોની અસર જણાય છે. જનસમાજમાં પ્રવર્તતી વિભિન્ન લાગણીઓ ઉપર કટાક્ષ, માનવસહજ સંબંધોની વેદના, ગરીબ જનતાની દયાજનક ગાથા, ધનિક પરિવારોમાં ઉદ્ભવતા મતમતાંતરની આંતરિક વેદના દર્શાવવાનો તેમનાં ચિત્રોમાં પ્રયાસ થએલો જોઈ શકાય છે. તેઓ ફલક પર અવકાશ ઊભો કરવાના પ્રયત્નશીલ છે. અવકાશ માનવ આકારોથી ભરવાને બદલે અવકાશ નિસર્ગથી ભરવાના હિમાયતી છે. એટલે તેમનાં ચિત્રોમાં ચિત્રકાર બોનાર્ડની જેમ માનવ પાત્રો એક ખૂણામાં હોય છે. જ્યારે ફલક ઉપર આકાશ, જમીન, દીવાલો, કપડાં સુકવેલાં હોય, મકાનનાં ધાબાં, રમકડાં, જૂની તસ્વીરો વગેરે ફોટો રિયાલિઝમની જેમ દેખાયા કરે છે. તેમનાં ચિત્રો દર્શકને ચિત્ર જોવાને બદલે ચિત્રમાં જોવાની એક ખાસ જરૂરિયાત ઊભી કરે છે, એટલે માત્ર સુંદર ચિત્રકલા નહીં પણ બુદ્ધિપૂર્વક ઉપરોક્ત વર્ણન પ્રમાણેના સંદર્ભમાં તેમનાં ચિત્રો જોવાથી આનંદ લઈ શકાય છે,

શ્રી ભટ્ટાચાર્યનો જન્મ ૧૯૪૦માં કલકત્તામાં, કલાભ્યાસ કલકત્તા આર્ટ કૉલેજમાં સાથે આ જ કૉલેજમાં પ્રાધ્યાપક તરીકે વર્ષો ગાળ્યાં, એટલે વાસ્તવિકતા દર્શાવતી શૈલીનો અભ્યાસ ઘણો જ પ્રબળ થયો, જે તેમના કામમાં શક્તિશાળી રીતે રજૂ થએલો જોઈ શકાય છે. મુંબઈ, દિલ્હી, કલકત્તા ઉપરાંત ઘણાં મહત્ત્વનાં સ્થળોએ તેમનાં વૈયક્તિક તેમજ સંયુક્ત પ્રદર્શનો યોજાએલાં છે. તેમનાં ચિત્રોનો સંગ્રહ અલકાઝી, ગ્લેનબારા મ્યૂઝીઅમ-જાપાન, હરવીટઝ્ કલેકશન-અમેરિકા, લલિત કલા અને નૅશનલ મ્યૂઝીઅમ-દિલ્હી, પંજાબ મ્યૂઝીઅમ, રાજભવન, રાષ્ટ્રપતિ ભવન દિલ્હી, ભારત ભવન ભોપાલ તેમજ ઘણા બધા કલારસિકો તેમજ ઉદ્યોગપતિઓ પાસે છે.

શ્રી ભટ્ટાચાર્ય ખૂબ જ સારા પોર્ટ્રેઇટ ચિત્રકાર છે. વર્ષો પહેલાં ઉદ્યોગપતિ તાતા પરિવારમાં કેટલાંક પોર્ટ્રેઇટ બનાવ્યાં પછી મુંબઈમાં ધનાઢ્ય પારસી પરિવારમાં પોતાનાં કૌટુંમ્બિક પોર્ટ્રેઇટ - ભટ્ટાચાર્યજી પાસે બનાવડાવે એવી ફેશન પ્રચલિત થઈ હતી તે આજ દિન સુધી છે.

શ્રી ભટ્ટાચાર્યની જીવનની એક મહત્ત્વની ઘટના ઉપરથી તેમની પ્રસિદ્ધિનો ખયાલ આવશે. થોડાંક વર્ષો પૂર્વે ગુજરાત અંબુજા સિમેન્ટ કંપની દ્વારા કલકત્તાના વિક્ટોરિયા મેમૉરિયલ હૉલમાં - બંગાલના જાણીતા મહાનુભાવોનાં તસ્વીર ચિત્રોનું - લીલામ યોજાએલ, જેમાં ૧૨ તસ્વીરો શ્રી ભટ્ટાચાર્ય દ્વારા સર્જન પામેલી રાજા રામમોહનરાય, ઈશ્વરચન્દ્ર વિદ્યાસાગર, રવીન્દ્રનાથ ટાગોર, શ્રી અરવિન્દ, શરત્ચન્દ્ર ચેટરજી, બંકિમચંદ્ર, વગેરેનો સમાવેશ થાય છે. આ શ્રદ્ધાંજલી - લીલામ - કાર્યક્રમમાં શ્રી ભટ્ટાચાર્ય સર્જિત તસ્વીર ચિત્રોના રૂ. ૬ લાખથી રૂ. ૧૫ લાખ સુધીની કિંમત ઉપજાવી શક્યાં હતાં. તેમાં શ્રી અરવિન્દની તસ્વીર શ્રી જી.પી. ગોએન્કાએ રૂ. ૨૧ લાખમાં લીધી ત્યારે સમગ્ર હૉલ તાળીઓના ગડગડાટથી ગુંજી ઊઠ્યો હતો.

તેમનાં ચિત્રો મેળવવા માટે રસિકો તેમજ વ્યાપારી ગૃહો હંમેશાં રાહ જોતા હોય તેમ કહેવાય છે. ઈઝલ ઉપરથી ચિત્ર પૂર્ણ થાય તે પહેલાં જ વેચાઈ જાય તેવી તેમની માગ હોય છે.



આવા શ્રી ભટ્ટાચાર્યને આ લેખ દ્વારા યાદ કરવાનું મહત્ત્વનું કારણ તાજેતરમાં બન્યું છે. સાઠ વર્ષની ઉંમરે પહોચેલા, સતત ૪૦ વર્ષ સુધી ચિત્રકલામાં પ્રવૃત્ત રહેલા, અને ક્યારેક તો દિવસભર કામ કરનારા, આ કલાકારને ગયા વર્ષના મે માસમાં એકાએક 'સેરિબ્રલ સ્ટ્રોક' પક્ષઘાતનો હુમલો આવ્યો અને આખું જમણું અંગ લકવાગ્રસ્ત થઈ ગયું. આજે વર્ષ ઉપરાંત થવા આવ્યું. ચિત્ર કરવાની ઝંખના અને ચિત્ર કરી શકતા નથી.

સમાપનમાં એટલું નોંધવું જરૂરી લાગે છે કે, કલકત્તાની સીમા આર્ટ ગૅલરી દ્વારા તેમનું એક મોટું પ્રદર્શન યોજાવાનું હતું. ચિત્રોની જરૂરિયાતને પહોંચી વળવા તેઓ સતત, ઘણા કલાકો, માનસિક તનાવ સાથે કામ કરતા હતા, અને આ 'અટેક' આવ્યો. આ, અતિશય ભાવનામાં તણાઈને કામ કરવાથી થયું હોય તેમ પણ હોઈ શકે ! હમણાં છેલ્લાં કેટલાંક વર્ષોથી 'સેરિબ્રલ અટક'ના દાખલા ઘણા-જાણવા-સાંભળવા મળે છે, અમદાવાદની રવિશંકર રાવલ આર્ટ ગૅલરીના અધિકારી શ્રી નિરંજન ત્રિવેદી, આવા જ બ્રેઇન હેમરેજના ઝટકાથી આજે ઘણા મહિનાઓથી પરવશ સ્થિતિમાં છે, મારા એક ચિત્રકાર મિત્ર અને 'કુમાર'ના કટાર લેખક શ્રી નટુભાઈ પરીખનાં પત્ની પણ આ જ પ્રકારના 'સેરિબ્રલ અટક' ને કારણે સ્વર્ગવાસી થયાં. આવા અન્ય ઘણા બનાવો બનતા હશે જ !

એક નિવેદન તરીકે નમ્ર ભાવે એટલું જણાવવાની રજા લઉં છું કે જેની વાચકો ક્ષમા કરશે - હે સર્જક મિત્રો, ભાવનામય અભિગમની સિતારના તાર એટલા ના તાણો કે તાર તૂટી જાય, અને એટલા ઢીલા પણ ના રાખો કે સંગીત ઉદ્ભવી જ ના શકે, ગીતાનો અભિગમ, મધ્યમા શ્રેષ્ઠા, જિંદગીને હળવાશથી લેવાની આ સમયની તાકીદ છે. શ્રી બિકાસ ભટ્ટાચાર્ય ફરીથી સ્વસ્થતા પ્રાપ્ત કરી સર્જન કર્તા બને તેવી શુભેચ્છા પાઠવીએ.

-ગજેન્દ્ર શાહ

કલાવાર્તા

અશ્વિન મોદી

૧૯૩૮માં અમદાવાદમાં જન્મેલા અશ્વિન મોદીનું આધુનિક તથા સમકાલીન ચિત્રકાર તરીકે ગુજરાતના ચિત્રકલાજગતમાં જાણીતું નામ છે. ૧૯૬૨માં મહારાષ્ટ્ર સરકાર દ્વારા તેમને આર્ટ માસ્ટરની પદવી મળી. ૧૯૬૪માં ગુજરાત સરકાર તરફથી જી.ડી.આર્ટ ડિપ્લોમા મેળવ્યો. તેમણે કલકત્તાના ચાર અકાદમી ઈનામો મેળવ્યાં. ૧૯૬૪માં એચ.એચ. આગાખાન એવૉર્ડ અકાદમી ઑવ્ ફાઈન આર્ટ્સ, કલકત્તા દ્વારા એનાયત થયો. છ ઈનામો ગુજરાત સ્ટેટ લલિત અકાદમી તરફથી મળ્યાં. ૧૯૬૯માં હૈદરાબાદમાં ભરાયેલા અખિલ ભારતીય પ્રદર્શનમાં પારિતોષિક મેળવ્યું. ગ્વાલિયર ખાતે ૧૯૭૧માં એમ.પી. કલા પરિષદનો શ્રેષ્ઠ પુરસ્કાર મેળવ્યો. ૧૯૭૨માં ઑલ ઈન્ડિયા ફાઈન આર્ટ્સ ઍન્ડ ક્રાફ્ટ સોસાયટી, ન્યૂ દિલ્હી દ્વારા પારિતોષિક પ્રાપ્ત કર્યું. અખિલ ભારતીય યોગ પ્રદર્શનમાં ૧૯૭૮માં પ્રથમ ઈનામ તથા ૧૯૭૭માં અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશન દ્વારા યોજિત પ્રદર્શનમાં ઈનામ મેળવ્યાં. મુંબઈ, કલકત્તા, અમદાવાદ, ન્યૂ દિલ્હી, હોંગકોંગ જેવાં શહેરોમાં તેમણે ગ્રૂપ પ્રદર્શનોમાં ભાગ લીધો. ૧૯૮૨માં ગુજરાત લલિત કલા અકાદમી દ્વારા યોજિત આબુ ખાતે કલાશિબિરમાં ભાગ લીધો. નવ જેટલા વન મૅન શો અમદાવાદ, મુંબઈ, ન્યૂ દિલ્હી ખાતે યોજાયા. તેમના સર્જનકાર્યની ગુણવત્તા અને તેમાં રહેલી કલાદક્ષતા નિહાળીને ધ મિનિસ્ટ્રી ઑવ્ કલ્ચર ન્યૂ દિલ્હી દ્વારા થોડા સમય પૂર્વે જ ૨૦૦૦થી ૨૦૦૨ વર્ષ માટે સીનિઅર ફેલોશિપ એનાયત કરવામાં આવી છે. ૧૯૯૯માં ઑલ ઈન્ડિયા ફાઈન આર્ટ્સ ઍન્ડ ક્રાફ્ટ સોસાયટી, ન્યૂ દિલ્હી દ્વારા તેમને સિલ્વર પ્લેક એનાયત થયો. તેમનાં ચિત્રો ભારતનાં જાણીતાં મ્યૂઝીઅમો એર ઈન્ડિયા મુંબઈ, ટાટા આયર્ન ઍન્ડ સ્ટીલ કું. લિ, મુંબઈ, વકીલ ઍન્ડ સન્સ પ્રાઈવેટ લિ. મુંબઈ, કેલિકો મિલ્સ, અમદાવાદ તથા અન્ય જાણીતી સંસ્થાઓમાં સંગ્રહાયાં છે. ભારતની જાણીતી કલાકાર તથા કલાપારખુ વ્યક્તિઓના તેમજ પરદેશની જાણીતી વ્યક્તિઓના નિજી સંગ્રહોમાં પણ તેમનાં ચિત્રો સ્થાન પામ્યાં છે.





શાહીમાં ડ્રૉઇંગ (અશ્વિન મોદી)

અશ્વિનભાઈએ તેમની કારકિર્દીની શરૂઆતમાં આકૃતિપ્રધાન ચિત્રો તથા આકર્ષક સંરચનાઓ સર્જેલાં. નબળી આર્થિક સ્થિતિને પહોંચી વળવા તેમણે બાળકોનાં સામયિકો માટે

(અનુસંધાન પૃ. ૫૫૮)





અશ્વિન મોદીની જળરંગી બે ચિત્રકૃતિઓ

કંકાવટી

સુદેષ્ણા : મહાભારતનું તેજસ્વી સ્ત્રીપાત્ર

મહાભારતની સ્ત્રીસૃષ્ટિ અભ્યાસનીય છે. તેમાં સ્ત્રી પ્રધાન સ્થાન ભોગવતી હોય કે ગૌણ, છતાં તેની આગવી રીતે તે જુદી જ તરી આવે છે.

મહાભારતનું તેજસ્વી પાત્ર તો દ્રૌપદી જ છે. આ તેજસ્વી દ્રૌપદીની સામે કોઈપણ પાત્ર ઝાંખું પડી જાય એવું છે. રાણી સુદેષ્ણા વિરાટરાજનાં માનીતાં પટ્ટરાણી અને કૈકયરાજની પુત્રીને દ્રૌપદીની સાથે પ્રસંગ પડે છે. ખરું જોતાં એમ કહી શકાય કે દ્રૌપદીને રાણી સુદેષ્ણા પાસે કામ કરવાની ફરજ પડે છે. બંને શક્તિશાળી પાત્રો છે. બંને પોતપોતાનું વ્યક્તિત્વ જાળવી રાખે છે.

વિરાટ રાજાની રાણી સુદેષ્ણા સુંદર છે. તે સૌપ્રથમ પોતાનો સ્વાર્થ અને પછી બીજાનો સ્વાર્થ જોનારી છે. છતાં કોઈનું અહિત કરનારી નથી. તટસ્થભાવે ન્યાય કરે છે. પછી તે પોતાનો સગો ભાઈ હોય કે પોતાની દાસી.

વિરાટ રાજાને ત્યાં પાંડવો અજ્ઞાતવાસ ગાળવા આવ્યા ત્યારે દ્રૌપદી કે જે ઉત્તમકુળજન્મા અને કલ્યાણકારી વચનો બોલવાવાળી છે. સુકુમાર દેહવાળી છે. યશસ્વિની અને પતિવ્રતા છે. મહાભાગ્યશાળી છે. બાળપણથી જ તે પુષ્પો, સુગંધિત પદાર્થો, અલંકારો અને વિવિધ પ્રકારનાં વસ્ત્રોને જ ઓળખે છે તે દ્રૌપદી કયું કામ કરશે તે પ્રશ્ન સહજ પાંડવોના મનમાં ઉત્પન્ન થાય છે. આથી દ્રૌપદી નીડરતાથી જણાવે છે કે જે સ્ત્રીઓ બીજાને ત્યાં સેવાનું કામ કરે છે તેમને સૈરન્ધ્રી કહે છે. પોતે સૈરન્ધ્રી બનીને કેશ ગૂંથવા વગેરેનું કાર્ય કરશે અને કોઈ પૂછશે તો જણાવશે કે તે દ્રૌપદીની દાસી હતી તેથી તેને કોઈ ઓળખી જાય નહીં. પોતે વિરાટની રાણી સુદેષ્ણા પાસે રહેશે અને સુદેષ્ણા તેનું રક્ષણ કરશે, એવી તેને રાણી સુદેષ્ણા વિશે શ્રદ્ધા હતી તેથી પાંડવોને પોતા તરફથી નિશ્ચિંત રહેવા જણાવે છે.

દ્રૌપદી સૈરન્ધ્રી-દાસી તરીકે રાણી સુદેષ્ણા પાસે દિવસો નિર્ગમન કરતી હતી ત્યારે સુદેષ્ણા અને દ્રૌપદીના વાર્તાલાપ દરમ્યાન રાણી સુદેષ્ણાનું પાત્ર તેજસ્વી રીતે ઊપસી આવે છે. રાણી કેવી સમજુ, માણસપારખુ છે તે હવે આપણે જોઈએ.

દ્રૌપદી અતિ મલિન વસ્ત્ર પહેરી તથા સૈરંધ્રીનો વેશ ધારણ કરી દુઃખિતની પેઠે વિરાટના નગરમાં ભટકે છે. આ સમયે મહારાણી સુદેષ્ણા નગરની શોભા નિહાળી રહ્યાં છે. તેમની નજરે રૂપવાળી, અનાથ અને મલિન વસ્ત્રધારી દ્રુપદપુત્રી પડે છે. તેને રાણીએ બોલાવીને પૂછ્યું કે તે શું કરવા માગે છે ? તેનો પ્રત્યુત્તર સાંભળીને રાણી સુદેષ્ણાએ સામો સવાલ કર્યો : કે 'તારા જેવી સ્ત્રી તું કહે છે તેવા કામને માટે યોગ્ય નથી. તું અનેક સેવકો અને દાસીઓથી સેવા કરાયેલી જણાય છે. વિશાળ આંખો, રક્તવર્ણા હોઠ, શંખના જેવું ગળું, સુન્દર શરીર અને ચંદ્રના જેવું તારું મુખ વગેરેથી તું લક્ષ્મી જેવી જણાય છે. માટે સાચેસાચું કહે કે તું કોણ છે ? તું કોઈ પણ રીતે દાસી નથી જ. તું કોઈ યક્ષપત્ની છે ? કે દેવી છે ? કે ગંધર્વી છે ? કે અપ્સરા છે ? કે દેવ કન્યા છે ? તું વિદ્યાધરી છે કે નાગકન્યા કે કિન્નરી છે ? કે તું સાક્ષાત રોહિણી યા ચંદ્રની પત્ની છે ? તું ઈંદ્રાણી, વારુણી, ત્વાષ્ટ્રી, બ્રહ્મપત્ની અથવા પ્રજાપતિની પત્ની છે ? હે શુભે ! દેવોમાં વિખ્યાત એવી દેવીઓમાંની તું કોણ છે તે કહે.' આ જાતનાં રાણી સુદેષ્ણાનાં લાગણીભર્યાં વચનો બતાવે છે કે રાણી માણસપારખુ હતી. તે મૃદુ ભાષિણી હતી. જ્યારે દ્રૌપદીએ ભારપૂર્વક જણાવ્યું કે પોતે દેવી કે ગંધર્વી નથી પણ માત્ર શિલ્પકળામાં કુશળ એવી સૈરંધ્રી દાસી જ છે ત્યારે તેણે સ્ત્રીસહજભાવે કહ્યું કે તારો રૂપવાન દેહ જોઈને રાજા તારી સ્પૃહા ન કરે તો જ હું તને મારી પાસે રાખું એમાં શંકા નથી. કારણ મારા મહેલમાં અને રજવાડામાં જેટલી સ્ત્રીઓ છે તે સઘળી તારા ઉપર મોહિત થઈને તને જોયાં કરે છે ત્યારે તું ક્યા પુરુષને મોહિત ન કરે ? મહેલનાં ઊગેલાં વૃક્ષો પણ તને નમતાં હોય એમ લાગે છે, તો પછી વિરાટ રાજા તારું અલૌકિક રૂપ જોઈ મારો ત્યાગ કરીને જરૂર તારા ઉપર સંપૂર્ણ પ્રેમ કરે એમ મને લાગે છે. તારો મારા મહેલમાં વાસ તે છેવટે મારો વિનાશક થાય એમ હું માનું છું. આ રીતે સુદેષ્ણા સ્પષ્ટવક્તા જણાય છે. પુરુષસહજ સ્વભાવનો પણ આપણને ખયાલ આપે છે. છેવટે દ્રુપદનંદિની રાણીના મનનું સમાધાન કરે છે કે રાણી જેવું અનિષ્ટ જુએ છે તેમાંનું કાંઈ જ નહીં થાય. પરિણામે કલ્યાણી રાણી દ્રૌપદીને માનભેર પોતાના મહેલમાં રાખે છે અને લાગણીપૂર્વક જણાવે છે કે તારે કોઈના પગને તેમજ કોઈનાં ઉચ્છિષ્ટ વાસણોને સ્પર્શ કરવાનો કોઈ રીતે પ્રસંગ આવશે નહિ. આ રીતે રાણીએ દ્રૌપદીની કિંમત કરી, તે તેની ચકોર દૃષ્ટિ બતાવે છે. ટૂંકમાં, વિરાટની રાણીએ દ્રુપદનંદિનીનું સારી રીતે સાંત્વન કર્યું તેથી પતિધર્મપરાયણ સતી દ્રૌપદી નગરમાં રહી અને' ત્યાં બીજું કોઈ પણ તેને યથાર્થ રીતે ઓળખી શક્યું નહી.

રાણી સુદેષ્ણાની સેવા કરતી મહાકષ્ટથી નિવાસ કરતી, દ્રૌપદીએ આ રીતે ગુપ્તવાસના દશ માસ વીતાવ્યા. દ્રૌપદી સુદેષ્ણા તથા અંતઃપુરની બીજી સ્ત્રીઓને સંતુષ્ટ કરતી હતી.

રાણી સુદેષ્ણાનું સાચું પારખું કીચક અને દ્રૌપદીના પ્રસંગમાં થાય છે. સુદેષ્ણાનો ભાઈ અને વિરાટના મહાબળવાન સેનાપતિ કીચકની દૃષ્ટિ દેવકન્યાના જેવી કાંતિવાળી અને સાક્ષાત દેવતા જેવી દ્રૌપદી ઉપર પડી. આથી પોતે પોતાની ભગિની રાણી સુદેષ્ણા સાથે કાંઈક વાત કરી અને દ્રૌપદીની માગણી કરી. કીચકે સાધ્વી દ્રૌપદીને કેટલાંક પ્રલોભન આપનારાં અશુભ વચનો કહ્યાં. ત્યારે દ્રૌપદી તેના વચનની નિંદા કરવા લાગી. આ રીતે રાજપુત્રી દ્રૌપદીએ કીચકની માગણીનો નિષેધ કર્યો એટલે કીચકે સુદેષ્ણાને કોઈ પણ યુક્તિથી સૈરંધ્રીને પોતાની પાસે મોકલવા વિનંતી કરી. મનસ્વિની સુદેષ્ણાએ પોતાના ભાઈનો વિલાપ સાંભળીને સૌપ્રથમ પોતાનો સ્વાર્થ અને તે પછી કીચકના સ્વાર્થનો અને તે પછી દ્રૌપદીની પ્રાપ્તિ માટેનો યોગ્ય વિચાર કરીને કીચક ઉપર કૃપા કરી. કીચક ગમે તેટલો તો યે પોતાનો ભાઈ હતો ને ! આથી સૈરંધ્રીને તેણે યુક્તિપુરઃસર વચન કહ્યાં કે ઓ સૈરંધ્રી મને મદ્ય પીવાની ઉત્કટ ઇચ્છા પીડે છે, માટે તું કીચકને ઘેર જા અને મદિરા લઈ આવ. સૈરંધ્રીએ કીચકને ત્યાં જવાની ઘણી આનાકાની કરી. કારણ સૈરંધ્રી તો કીચકનાં મલિન વિચાર ક્યારનીયે પામી ગઈ હતી. પરંતુ સુદેષ્ણાએ પોતાની વાક્ચાતુરીથી દ્રૌપદીને જણાવ્યું કે 'મેં તને મોકલી છે એમ કીચક જાણશે તો તારું કદાપિ અપમાન કરશે નહી.' મનમાં અનેક શંકાઓ આણતી તથા રુદન કરતી દ્રૌપદી ભગવાન ઉપર આધાર રાખી, મદિરા લેવા માટે કીચકને ઘેર ગઈ. તેને જોઈને મલિન દૃષ્ટિવાળો કીચક હર્ષથી ઊભો થઈ ગયો. કીચકે દ્રૌપદી

તરફ અયોગ્ય વર્તન કર્યું. કીચકના હાથમાંથી દ્રૌપદી છૂટી જઈને રાજસભાને શરણે ગઈ. પરંતુ કીચકે નાસી જતી દ્રૌપદીનો ચોટલો પકડ્યો અને રાજાના દેખતાં તેને પાડી નાખીને લાતો મારવા માંડી. વિરાટે દ્રૌપદીને કોઈ પણ જાતની દાદ ન આપી, પરંતુ સર્વે સભાસદોએ આંખોમાંથી આંસુ વહેવડાવતી દ્રૌપદી પાસેથી આ કજિયાનું કારણ જાણ્યું એટલે રહસ્ય પામી જઈને બધા સભાસદો દ્રૌપદીની પવિત્રતાની પ્રશંસા કરવા લાગ્યા અને કીચકને વારંવાર ધિક્કારવા લાગ્યા. ગુપ્તવાસમાં રહેલા યુધિષ્ઠિર જે તે વખતે ગુપ્તવેશે સભામાં હાજર હતા તેમણે દ્રૌપદીને કહ્યું : 'સૈરંધ્રી હવે અહીં ઊભી ન રહે. રાણી સુદેષ્ણાના મહેલમાં ચાલી જા. તારા પતિ ગંધર્વો તારું પ્રિય કાર્ય કરશે જેણે તને કષ્ટ દીધું છે તે તેને નષ્ટ કરી દેશે.'

ત્યાર બાદ દ્રૌપદી સુદેષ્ણાના મહેલમાં દોડી ગઈ. તેના વાળ છૂટી ગયા હતા. ક્રોધને લીધે તેનાં નેત્રો લાલચોળ થઈ ગયાં હતાં અને ઘણો સમય રુદન કરવાથી તેનું મુખ ફિક્કું પડી ગયેલું હતું. ચપળ સુદેષ્ણા વસ્તુસ્થિતિ સમજી ગઈ અને દ્રૌપદીને સાંત્વન આપવા પૂછવા લાગી કે, 'હે સુંદરી, તને કોણે મારી ? તું શા માટે રડે છે ? હે કલ્યાણી તારું અપ્રિય કોણે કર્યું ?' દ્રૌપદીનો પ્રત્યુત્તર સાંભળીને સ્ત્રીસન્માનમાં માનનારી, નીતિવાળી સુદેષ્ણાએ તરત જ જણાવ્યું કે, 'હે સુકેશી ! જો તારી ઇચ્છા હશે તો હું કીચકનો ઘાત કરાવીશ કારણ કે કામ વડે ઉન્મત્ત થયેલો કીચક દુષ્પ્રાપ્ય એવી તારું અપમાન કરે છે.' આ બતાવે છે કે સુદેષ્ણા ચારિત્ર, નીતિ અને સ્ત્રીસન્માનની બાબતમાં પોતાના ભાઈ તરફ પક્ષપાત બતાવતી નહોતી : પરંતુ તે સાચો ન્યાય કરનારી તેજસ્વી સ્ત્રી હતી. પ્રારંભમાં તો તેણે પોતાના ભાઈનો સ્વાર્થ જોયો અને પોતાની દાસી તરફ દુર્લક્ષ્ય કર્યું. પરંતુ તેને સત્ય સમજાયું એટલે હલકી બાબતોનો પક્ષ ન કરતાં તેણે બિનપક્ષપાતી વલણ અપનાવ્યું, તે તેનાં વચનોમાં આપણને જણાય છે. પ્રસંગ બરાબર પારખીને રાણી સુદેષ્ણા સૈરંધ્રીને સલાહ આપે છે કે, 'ઓ સૈરંધ્રી, તારે જવું હોય ત્યાં તું તરત ચાલી જા. કારણ કે હે કલ્યાણી ! ગંધર્વોથી પરાજય પામવાની શંકાથી રાજા તારાથી ડરે છે : વળી, હે સુભ્રૂ ! તું તરુણી છે, પૃથ્વી ઉપર અપ્રતિમ રૂપવાળી છે, પુરુષોને વિષય તો સ્વભાવથી જ પ્રિય છે અને તારા ગંધર્વો બહુ ક્રોધી છે. માટે અહીંથી તારી જ્યાં જવાની ઇચ્છા હોય ત્યાં જતી રહે. સૈરંધ્રીએ પોતે વિચાર કરી જોયો કે અજ્ઞાતવાસ પૂરો કરવા માટે પાંડવો તેમજ દ્રૌપદીને માત્ર તેર દિવસ ખૂટતા હતા તેથી તેણે નમ્રભાવે કહ્યું કે, 'મહારાણીજી, હજુ તેર દિવસ વધારે રહેવા દેવા માટે મહારાજ મને ક્ષમા કરે. ત્યાર પછી ગંધર્વો અહીં આવીને મને જાતે જ લઈ જશે અને આપનું પણ હિત કરશે. તેમના દ્વારા મહારાજને અને તેમના બંધુબાંધવોને પણ બહુ લાભ થશે.' 'દ્રૌપદીની આ વિનંતીનો ઉદારચરિતવાળી સુદેષ્ણાએ સ્વીકાર કરીને અજાણતાં પણ ગુપ્તવાસમાં પોતાના નગરમાં રહેતાં પાંડવો અને દ્રૌપદીને કૃતાર્થ કર્યાં.

-ડૉ. પ્રિયબાળા શાહ

અનુસંધાન] કલાવાર્તા [પૃ. ૫૫૬થી

ચિત્રો પણ કર્યાં. અશ્વિનભાઈએ તદુપરાંત વર્ષો સુધી કલાશિક્ષક તરીકે સેવાઓ આપી અને તેમની સર્જનાત્મક આગવી કલાશિક્ષણપદ્ધતિને કારણે તેમના જ વિદ્યાર્થીઓએ યુવાસર્જક કલાકારો તરીકે નામના મેળવી છે.

૧૯૬૭થી ૧૯૭૧ સુધી 'પ્રૅક્ટિસિંગ પેઇન્ટર્સ' ગ્રૂપના સક્રિય કલાકાર સભ્ય તરીકે તેમણે ચિત્રકાર તરીકે રાષ્ટ્રિય કક્ષાએ નામના મેળવી. આ ગ્રૂપનાં ચાર પ્રદર્શનોમાં તેમનાં સર્જનાત્મક ચિત્રો પ્રદર્શિત થયાં અને કલાવિવેચકો તથા કલાકારો અને કલારસિકોએ તેમને વખાણ્યાં અને તેમનાં ચિત્રો સારી એવી સંખ્યામાં વેચાયાં. દિલ્હીની જાણીતી અને જૂની ધૂમિયલ ગૅલરીએ તો તેમનાં ચિત્રોનો સૌથી વધુ પ્રચાર કર્યો. આ વર્ષો દરમ્યાન અશ્વિનભાઈએ 'નવ્ય તાંત્રિક' નામે ખૂબ જ પ્રચાર પામેલી અને નિતાંત ભારતીયતાથી ધબકતી ચિત્રશૈલીમાં તેમની વૈયક્તિક આગવી પદ્ધતિમાં ઘણાં નોંધપાત્ર અને પ્રભાવશાળી ચિત્રોનું સર્જન કર્યું. આ ચિત્રોમાં તેમણે ભારતીય તંત્રનાં પ્રતીકો, મંત્રો, કૅલિગ્રાફિ, કોડીની આંખો વગેરેનો થર્મોકોલના કલાત્મક ઉપયોગ દ્વારા ચમકતી આકર્ષક ઊપસેલી સપાટીઓ સર્જી, સમાવેશ કરી ધ્યાનાકર્ષક સંરચનાઓ તૈયાર કરી છે. આ પ્રકારનાં ચિત્રોમાં જે દૃશ્યકલ્પનાઓ દર્શાવાઈ છે તે ચિત્રના નિયત મધ્યસ્થાને જ જોવા મળે છે, તેથી અશ્વિનભાઈના મત પ્રમાણે આ ચિત્રો તેમને તેમની સર્જક પ્રતિભાને મુક્ત રીતે વિહરવા માટે બંધનકર્તાં લાગતાં હતાં. હવે તેમણે તેમની સંવેદનશીલ, ઊર્મિશીલ, લલિત સેવાઓમાં માનવાકૃતિઓ, પશુ-પંખીઓ, વૃક્ષો, પથ્થરોને તેમની સુંદર રચનાઓમાં પૂર્વેનાં ચિત્રોમાં જોવા મળતા પોતસર્જન સાથે આકર્ષક, પાતળા રંગોમાં રજૂ કર્યાં. મોટી સાઈઝમાં કરેલાં પૂર્વેનાં ચિત્રોને બદલે હવે તેમણે નાના કદના પેપર પર પેન ઍન્ડ ઇન્કમાં ડ્રૉઇંગ્સ તથા જળરંગો, પેસ્ટલ્સ, શાહીમાં સર્જનાત્મક ચિત્રો કર્યાં.

પંદર વર્ષ સુધી કલાજગતમાં મૌન સેવ્યા પછી એક નવી સ્ફૂર્તિ સાથે અશ્વિનભાઈ તાજેતરમાં તેમનાં નાનાં આકર્ષક ચિત્રોની શ્રેણી લઈ પુનઃ એક તેજસ્વી તારકની માફક પ્રવેશ્યા છે. તેમનાં વર્તમાન ફૅન્ટસી જેવાં લઘુ સર્જનનો સૂક્ષ્મતા, રૈખિક સૌંદર્ય, આછા રંગોના કલાત્મક વિનિયોગ, ગત્યાત્મકતા, લયસૌંદર્ય, આકૃતિઓની ભાવદર્શક વિરૂપતા; આછી, પ્રસરતી, ધૂંધળી પોતરચના, સમગ્ર ચિત્રરચનાની સપાટીની સજીવતા, અવકાશ-વિધાન વગેરેથી જાણે ધબકી રહ્યાં છે ! અહીં અનેક આંખો, મસ્તક, શિંગડાં, પાંખો ધારણ કરતી વિરૂપિત અંગોવાળી આકૃતિઓ ચિત્ર-અવકાશમાં જાણે ઊડી રહી હોય એમ લાગે છે ! શું તે માનવીની આંતરિક પશુતા દર્શાવે છે ? અશ્વિનભાઈના જ શબ્દોમાં તેમનાં આ ચિત્રો તેમની દૃશ્યાત્મક સૌંદર્યાત્મક અનુભૂતિ તથા કલાત્મક રમતની અભિવ્યક્તિઓ છે.

-બંસીલાલ દલાલ

—બાલાશંકર કંથારિયા પારિતોષિક—

મુંબઈની ખ્યાતનામ સંસ્થા આઈ.એન.ટી. સંવત ૨૦૦૦ અને ૨૦૦૧નાં વર્ષો દરમિયાન પ્રકાશિત થનાર 'ગઝલસંગ્રહ'ને 'બાલાશંકર કંથારિયા' પારિતોષિકથી સન્માનિત કરનાર છે.

સર્વ પ્રકાશનગૃહોને સંવત ૨૦૦૦ અને ૨૦૦૧નાં વર્ષો દરમિયાન પ્રકાશિત થયેલા ગઝલસંગ્રહની બે પ્રત 'ઇંડિયન નૅશનલ થીએટર' ૧૯-૨૧, બૉમ્બે મ્યુચ્યુઅલ ચૅમ્બર્સ, હમામ સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઈ-૪૦૦૦૦૧ને સરનામે મોકલી આપવા વિનંતી. છપાયેલા ગીતસંગ્રહમાં સિત્તેર ટકા ગઝલો છપાઈ હશે તો તેવા સંગ્રહને પણ પારિતોષિકને યોગ્ય ગણવામાં આવશે. -દામુ ઝવેરી

(માનદ મંત્રી, ઇંડિયન નૅશનલ થીએટર)

સાહિત્યસંપર્ક

સમાજની ચિંતા કરતા સર્જકની વિદાય

હવે દર્શક સદેહે આપણી વચ્ચે રહ્યા નથી. પરન્તુ એમનો અક્ષરવારસો ગુજરાતી સાહિત્યની મૂલ્યવાન મૂડી છે. સત્યનું સતત ઊર્ધ્વગમન એમના સર્જનનું આધારબિંદુ છે. સર્જનાત્મક સાહિત્યમાં પણ કોઈક વાત એમને કહેવાની જ હોય છે. માત્ર



સર્જનાત્મક ઉન્મેષ પાસે એ અટક્યા નથી. નવલકથાના સર્જન માટે વર્તમાનમાં એમણે અપાર શક્યતાઓ પડેલી જોઈ છે. પરન્તુ એના સર્જનટાણે એ ઇતિહાસની સોડમાંથી વાર્તા સારવી લાવે છે

'દર્શક' ઉપનામ જેટલું જાણીતું તેટલું જ પ્રચલિત છે એમનું નામ મનુભાઈ પંચોલી. પિતા રાજારામને ત્યાં માતા મોતીબાઈને કૂખે, વાંકાનેર તાલુકાના પંચાશિયા ગામે બીજી નવેમ્બર ૧૯૧૪ના રોજ એમનો જન્મ થયેલો. મૂળ વતન તો વઢવાણ. બાળપણ માત્ર પંચાશિયામાં નહોતું વીત્યું. પિતા નિશાળના મહેતાજી તેથી તીથવા અને લુણસરમાં પણ રહેવાનું બન્યું હતું. ત્યાં પ્રાથમિક શિક્ષણ લીધું. પિતાને પુસ્તકોની અપાર પ્રીતિ એટલે વાચનનો શોખ વારસામાં મળ્યો હતો. રામાયણ-મહાભારતના સારસંક્ષેપના વાચને એમની વાચનવૃત્તિ વિકસી. નર્મગદ્ય વાંચી નાખ્યું, તો 'કુમાર'માં પ્રકટ થતી પ્રાણીકથાઓએ વળી નવી બારી ઉઘાડી આપી. પણ વિશેષ પ્રભાવ તો રહ્યો વ્યાસ વલ્લભના મહાભારતનો જ. માધ્યમિક શિક્ષણ માટે વાંકાનેર જવાનું થયું. પણ સોળ વર્ષના મનુભાઈ અંગ્રેજી પાંચમા ધોરણનો અભ્યાસ અભરાઈએ ચડાવીને ૧૯૩૦ના સત્યાગ્રહના સૈનિક બની ગયા. વીરમગામની છાવણીમાં સક્રિય હતા. પછી જેલવાસ તો ભોગવવો જ પડે ! સત્યાગ્રહી રૂપે સાબરમતી, વીસાપુર અને નાસિકની જેલમાં જવાનું બન્યું. શાળાકીય શિક્ષણ અટક્યું પછી ભણ્યા તે આપમેળે. એમ જ આપબળે શિક્ષિત થયા, દીક્ષિત બન્યા. આજુબાજુના પરિવેશના પ્રભાવે સાથે ગાંધીજી, સ્વામી આનંદ, નાનાભાઈ ભટ્ટ અને કાકાસાહેબના સંપર્કે જીવનનું ઘડતર નોખી રીતે બન્યું. માણસ જ કોઠાસૂઝના એટલે જીવન ધ્યેય વગરનું નહોતું. એમને લગાવ હતાં ગ્રામજીવનનો. માધ્યમ હતું કેળવણી. ઇતિહાસમાં રુચિ હતી. તો સંસ્કૃતિ રાજનીતિમાં પણ રસ હતો. એ ઉભયનો સમન્વય એમના સાહિત્યસર્જનમાં વર્તાય છે. ૧૯૩૦-૩૧ના જેલવાસ ટાણે વય તો હતું માત્ર સોળ વર્ષનું. છતાં સર્જનાત્મક ઉન્મેષ તો ત્યારે પણ હતો જ. એમની પહેલી નવલકથા 'બંદીઘર' ભલે પ્રસિદ્ધ થઈ છેક ૧૯૪૬માં, પરન્તુ એનું બીજ તો જેલવાસ દરમિયાન જ ફોળ્યું હતું. લખવાનું પછી બન્યું અને પ્રસિદ્ધ થઈ વળી ખાસ્સા સમય પછી. લગભગ પંદર વર્ષ બાદ. આમ, દર્શકમાંનો સર્જક એમની મુગ્ધાવસ્થાથી જ પ્રકટ થવા મથતો રહ્યો હતો.

મનુભાઈ ૧૯૩૪માં નાનાભાઈ ભટ્ટના સંપર્કમાં આવ્યા. એમના પ્રભાવ તળે જીવનઘડતર પ્રારંભાયું. ભાવનગરના દક્ષિણામૂર્તિમાં મનુભાઈ ગૃહપતિ બન્યા. થોડોક સમય બપાડા ગામમાં પ્રવૃત્તિ કરી. વળી નાનાભાઈ સાથે ગ્રામ-દક્ષિણામૂર્તિમાં શિક્ષક તરીકે જોડાયા. ખેતી અને ખાદી તરફ રુચિ થઈ. ખેતીનો પ્રત્યક્ષ અનુભવ પણ લીધો. ટાગોરના સાહિત્યનું વાચન કરતાં સાહિત્યરુચિ વિશેષ પરિષ્કૃત થઈ. વિશ્વની ઉત્તમ કૃતિઓનું વાચન કર્યું. એ વખતે વિજયાબહેન પટેલ સાથે પરિચય થતાં ગાંધીજીના પ્રયત્ને ૧૯૩૯માં લગ્ન કર્યાં. એ આંતર જ્ઞાતીય લગ્ન હોવા છતાં પિતા રાજારામની સંમતિ મેળવી હતી. લગ્ન તદ્દન સાદાઈથી થયેલાં. ત્યારે દર્શકની આર્થિક પરિસ્થિતિ સાવ કંગાળ. વિજયાબહેન તો સુખી કુટુંબનાં પુત્રી હતાં. દર્શકે લખ્યું છે - 'હું લગ્ન કરવા ગયેલો ત્યારે મારી પાસે રેલભાડું નહોતું. અમારા ભાઈશંકરભાઈ પાસેથી ઉછીના લઈને ગયેલો. લગ્નના માંડવા તરફ જતો હતો ત્યારે બાપુએ મારા ખભે ફાટેલા ઝભ્ભાની તરફ ધ્યાન દોરેલું. એવા મસ્તના દિવસો હતા.' લગ્નપૂર્વે ૧૯૩૬-૩૭માં એમણે ભારતનું ભ્રમણ કર્યું હતું. બ્રહ્મદેશ જઈ આવેલા.

દક્ષિણામૂર્તિમાંથી મણારની લોકશાળામાં જોડાયા. એની સ્થાપના અને બિકાસમાં દર્શકનો પરિશ્રમ ખાસ્સો હતો. લોકોના હૃદયમાં એમણે સ્થાન મેળવ્યું. ૧૯૩૫માં સણોસરામાં 'લોકભારતી'ની સ્થાપના થઈ ત્યારે મનુભાઈ પંચોળી નાનાભાઈ ભટ્ટના સાથી હતા. એમના અવસાન પછી મનુભાઈએ સંસ્થા સંભાળી. તેનો વિકાસ કર્યો. છેલ્લે માત્ર મેનેજિંગ ટ્રસ્ટી તરીકે રહ્યા. એમ તો ગુજરાત વિદ્યાપીઠના ટ્રસ્ટી પણ રહેલા.

લોકભારતીમાં કેળવણી સાથે સર્વોદયની પ્રવૃત્તિનાં મંડાણ થયાં. એમની કેળવણીની વિભાવનામાં વિદ્યાર્થી 'માણસ' બને તે મુખ્ય હતું. એ માત્ર કેળવણી આપનાર ન રહેતાં, કેળવણી અંગે સતત ચિંતા-ચિંતન કરતા રહ્યા હતા. એ અર્થમાં સાચા કેળવણીકાર હતા. 'સદ્‌ભિઃ સંગ'માં કેળવણીકાર મનુભાઈ પંચોળીની આદર્શ છબિ સુલભ થાય છે. આથી જ આપોઆપ અનાયાસ એ વખતની ગુજરાત સરકારમાં શિક્ષણમંત્રીનો હોદ્દો એમને મળ્યો. સત્તામાં ચીટકી રહેવાનું તો એમના સ્વભાવમાં નહોતું. રચનાત્મક કાર્યો કર્યાં, પણ કશી ય અપેક્ષા વગર.

મનુભાઈનું જીવન સરળ હોવા છતાં સંઘર્ષ-વિહોણું નહોતું. લગ્નટાણે કપરી આર્થિક પરિસ્થિતિ. પછી આવી વિજયાબહેનની બીમારી. ત્યારે પણ પૈસાની ખેંચ. છતાં ય ક્યારેય એમણે ક્યાંય ફરિયાદ કરી નથી, ત્યાં રોદણાં રોવાની વાત જ ક્યાંથી આવે ! રઘુવીર ચૌધરીએ નોંધ્યું છે - 'વિજયાબહેન બીમાર હતાં એ દિવસોમાં ગોંડલના ગામ છાડવાદરના ખેડૂતો - મનુભાઈના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ - બારસો આપી ગયેલા. બ્રાહ્મણની ભીડ ભાંગી ગયેલી'. છતાં ય સત્યને જ એમણે પ્રેરકબળ માન્યું હતું. 'મારા દેશને ચાહીશ ખરો પણ પૂજા તો સત્યની કરીશ' એ એમનું જીવનસૂત્ર હતું. માટે જ નાનાભાઈનાં સવિનય વિરોધ એ કરી શકતા, તો ગાંધીજી સાથે અસહમત થવામાં સંકોચ ન અનુભવતા. કટોકટીના સંદર્ભે વિનોબાજીનો વિરોધ કરેલો અને સ્વાતંત્ર્ય સૈનિક તરીકેનું તામ્રપત્ર સરકારને વિરોધ સાથે પરત આપેલું. પછી ભાગ્યમાં આવ્યું જેલ જવાનું. કટોકટી ઊઠી ને દર્શક જેલમાંથી છૂટ્યા. પછી 'સૉક્રેટીસ' નવલકથા લખાઈ. એમણે નોંધ્યું છે - 'વિસર્જન ધારાસભાનું, સર્જન મારું'

સાહિત્યકાર દર્શક સાથે કેળવણીકાર ને ચિંતક દર્શક સતત સ્પર્ધા કરતા રહ્યા છે.

ગાંધીવિચારધારાનો પ્રભાવ દર્શકે અચૂક ઝીલ્યો, પણ એમના સાહિત્યમાં માત્ર ગાંધીવિચારના આંધળા અનુકરણાત્મક ઓછાયા ન દેખાય. ટાગોરનો પ્રભાવ ખરો. રામાયણ-મહાભારત અને ઉપનિષદની છાયા વર્તાય. લોકજીવનની સુગંધ માણી શકાય. આદર્શવાદ જરૂર દેખાય. મેઘાણીના સાહિત્યના સ્વાધ્યાયનો પડઘો સંભળાય. 'સરસ્વતીચંદ્ર'ની અસર ખરી. છતાંય દર્શકની સર્જકછબિ તો નિજરંગની જ.

દર્શકનું સર્જનાત્મક સાહિત્ય કરતાં અન્ય સાહિત્ય ઘણું વિપુલ છે. એમના ચિંતનાત્મક સાહિત્યનો અલગ અભ્યાસ થઈ શકે. ઇતિહાસનો સ્વાધ્યાય નોખો. સાંસ્કૃતિક-ધાર્મિક લખાણો અલગ. રાજકીય લેખો વળી જુદા. પત્રસાહિત્ય પણ ખરું. સાહિત્યિક લેખોનું વિશ્વ ન્યારું. છતાંય નવલકથાકાર દર્શક દીર્ઘકાળ લગી ગુજરાતી સાહિત્યમાં સ્મરાતા રહેશે. 'બંદીઘર', 'બંધન અને મુક્તિ', 'પ્રેમ અને પૂજા', 'દીપનિર્વાણ', 'ઝેર તો પીધાં છે જાણી જાણી', 'સૉક્રેટીસ', 'કુરુક્ષેત્ર' અને 'મુક્તિ-મંગલા' એ આઠ દર્શકની નવલકથાઓ છે છેલ્લી નવલકથા 'મુક્તિમંગલા' અધૂરી રહી છે. એનાં થોડાં પ્રકરણો 'પરબ'માં પ્રસિદ્ધ થયેલાં. જેલવાસના અનુભવમાંથી 'બંદીઘર' લખાઈ. એ કૃતિમાં દર્શકની નવલકથાકાર તરીકેની આશાસ્પદ પ્રતિભાનાં દર્શન થાય છે. 'બંધન અને મુક્તિમાં ૧૮૫૭ના મુક્તિસંગ્રામની પૂર્વભૂમિકા છે. 'પુરોગામી ઐતિહાસિક નવલકથાઓની તુલનામાં અનેરી ભાત પાડનારી ગણીગાંઠી નવલકથાઓમાં તે એક હતી' એવું ચુનીલાલ વર્ધમાન શાહે એની પ્રસ્તાવનામાં લખ્યું છે. 'પ્રેમ અને પૂજા'માં ગાંધીવિચારધારાનો ઓછાયો છે. છતાં ય કૃતિમાં પ્રેમ અને સહિષ્ણુતાની અભિવ્યક્તિ દર્શકની સર્જકતાથી મ્હોરી છે. 'દીપનિર્વાણ' એમની નોંધપાત્ર અને ઐતિહાસિક નવલકથાઓમાં એક સીમાચિહ્ન રૂપ છે. અહીં કથન કરતાં વર્ણન વાચકને આકર્ષે છે. અને દર્શકની કથાસંકલના પૂર્વેની કૃતિઓ કરતાં સારી છે. અહીં ભારતનું દિવ્ય દર્શન ઉપલબ્ધ થયું છે. 'ઝેર તો પીધાં છે જાણી જાણી' એમની પ્રતિષ્ઠા પામેલી નવલકથા છે. ત્રણ ભાગમાં વહેંચાયેલી આ નવલકથાના લેખનનો ગાળો પણ લાંબો છે. છતાં ય આ કૃતિ ગુજરાતી નવલકથાક્ષેત્રની શકવર્તી ઘટના છે એટલું ચોક્કસ. ગોપાલબાપા, સત્યકામ અને રોહિણીના પાત્રાલેખનમાં દર્શકની સર્જનાત્મક દ્યુતિનાં દર્શન થાય છે. કથામાં પથરાયેલી વેદના ભાવકના મનનો કબજો લેવામાં ખપ લાગી છે. સંવેદનને સૂક્ષ્મતાથી આલેખવામાં દર્શક સફળ રહ્યા છે. 'સરસ્વતીચંદ્ર' છાયા તળે લખાયેલી કૃતિ હોવાનું ઘણાને લાગ્યું છે. આ નવલકથા હજુ વર્ષો લગી ભાવકને ગમશે. 'સૉક્રેટીસ' ઘટનાપ્રધાન નવલકથા છે. વિદેશી વાતાવરણમાં ભારતીયતાની સુગંધ ફેલાવતી આ કથા ઓપ પામી છે. દર્શકની વર્ણનશક્તિથી લોકશાહીના સંદર્ભે સાંસ્કૃતિક મૂલ્યોને ઉજાગર કરતી આ કૃતિ દર્શકની સાંસ્કૃતિક ચેતનાનો ચિતાર આપે છે. સત્ય માટે વિષ પીનાર સૉક્રેટીસનું પાત્ર ભાવકને તરબોળ કરી દે છે. 'કુરુક્ષેત્ર'માં સત્યનું જ ઊર્ધ્વગમન કૃષ્ણના પાત્ર દ્વારા અભિવ્યક્તિ પામ્યું છે. કૃષ્ણનું મહામાનવીય સ્વરૂપ ઊભું કરવું એ દર્શકની ભાવના સાકાર થઈ છે. 'મુક્તિ-મંગલા'ની પૃષ્ઠભૂ અમેરિકાની સિવિલ વૉરની છે, જેમાં લિંકનની ઉપસ્થિતિ છે. કૃતિ અધૂરી લખાઈ છે. આમ, નવલકથાકાર તરીકે દર્શકે સારું પ્રદાન કર્યું છે. તે સાથે એની સત્ત્વશીલતા પણ ઓછી નથી.

'જલિયાંવાલા', 'અઢારસો સત્તાવન' અને 'પરિત્રાણ' એ દર્શકની ત્રણ નાટ્યકૃતિઓ છે. એમાં 'પરિત્રાણ'ને રંગભૂમિ પર પણ ખાસ્સી સફળતા મળી છે.

આ ઉપરાંત એમણે 'ઇતિહાસકથાઓ - રોમ અને ગ્રીક', 'આપણો વારસો અને વૈભવ', 'ત્રિવેણીતીર્થ' ઇત્યાદિ ઇતિહાસ - વિષયક કૃતિઓ લખી છે. કેળવણી વિષયક પુસ્તકો પણ લખ્યાં છે. 'વાગીશ્વરીનાં કર્ણફૂલો'માં એમના રસલક્ષી સાહિત્યિક લખાણો છે. 'સદ્‌ભિઃ સંગ'માં કેળવણીકાર દર્શક બરાબર ઉઘાડ પામ્યા છે. 'મારી વાચનકથા'એ આત્મકથાત્મક કૃતિ છે. એમના પત્રો 'ચેતોવિસ્તારની યાત્રા' અને 'પત્રતીર્થ'માં મૃદુલાબહેને ગ્રંથસ્થ કર્યા છે.

દર્શકની સાહિત્યિક પ્રતિભાનો વ્યાપક સ્વીકાર થયેલો છે. એમને ૧૯૬૪નો રણજિતરામ સુવર્ણચંદ્રક એનાયત થયો હતો. ૧૯૭૫માં સાહિત્ય અકાદમીનું રાષ્ટ્રિય પારિતોષિક મળ્યું હતું. ૧૯૯૭માં સરસ્વતી સન્માન પ્રાપ્ત થયું હતું. ભારતીય જ્ઞાનપીઠનો મૂર્તિદેવી ઍવૉર્ડ પણ ૧૯૮૭માં મળ્યો હતો. ૧૯૮૨માં ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ અને ૧૯૯૭માં ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ વરાયેલા.

દર્શક જેટલું જીવ્યા તેટલું અર્થપૂર્ણ અને પ્રવૃત્તિમય જીવ્યા. પોતાના જીવનનો હિસાબ રચનાત્મક કાર્યો દ્વારા આપ્યો. ૨૯ ઑગસ્ટ ૨૦૦૧ના રોજ દર્શકે આપણી વચ્ચેથી વિદાય લીધી. દર્શક અર્થાત્ જોનાર. એ આગળ-પાછળ અને સામે જોનાર સામાજિક સર્જક હતા. હવે એમની અનુપસ્થિતિમાં કોણ સઘળું જોઈને સમાજની ચિંતા કરશે? -પ્રફુલ્લ રાવલ

ઇન્દિરા ગોસ્વામીને જ્ઞાનપીઠ પુરસ્કાર

ઈ. ૨૦૦૦નો અને ૩૬મો જ્ઞાનપીઠ પુરસ્કાર અસમિયા લેખિકા ઇન્દિરા ગોસ્વામીને એનાયત થયાની જાહેરાત તાજેતરમાં થઈ છે. આ પૂર્વે અસમિયા લેખક વીરેન્દ્રકુમાર ભટ્ટાચાર્યને તેમની 'મૃત્યુંજય' નવલકથા નિમિત્તે આ પુરસ્કાર ૧૯૭૯માં એનાયત થઈ ચૂક્યો છે. આ વર્ષે ઇન્દિરા ગોસ્વામીને તેમની નવલકથા 'મામરો ધરા તરોવાલ આરુ દુખન ઉપન્યાસ' (કાટ ખાધેલી તલવાર)ને કેન્દ્રમાં રાખીને એનાયત કરવામાં આવશે. આ નવલકથા ઈ.સ. ૧૯૮૦માં પ્રકટ થઈ હતી.



શ્રી ઇન્દિરા ગોસ્વામીનો જન્મ નવેમ્બર ૧૪, ૧૯૪૨માં ગુવાહાટીમાં એક બ્રાહ્મણ પરિવારમાં થયો હતો. એમના પિતાશ્રી શિલોંગમાં શિક્ષણાધિકારીના પદે હતા, એટલે શિક્ષણ પ્રત્યેનો લગાવ એમને ગળથૂથીમાંથી જ મળ્યો છે. ઇન્દિરા ગોસ્વામીનું નામ તો છે મામોની રાયસમ ગોસ્વામી. કોઈ જ્યોતિષીના ભાખ્યા પ્રમાણે ઇન્દિરા ગોસ્વામીના જીવનમાં દુઃખ નિર્માયું હતું. પ્રથમ તો જેમને તેઓ ખૂબ ચાહતાં હતાં તે પોતાના પિતાના અવસાનથી અત્યંત વ્યથિત થઈ આપઘાતની કોશિશ સુધી પહોંચી ગયેલાં, પણ બચી ગયેલાં. વિધવા માતાએ ઇન્દિરાને લગ્નગ્રંથિથી બાંધવા ઘણા પ્રયત્નો તો કર્યા પરન્તુ ઇન્દિરાએ સ્વયં વર પસંદ કરી લીધો. ૧૯૬૫માં ૨૩ વર્ષની વયે માધવન રાયરામ આયંગર સાથે તેમણે લગ્ન કર્યું. પણ આ લગ્નસુખ લાંબું ટક્યું નહિ અને બે વર્ષ બાદ જ અકસ્માતમાં પતિનું અવસાન થતાં બીજો કારમો આઘાત લાગ્યો.

[કેરિકેચર : નિર્મિશ ઠાકર]



કાપ કરવત કાપ મારા આંગળાની છાપને,
હું કબૂલું છું ગુલાબો ચૂંટવાના પાપને.

•

ઠાઠ ભપકા એ જ છે 'ઈર્શાદ'ના,
ઘર બળે તો તાપી જોવું જોઈએ.

-ચિનુ મોદી



કહીં લાખો નિરાશામાં અમર આશા છુપાઈ છે,
ખફા ખંજર સનમનામાં રહમ ઊંડી લપાઈ છે.

•

ઉથામ્યાં ધર્મશાસ્ત્રોને - ગણાયો જ્ઞાની પંડિતમાં,
ઠરી દૃષ્ટિ ન કો' ઠામે, પ્રીતિરીતિ અખંડિતમાં !

-મણિલાલ ન. દ્વિવેદી

પણ આ વિદ્રોહી અને હિમ્મતવાન સન્નારીએ પોતાના જીવનની કેડી કંડારી લીધી. સર્જન અને સંશોધનનો માર્ગ તેમણે સ્વીકારી લીધો. એમની પ્રથમ નવલકથા 'નીલકાંતિ બ્રજ' ૧૯૭૨માં પ્રકટ થઈ હતી. અત્યાર સુધીમાં એમણે લગભગ ૨૫થી પણ વધારે કૃતિઓનું સર્જન કર્યું છે. અસમિયા જનજીવનને મૂર્તિમંત કરતી તેમની નવલકથા 'ઉને ખોવા હવાડા' (ઊધઈ ખાધેલી અંબાડી) ૧૯૮૮માં પ્રકટ થયેલી અને ખૂબ પ્રશંસા પામેલી. હાલ તેઓ દિલ્હી યુનિવર્સિટીમાં 'આધુનિક ભારતીય ભાષાઓ' એ વિભાગમાં અસમિયા ભાષાનાં વ્યાખ્યાતા તરીકે સેવાઓ આપે છે.

તેમને આ પૂર્વે અનેક પુરસ્કારો અને સન્માનો પ્રાપ્ત થઈ ચૂક્યાં છે. નૅશનલ બુક ટ્રસ્ટ અને દિલ્હીની સાહિત્ય અકાદમીની સમિતિઓમાં સભ્ય રહી ચૂકેલાં છે. ૧૯૮૨માં એમને દિલ્હીની સાહિત્ય અકાદમીનો ઍવૉર્ડ એનાયત થયો હતો. ૧૯૮૮માં 'અસોમ સાહિત્ય સભા ઍવૉર્ડ' પણ પ્રાપ્ત થયો હતો. ઉત્તર પ્રદેશની સંસ્થા હિંદી સંસ્થાન દ્વારા એમને ૧૯૯૨માં સૌહાર્દ સન્માન પણ પ્રાપ્ત થયું હતું. ૧૯૯૩માં એમને શ્રેષ્ઠ નવલકથાસર્જન માટે 'કથા ઍવૉર્ડ' પણ મળ્યો હતો. ૧૯૯૫માં 'કમલકુમારી ફાઉન્ડેશન ઍવૉર્ડ' તેઓ પામ્યાં હતાં.

આમ, તેમની સાહિત્યિક પ્રતિભાએ અસમિયા ભાષાસાહિત્યમાં સારું એવું ધ્યાન ખેંચ્યું છે. એમની અનેક કૃતિઓના હિન્દી અને અંગ્રેજીમાં અનુવાદો પણ થયા છે, અને કદાચ આવા અનુવાદો જ ઍવૉર્ડ પસંદગી-સમિતિ સમક્ષ ઉપકારક નીવડતા હોય છે. આપણી ભાષાના ઉત્તમ સર્જકોનાં ઉત્તમ સર્જનોના કમ સે કમ હિન્દી અનુવાદો જો ઉપલબ્ધ થાય તો આપણા સર્જકોની શ્રેષ્ઠતાનો અન્ય ભાષીઓને સમ્યક્ અંદાજ મળી રહે. -ધી.પ.

પ્રાપ્ત પ્રકાશનો

<u>ગુજરાત સાહિત્ય અકાદમી</u> (ટાઉન હૉલ સંકુલ, ગાંધીનગર)<u>નાં</u> પ્રકાશનો : <u>પ્રેમભક્ત કવિ જયદેવ</u> (નવલકથા)લે. જયભિખ્ખુ, ડિમાઈ સાઈઝ, પાકું પૂઠું. પૃ. ૨૬૦, રૂ. ૫૦. <u>હું પોતે</u> (સ્વચરિત્ર) : પૂર્વાર્ધ, લે. નારાયણ હેમચંદ્ર સંપાદન : કુમારપાળ દેસાઈ, ડિમાઈ સાઈઝ, પાકું પૂઠું, પૃ. ૪૭૨, રૂ. ૧૬૦. <u>Selected Poems of Sundaram :</u> Translator : Dhanvanti, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૧૩૨, રૂ. ૭૦. <u>લલિતા દુઃખદર્શક</u> (નાટક) લે. રણછોડભાઈ ઉદયરામ, સં. સતીશ વ્યાસ, ડિમાઈસાઈઝ, કાચું પૂઠું. પૃ. ૧૫૬, રૂ. ૮૦.

રામટેક
(દેશાટન-૩૨)




નાગપુરથી ૩૦ કિલો-મીટર દૂર નાગપુર-જબલપુર રાજમાર્ગ પર એક સુંદર નગરી રામટેક પર્યટકો માટે આકર્ષણનું કેન્દ્ર છે. ટેક શબ્દનો અર્થ પ્રતિજ્ઞા અથવા પણ થાય છે. એમ કહેવાય છે કે ભગવાન શ્રીરામે પોતાના અગસ્ત્યમુનિના આશ્રમ-નિવાસ દરમ્યાન સમગ્ર અસુરોનો નાશ કરવાની પ્રતિજ્ઞા અહીં લીધી હતી, એટલે આ પ્રદેશ 'રામટેક' નામે જાણીતો છે. સડક માર્ગથી તથા રેલવે માર્ગેથી આ નગરીએ સહેલાઈથી પહોંચી શકાય છે.

અહીંનાં મંદિરોનાં સફેદ શિખરો પર્યટકોનું ધ્યાન આકર્ષિત કરે છે. અહીં ઘણાં મંદિરો આવેલાં છે. સૌથી વધુ પ્રસિદ્ધ વરાહ મંદિર છે. આ મંદિરનું મુખ્ય પ્રવેશદ્વાર અત્યંત ભવ્ય અને ઘણું મોટું છે, જેનું નિર્માણ-કાર્ય મરાઠા-શાસક રઘુજી ભોંસલેએ કર્યું હતું અને એને 'વરાહ દરવાજો' કહે છે.

ભગવાન રામ તથા લક્ષ્મણના મુખ્ય મંદિરનો એક બીજો દરવાજો 'ગોકુલ દરવાજો' તરીકે પ્રખ્યાત છે. આ મંદિરનો ઇતિહાસ ઈ.સ. ૧૭૩૬થી શરૂ થાય છે. એ સમયે રાજા રઘુજી ભોંસલેએ પ્રતિજ્ઞા-ટેક - લીધી હતી કે પોતે દેવગઢ પર વિજય મેળવશે તો આ મંદિરમાં રામ-લક્ષ્મણની મૂર્તિઓનું પ્રતિષ્ઠાન કરાવશે. એ પહેલાં આ મંદિરમાં પાદુકાઓનું પૂજન થતું હતું. દેવગઢ પર વિજય મેળવીને રાજા પાછા આવ્યા ત્યારે તેમને સ્વપ્ન આવ્યું કે સૂર નદીમાં આવેલી મૂર્તિઓની પ્રતિષ્ઠા કરાવવી. આશ્ચર્યની વાત એ છે કે સ્વપ્નાનુસાર રાજાને નદીમાંથી રામ-લક્ષ્મણની મૂર્તિઓ મળી આવી અને ઈ. ૧૭૫૩માં ધામધૂમથી એ મૂર્તિઓની પ્રતિષ્ઠા આ મંદિરમાં કરી.

ગોકુળ દરવાજા બહાર એક વિશાળ જગ્યામાં વાનરોનું નિવાસસ્થાન છે. ત્યાં વાનરોની રમતો પર્યટકોનું મનોરંજન કરે છે. અહીં કારતક અને ચૈત્ર મહિનાઓમાં ભવ્ય મેળાઓનું આયોજન થાય છે અને દૂરદૂરથી અસંખ્ય લોકો એકઠાં થાય છે.

('યોગક્ષેમ'ને આધારે)



પિંડમાંથી ઘાટ રૂડા એ ઘડે છે ચાકડા પર;
એ પછીથી નામ નોખાં એ ધરે છે ચાકડા પર.
આ ઘડાના ભીતરી અવકાશમાં હું હોઉં છું બસ;
છૂટતાં કાયા પવન થઈ શું ફરે છે ચાકડા પર !
મોક્ષ જેવી ક્યાં કદી ઘટના ઘટે આ રાફડામાં;
આપણી જિજીવિષા ફરતી રહે છે ચાકડા પર.

('સૂર્યની શોધ પહેલાં'માંથી) -કિશોર વાઘેલા


ડૉ. સ્વામિનાથન

મોનોકોમ્બુ શામ્બશિવન સ્વામિનાથનનો જન્મ ૭-૮-૧૯૨૫ના રોજ તામીલનાડુમાં. પિતાજી ડૉક્ટર અને ગાંધીજીના વિચારોને માન આપતા. માતા ધાર્મિક વલણવાળાં ગૃહિણી. વિદેશી કાપડની હોળી-ચળવળમાં ગાંધીજી તેમના ઘેર આવ્યા હતા. તે દિવસે તેમની બાએ તમામ દાગીના ભેટ આપ્યા હતા. બાળ સ્વામિનાથનને તે દિવસથી ગાંધીજીના વિચારોનું આકર્ષણ રહ્યું છે.

ત્રાવણકોર યુનિવર્સિટીમાંથી ૧૯૪૪માં વિજ્ઞાનના સ્નાતક થયા. ૧૯૪૭માં કોઈમ્બતુરમાંથી મદ્રાસ યુનિવર્સિટીની કૃષિ સ્નાતકની પદવી પ્રથમ વર્ગમાં મેળવી. ભારતીય કૃષિ અનુસંધાન દિલ્હીના જનીનશાસ્ત્ર વિભાગમાં ૧૯૪૯ સુધી રહ્યા. તે વર્ષે નેધરલૅન્ડની વેગિન્ગન યુનિવર્સિટીમાં યુનેસ્કોની ફેલોશિપ મળી. ૧૯૫૨માં ઇન્ગલન્ડની કેમ્બ્રિજ યુનિવર્સિટીમાં મદદનીશ સંશોધક તરીકે કામ કર્યું. ૧૯૫૪થી ૨૦૦૦ની સાલ સુધીમાં દેશવિદેશની ૩૯ યુનિવર્સિટીઓએ તેમને ડૉક્ટર ઑફ સાયન્સની માનદ્ ઉપાધીથી નવાજ્યા છે.

૧૯૫૪-૧૯૭૨ સુધી મધ્યસ્થ ચોખા સંશોધન કેન્દ્ર કટક અને ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ દિલ્હીમાં સંશોધક વિજ્ઞાની તથા શિક્ષકની ફરજ બજાવી. ૧૯૭૨-૭૯ ભારત સરકારના કૃષિ વિભાગના નિયામક અને ૧૯૭૯-૮૦ એ જ કૃષિ વિભાગના સેક્રેટરી રહ્યા. ૧૯૮૦માં આયોજન પંચ ભારત સરકારના ઉપાધ્યક્ષ અને ૧૯૮૦-૮૨ આયોજન પંચના સભ્ય હતા. ૧૯૮૨-૮૮ આંતરરાષ્ટ્રિય ચોખા સંશોધન કેન્દ્ર ફિલિપાઇન્સના મહાનિયામક રહ્યા. ૧૯૮૯થી નિવૃત્ત થયા પછી આજ સુધી એમ.એસ. સ્વામિનાથન રિસર્ચ ફાઉન્ડેશનના અધ્યક્ષ તરીકે સેવાકાર્ય કરે છે.

આઝાદી પછી ભારત અનાજની જંગી આયાત કરતું હતું. તેમની ભારત સરકારની કામગીરી દરમિયાન ભારતને અન્ન-સ્વાવલંબી બનાવવાની સફળ કામગીરી બજાવી હરિયાળી



ક્રાંતિના સર્જક બન્યા. ૧૯૫૭થી આજ સુધી ૩૫ જેટલી રાષ્ટ્રિય તથા આંતરરાષ્ટ્રિય વૈજ્ઞાનિક કમિટીઓના સલાહકાર સભ્ય તરીકે રહ્યા છે. સીજીઆઈએઆરની ટેક્નિકલ કમિટી, યુનોની પ્રોટીન કેલરી સલાહકાર સમિતિ; રણસાથન ટેક્નિકલ કમિટી, વિજ્ઞાન અને ટેક્નોલૉજિની વિકાસ સમિતિ, આંતર રાષ્ટ્રિય મધમાખી સંશોધન સમિતિ, હોની સલાહકાર સમિતિના સભ્ય તરીકે તથા, ફોર્ડ ફાઉન્ડેશનના ટ્રસ્ટી, ગ્લોબલ હંગર પ્રોજેક્ટના તેમજ ફાઓના ચૅરમેન તથા ભારત સરકારની કમિટીના સભ્ય તરીકે સેવાઓ આપી છે.

તેમને મળેલા અનેક પુરસ્કારોમાં શાંતિસ્વરૂપ

ભટનાગર, બિરબલ સહાની, બર્કલી, નૉર્મન બોરલોગ, મેઘનાદ સહા, રવીન્દ્રનાથ ટાગોર, જવાહરલાલ શતાબ્દી, લાલબહાદુર શાસ્ત્રી, ચાર્લ્સ ડારવીન, બી.પી.પાલ, વી.ગંગાધરન, મેગસેસે, જમનાલાલ બજાજ, ઍલ્બર્ટ આઈન્સ્ટાઈન, મેન્ડલ મેમોરિયલ, ટાઈલર, હોન્ડા, ગોલ્ડનહાર્ટ પ્રેસિડેન્ટ, સાકાવા, પ્રેસિડેન્ટ રુઝવેલ્ટ, ફ્રાન્સ, સ્વીડન, ચીનના ઉચ્ચ રાષ્ટ્રિય પુરસ્કારો, યુનેસ્કોનો ગાંધી ગોલ્ડ મેડલ, ઈંદિરા ગાંધી, ઉપરાંત ઇન્ડિયન સાયન્સ કૉંગ્રેસ, તામીલનાડુ યુનિવર્સિટી તથા ઈન્ટરનૅશનલ જોગ્રોફિક યુનિયનના મિલેનિયમ ઍવૉર્ડ મળ્યા છે. ભારતના રાષ્ટ્રપતિ તરફથી પદ્મશ્રી, પદ્મભૂષણ, પદ્મવિભૂષણના ખિતાબો મળ્યા છે.

જનીનશાસ્ત્રી તરીકે ડાંગર, ઘઉં, બટાકાની જાતો સુધારવામાં વિશ્વ- કક્ષાએ તેમનું મહત્ત્વનું પ્રદાન છે તેમના આજ સુધી ૬૫૦ ટૅકનિકલ પેપરો ભારત અને દેશવિદેશની કૉન્ફરન્સમાં રજૂ થયાં છે. તેમના માર્ગદર્શન હેઠળ ૬૫ વિદ્યાર્થીઓએ પીએચ.ડી.ની ઉપાધિ મેળવી છે. તેમનાં અનેક પુસ્તકો દેશવિદેશોમાં પ્રકાશિત થયાં છે.

તેમને મળેલાં કેટલાંક સન્માનપત્રો ઉલ્લેખનીય છે. ડૉ. નૉર્મન બોરલોગ, જેમને ૧૯૭૦માં વિશ્વના ઉત્તમ કૃષિ વિજ્ઞાની તરીકેનું નોબેલ પ્રાઇઝ મળ્યું છે, તેમણે પહેલો બોરલૉગ પુરસ્કાર ડૉ. સ્વામિનાથનને આપ્યો. તેમના સન્માનપત્રમાં બોરલોગે જણાવ્યું કે, ભારતની હરિયાળી ક્રાંતિના સર્જકનું બહુમાન ડૉ. સ્વામિનાથનને ફાળે જાય છે. મારી મૅક્સિકન બાઠા ઘઉંની શોધને ખેડૂતો સુધી પહોંચાડનર ડૉ. સ્વામિનાથન છે.

૧૯૮૭માં યુનોનું વર્લ્ડ ફૂડ પ્રાઇઝ અર્પણ કરતાં સેક્રેટરી જનરલે જણાવ્યું કે, ડૉ. સ્વામિનાથન એ જીવંત રોમાંચક વ્યક્તિ છે. તેમનું કૃષિ-વિજ્ઞાનનું પ્રદાન વિશ્વમાં અન્ન-ઉત્પાદન માટે હંમેશાં યાદ રહેશે. ઇતિહાસમાં પ્રથમ હરોળના વિશ્વવિજ્ઞાનીક તરીકે તેમનું નામ સુવર્ણ અક્ષરે લખાશે.

૧૯૯૦માં વિધિવત્ નિવૃત્ત થયા પછી તેમને મળેલા અનેક પુરસ્કારોના ભંડોળનું 'એમ.એસ. સ્વામિનાથન રિસર્ચ ફાઉન્ડેશન, બનાવ્યું છે. તેના મુદ્રાલેખમાં ગાંધીજીનું સુવાક્ય છે **'Be the change you want to bring about'** - જેવું પરિવર્તન ઇચ્છો તેને અનુરૂપ બનો. આ સંસ્થાની શરૂઆત ત્રણ વિજ્ઞાનીઓથી કરી હતી. ૨૦૦૦ની સાલમાં ૨૧૦ સમર્પિત વિજ્ઞાનીઓ સાથે તામિલનાડુ, આંધ્રપ્રદેશ, કેરાલા, ઓરિસા આદિનાં ઊંડાણનાં ગામડાંઓમાં આધુનિક વિજ્ઞાનની મદદથી, કુદરતને ઓળખીને નિત્ય હરિયાળી ક્રાંતિ દ્વારા ગરીબી, બેકારી, અભણતાનું નિવારણ અને સમાનતા દ્વારા ગ્રામજનોના જ પુરુષાર્થ વડે ગ્રામસ્વરાજ લાવવાનો ભવ્ય પુરુષાર્થ કરી રહ્યા છે. આ સંસ્થા નીચેના કાર્યક્રમો હાથ ધરે છે :

(૧) કુદરતી સંપત્તિ - જળ, જમીન, હવા, પશુપંખી, વનસ્પતિ વિ.ની જાળવણી (૨) પોષણક્ષમ, સમાનતાવાળી ખેતી અને ગ્રામવિકાસ. (૩) વારસાગત અને આધુનિક વિજ્ઞાનના સમન્વય દ્વારા પર્યાવરણ જાળવણી. (૪) નવી પેઢીના યુવાનો, ગ્રામિણ બહેનો માટે નવી ગ્રામ ટૅકનિક દ્વારા રોજગારીનિર્માણ (૫) પાછામાં પાછાં, નીચામાં નીચાં સમાજને, સ્વમાનભેર પોતાના પુરુષાર્થ વડે સમાજમાં સ્થાન અપાવવું.

તે માટે તેમના વૈજ્ઞાનિક મિત્રોને ગામડાંમાં જ રાખી ખેડૂતોનાં ખેતરોમાં જ ગ્રામજનોનાં ઝૂંપડાંઓમાં જ દીવાલ વગરની શાળાઓમાં પ્રત્યક્ષ તાલીમ આપી તેમની ભાષામાં તેમને ઉપયોગી સંશોધનનો કરી, તેમના જીવનમાં પરિવર્તન આણવાનો ભવ્ય પુરુષાર્થ કરી રહ્યા છે. તેમના આ સાહસમાં યુનોની તમામ સંસ્થાઓ, દેશવિદેશની જાહેર તેમજ ખાનગી સંસ્થાઓ તથા દાનવીરોનો સહકાર મળી રહ્યો છે. ૨૧મી સદીનો દુનિયાનો કોઈ પણ માણસ ભૂખ્યો નહિ હોય. ગરીબ-બેકાર ન હોય, અભણ અજ્ઞાન ન રહે, નવાં આવનારાં બાળકોને સુજલામ્, સુફલામ્ જગતનું નવતર જીવન જીવવા મળે. તેમ કરવા અને જય જગતનું સ્વપ્ન સાકાર કરવાનો યજ્ઞ તેમની સંસ્થાએ માંડ્યો છે.

અમેરિકન ટાઇમ્સ સાપ્તાહિકની મોજણીમાં વીસમી સદીના ભારતના શ્રેષ્ઠ પુરુષોમાં રવીન્દ્રનાથ ટાગોર, મહાત્મા ગાંધીજી, પછી ત્રીજે નંબરે ડૉ. સ્વામિનાથન આવ્યા છે. તેવી જ બીજી મોજણીમાં એશિયાના શ્રેષ્ઠ વીસ મહામાનવોમાં ડૉ. સ્વામિનાથનને ગણાવ્યા છે. પંચોતેર વર્ષની જૈફ ઉંમરે પોતે માંડેલા યજ્ઞને પાર પાડવા માટે તેઓ દિનરાત ભવ્ય પુરુષાર્થ કરી રહ્યા છે. -રાજુભાઈ જંત્રાણિયા


જેસોર અને બાલારામ અભયારણ્યમાં પ્રાણીઓની વિવિધતા


ઉત્તર ગુજરાતમાં અરવલ્લીની પર્વતમાળાઓના દક્ષિણ છેડે આવેલ જેસોર રીંછ અભયારણ્ય અને બાલારામ-અંબાજીનું વન્ય પ્રાણી અભયારણ્ય ૭૨૦ કિલોમીટરના ક્ષેત્રફળમાં ફેલાયેલાં છે. આ અભયારણ્યોમાં પ્રાણીઓ અને વનસ્પતિઓની કેટલીક વિશિષ્ટ જાતો આવેલી છે. આ અભયારણ્યમાં વસતા આદિવાસીઓ પાસે રહેલી જીવજંતુઓ અને પ્રાણીઓ અંગેની તેમની કોઠાસૂઝ અને આધુનિક વિજ્ઞાનને સમજવા તેની આછેરી ઝલક અહીં પ્રસ્તુત છે.

અભયારણ્યોનું મુખ્ય આકર્ષણ તેમાં જોવા મળતી વિશિષ્ટ જૈવિક વિવિધતા છે. અહીં નાના નાના વિસ્તારોમાં ખૂબ નાની નાની વનસ્પતિઓ અને તેના ઉપર પોતાનો નિર્વાહ કરતા પશુપંખીઓ મનમોહક છે. આ શોધકાર્યમાં અમે ત્યાં જોવા મળતાં પતંગિયા જેવાં જીવજંતુઓ, સરકીને ચાલનારા જીવો, પક્ષીઓ અને સસ્તન પશુઓ ઉપર અધ્યયન કર્યું. સાથે સાથે તેમની યાદી અને તેને સંબંધિત જાણકારી ત્યાં રહેતાં સ્થાનિક લોકો પાસેથી મેળવી.

આ અર્ધ સૂકા વિસ્તારમાંથી ઓછામાં ઓછાં ૯૯ જાતનાં જીવજંતુઓ જોવા મળ્યાં, જેમાં ૩૩ પ્રકારના પતંગિયાંની વિવિધ જાતોનો પણ સમાવેશ થાય છે. મોટા ભાગે એવું જોવા મળે છે કે લોકોની જીવ-જંતુઓની સરખામણીમાં વૃક્ષ, પશુપંખીઓમાં વધુ રુચિ હોય છે.

આ અભયારણ્યમાં વસતાં લોકોને આ જીવજંતુઓને જોઈને આવનારા સમય અને મોસમની જાણકારી મેળવી લે છે. જેમ કે, મોટી કીડીઓ હારબંધ દેખાય તો વરસાદના આગમનનું અનુમાન કરવામાં આવે છે. એવી જ રીતે પતંગિયાંઓ મોટી સંખ્યામાં દેખા દે તો એ જગ્યામાં વિશેષ ભેજ રહેલો છે એવું અનુમાન કરવામાં






આવે છે. જો આ અને આવી ઘણી બધી જાણકારીઓને વૈજ્ઞાનિક રીતે પારખવામાં આવે તો તેમાં રહેલું તથ્ય વધુ સારી રીતે જાણી શકાય.

આ અભયારણ્યોમાં ૧૭ જાતનાં સરકતાં સરિસૃપ વર્ગનાં પ્રાણીઓની પણ જાણકારી મેળવી, જેમાંથી સ્થાનિક લોકોએ ૧૩ જાતિઓને ઓળખી હોવાની પુષ્ટી આપી. સાથે સાથે લોકો પાસેથી આ જીવો વિશે ઘણી એવી જાણકારી મેળવી છે જે અતિ મનમોહક, આશ્ચર્યજનક અને વૈજ્ઞાનિક રીતે માન્ય છે. અંબાજી-સ્થિત મદારી સમુદાયના દેવનાથભાઈએ જણાવ્યું કે, હાડાં/સાંડા (સ્પાઈડની ટેઈલ્ડ લિઝાર્ડ)ને ખાવાથી શરીરમાં સ્ફૂર્તિ આવે છે, અને કામોત્તેજના પેદા કરવાનું કાર્ય કરે છે.

સાપને પકડવાની અવનવી રીતો પણ જાણવા મળી. તેમના જણાવ્યા અનુસાર સાપના માટી ઉપર ચાલવાથી બનતી રેખા ઉપરથી એ જણાવી શકાય કે, સાપ દરની અંદર ગયો છે કે બહાર ગયો છે. બહારની વૈજ્ઞાનિક દુનિયા સાથે કોઈ સંબંધ ન હોવા છતાં આ અભયારણ્યોનાં સ્થાનિક લોકો ઔષધિઓથી ઘણે અંશે પરિચિત છે.

અભયારણ્યમાં ૧૫૧ પક્ષીઓની જાતોને જોવાનો અનુભવ અમને મળ્યો. ત્યાંનાં સ્થાનિક લોકો પાસેથી અમને પક્ષીઓની ૬૯ જાતિઓની માહિતી મળેલી છે. ઘણાં પક્ષીઓ એવાં છે જે ગીચ જંગલની વચ્ચે અને કેટલીક વિશિષ્ટ મોસમમાં જ જોવા મળે છે. અહીંનાં લોકો માટે શાહ બુલબુલ પ્રતીક છે. વરસાદના દિવસોમાં, માદાએ મૂકેલ ઈંડાંઓમાંથી નાનાં નાનાં બચ્ચાંઓ તૈયાર થઈ જાય છે. સાથે સાથે નરમાદાની જોડી આ બચ્ચાંઓ માટે ખાવાની શોધમાં આમ તેમ ઊડતી જોવા મળે છે. આ પક્ષી વરસાદનું પ્રતીક બની જાય છે. પહેલાં ગીધ ઘણાં જોવા મળતાં હતાં તે હવે બહુ ઓછાં જોવા મળે છે. સ્થાનિક લોકો ગીધની પાંખ માટે તેનો શિકાર કરે છે.

સસ્તન જાનવરોના વિષયમાં પણ વિજ્ઞાનીઓ અને લોકોની કાંઠાસૂઝમાં ઘણો સુમેળ જોવા મળે છે, ૧૭ જાતનાં સસ્તન પ્રાણીઓ છે. જ્યારે લોકોને પૂછવાથી તેની ૨૦ જેટલી જાત વિશે જાણવા મળ્યું. એક વધુ રોચક જાણકારી અમને એ જાણવા મળી કે, જાનવરની હિલચાલનો અભ્યાસ કરીને શિકાર કરવાની કેટલીક તકનીક લોકોએ શોધી કાઢી છે.



આ બન્ને અભયારણ્યમાં જોવા મળતાં રીંછની જાત ફક્ત ભારત અને તેની આસપાસના દેશોમાં જ જોવા મળે છે. સંશોધક વૃંદે આ રીંછની રીત-ભાત અને ખાવાપીવાની ટેવો અંગે સ્થાનિક લોકો પાસેથી પણ જાણકારી મેળવી. અમારી પાસે રીંછને ભાવતી ચીજોમાં ૪૮ ચીજોની યાદી તૈયાર થઈ ગઈ. સાથે સાથે અમારા સંશોધક મિત્રોએ રીંછની વિષ્ટા એકઠી કરી તેમાંથી પચ્યા ન હોય તેવા પદાર્થોને અલગ કરીને તેની યાદી બનાવી, જેમાં ૧૩ પદાર્થો જાણવા મળ્યા. આ પ્રયોગ ઉપરથી અમારી સમક્ષ એક વાત ઘણી સ્પષ્ટ થઈ ગઈ કે, લોકોની સમજ આજના વિજ્ઞાન સામે ટક્કર લેવાયોગ્ય છે.

('લોકસરવાણી'માંથી ટૂંકાવીને) -જાનુબહેન શીલ

કલાકારનો પ્રભાવ

ઈ.સ. ૧૯૬૫ના અરસાની એક સત્યઘટના કલાકારનાં ગૌરવ ને પ્રભાવનો ખયાલ આપી જાય છે. એ વખતે સુપ્રસિદ્ધ હાર્મોનિયમવાદક શ્રી અપ્પા જલગાંવકર સાથે પં. ભીમસેન જોશી દિલ્હીથી મુંબઈ જવા માટે મોટરમાર્ગે નીકળ્યા હતા. એમની સાથે એમની સંગીત-મંડળી પણ હતી.

રાતના સાડાનવના સુમારે તેમની મોટર ગ્વાલિયર પાસેથી પસાર થઈ રહી હતી. ત્યાં એક પેટ્રોલ પંપ પાસે પેટ્રોલ લેવા માટે તેઓ થોભ્યા હતા ત્યારે પેટ્રોલપંપવાળા લોકોએ એમને ચંબલની ઘાટીના માર્ગે ડાકુઓનો ડર હોવાથી તે માર્ગે ન જવા જણાવ્યું હતું, પણ પં. ભીમસેન જોશીએ પોતાના આત્મવિશ્વાસના કારણે તેમની વાત ન ગણકારી અને એ જ માર્ગે જવા માંડ્યું.

ચંબલની ઘાટીથી આશરે પચાસ માઈલ ભાગ્યે જ દૂર ગયા હશે ત્યાં તો માર્ગને રોકીને ભીંત બનાવીને હારબંધ ઊભેલા માણસો તેમની નજરે પડ્યા. એમના હાથમાં હથિયારો હોવાથી મોટરને અટકાવવી પડી. મોટરમાં બેઠેલા સઘળા લોકો તો ડરી ગયા, પણ પં. ભીમસેન જોશી નિર્વિકાર રીતે શાંત મુદ્રામાં બેઠા હતા. ડાકુઓના સરદારે મોટર સામે આવીને ધમકી ભરી કડક ભાષામાં કહ્યું 'ડીકી ઉઘાડો.'

ડીકી ઉઘાડતાંની સાથે જ ત્યાં બધા સામાન સાથે રાખેલ તાનપુરો નજરે પડ્યો. સરદારે પૂછ્યું, 'આ શું છે ?'

'એ તો તાનપુરો છે.' જવાબ મળ્યો.

સરદારે કહ્યું : 'લાગે છે કે તમે લોકો ગાવા-વગાડવાનું કામ કરો છો. તમારી સાથે કયો ગવૈયો છે ? નામ શું ?'

સંગીતમંડળીના લોકોએ ભીમસેન જોશીને આંગળી ચીંધીને બતાવ્યા ને કહ્યું : 'આ છે પં. ભીમસેન જોશી અને આ તેમની પોતાની ગાડી છે.'

જરા અચંબામાં પડીને સરદારે કહ્યું : 'અચ્છા, તો આ છે પં. ભીમસેનજી. ભલે, આપ ખુશીથી આગળ જઈ શકો છો. અમે લોકોએ રેડિયો પર એમનાં ગાયન સાંભળ્યાં છે. એમને માટે અમને માન છે. તમે બેફિકર થઈને જાવ. રસ્તામાં તમને કોઈ તકલીફ નડશે નહિ ને કદાચ કોઈ તમને અટકાવે તો મારું નામ તેમને દેજો. એમ કહી સરદારે પોતાનું નામ જણાવ્યું. એટલે પછી પં. ભીમસેન જોશીની સંગીતમંડળી ને કાફલો આગળ જવા માંડ્યો. આવું છે કલાકારનું ગૌરવ અને તેનો પ્રભાવ.

-ડૉ. ધર્મેન્દ્ર માસ્તર ('મધુરમ્')

તજ

રોજિંદા મસાલામાં સુગંધ અને સ્વાદ લાવવા માટે વપરાતું 'તજ' મુખશુદ્ધિ અને કંઠશુદ્ધિ કરનાર પણ છે. 'સિન્નામોમુખ જેલાનિકમ'ના વૈજ્ઞાનિક નામે ઓળખાતું તજ 'લોરેસી' વર્ગનું છે. તજના વૈજ્ઞાનિક નામમાં 'જેલાનિકમ' શબ્દ એવો સંકેત આપે છે કે, આ ઝાડનો સંબંધ 'સીલોન' કે 'લંકા' સાથે છે. લંકામાં પ્રાકૃત રૂપથી ઊગતું તજ મસાલા-મુખવાસ ઉપરાંત ઔષધ તરીકે પણ ખૂબ જ ઉપયોગી પુરવાર થયું છે.

સદાહરિત રહેતું તજનું ઝાડ પૂર્ણતઃ પર્ણહીન ક્યારેય નથી હોતું. આશરે ૬-૮મી. ઊંચું થતું ઝાડ સિલોનમાં મોટા પ્રમાણમાં થાય છે. મોટાં-મોટાં વન ધરાવતા સિલોનમાં ઉપરાંત, મલાયા, જાવા-સુમાત્રા, જપાન અને ચીનમાં પણ તજ થાય છે. ભારત ખાતે મલબાર અને તામિલનાડુમાં

તેનું વાવેતર થાય છે. ત્યાં લગભગ ૧૫૦૦ મી. ઊંચાઈ સુધીના ભાગોમાં તે થાય છે. થોડાં ઊંચાઈવાળાં સ્થળોએ તે અધિક થાય છે. તદુપરાંત, ભારતનાં અન્ય સ્થળો જેવાં કે, ગઢવાલ, કુમાઉ, હિમાલયમાં પણ તે થાય છે.

તજનાં પાન મોટાં, સુગંધીદાર, ભરાવદાર, લીસાં, ચળકતાં, લંબગોળ, અંડાકાર, ચીમડ, નિર્શિતાગ્ર, ઘાટા લીલા રંગનાં અને નીચે આછા લીલા રંગના હોય છે. તેમાં ૩ થી ૫ જાડી શિરાઓ હોય છે. જે પાંદડાંમાં સ્પષ્ટ દેખાય છે. ફૂલ અત્યંત નાનાં હોય છે અને મોટા ગુચ્છોમાં લાગે છે. તેનાં ફળ ઘેરાં જાંબલી અને ભૂરા રંગનાં, અંડાકાર અને લાંબાં હોય છે. તજ ઘણી જાતની થાય છે. તે પૈકી ભારત, ચીન અને સિલોન - લંકાની એ ત્રણ જાતો જાણીતી છે. ભારતમાં થતી તજ મસાલા કરતાં વધુ ઔષધ માટે વપરાય છે. એ તજ શોથઘ્ન હોવાથી ગમે તેવો સોજો ઉતારવામાં વપરાય છે. ચીની તજ ચીન અને સિંગાપોરથી આવે છે. જે પાતળી અને સારી ગણાય છે. જ્યારે સિલોનની તજનો રંગ ફિકાશ પડતો પીળો, સોના જેવો હોય છે. તે પાતળી, સુંવાળી, ચમકદાર અને સુગંધવાળી તેમ જ ચાવતાં તમતમાટ ઉપજાવનારી હોય છે. સ્વાદમાં અને ગુણમાં શ્રેષ્ઠ ગણાતી સિલોની તજ મસાલા માટે વધુ વપરાય છે. 'પહાડી તજ' તરીકે ઓળખાતી તજ હિમાલયથી આવે છે. કનિષ્ઠ પ્રકારની આ તજમાંથી તેલ કાઢ્યા બાદ તે વેચાય છે. જો કે, એ ઉપયોગી નથી હોતી.

વૃક્ષની ડાળીઓ કાપીને, તેમાંની છાલ ઉતારવામાં આવે છે. અંદરની સૂકી છાલને 'તજ' કહે છે, તે છાલ ઔષધિ તરીકે પણ વપરાય છે. ઝાડ ત્રણ વર્ષનાં થયાં પછી તેની છાલ ઉતારીને, તડકે સૂકવીને તેની લાંબી ઝૂડીઓ બનાવવામાં આવે છે.

ઝાડની છાલમાંથી, પાનમાંથી અને મૂળમાંથી એમ ત્રણ જાતનું તેલ કાઢવામાં આવે છે. તજની છાલનું તેલ ઉત્તમ ગણાય છે. તજનું તેલ નવું હોય ત્યારે પીળાશ પડતું હોય છે, અને જૂનું થાય ત્યારે રતાશ પડતું પીળું થઈ જાય છે. આ તેલ ભારે હોઈ, પાણીમાં ડૂબી જાય છે. વેદના સ્થાપક, વ્રણશોધક અને વ્રણરોપણ આ તેલ ઔષધિ તરીકે પણ વપરાય છે. તજનાં ફૂલ-ફળમાંથી અર્ક અને અત્તર પણ નીકળે છે. પાંદડાંમાંથી પ્રાપ્ય તેલ મીઠાઈઓ તથા સાબુને સુગંધિત કરવાના કામમાં આવે છે.

જાડી તજ લઘુ, ઉષ્ણ, તીખી, મધુર, કડવી, રુક્ષ અને પિત્ત કરનાર છે. કફ, વાયુ, ચળ, ખૂજલી, અપક્વ રસ (આમ) અને અરુચિનો નાશ કરનાર, હૃદય રોગ, મૂત્રાશયના રોગ, અર્શ, કૃમિ મટાડનાર તેમ જ વીર્યને હરનાર છે. જ્યારે પાતળી તજ મધુર, કડવી, તીખી, સુગંધી, વીર્ય વધારનાર, શરીરનો રંગ સુધારનાર તેમ જ વાયુ, પિત્ત, મુખશોષ અને તરસ મટાડનાર છે.

તજનું દસ રતી ચૂર્ણ ગરમ પાણીમાં લેવાથી મરડો મટે છે. તજ, મરી અને આદુનો ઉકાળો રોજેરોજ પીવાથી શરદી મટે છે. તજનું તેલ વાતવિકાર પર ચોળવાથી ફાયદો થાય છે. તજનો ઉકાળો પીવાથી પિત્ત થઈ ઊલટી થતી હોય તો એ મટે છે. તજનું તેલ કે અર્કનું પૂમડું પોલી કે દુ:ખતી દાઢ પર મૂકવાથી રાહત થાય છે. તજને પાણીમાં ઘસી, ગરમ કરી, લમણાં પર લેપ કરવાથી અથવા તજનું તેલ કે અર્ક લમણાં પર ચોળવાથી શરદીથી દુ:ખતું માથું મટે છે. તજ અતિસાર, ઊબકા અને વમન રોગોમાં ફાયદાકારક છે. તજ આંતરડાને મજબૂત કરે છે. તજ લેવાથી અજીર્ણ, ઊલટી, આફરો, પેટની ચૂંક મટે છે. સ્ત્રીઓનો માસિક અટકાવ સાફ લાવે છે અને ગર્ભાશયનું સંકોચન કરે છે.

વૈજ્ઞાનિક મત મુજબ તજ ઉષ્ણ, દીપન, પાચન, વાતહર, સ્તંભન, ગર્ભાશય ઉત્તેજક, ગર્ભાશય સંકોચક, લોહીના શ્વેતકણ વધારનાર છે. વળી, હૃદય ઉત્તેજક, હૃદયપૌષ્ટિક, હૃદય-નિર્બળતાનાશક અને નિદ્રા લાવનાર છે. તેમ જ તજ જંતુનાશક હોઈ, ક્ષય-કાળજ્વર-ટાઈફાઈડ-ટાઈફસ અને બીજા અનેક ચેપી રોગોનો નાશ કરનાર છે.

તજનું વધારે માત્રામાં કે લાંબો સમય સેવન નપુંસકતા લાવનાર નીવડે છે. ગરમ પ્રકૃતિવાળાએ તો તેનો ઉપયોગ ખૂબ જ સાચવીને કરવો જોઈએ. તજનું તેલ પણ વધુ માત્રામાં ન વાપરવું જોઈએ. તજનો વધુ પડતો ઉપયોગ ન કરવો એ હિતકારી છે.

('સ્ત્રી'માંથી ટૂંકાવીને) -નીલમ પટેલ

સપ્ત

(૧) સપ્ત સ્વર : ષડ્જ, રિષભ, ગાંધાર, મધ્યમ, પંચમ, ધૈવત, નિષાદ. (સા રે ગ મ પ ધ નિ)
(૨) સપ્ત રંગ : લાલ, નારંગી, પીળો, લીલો, વાદળી, નીલો જાંબુડી. (લાનાપીલી વાનીજા)
(૩) સપ્ત દીન : રવિ, સોમ, મંગળ, બુધ, ગુરુ, શુક્ર, શનિ
(૪) સપ્ત ધાતુ : રસ, રક્ત, શુક્ર, મેદ, માંસ, અસ્થિ, મજ્જા. (આયુર્વેદની માન્યતા મુજબ)
(૫) સપ્ત દ્વીપ : જંબુ, કુશ, પ્લક્ષ, શાલ્મલિ, ક્રૌંચ, શાક, પુષ્કર, (પુરાણના આધારે)
(૬) સપ્તર્ષિ : મરીચ, અત્રિ, અંગિરસ, પુલસ્ત્ય, પુલહ, ક્રતુ, વસિષ્ઠ
(૭) સપ્તપાતાલ : અતલ, વિતલ, સુતલ, રસાતલ, તલાતલ, મહાતલ, પાતાલ.
(૮) સપ્તલોક : ભૂર્, ભૂવર્, સ્વર્, મહર્, તપ, જન, સત્ય.
(૯) સપ્તસમુદ્ર : લવણ, ઈક્ષુરસ, સુરા, ઘૃત, ક્ષીર, દધિ, શુદ્ધોદક.
(૧૦) સપ્તપદી : લગ્નની વિધિમાં સાત ફેરા અગ્નિસમક્ષ કરવામાં આવે છે ત્યારે બોલવામાં આવતા સાત મંત્રો.

સંકલન : સંજય ભટ્ટ

લજ જો રખ તો જીવ રખ, લજ વીણ જીવ ન રખ;
સાંયા માગું એટલું, રખ તો બેય ભેળાં રખ.

એક વખત એક વૃદ્ધ જંગલને રસ્તે ફરવા જઈ રહ્યા હતા. રસ્તે એક કઠિયારાને હાથમાં કુહાડી પકડીને સૂનમૂન ઊભેલો તેમણે જોયો. તેની નજીક જઈ તેમણે પૂછ્યું : 'તું નિરાશ થઈ કેમ ઊભો છે ?'

કઠિયારો બોલ્યો : 'ત્રણ દિવસથી તાવે, પીડાઉં છું, ઘેર બાળકો ભૂખ્યાં ટળવળે છે. લાચારીથી લાકડાં કાપવા આવ્યો છું.'

વૃદ્ધે કઠિયારાની કુહડી હાથમાં લીધી અને બે-ત્રણ ભારા જેટલાં લાકડાં કાપી નાખ્યાં, અને બોલ્યા : 'ભાઈ ! આજે તેં મને આવી સહાનુભૂતિ દર્શાવવાની તક આપી, આ પદાર્થપાઠ કદી નહી ભૂલું.' અને ત્યાંથી જતી એક જમીનદારની ગાડીને રોકીને સૂચના આપી કે આ કઠિયારાને શહેરમાં લઈ જઈ તેનાં લાકડાં સારા ભાવે વેચાવી આપજો.' કઠિયારાએ જમીનદારને પૂછ્યું : 'એ ઘરડેરા કોણ હતા ?'

જમીનદારે કહ્યું : 'એ આપણા વડાપ્રધાન ગ્લેડસ્ટન હતા.'

*

હૃદયની ફેરબદલી ડૉ. ક્રિસ્ટિયાન એન. બર્નાર્ડે ઈ.સ. ૧૯૬૭માં સફળતાપૂર્વક કરી હતી.

*

વાતરક્ત નામનો વાનો દુઃખાવો થતો હોય તો કારેલાંના રસમાં સિદ્ધ કરેલું તલનું તેલ માલિશ કરવાથી ફાયદો થાય છે.

*

NASA એટલે કે 'નૅશનલ ઍરોનોટિક્સ ઍન્ડ સ્પેસ ઍડમિનિસ્ટ્રેશન'. આ સંસ્થા ઈ.સ. ૧૯૫૮માં ત્યારના પ્રમુખ આઈઝનહોવરે સ્થાપી હતી.



કીટલી આકારમાં કીટલી શબ્દ
(મહેબૂબ એ. સૈયદ)

कलहान्तानि हर्म्याणि कुवाक्यान्तं च सौहृदम् ।
कुराजान्तानि राष्ट्राणि कुकर्मान्तं यशो नृणाम् ॥

મોટાં ઘરો કંકાસથી, મિત્રતા ખરાબ વાક્ય બોલવાથી ખતમ થાય છે. રાજ્યો ખરાબ રાજાથી અને માણસોની કીર્તિ ખરાબ કામથી અંત પામે છે.

૯નો અંક એક ખાસ મહત્ત્વ ધરાવતો અંક છે. તેમાં ૧ થી ૯ અંક ઉમેરતાં જે જવાબ આવે તેનો આખરી અંક પણ તે જ આવશે. જેમકે-

૯ + ૧ = ૧૦ (૧+૦) = ૧
૯ + ૨ = ૧૧ (૧+૧) = ૨
૯ + ૩ = ૧૨ (૧+૨) = ૩
૯ + ૪ = ૧૩ (૧+૩) = ૪
૯ + ૫ = ૧૪ (૧+૪) = ૫
૯ + ૬ = ૧૫ (૧+૫) = ૬
૯ + ૭ = ૧૬ (૧+૬) = ૭
૯ + ૮ = ૧૭ (૧+૭) = ૮
૯ + ૯ = ૧૮ (૧+૮) = ૯

*

બ્રિટનની મહારાણી ઈલિઝાબેથ (દ્વિતીય) પ્રતિ વર્ષ બાવીસ મેડલ એનાયત કરે છે જેને માટે અઢી લાખ પાઉન્ડનો વાર્ષિક ખર્ચ થાય છે. સન્માનના રૂપે આપેલા અને પાછા મેળવવામાં આવેલા મેડલોનો ફરીથી ઉપયોગ કરીને ખર્ચમાં કરકસર કરવામાં આવશે.

*

ભારત અત્યારે વિશ્વનું ચોથા નંબરનું અર્થતંત્ર ધરાવે છે. અમેરિકા, ચીન અને જાપાન પછી અમેરિકન ભાવ-ધોરણ પ્રમાણે ખરીદશક્તિની ગણતરીએ ભારતનું અર્થતંત્ર વિશ્વમાં ચોથા નંબરે છે.

*

દાંતના ડૉક્ટરને આંખના ડૉક્ટર : 'મારે હમણાં ને હમણાં તમારી પાસે દાંતની સારવાર કરાવવી પડશે. દુખતા દાંતે હું તમને તપાસી નહિ શકું !' દાંતના ડૉક્ટર : 'મને વાંધો નથી, પણ મારાં નવાં ચશ્માં વગર હું તમારો દાંત જોઈશ કેવી રીતે ?

*

'મંગળ' ગ્રહ ઉપર 'આર્ગુરે' નામનો અતિવિશાળ ગોળાકાર ખાડો આવેલો છે, જેની પહોળાઈ ૭૫૦ માઈલ અને ઊંડાઈ બે માઈલ હોવાનું જાણી શકાયું છે.



આ મહાન નેતાના રાજ્યકાળ દરમિયાન કોઈ મોંઘવારી વધી નહીં, કે કોઈ આંદોલન થયું નહિ... તેમણે ૧લીથી ૬ જુલાઈ સુધી મુખ્યપ્રધાન પદ નિભાવ્યું !

*

કલાકણિકા : પેરુનું એક ચિત્રમય અને કલાત્મક કૉફીદાન

